CC-0. In Public Domain.Digitized by eGangotri.

# ધાતુત્રયી
# અને
# સંસ્કૃત વાક્ય પ્રવેશિકા

-વસન્તકુમાર મ. ભટ્ટ



સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ ૐ ॥

# ધાતુત્રયી

# અને

# સંસ્કૃત વાક્ય-પ્રવેશિકા

લેખક :
**વસન્તકુમાર મ. ભટ્ટ**
(પ્રોફેસર અને અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ)
ડાયરેક્ટર
ભાષા-સાહિત્ય ભવન
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

૨૦૦૭

સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ-૧.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

# Dhātu-trayī
# &
# Sanskrit Vākys-praveśikā

Author : **Dr. Vasantkumar M. Bhatt**
Director,
**University School of Languages**
**Gujarat University**
**Ahmedabad-380009.**
E-mail : bhattvasant@yahoo.co.in
**Phone : 079-26406508**

---

**પ્રકાશક :**
**શ્રી અશ્વિનભાઈ બી. શાહ**
*સરસ્વતી પુસ્તક ભંડાર*
**૧૧૨, હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૩૮૦૦૦૧.**
**ફોન : 079-25356692**

**© શ્રીમતી વૃન્દાબેન વ. ભટ્ટ**

**પ્રથમાવૃત્તિ : ઑક્ટોબર, ૨૦૦૭**

**કિંમત : રૂા. ૧૦૦-૦૦**

**મુદ્રક :**
*શ્રી રામાનન્દ ઑફસેટ*
**કલોલિયાવાડી, કાંકરિયા રોડ,**
**અમદાવાદ-૩૮૦૦૨૨.**
**M. : 9824053772**

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

॥ તેજસ્વિ નાવધીતમસ્તુ ॥

# નમ્ર-નિવેદન

શાળા-કક્ષાએ સંસ્કૃત ભાષાનું સ્થાન 'નીચે' ઉતારી દેવામાં આવ્યું છે એ સિદ્ધ હકીકત છે. તેથી કૉલેજ કે યુનિવર્સિટી કક્ષાએ આવનારા વિદ્યાર્થીઓની સંસ્કૃતભાષા-વિષયક ક્ષમતા ઘણી જ ઓછી હોય છે એ પણ સર્વજન-સુલભ અનુભવ છે. એ સ્થિતિમાં, કોઈ નવતર પ્રયાસથી સંસ્કૃત ભાષા-શિક્ષણમાં જો નવો પ્રાણ ફુંકી શકાય તો આપણે સૌએ સહિયારો એક પ્રયાસ કરવો જોઈએ. સદીઓથી ચાલ્યા આવતા આ સંસ્કૃતસંસ્કૃતિ-દીપકને નવી પેઢી સુધી પહોંચાડવાની આપણા સૌની સંયુક્ત જવાબદારી છે.

માટે, મહાભાષ્યકાર પતંજલિએ જે ત્રણ ધાતુઓને "ક્રિયાસામાન્યવાચી" ધાતુઓ કહ્યા છે, તે ધાતુત્રયી (कृ - भू - अस्)ને આધારે શરૂઆતમાં ત્રણ-ત્રણ પદોની વાક્યરચના અને પછી બે કૃદન્તો (સંબંધક ભૂતકૃદન્ત અને હેત્વર્થ કૃદન્ત)ની મદદથી પાંચ-પાંચ પદોવાળી વાક્યરચના શીખવવા માટે આ નાનું પુસ્તક તૈયાર કર્યું છે. સીમિત લક્ષ્યાંક સાથે તૈયાર કરેલું આ પુસ્તક, અધ્યયન-અધ્યાપનમાં મદદરૂપ થવાય એવા શુભ આશયથી MS Office 2003 ના Power-point presentation વાળી એક CD સાથે ઉપલબ્ધ કરાવવાનું પણ નક્કી કર્યું છે. સંસ્કૃતના, બલ્કે પૂરી આર્ટ્સ ફેકલ્ટીના અધ્યાપન જગત્‌માં આ પ્રયાસ સૌથી પ્રથમવાર કરવામાં આવી રહ્યો છે; તે માટે આ પુસ્તકપ્રકાશક શ્રી અશ્વિનભાઈ બી. શાહનો અંતઃકરણપૂર્વક આભાર; અને આ સાહસ માટે અભિનંદન !

ધાતુત્રયીને આધારે જ્યારે ત્રિપદી કે પંચપદી વાક્ય શીખવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. ત્યારે "આ ત્રણ ધાતુઓનાં કેવળ રૂપો જ શીખવવાના છે; જે તેઓ શાળા કક્ષાએ તો શીખીને જ આવે છે." એવી ઉતાવળી સમજૂતી ભ્રાંતિપૂર્ણ છે અને કર્તવ્ય-અનભિમુખ કરનાર છે; જે આ પુસ્તકની અનુક્રમણિકા જોવાથી સ્પષ્ટ થઈ જશે. અહીં કોઈ એક જ ધાતુનો ચતુર્વિધ પ્રયોગ વિચાર્યો છે, અને તેમાંય નવી નવી તરાહો વાળાં વાક્યો બનાવી બતાવ્યાં છે; જેથી શું શીખવાનું છે અને કેમ શીખવવાનું છે ? એ બન્ને વાતનું માર્ગદર્શન મળી રહેશે.

આ પુસ્તકના લેખન દરમ્યાન ઘણી અકલ્પ્ય નવી સમસ્યાઓ પણ મારી સામે આવી પડી છે ! અલબત્ત, એવી ક્ષણોમાં મારા સુહૃદ વૈયાકરણ-શ્રેષ્ઠ પ્રોફેસર ડૉ. કમલેશભાઈ ચોકસીએ કલાકો સુધી ચર્ચા—શાસ્ત્રાર્થ કોટિની ચર્ચા-કરીને મારી સમજને વિશદ કરવામાં બહુ મોટો ઉપકાર કર્યો છે. તેથી એમનો તો સૌથી પહેલાં હૃદયપૂર્વક આભાર માનું છું. તે પછી મારી વિદ્યાર્થિની પ્રા. ડૉ. કાલિન્દી પાઠકે પણ આ પુસ્તકનાં ઘણાં પ્રકરણો વાંચી જઈને કેટલાંક ઉપયોગી સૂચનો કર્યાં છે. તેથી એમનો પણ આભાર માનું છું.

નવા અભ્યાસીઓને આ વાંચ્યા પછી જો પ્રશ્નો થાય તો અચૂક મને જણાવવાની કૃપા કરશો, જેથી वादे वादे जायते तत्त्वबोधः । ઉક્તિ ચરિતાર્થ થાય; અને સંસ્કૃતજગત્‌માં ઉપયોગી કોઈ વિચાર ઉમેરી શકાય.

મારું અને મારા છાત્રોનું અધીત સદૈવ તેજસ્વિ થતું રહે એવી પ્રભુને પ્રાર્થના કરીને વિરમું છું.

—વસન્તકુમાર મ. ભટ્ટ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

# અનુક્રમણિકા

## વિભાગ-૧


પ્રકરણ : (ક) ભૂમિકા ભાગ :

| | | | |
|---|---|---|---|
| | ૧. | 'વાક્ય'નું સ્વરૂપ | ૧ થી ૩ |
| | ૨. | વાક્યની આંતરિક સંરચના | ૪ થી ૧૪ |
| | ૩. | વાક્યમાં રજૂ થતી વિગતો | ૧૫ થી ૨૨ |
| | ૪. | સંસ્કૃત ભાષામાં વાક્યોના પ્રકાર | ૨૩ થી ૨૫ |
| | ૫. | ધાતુત્રયી (कृ - भू - अस्)નું સ્વારસ્ય | ૨૬ થી ૩૪ |
| (ખ) | ૬. | कृ ધાતુનુ પ્રયોગ-વૈવિધ્ય | ૩૫ થી ૫૩ |
| | ૭. | भू ધાતુનું પ્રયોગ-વૈવિધ્ય | ૫૪ થી ૭૨ |
| | ૮. | अस् ધાતુનું પ્રયોગ-વૈવિધ્ય | ૭૩ થી ૮૨ |


## વિભાગ-૨


| | | |
|---|---|---|
| ૯. | कृ ધાતુનો હ્યસ્તન ભૂતકાળમાં વિનિયોગ | ૮૩ થી ૯૧ |
| ૧૦. | भू ધાતુનો હ્યસ્તન ભૂતકાળમાં વિનિયોગ | ૯૨ થી ૯૭ |
| ૧૧. | अस् ધાતુનો હ્યસ્તન ભૂતકાળમાં વિનિયોગ | ૯૮થી ૧૦૧ |


## વિભાગ-૩


| | | | |
|---|---|---|---|
| (ક) | ૧૨. | ધાતુત્રયીનો આજ્ઞાર્થમાં વિનિયોગ | ૧૦૨ થી ૧૧૩ |
| | ૧૩. | ધાતુત્રયીનો વિધ્યર્થમાં વિનિયોગ | ૧૧૪ થી ૧૨૪ |
| (ખ) | ૧૪. | સંબંધક ભૂતકૃદન્તની સાથે ધાતુત્રય દ્વારા પંચપદી વાક્યરચના | ૧૨૫ થી ૧૩૨ |
| | ૧૫. | હેત્વર્થ કૃદન્તની સાથે ધાતુત્રયી દ્વારા પંચપદી વાક્યરચના | ૧૩૩ થી ૧૩૯ |


Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



# વિભાગ - ૧

## પ્રકરણ—૧

## 'વાક્ય'નું સ્વરૂપ

**૦.૧** ભૂમિકા : માણસો પોતાના મનમાં રહેલા વિચારો અને લાગણીઓને અભિવ્યક્ત કરવા માટે 'ભાષા'નો પ્રયોગ કરે છે. 'ભાષા' શબ્દનો અર્થ या भाष्यते, सा 'भाषा' । = જે બોલાય છે, તે "ભાષા"—એવો થાય છે. પણ માણસો દ્વારા જે બોલાય છે, તે ભાષામાં શું હોય છે ? તો 'ભાષા'માં (૧) ક, ખ, ગ, અ, ઈ, ઉ, એ, ઓ વગેરે 'વર્ણધ્વનિઓ' હોય છે; (૨) 'નામપદો', અને 'ક્રિયાપદો' હોય છે; તથા (૩) કોઈક ક્રિયાપદમાં જોડાયેલાં (=અન્વિત થયેલાં) નામપદોની હારમાળા સ્વરૂપ 'વાક્યો' હોય છે. ટૂંકમાં, ભાષામાં વર્ણો, વર્ણોના બનેલાં પદો, અને પદોનાં બનેલાં વાક્યો હોય છે. માણસને માટે. પોતાના મનમાં રહેલા વિચારોને અભિવ્યક્ત કરવા માટે આ ૧. વર્ણો, ૨. પદો અને ૩. વાક્યો—એ ત્રણ 'સાધનો' છે. [તથા ભાષકના મનમાં રહેલા, અને શ્રોતાના મનમાં પહોંચાડવા ધારેલા વિચારો એ "અર્થ" છે; જે વાગ્વ્યવહારનું 'સાધ્ય' છે.]

**૦.૨** અર્થને—વિચારોને—અભિવ્યક્ત કરવા માટે ઉપર્યુક્ત જે ત્રણ સાધનો ગણાવ્યાં છે. તેમાંથી 'વાક્ય' રૂપ એકમ જ ઉપયોગી છે. કેમકે ભાષામાં કેવળ ક, ખ, ગ વગેરે વર્ણોના ઉચ્ચારણ થકી તો કોઈ જ અર્થ (=વિચારો)ને વ્યક્ત કરી શકાતા નથી; તથા रामस्य, रामेण, रामात् કે भवति, भवतः, भवन्ति । જેવાં છુટાં-છવાયાં (એકાકી) પદોનાં ઉચ્ચારણથી પણ કોઈપણ અર્થની (=વિચારની) અભિવ્યક્તિ કરવી શક્ય નથી. આથી, ભાષામાં અર્થાભિવ્યક્તિ માટે જે કામયાબ કહી શકાય એવું, અને ઉપયોગમાં લેવામાં આવતું એવું જે એકમ છે, તે તો કેવળ 'વાક્ય', 'વાક્ય' અને 'વાક્ય' જ છે. એટલે કે, रामो वनं गच्छति । કે रमेशो घटं करोति । કે रामो राजाऽस्ति । જેવાં 'વાક્યો' બોલાય છે, ત્યારે જ કોઈક નિશ્ચિત અને સ્વયં-પર્યાપ્ત કહી શકાય એવા અર્થની (=વિચારની) અભિવ્યક્તિ શક્ય બને છે.

આથી, ભાષાના આ 'વાક્ય' રૂપ કામયાબ એકમના સ્વરૂપને સમજવું—એ ભાષાશિક્ષણનું અનિવાર્ય એવું પગથિયું છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**૧.૧** રૂપકાત્મક રીતે કહીએ તો પ્રત્યેક 'વાક્ય'નું સ્વરૂપ, એક નાટક જેવું હોય છે! નાટકમાં જેવી રીતે નટ-નટીઓનો એક સમૂહ હોય છે, અને તે નિશ્ચિત સમયે, અને નિશ્ચિત સ્થળે (=રંગભૂમિ ઉપર), એક કથાનક (plot)ની રજૂઆત કરે છે; તેવી રીતે પ્રત્યેક 'વાક્ય'માં પણ આ જગત્ના જુદા જુદા (સજીવ અને નિર્જીવ) પદાર્થોએ પરસ્પર ભેગાં મળીને કઈ ઘટનામાં ભાગ લીધો / લે છે / લેશે એની જ રજૂઆત થતી હોય છે! આથી જ કહેવાયું છે કે– Every sentence is a miniature drama. બીજા શબ્દોમાં કહીએ તો—ભાષામાં બોલાતાં તમામ વાક્યોમાં સિદ્ધ (પદાર્થો) અને સાધ્ય (=ક્રિયા)નો ખેલ રજૂ થતો હોય છે. વાગ્વ્યવહાર દરમ્યાન કોઈ પણ ભાષક જગત્ના સિદ્ધ-પદાર્થો (=જન્મ લીધેલાં, રૂપ-રંગ-આકારવાળા સજીવ-નિર્જીવ પદાર્થો)નાં કેવળ નામો જ બોલ્યાં કરે તો, એ દ્વારા કોઈ વાતચીત થઈ રહી છે એમ કહેવાય નહીં. ભાષકની વાણી સાંભળવા પાછળ શ્રોતાનું તાત્પર્ય તો એ જ હોય છે કે જગત્ના અમુક અમુક સિદ્ધ પદાર્થોએ ભેગાં મળીને શું ક્રિયા કરી? કઈ ઘટના બની? જો 'સાધ્ય' ક્રિયા વિશે કશું કહેવાનું હોય જ નહીં તો શ્રોતાને ભાષકની વાણી સાંભળવામાં કશો રસ રહેતો નથી.

આ સમગ્ર ચર્ચાનો સાર એવો નીકળે છે કે ભાષાના કોઈ પણ વાક્યનો આત્મા તે તેમાં રજૂ થતું ક્રિયા-વિધાન હોય છે. આથી જ, પાણિનીય વ્યાકરણ-મહાભાષ્યમાં વાર્તિકકાર કાત્યાયને 'વાક્ય'નું લક્ષણ આપતાં કહ્યું છે કે —

एकतिङ् वाक्यम् । "(જે પદસમુદાયમાં) ઓછામાં ઓછું એક તિઙન્ત (=ક્રિયા) પદ હોય તેને 'વાક્ય' કહેવાય છે." (અથવા, એકલા ક્રિયાપદને પણ 'વાક્ય' કહેવાય.) અર્થાત્ 'વાક્ય' હોવા માટે ક્રિયાપદનું હોવું અનિવાર્ય છે. બીજી એક રીતે પણ કહેવું જોઈએ કે કોઈપણ પદસમુદાયને 'વાક્ય' એવી સંજ્ઞા ત્યારે જ મળે કે જ્યારે એ પદસમુદાયનો કોઈ ક્રિયાપદમાં અન્વય હોય. આમ, 'ક્રિયાપદ' એ વાક્યનો આત્મા છે; વાક્યનું કેન્દ્ર છે.

**૧.૨** વાર્તિકકાર કાત્યાયને 'વાક્ય'નું બીજું એક, વ્યાપક લક્ષણ પણ આપ્યું છે. જેમકે, आख्यातं साव्यय-कारक-विशेषणम् वाक्यम् ॥ અર્થાત્ "અવ્યય, કારકો અને વિશેષણ સહિતનું જે ક્રિયાપદ હોય તેને 'વાક્ય' કહેવાય છે." દા.ત. रामः च सीता च लक्ष्मणः च वेगवता रथेन गहनं वनं झटिति गच्छन्ति । અહીં જુદાં જુદાં પદોની ઓળખ કરીએ તો –

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | | | |
|---|---|---|---|
| (૧) | અવ્યય | — | च, |
| (૨) | કારક | — | रामः, सीता, लक्ष्मणः, रथेन, वनम् |
| (૩) | વિશેષણ | — | वेगवता (रथेन), |
| | | | गहनं (वनम्) |
| (૪) | ક્રિયાવિશેષણ | — | झटिति |
| (૫) | આખ્યાત(=ક્રિયાપદ) | — | गच्छन्ति ॥ |

આથી સંસ્કૃત વાક્ય-રચના શીખવા માંગતા અભ્યાસીએ (૧) ક્રિયાપદ સહિતના, બલ્કે ક્રિયાપદમાં અન્વિત (=જોડાયેલાં) હોય એવા જ પદસમુદાયનો ઉપયોગ કરતાં શીખવું પડે. (૨) કોઈ એક ક્રિયાને પાર પાડનારાં (=ક્રિયાને અસ્તિત્વમાં લાવનારાં) કારકોનાં વિવિધ પ્રકારો શીખવા પડે; (૩) કારકોનાં વિશેષણોને ઓળખવાં પડે, વિશેષણોનાં પ્રકારો જાણવા પડે, અને પછી તેમનો વાક્યના સ્તર ઉપર કેવી રીતે પ્રયોગ (વપરાશ) થાય છે—એ શીખવું પડે. અને (૪) પ્રશ્નાર્થક, સમુચ્ચયાર્થક (=પદસંયોજક,વાક્યસંયોજક), કાલદર્શક, સ્થળદર્શક, આશ્ચર્યાદિ સૂચક... ઇત્યાદિ અર્થવાચક અવ્યયોનો પ્રયોગ પણ શીખવો જોઈએ. એટલે કે, વાર્તિકકારે 'વાક્ય'નું ઉપર્યુક્ત જે બીજું લક્ષણ આપ્યું છે તેમાં 'વાક્ય' રૂપ એકમમાં કેટલા કેટલા પ્રકારનાં પદો વપરાતાં જોવાં મળે છે એની એક સાદી ગણતરી કરી આપી છે.

સંસ્કૃત—વાક્યરચના શીખવા માંગનાર વિદ્યાર્થીને 'વાક્ય'નાં ઉપર્યુક્ત બન્ને લક્ષણો પર્યાપ્ત માર્ગદર્શન પૂરૂં પાડે છે; કે વાક્યમાં શું અનિવાર્ય છે ? તથા તેણે કેવાં કેવાં પ્રકારનાં પદો વાપરતાં શીખવાનું છે.

□□□

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## પ્રકરણ—૨

## 'વાક્ય'ની આંતરિક સંરચના

**૨.૦ વાક્યના બે છેડાઓ :** વાગ્-વ્યવહાર દરમ્યાન બોલાતાં વાક્યોનો અભ્યાસ કરીશું તો આપણું ધ્યાન સૌથી પહેલાં બે મુદ્દાઓ તરફ જતું હોય છે– જેમકે, (૧) કઈ ક્રિયા થઈ / થઈ રહી છે. / થશે; તથા (૨) એ ક્રિયા કોણ કરે છે ? (અથવા એ ક્રિયા કોની ઉપર થઈ રહી છે ?). દા.ત. सीता घटेन जलम् आनयति । આ વાક્ય સાંભળતાંની સાથે બે વાત તરફ ધ્યાન જાય છે કે– ૧. લાવવાની ક્રિયા થઈ રહી છે, અને ૨. 'સીતા' નામની વ્યક્તિ એ ક્રિયા કરી રહી છે. એટલે કે વક્તાના મનમાં 'કઈ ક્રિયા થઈ રહી છે ?' —એ કહેવું તે મુખ્ય તાત્પર્ય છે; પણ બીજે તબક્કે, 'એ ક્રિયા કોણ કરે છે ?' એ પણ ઉદ્દિષ્ટ છે. (અહીં, જેને (=જે વ્યક્તિને) ઉદ્દેશીને ક્રિયા-વિધાન થતું હોય તેને 'ઉદ્દેશ્ય' (subject) કહે છે.) ટૂંકમાં કોઈ પણ વાક્યમાં આવા બે છેડાઓ (૧) ઉદ્દેશ્ય અને (૨) ક્રિયાપદ—જોવા મળતાં જ હોય છે.

**૨.૧ ઉદ્દેશ્યના ત્રણ પ્રકાર :** કોઈ પણ વાક્યનો આત્મા 'ક્રિયા(પદ)' હોય છે —એમ આપણે ઉપર જોયું. પરંતુ એ ક્રિયા કોણ કરી રહ્યું છે ? એ મુદ્દા તરફ જો ધ્યાન આપીએ તો, આપણે ભાષકોએ ક્રિયા કરનારા દુનિયાભરના બધા જ જડ-ચેતન પદાર્થોને/વ્યક્તિઓને ત્રણ પ્રકારમાં જ વહેંચી દીધેલા છે. જેમકે, (૧) ક્રિયા કરનાર વ્યક્તિ 'વક્તા' પોતે જ હોય છે. દા.ત. 'હું નિશાળે જાઉં છું.' 'હું સમાચાર-પત્ર વાંચું છું.' 'અમે ફુટબૉલ રમીએ છીએ.' (અહીં ક્રિયા કરનાર વ્યક્તિ /વ્યક્તિઓ પોતે જ પોતાના વિશે વાત કરે છે.)

(૨) ક્રિયા કરનાર વ્યક્તિ ક્યારેક શ્રોતા પણ હોઈ શકે છે. દા.ત. 'તું મંદિરે જાય છે.' 'તું નદીમાં સ્નાન કરે છે.' 'તમે બે સંસ્કૃત ભણો છો.' 'તમે સૌ રાષ્ટ્રધ્વજને સલામી આપો છો.' વગેરે. (અહીં, આ વાક્યો બોલનાર વ્યક્તિ (=વક્તા) શ્રોતાને ઉદ્દેશીને, શ્રોતાઓ દ્વારા થતી ક્રિયા વિશે વાત કરે છે.)

(૩) આ ઉપરાંત, વક્તા અને શ્રોતાથી ભિન્ન એવી જગત્‌ની કોઈક ત્રીજી જ વ્યક્તિ (કે પદાર્થ) ક્રિયા કરનાર હોય – એવાં વાક્યો પણ ભાષામાં સાંભળવા મળે

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



છે. જેમકે, 'તે અયોધ્યાનો રામ વનમાં જાય છે.' 'પેલો ભીમ જરાસંધનો વધ કરે છે.' 'પૂર્વદિશામાં સૂર્ય ઉદય પામી રહ્યો છે.' વગેરે.

આમ, ''વાક્યમાં નિર્દિષ્ટ ક્રિયા કોણે કરી છે ?'' એ પ્રશ્નના જવાબ રૂપે જે જે વ્યક્તિઓ કે પદાર્થ હાથ લાગે છે તે ૧. વક્તા, ૨. શ્રોતા કે ૩. તદ્ભિન્ન જગત્‌ની કોઈ વ્યક્તિ કે પદાર્થ જ હોય છે. એથી નક્કી થાય છે કે માત્ર આ ત્રણ પ્રકારની વ્યક્તિઓને ઉદ્દેશીને જ ભાષામાં કોઈ પણ વાક્યની રચના થતી હોય છે.

**૨.૨** આ જ વાતને બીજા શબ્દોમાં કહીએ તો – દિવસ દરમ્યાન આપણે જે જે પદાર્થો કે વ્યક્તિઓ વિશે વાત કરીએ છીએ, તે વ્યક્તિઓ કે પદાર્થોનું પૃથક્કરણ કરીએ તો જણાશે કે આપણે ત્રણ જ પદાર્થો કેવ્યક્તિઓને ઉદ્દેશીને જુદાં જુદાં અનેક વાક્યો બોલતાં હોઈએ છીએ.

આમ, ભાષામાં વપરાતાં વાક્યોના (=ક્રિયાવિધાનના) ઉદ્દેશ્ય (=Subject = topic of the conversation) ત્રણ જ હોય છે : (૧) વક્તા, (૨) શ્રોતા અને (૩) બાકીના [વક્તા-શ્રોતાથી ભિન્ન એવા] જગત્‌ના બધા જ મૂર્તઅમૂર્ત, જડ-ચેતન પદાર્થો કે વ્યક્તિઓ.

**૨.૩** સંસ્કૃત ભાષામાં આ ત્રિવિધ ઉદ્દેશ્યોને માટે નીચે મજબનાં ત્રણ સર્વનામો વપરાય છે :

(૧) વક્તા પોતે પોતાને માટે अस्मद् એવું સર્વનામ વાપરે છે; જેના પ્રથમા વિભક્તિમાં નીચે મુજબ રૂપો થાય છે.

| | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| (ત્રણેય લિંગમાં | **अहम्** | **आवाम्** | **वयम्** |
| એકસમાન રૂપ) | (હું) | (અમે બે) | (અમે સૌ,) તથા આપણે |

(૨) શ્રોતાને માટે युष्मद् એવું સર્વનામ વપરાય છે; તેના પ્રથમા વિભક્તિમાં નીચે મુજબ રૂપો થાય છે :

| | | | |
|---|---|---|---|
| (ત્રણેય લિંગમાં | **त्वम्** | **युवाम्** | **यूयम्** |
| એકસમાન રૂપ) | (તું) | (તમે બે) | (તમે બધા) |

(૩) (વક્તા અને શ્રોતાથી ભિન્ન એવા, બાકીના) જગત્‌ને માટે વપરાતાં સર્વનામ અનેક છે. જેમકે, तद्, एतद्, इदम्, यद्, अदस्, किम् વગેરે. તેમાંથી નમુના રૂપે પહેલા ત્રણ જોઈશું :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**(क) तद् = તે**

| | | | |
|---|---|---|---|
| (પુંલિંગમાં) | सः | तौ | ते |
| | (તે) | (તે બે) | (તેઓ) |
| (સ્ત્રીલિંગમાં) | सा | ते | ताः |
| (નપુંસકલિંગમાં) | तद् | ते | तानि ॥ |

**(ख) एतद् = આ**

| | | | |
|---|---|---|---|
| (પુંલિંગમાં) | एषः | एतौ | एते |
| | (આ) | (આ બે) | (આ બધા) |
| (સ્ત્રીલિંગમાં) | एषा | एते | एताः |
| (નપુંસકલિંગમાં) | एतद् | एते | एतानि ॥ |

**(ग) इदम् = આ**

| | | | |
|---|---|---|---|
| (પુંલિંગમાં) | अयम् | इमौ | इमे |
| (સ્ત્રીલિંગમાં) | इयम् | इमे | इमाः |
| (નપુંસકલિંગમાં) | इदम् | इमे | इमानि ॥ |

**૨.૪** વાગ્-વ્યવહારમાં જેમ વાતચીતના વિષયો (ઉદ્દેશ્યો) ત્રણ જ હોય છે, તેમ તે ત્રણેય ઉદ્દેશ્યોને માટે એક-એક નિશ્ચિત ક્રિયાપદ પણ હોય છે. આ ત્રણ પ્રકારનાં ક્રિયાપદોને "ત્રણ પુરુષ"નાં ક્રિયાપદ તરીકે ઓળખવામાં આવે છે. જેમકે,

| વાક્યમાં ઉદ્દેશ્ય તરીકે જો– | તો ક્રિયાપદના રૂપમાં– |
|---|---|
| ૧. વક્તા પોતે હોય તો → | 'ઉત્તમ' પુરુષ (First person) વપરાય છે. |
| ૨. શ્રોતા હોય તો → | 'મધ્યમ' પુરુષ (Second person) વપરાય છે. |
| ૩. (વક્તા અને શ્રોતાથી ભિન્ન એવી) જગત્‌ની બીજી કોઈ વ્યક્તિ હોય તો → | 'પ્રથમ' પુરુષ (Third person) વપરાય છે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



ઉદાહરણ તરીકે— अहम् मन्दिरम् गच्छामि ।

| વાક્યમાં જો ઉદ્દેશ્ય તરીકે | ઉદ્દેશ્ય સાથે સુસંગત ગણાય એવાં ક્રિયાપદનાં રૂપોમાં – |
|---|---|
| ૧. વક્તા (પોતે પોતાના વિશે વાત કરતો હોય તો)– अहम् । आवाम् । वयम् | ૧. 'ઉત્તમ પુરુષ'ના જ પ્રત્યયો વપરાવા જોઈએ – – मि । – वस् । – मस् |

त्वं मन्दिरं गच्छसि ।

| | |
|---|---|
| ૨. શ્રોતા હોય તો (=વક્તા જ્યારે શ્રોતાને ઉદ્દેશીને વાક્ય બોલતો હોય તો) त्वम् । युवाम् । यूयम् | ૨. 'મધ્યમ પુરુષ'ના જ પ્રત્યયો વપરાવા જોઈએ– – सि । – थस् । – थ । |

सः मन्दिरं गच्छति ।

| | |
|---|---|
| ૩. (વક્તા અને શ્રોતાથી ભિન્ન એવા) જગત્‌ના મૂર્ત-અમૂર્ત, કે જડ-ચેતન પદાર્થ/વ્યક્તિઓ વિશે વાત કરવી હોય તો – | ૩. 'પ્રથમ પુરુષ'ના જ પ્રત્યયો ક્રિયાપદમાં વપરાવા જોઈએ – |

सः । तौ । ते । (પુંલિંગમાં)
सा । ते । ताः । (સ્ત્રીલિંગમાં) } – ति । –तस् । –अन्ति ।
तद् । ते । तानि । (નપુંસકલિંગમાં)

**૨.૫ ઉદ્દેશ્ય અને ક્રિયાપદ વચ્ચેની સંગતિ :** વાક્યના આત્મભૂત તત્ત્વ તરીકે ક્રિયાપદનું હોવું અનિવાર્ય હોય છે – એમ 'વાક્યના સ્વરૂપ'ની ચર્ચા કરતી વખતે (પ્રકરણ-૧માં) આપણે કહ્યું છે. પણ ક્રિયાપદ સહિતના વાક્યની આંતરિક સંરચનાને સમજવા માટે, હવે એ જાણવું જરૂરી છે કે જેને વાક્યના બે છેડાઓ તરીકે ઓળખાવ્યા છે તે (૧) ત્રણ પ્રકારના ઉદ્દેશ્યો અને (૨) ત્રણ પ્રકારના ક્રિયાપદોની વચ્ચે એક સુનિશ્ચિત **'સંગતિ'** (agreement) રહેલી હોય છે. જેમકે,

[1] વક્તા પોતે કોઈ ક્રિયા કરે છે એમ દર્શાવવું હોય તો अहम् (હું)ની સાથે ક્રિયાવાચક ધાતુ + मि પ્રત્યયવાળું જ ક્રિયાપદ વપરાય છે. અર્થાત્

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



ઉદ્દેશ્ય 'વક્તા'ની સાથે ઉત્તમ પુરુષના ક્રિયાપદની જ સંગતિ માન્ય છે. દા.ત. अहम् (वेदपाठं) करोमि । 'હું વેદપાઠ કરું છું.'

[2] વક્તા જ્યારે શ્રોતાની કોઈ ક્રિયા વિશે વાત કરવા માંગતો હોય (દા.ત. 'તું ગાન કરે છે.') ત્યારે, त्वम् (તું)ની સાથે ક્રિયાવાચક ધાતુ + सि પ્રત્યયવાળું જ ક્રિયાપદ વાપરી શકાય છે. અર્થાત્ ઉદ્દેશ્ય 'શ્રોતા'ની સાથે મધ્યમ પુરુષના ક્રિયાપદની જ સંગતિ માન્ય છે. દા.ત. –

त्वम् (गानं) करोषि । 'તું ગાન કરે છે.'

[3] વક્તા અને શ્રોતા ભેગા મળીને, જ્યારે જગત્‌ની કોઈક ત્રીજી જ વ્યક્તિની ક્રિયા વિશે વાતચીત કરતા હોય ત્યારે, सः (=તે)ની સાથે ક્રિયાવાચક ધાતુ + ति પ્રત્યયવાળું જ ક્રિયાપદ વાપરી શકાય છે. અર્થાત્ ઉદ્દેશ્ય 'જગત્'ની સાથે પ્રથમ પુરુષના ક્રિયાપદની જ સંગતિ માન્ય છે. દા.ત. –

सः घटं करोति । તે (રામ) (ઘડો) કરે છે.'

આમ, વાક્યની જ આંતરિક સંરચના (=ગઠબંધન) છે, તે ત્રણ પ્રકારના ઉદ્દેશ્યોની ત્રણ પ્રકારના ક્રિયાપદની સાથેની 'સંગતિ' ઉપર નિર્ભર છે. અમુક પ્રકારના ઉદ્દેશ્યની સાથે અમુક પ્રકારનું જ ક્રિયાપદ વપરાય – એવો અનાદિકાળથી ચાલ્યો આવતો નિયમ અફર છે. આથી,

(હું) अहम् → करोमि । [= વક્તાની જોડે ઉત્તમ પુરુષ ]
(તું) त्वम् → करोषि । [= શ્રોતાની જોડે મધ્યમ પુરુષ ]
(તે) सः → करोति । [= જગત્‌ની જોડે પ્રથમ પુરુષ ]

* * *

| | |
|---|---|
| (હું) अहम् → भवामि । | (હું) अहम् → अस्मि । |
| (તું) त्वं → भवसि । | (તું) त्वं → असि । |
| (તે) सः → भवति । | (તે) सः → अस्ति । |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**૨.૬** 'અમુક પ્રકારના ઉદ્દેશ્યની સાથે અમુક જ પ્રકારનું ક્રિયાપદ વપરાય' તે સંગતિનો નિયમ દુનિયાની બીજી ભાષાઓમાં પણ પળાતો વૈશ્વિક નિયમ છે. દા.ત. અંગ્રેજી ભાષામાં જોઈએ તો– "to be" (=હોવું) ક્રિયાપદનાં રૂપો ક્યા સર્વનામ જોડે વપરાય ? – એ તપાસીએ તો,

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| I → | am | (a boy). | We | → | are | (boys). |
| You → | are | (a boy). | You | → | are | (boys). |
| He → | is | (a boy). | | | | |
| She → | is | (a girl). | They | → | are | (boys). |
| It → | is | (a tree). | | | | |

અહીં I (હું)ની સાથે હંમેશા 'am' એવું જ ક્રિયાપદ વપરાતું જોવા મળે છે. You (તું)ની સાથે હંમેશા 'are' એવું જ ક્રિયાપદ વપરાય છે. તથા He (તે)ની સાથે હંમેશા 'is' એવું જ ક્રિયાપદ વપરાય છે. આમ ઉદ્દેશ્ય મુજબ જ નિશ્ચિત ક્રિયાપદનું રૂપ વપરાય તો તેને જ સુસંગત ગણાય છે. ઉદ્દેશ્ય મુજબનું જ ક્રિયાપદ ન વપરાય તો તે 'વાક્ય'ને માન્ય (અર્થાત્ સાચું) ગણાતું નથી.

ટૂંકમાં, સંસ્કૃત ભાષામાં अहम्‌ની સાથે (ક્રિયાપદમાં ઉત્તમ પુરુષના) (ધાતુ +) मि પ્રત્યયની જ સંગતિ જાળવવી અનિવાર્ય છે. એટલે કે—अहम् पठामि । अहम् करोमि । એવું જ વાક્ય 'માન્ય' (=સાચું) અને પ્રયોગાર્હ વાક્ય ગણાય છે. જો અહીં કોઈ વ્યક્તિ अहम् पठति । કે अहम् करोति । એવું "अहम् "ની સાથે –ति પ્રત્યયવાળું ક્રિયાપદ બોલે તો તેવું વાક્ય 'સંગતિ' વિનાનું; અને પરિણામે અમાન્ય વાક્ય ગણાય છે.

**૨.૭** આમ જેવી રીતે કોઈ પણ પદસમુદાયને 'વાક્ય' ગણવું કે નહીં ? – તે વાત, એ પદસમુદાયમાં ઓછામાં ઓછું એક ક્રિયાપદ છે કે નહીં ? – એ પ્રશ્નના જવાબ ઉપર નિર્ભર છે; તેવી જ રીતે કોઈ પણ 'વાક્ય' એ 'માન્ય વાક્ય' (=પ્રયોગાર્હ વાક્ય) ક્યારે કહેવાય ? એ પ્રશ્નનો ઉત્તર શોધવા માટે એ વાક્યની આંતરિક સંરચના તપાસવી પડે એમ છે. જો એ વાક્યમાં ત્રણ પ્રકારના ઉદ્દેશ્ય મુજબ (જ) ત્રણ પ્રકારના 'પુરુષ'વાળાં ક્રિયાપદોની સુસંગત પસંદગી થઈ હોય તો તે વાક્ય 'સાચું' (= પ્રયોગાર્હ) વાક્ય કહેવાશે. એટલે કે —

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૧) 'વક્તા' રૂપ ઉદ્દેશ્ય હોય તો, તેની સાથે 'ઉત્તમ પુરુષ' સંજ્ઞક પ્રત્યય (–मि, –वस् –मस्) વપરાયા હોવા જોઈએ; તો તે વાક્ય 'સાચું' ગણાશે. १. अहम् करोमि । २. आवाम् कुर्वः । ३. वयम् कुर्मः ।

(૨) 'શ્રોતા' રૂપ ઉદ્દેશ્ય હોય તો, તેની સાથે 'મધ્યમ પુરુષ' સંજ્ઞક પ્રત્યય (–सि –थस् –थ) વપરાયા હોવા જોઈએ; તો તે વાક્ય 'સાચું' ગણાશે. १. त्वं करोषि । २. युवाम् कुरुथः । ३. यूयम् कुरुथ ।

(૩) (વક્તા અને શ્રોતાથી ભિન્ન એવા) 'જગત્' રૂપ વ્યક્તિ/પદાર્થ ઉદ્દેશ્ય તરીકે હોય તો, તેની સાથે 'પ્રથમ પુરુષ' પ્રત્યય (–ति, –तस्, –अन्ति) વપરાયા હોવા જોઈએ, તો જ તે વાક્ય 'સાચું' અને 'પ્રયોગાર્હ' ગણાશે.

१. सः करोति । २. तौ कुरुतः । ३. ते कुर्वन्ति ॥

ઉપરની સમગ્ર ચર્ચાને આધારે એવો નિયમ નક્કી થાય છે કે – "(ત્રિવિધ) ઉદ્દેશ્યો (અને તેમની સંખ્યા) અનુસાર ક્રિયાપદમાં (ત્રિવિધ) 'પુરુષ' (અને તેની સંખ્યાનો) વાચક પ્રત્યય વાપરવો જોઈએ."

(૧)




દાખલા તરીકે–

| | | |
|---|---|---|
| विश्वेशः गच्छति । | कमलेशः पठति । | सीता पश्यति । |
| विश्वेशौ गच्छतः । | कमलेशौ पठतः । | गीतासीते पश्यतः । |
| विश्वेशाः गच्छन्ति । | कमलेशाः पठन्ति । | गीतासीताकृष्णाः पश्यन्ति । |

(૨)




Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



દાખલા તરીકે–

| | | |
|---|---|---|
| त्वं गच्छसि । | त्वं पठसि । | त्वं पश्यसि । |
| युवाम् गच्छथः । | युवाम् पठथः । | युवाम् पश्यथः । |
| यूयम् गच्छथ । | यूयम् पठथ । | यूयम् पश्यथ । |

(૨)




દાખલા તરીકે–

| | | |
|---|---|---|
| अहम् गच्छामि । | अहम् पठामि । | अहम् पश्यामि । |
| आवाम् गच्छावः । | आवाम् पठावः । | आवाम् पश्यावः । |
| वयम् गच्छामः । | वयम् पठामः । | वयम् पश्यामः । |

* * *

ઉપરના ચિત્ર દ્વારા "ઉદ્દેશ્યની સંખ્યાને સુસંગત રહીને જ ક્રિયાપદના ત્રણ પ્રત્યયોમાંથી કોઈ એકની પસંદગી કરવાની હોય છે." –એવો નિયમ રજૂ કરવામાં આવ્યો છે. કોઈ પણ વાક્યની રચના કરતી વખતે આ નિયમનું પરિપાલન અનિવાર્ય છે.

ત્રણ પ્રકારના ઉદ્દેશ્યને સુસંગત જ ત્રણ પ્રકારના ક્રિયાપદો વપરાવાં જોઈએ– એ કોઈપણ વાક્યની આંતરિક સંરચનાનો અનિવાર્ય મુદ્દો છે.

**૨.૮** 'ઉદ્દેશ્ય'ના પ્રકાર મુજબ, ત્રણ પ્રકારના ક્રિયાપદોમાં કોઈ એક નિશ્ચિત ક્રિયાપદ વપરાય તો જ તે સુસંગત ગણાય; અને માન્ય ગણાય એમ ઉપર કહ્યું છે. પરંતુ અહીં એક વધારાની સૂક્ષ્મ/વિશિષ્ટ સ્પષ્ટતાની પણ જરૂર છે. જેમકે,

(क) સામાન્ય રીતે તો (ઉપર વર્ણવ્યું છે તેમ–)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૧) વાક્યમાં ક્રિયા કરનાર કર્તા-કારક તરીકે 'વક્તા' પોતે પોતાના વિશે વાત કરતો હોય (=પોતે "ઉદ્દેશ્ય" હોય તો), ક્રિયાપદમાં ઉત્તમપુરુષ-સંજ્ઞક (–મિ) પ્રત્યય વપરાય છે. अहम् वेदपाठं करोमि ।

(૨) વાક્યમાં ક્રિયા કરનાર કર્તા-કારક જો 'શ્રોતા' હોય (એટલે કે વક્તા શ્રોતાને ઉદ્દેશીને, શ્રોતાની ક્રિયા વિશે વાત કરતો હોય)તો ક્રિયાપદમાં 'મધ્યમ પુરુષ' સંજ્ઞક (–सि) પ્રત્યય વપરાય છે. દા.ત. त्वं घटं करोषि ।

(૩) વાક્યમાં ક્રિયા કરનાર કર્તા-કારક જો (વક્તા અને શ્રોતાથી ભિન્ન એવી) જગત્‌ની કોઈ વ્યક્તિ 'ઉદ્દેશ્ય' તરીકે હોય તો, ક્રિયાપદમાં 'પ્રથમ પુરુષ' સંજ્ઞક (–ति) પ્રત્યય વપરાય છે. सः (रामः) राक्षसवधं करोति ।

અહીં એવાં વાક્યોની જ ધારણા કરી છે કે અમુક એક જ પ્રકારનો 'ઉદ્દેશ્ય' (Subject) હોય તો, ક્યું એક નિશ્ચિત પ્રત્યયવાળું ક્રિયાપદ વપરાશે ? અર્થાત્ અમુક એક જ ઉદ્દેશ્યની સાથે, અમુક એક નિશ્ચિત ક્રિયાપદની જ 'સંગતિ' (Agreement) માન્ય છે –એવો નિયમ આપણે સોદાહરણ જોયો.

**પણ**

(ख) જો કોઈ વાક્યમાં જુદા જુદા પ્રકારના બે ઉદ્દેશ્યો; કે ત્રણે ત્રણ પ્રકારના ઉદ્દેશ્યો વિશે વાત કરવાની હોય તો, ત્રણ પ્રકારનાં ક્રિયાપદોમાંથી કયું એક ક્રિયાપદ વપરાશે ? –આવી સ્થિતિ માટેના વિશેષ નિયમો પણ જાણવા જોઈએ !

(૪) વાક્યમાં ક્રિયા કરનાર (બે) કર્તા-કારકો તરીકે ૧. જગત્‌ની કોઈ ત્રીજી જ વ્યક્તિ અને ૨. શ્રોતા પણ સંલગ્ન હોય તો, ત્યાં **મધ્યમ પુરુષ** સંજ્ઞક પ્રત્યયવાળું (દ્વિવચનનું) ક્રિયાપદ વપરાવું જોઈએ.

દા.ત. (દ્રોણ કહે છે :–) "હે દુર્યોધન ! તું અને પેલો અર્જુન રોજ સવારે ગુરુના આશ્રમે આવો છો."

हे दुर्योधन ! त्वं च, सः अर्जुनः च, गुरोः आश्रमम् आगच्छथः ।

(શ્રોતા) (જગત્)

(૫) કોઈક વાક્યમાં ક્રિયા કરનાર ત્રણ કે ત્રણથી અધિક કર્તા-કારકો તરીકે વક્તા, શ્રોતા અને જગત્‌ના વ્યક્તિઓ હોય; એટલે કે ત્રણે ત્રણ પ્રકારના ઉદ્દેશ્યોની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(સમાન) ક્રિયા વિશે વાત કરવી હોય તો, ત્યાં ક્રિયાપદમાં કેવળ ઉત્તમ પુરુષ-સંજ્ઞક (બહુવચનનો) પ્રત્યય જ વપરાય છે. દા.ત. (દ્રોણ કહે છે :—) "હે દુર્યોધન ! તું, હું અને પેલો અર્જુન રોજે આ નદીમાં સ્નાન કરીએ છીએ." (હે દુર્યોધન ! त्वं च, अहं च, अर्जुनः च, (प्रतिदिनं अस्यां नद्याम्) स्नानं कुर्मः । એટલે કે —)




**આનો સારાંશ એવો નીકળે છે કે —**

(૧) વાક્યમાં કર્તાકારક તરીકે જગત્‌ની કોઈપણ વ્યક્તિ સાથે જો 'શ્રોતા'નો પણ ઉલ્લેખ થાય તો, ત્યાં ઉદ્દેશ્ય 'શ્રોતા'નું મહત્ત્વ વધી જાય અને ક્રિયાપદમાં મધ્યમ પુરુષ સંજ્ઞક પ્રત્યયનો જ પ્રયોગ કરવો પડે છે.

તથા

(૨) વાક્યમાં કર્તાકારક તરીકે જગત્‌ની વ્યક્તિ અને 'શ્રોતા' ઉપરાંત ત્રીજા વ્યક્તિ તરીકે 'વક્તા'નો પણ ઉલ્લખ થાય તો, ત્યાં એ ત્રણેય પ્રકારના ઉદ્દેશ્યોમાંથી 'વક્તા'નું જ મહત્ત્વ વધી જાય છે; અને પરિણામે ક્રિયાપદમાં ઉત્તમપુરુષ સંજ્ઞક પ્રત્યય જ વાપરવો પડે છે; અને તેની જ સંગતિ (agreement) માન્ય ગણાય છે.

આ બે વિશેષ સંદર્ભમાં સંગતિનો જે નિયમ જોવા મળે છે, તે નીચેના ચિત્રથી પણ સમજાશે :-

(૪) ચોથા નિયમ મુજબ—




Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



"તે ગુરુ અને તું શું વાંચી રહ્યા છો ?"

सः गुरुः च, त्वं च किं पठथः।

(જગત) (શ્રોતા) =મધ્યમ પુરુષ-સંજ્ઞક ક્રિયાપદનો પ્રયોગ

(૫) પાંચમા નિયમ મુજબ —




તે ઈન્દ્ર, તું (શિષ્ય) અને હું (ગુરુ) — એ બધાય સોમરસ પીએ છીએ.

स इन्द्रः च, त्वं च, अहं च (=सर्वे) सोमरसं पिबामः।

જગત્ શ્રોતા વક્તા =ઉત્તમ પુરુષ સંજ્ઞક ક્રિયાપદનો પ્રયોગ

અહીં, વાક્યની આંતરિક સંરચનાને લગતા પાંચ નિયમ પૂરા થાય છે.

❏❏❏

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## પ્રકરણ—૩

# (સાદા) વાક્યમાં રજૂ થતી વિગતો

**૩.૧** ભૂમિકા : આ અગાઉ આપણે વાક્યના સ્વરૂપની ચર્ચા કરતી વખતે બે અતીવ મહત્ત્વના મુદ્દાઓ જોયા છે કે—(૧) પ્રત્યેક વાક્યમાં 'ક્રિયાવિધાન' એ વાક્યના આત્મા સરખું અનિવાર્ય તત્ત્વ હોય છે. તથા (૨) કોઈ પણ વાક્યમાં જગત્‌ના સિદ્ધ (અથવા તો બુદ્ધિસ્થ) પદાર્થો અને સાધ્ય ક્રિયાનો ખેલ રજૂ થતો હોય છે ! આનો સાર એવો નીકળે છે કે વાતચીત દરમ્યાન બોલાતાં વાક્યોમાં ૧. 'ક્રિયા' અને, ૨. તે ક્રિયા કરનારાં જુદા જુદાં 'કારકો' [doers, participants =ક્રિયામાં ભાગ લેનારા વ્યક્તિઓ/પદાર્થો] –એવી મુખ્યત્વે બે વિગતોની રજૂઆત થતી હોય છે.

**૩.૨** પણ સૂક્ષ્મ તર્કની દૃષ્ટિએ વિચારીએ તો વાક્યમાં 'ક્રિયા' અને તેને કરનારાં 'કારકો' ઉપરાંત, કોઈપણ ક્રિયા થવા માટે 'સ્થળ' અને 'કાળ' રૂપ બે શાશ્વત અધિકરણોની પણ જરૂર પડે છે. (એટલે કે આ જગત્‌માં જ્યારે પણ કોઈ ક્રિયા થાય છે ત્યારે તો કોઈ નિશ્ચિત સમયબિન્દુએ અને નિશ્ચત સ્થળમાં જ થતી હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો – કોઈ પણ ક્રિયા કાલાતીત કે સ્થલાતીત હોતી જ નથી. ક્રિયામાત્રને થવા માટે નિશ્ચિત એવા 'સ્થળ' અને 'કાળ'ની પણ જરૂર પડે જ છે; અને તેથી વાક્યની અંદર રજૂ થતી મૂળભૂત વિગતોમાં તે બે ('સ્થળ' અને 'કાળ')નો પણ ઉલ્લેખ કરવો જ પડે. આમ —

કારકો=જે ક્રિયા કરનારાં જગત્‌ના સિદ્ધ કે બુદ્ધિસ્થ પદાર્થો અને વ્યક્તિઓ હોય છે.




Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | | | | | |
|---|---|---|---|---|---|
| | 1 | | | 3 2 | |
| सीता | [सायंकाले, | मन्दिरे] | पुष्पमालया | हरिम् | पूजयति । |
| (કારક) | (કાળ) | (સ્થળ) | (કારક) | (કારક) | (ક્રિયા) |
| B-1 | C | D | B-2 | B-3 | A |

આમ કોઈ પણ (સાદા) વાક્યમાં આવી ચાર વિગતો તો મૂળભૂત રીતે અન્તર્નિહિત હોય છે જ.

**૩.૩** ભાષામાં વપરાતાં વાક્યોમાં મૂળભૂત રીતે ઉપર્યુક્ત જે ચાર વિગતો રજૂ થતી હોય છે, તેનાં કેટલાંક ઉદાહરણો જોઈશું.

| | કારક | કાળ* | સ્થળ* | ક્રિયાપદ |
|---|---|---|---|---|
| ૧. | रामः[1] खड्गेन[3] | प्रातःकाले[7] | रणभूमौ | युध्यति । |
| ૨. | छात्रः[1] वेदमन्त्रान्[2] | मध्याह्ने[7] | शालायां[7] | पठति । |
| ૩. | सीता[1] पुष्पाणि[2] | सायंकाले[7] | उद्याने[7] | चिनोति । |
| ૪. | हस्ती[1] काष्ठभारं[2] | प्रतिदिनं (અવ્યય) | वने[7] | वहति । |
| ૫. | आकाशात्[5] जलं[1] | वर्षाकाले[7] | भूमौ[7] | वर्षति । |
| ૬. | पर्णानि[1] वृक्षात्[5] | शिशिरे[7] | प्रांगणे[7] | पतन्ति । |
| ૭. | अहं[1] जलेन[3] | अमावास्यां[7] | समुद्रे[7] | स्नामि । |
| ૮. | गुरुः[1] शिष्याय[4] विद्यां[2] | प्रातःकाले[7] | आश्रमे[7] | ददाति । |
| ૯. | नृत्यांगना हस्तमुद्रया[3] | सायंकाले[7] | रङ्गभूमौ[7] | नृत्यति । |
| ૧૦. | जनाः[1] सूर्यम्[2] | प्रभाते | उदयगिरौ[7] | पश्यन्ति । |

**૩.૪** વાક્યમાં રજૂ થતી પૂર્વોક્ત ચાર વિગતોને સમજી લીધા પછી, પાંચમી વિગત તરીકે કારકોનાં જુદા જુદા પ્રકારનાં 'સંબંધો' પણ (વાક્યમાં) રજૂ થતાં હોય છે તે જોઈશું.

* વાક્યમાં રજૂ થતી જુદી જુદી વિગતો તરીકે કાળવાચક અને સ્થળવાચક શબ્દોને જુદા ખાનામાં દર્શાવ્યા છે; પરંતુ તાત્ત્વિક રીતે તો તે બન્ને પણ અધિકરણ કારકો જ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



વાક્યમાં કેન્દ્રસ્થાને કોઈક 'ક્રિયા' રહેલી હોય છે; અને તેની સાથે તે ક્રિયા કરનારાં "કારકો" પણ રહેલાં હોય છે. પરંતુ ભાષકો જ્યારે વાક્ય દ્વારા કોઈ ક્રિયાનું વિધાન કરતા હોય છે, ત્યારે તે ક્રિયા કરનારાં કારકોનો બહારના જગત્‌ના વિભિન્ન પદાર્થો સાથે કોઈકને કોઈક **સંબંધ** રહેલો હોય છે, તે (સંબંધ)ને પણ વાક્યમાં વ્યક્ત કરતા હોય છે. જો કે 'સંબંધ' તો અમૂર્ત હોય છે; અને તે બે સંબંધી પદાર્થોમાં રહેનારો–'દ્વિષ્ઠ'–હોય છે. આથી કારકોનો બહારના જગત્‌ના જે પદાર્થ જોડે સંબંધ હોય છે, તે સંબંધી પદાર્થને ષષ્ઠી વિભક્તિમાં વ્યક્ત કરવામાં આવે છે. દા.ત.




ઉપરના વાક્યમાં બે પ્રકારનાં તીરનાં નિશાનોથી મુખ્યત્વે બે પ્રકારના સંબંધો વ્યક્ત થઈ રહ્યા છે. જેમકે,

(क)

<u>ક્રિયા-કારક ભાવ સંબંધ</u>

(૧) लवः पचति। લવ રાંધે છે.

અહીં પચન (રાંધવું) ક્રિયામાં 'લવ' નામનો વ્યક્તિ કર્તા-કારક તરીકે જોડાયેલો છે. અર્થાત્ 'રાંધવું' એ ક્રિયા છે અને 'લવ' એ રાંધનારો છે. આને, તે બે વચ્ચેનો "ક્રિયાકારકભાવ સંબંધ" કહેવાય.

(ख)

<u>કારકોનો જગત્ જોડેનો સંબંધ</u>

(૧) रामस्य लवः ।

'રામનો લવ' (રાંધે છે.) અહીં, 'લવ' નામની વ્યક્તિને (એક તરફથી રાંધનાર કર્તાકારક તરીકે રાધવું ક્રિયા જોડે તો સંબંધ છે જ; પણ બહારના જગત્‌માં 'રામ' નામના વ્યક્તિ જોડે પણ એક (પિતા-પુત્ર ભાવ) સંબંધ રહેલો છે ! 'રામ' જન્મદાતા (પિતા) છે; અને 'લવ'.જન્ય (જન્મ લેનાર) છે. અહીં 'લવ'ના સંબંધી પદાર્થ/ વ્યક્તિ તરીકે 'રામ'ને ષષ્ઠી વિભક્તિમાં રજૂ કરવામાં આવેલ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૨) काष्ठैः पचति ।

'લાકડાંથી રાંધે છે.' અહીં પચન ક્રિયામાં 'કાષ્ઠ' નામનો પદાર્થ કરણકારક તરીકે જોડાયેલો છે. આને પણ "પચનક્રિયા અને કાષ્ઠની વચ્ચે ક્રિયા-કારકભાવ સંબંધ રહેલો છે" એમ કહેવાય.

(૩) वनस्य काष्ठैः ।

"જંગલના લાકડાંથી (રાંધે છે)." અહીં લાકડાં રૂપ કરણકારકને (રાંધવાની ક્રિયા જોડે સંબંધ હોવા ઉપરાંત) બહારના જગત્ જોડે – વન જોડે – પણ સંબંધ છે. તેથી લાકડાંના સંબંધી પદાર્થ (વન)ને ષષ્ઠી વિભક્તિમાં વ્યક્ત કરવામાં આવે છે. લાકડાં અને વનની વચ્ચે અંગાંગીભાવ સંબંધ છે.

(૩) तण्डुलान् पचति ।

'ચોખાને રાંધે છે.' અહીં પચન ક્રિયામાં 'તણ્ડુલ' નામનો પદાર્થ કર્મકારક રૂપે જોડાયેલ છે. આથી "પચનક્રિયા અને તણ્ડુલની વચ્ચે ક્રિયા-કારકભાવ સંબંધ રહેલો છે" એમ કહેવાય.

(૩) वाल्मीकेः तण्डुलान् ।

વાલ્મીકિના ચોખાને (રાંધે છે.) અહીં ચોખાનો કર્મકારક રૂપે રાંધવાની ક્રિયામાં અન્વય તો છે જ; પણ સાથે સાથે તે ચોખાને બહારના જગત્ જોડે પણ એક સ્વ-સ્વામિભાવ સંબંધ રહેલો છે. અર્થાત્ તે રંધાઈ રહેલા ચોખાના માલિક વાલ્મીકિ છે; એમ દર્શાવવા ચોખાના સંબંધી પદાર્થ (=માલિક) તરીકે 'વાલ્મીકિ' શબ્દને ષષ્ઠી વિભક્તિ દ્વારા વ્યક્ત કરવામાં આવે છે.*

**ટૂંકમાં**, સાદા વાક્યની રચનામાં (૧) ક્રિયાપદ, (૨) તેનાં કારકો, (૩) સ્થળ, (૪) કાળ – એવી ચાર વિગતો રજૂ થવા ઉપરાંત, (૫) પાંચમી વિગત તરીકે જુદા જુદા (=દરેક) કારકનાં બહારના જગત્ જોડેના સંબંધી પદાર્થોનો પણ નિર્દેશ કરવામાં

* ભાષામાં મુખ્યત્વે ત્રણ સંબંધો વ્યક્ત થતા જોવા મળે છે. જેમકે, (૧) સ્વ-સ્વામિભાવ સંબંધ, દા.ત. राज्ञः पुरुषः । 'રાજાનો માણસ.' (૨) અંગાંગીભાવ સંબંધ, દા.ત. पशोः पादः । 'પશુનો પગ.' તથા (૩) જન્યજનકભાવ સંબંધ, દા.ત. दशरथस्य रामः । 'દશરથનો રામ', (દશરથ પિતા=જન્મ આપનાર છે; અને રામ 'જન્ય'=જન્મ લેનાર છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



આવતો હોય છે. (જુદાં જુદાં કારકો માટે 1, 2, 3, 4, 5, અને 7 મી વિભક્તિના પ્રત્યયો વપરાય છે; તથા કારકોના સંબંધી પદાર્થોને વ્યક્ત કરવા માટે ષષ્ઠી વિભક્તિના પ્રત્યયો વપરાય છે.)

**૩.૫** (સાદા) વાક્યમાં ઉપર મુજબની પાંચ વિગતો રજૂ થવાની સાથે, એક છઠ્ઠી વિગત પણ રજૂ થતી હોય છે. આ છઠ્ઠી વિગત તે 'વિશેષણનો પ્રયોગ' છે. વાક્યમાં વપરાતાં વિશેષણોનું પૃથક્કરણ કરીએ તો નીચે મુજબનું ચિત્ર હાથ લાગશે :—

વાક્ય
↓
કારક (1,2,3,4,5,–,7) + **કારકનાં વિશેષણો** + સ્થળ + કાળ + **ક્રિયાવિશેષણ** + ક્રિયાપદ

કારકનાં વિશેષણો ↓

- ભેદમૂલક વિશેષણ ↓
  - સહ, ઋતે, વિના જેવાં અવ્યયો સહિતનો પદસમૂહ
  - ષષ્ઠી વિભક્તિવાળાં પદો (કારકનાં સંબંધી પદાર્થોની રજૂઆત કરનાર પદો
- અભેદમૂલક વિશેષણ* ↓
  - ૧. રંગવાચક
  - ૨. ગુણવાચક
  - ૩. સંખ્યાવાચક
  - ૪. સર્વનામો
  - ૫. તદ્ધિતાન્ત નામો
  - ૬. (અમુક) સમાસો
  - ૭. કૃદન્ત નામો (ઘઞ્, તૃચ્, અક આદિ પ્રત્યયાન્ત)
  - ૮. વર્તમાન કૃદન્ત
  - ૯. ભવિષ્યત્કૃદન્ત
  - ૧૦. કર્મણિ/કર્તરિ ભૂતકૃદન્ત

  } (કાળવાચક કૃદન્ત, કે જે ક્રિયાપદના વિકલ્પે પણ વપરાય છે.)

ક્રિયાવિશેષણ ↓

- ક્રિયાવિશેષણ સ્વરૂપ અવ્યયો* ↓
  - झटिति
  - शनैः शनैः
  - पुनः पुनः
  - शीघ्रम्
  - नित्यम्
  - વગેરે.

---

* પ્રસ્તુત પુસ્તિકામાં આ બે પ્રકારનાં વિશેષણોનો પ્રયોગ જ વર્ણવીશું. (આ સંદર્ભે વધુ વિસ્તાર અમારા 'સંસ્કૃત વાક્યસંરચના' પુસ્તકમાં જોવા અનુરોધ છે.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



કેટલાંક ઉદાહરણો દ્વારા, વાક્યોમાં રજૂ થતી આ 'વિશેષણ' રૂપ છઠ્ઠી વિગતને ઓળખીશું :–

**૧. કેવળ વિશેષ્યથી બનેલું વાક્ય :–**

सीता गोदावर्य्यां जलेन, स्नाति ॥

**(૧) વિશેષણ-સહિતનું વાક્ય :–**

रामपत्नी सीता पुण्यशीलायां गोदावर्य्यां,

शीतलेन जलेन; शनैः शनैः स्नाति ॥

- ❒ અહીં કર્તાકારક सीता[7] (વિશેષ્ય)ના વિશેષણ તરીકે रामपत्नी[1] એવો ષષ્ઠી તત્પુરુષ સમાસવાળો શબ્દ (પ્રથમા વિભક્તિમાં) વપરાયો છે.
- ❒ અધિકરણકારક गोदावर्य्याम्[7] (=ગોદાવરી નદીમાં) એવા વિશેષ્યના વિશેષણ તરીકે पुण्यशीलायां[7] એવો સામાસિક શબ્દ (સપ્તમી વિભક્તિમાં) વપરાયો છે.
- ❒ કરણકારક जलेन[3] (જળ વડે) એવા વિશેષ્યના વિશેષણ તરીકે शीतलेन[3] એવો ગુણવાચક શબ્દ (તૃતીયા વિભક્તિમાં) વપરાયો છે.
- ❒ स्नाति । (=સ્નાન કરે છે) એવા ક્રિયાપદના 'ક્રિયાવિશેષણ' તરીકે शनैः शनैः (=ધીમે ધીમે) એવો અવ્યય પ્રકારનો શબ્દ વપરાયો છે.

**૨. કેવળ વિશેષ્યવાળું વાક્ય :–**

रामः बाणेन रावणं हन्ति ।

(રામ બાણથી રાવણને હણે છે.)

**(૨) વિશેષણ સહિતનું વાક્ય :–**

शूरवीरः[1] रामः[1] एकेन[3] तीक्ष्णेन[3] बाणेन[3] दशाननं[2] रावणं[2] झटिति हन्ति ।

શૂરવીર રામ, એક તીક્ષ્ણ બાણ વડે, દશ માથાવાળા રાવણને, જલ્દીથી હણી કાઢે છે.

- ❒ અહીં કર્તા-કારક रामः[1] ((વિશેષ્ય)ના વિશેષણ તરીકે शूरवीरः[1] એવો ગુણવાચક શબ્દ (પણ પુંલિંગ પ્રથમા વિભક્તિમાં) વપરાયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



- ❐ કરણ-કારક बाणेन[3] એવા વિશેષ્યના વિશેષણ તરીકે तीक्ष्णेन[3] એવો ગુણવાચક; તથા एकेन[3] એવો એક સંખ્યાવાચક શબ્દ (પણ તૃતીયા વિભક્તિમાં) વપરાયો છે.
- ❐ હનનક્રિયાના કર્મકારક તરીકે रावणम्[2] વિશેષ્યના વિશેષણ તરીકે दशाननम्[2] (દશ માથાવાળો) એવો સામાસિક શબ્દ (પણ પુંલિંગ દ્વિતીયા વિભક્તિમાં) વપરાયો છે.
- ❐ તથા, हन्ति । (હણી કાઢે છે) – એવા ક્રિયાપદના 'ક્રિયાવિશેષણ' તરીકે झटिति (=જલ્દીથી) એવો અવ્યય પ્રકારનો શબ્દ વપરાયો છે.

**૩. કેવળ વિશેષ્યવાળું વાક્ય :–**

सीता कूपात् जलम् उद्धरति ।

(સીતા કૂવામાંથી પાણી કાઢે છે.)

**(૩) વિશેષણ સહિતનું વાક્ય :–** (સર્વનામોનો વિશેષણ તરીકે પ્રયોગ)

सा[1] सीता[1], अस्मात्[5] कूपात्[5], इदं[2] जलम्[2], पुनः पुनः उद्धरति ।

તે સીતા, આ કૂવામાંથી, આ પાણી, ફરી ફરીથી કાઢે છે.

- ❐ અહીં કર્તા-કારક सीता[1] (વિશેષ્ય)ના વિશેષણ તરીકે વપરાયેલું तद्→ सा સર્વનામ 'અનિયતલિંગ' છે, તેથી વિશેષ્યભૂત सीता મુજબ તેને સ્ત્રીલિંગમાં ફેરવીને, सीता ની જેમ પ્રથમા વિભક્તિ એકવચનમાં વાપરવું પડે છે.
- ❐ અપાદાન કારક कूपात्ના વિશેષણ તરીકે વપરાયેલ इदम् સર્વનામનું વિશેષ્યભૂત कूपની જેમ પુંલિંગમાં રૂપાંતરિત કરીને, તેનું પંચમી વિભક્તિ એકવચનમાં अस्मात्માં પરિવર્તન કરવું પડે છે.
- ❐ કર્મકારક તરીકે जलम् નપુંસકલિંગ દ્વિતીયા વિભક્તિ, એકવચન છે, માટે તેના વિશેષણ તરીકે વપરાયેલાં इदम् સર્વનામનું નપુંસકલિંગમાં દ્વિતીયા વિભક્તિ એકવચનમાં इदम्[2] રૂપ વાપરવું પડશે.
- ❐ उद्धरति । (–બહાર/ઉપર ખેંચી કાઢે છે) એવા ક્રિયાપદના ક્રિયાવિશેષણ તરીકે 'पुनः पुनः' એવો અવ્યય પ્રકારનો શબ્દ સીધો જ ઉમેરાયો છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



ઉપરનાં વિશેષ્ય-વિશેષણોનો ધ્યાનથી અભ્યાસ કરશો તો બે મુદ્દાઓ નોંધપાત્ર જણાશે :

(क) ક્રિયાપદોનાં જે 'ક્રિયાવિશેષણ' હોય છે, તે અવ્યય પ્રકારના શબ્દથી બનેલાં હોય છે. (એવાં ક્રિયાવિશેષણોનાં રૂપો ચલાવવાનાં હોતાં નથી!)

(ख)-૧ કારકોનાં જે (અભેદમૂલક) વિશેષણો હોય છે, તે બધા 'અનિયતલિંગ શબ્દો' ગણાય છે. એટલે કે તેવાં વિશેષણોનાં કોઈ નિશ્ચિત લિંગ હોતાં નથી. પરિણામે તે વિશેષણો જે જે વિશેષ્યની સાથે વપરાયાં હોય છે, તે વિશેષ્યનાં જ લિંગ, વચન (=સંખ્યા) અને વિભક્તિપ્રત્યયને તેઓ ધારણ કરે છે. દા.ત. शीतलेन[3] जलेन[3] । दशाननं[2] रावणम्[2] । शूरवीरः[1] रामः[1] ॥ વગેરે.

(ख)-૨ કારકોનાં જે અભેદમૂલક વિશેષણો હોય છે, તેને શાસ્ત્રીય દૃષ્ટિએ 'જુદી વિગત' ગણી શકાય એમ નથી. કેમકે પાણિનિએ તો તેમને સીધા 'કારકો' જ ગણ્યાં છે; અને માટે તેમને માટે વિભક્તિવિધાન કરનારાં કોઈ જુદાં સૂત્રો લખ્યાં જ નથી! (સરળ શબ્દોમાં કહીએ તો, ક્રિયા કરનારાં કારકો અને તેમનાં અભેદ–મૂલક વિશેષણો તાત્ત્વિક રીતે જુદાં હોતાં જ નથી, વિશેષણો પોતે પણ (સ્વતન્ત્ર નહીં તેવું) 'કારક' જ હોય છે.

❑❑❑

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## પ્રકરણ—૪

# સંસ્કૃત ભાષામાં વાક્યોના વિવિધ પ્રકાર

### ૪.૦ પાંચ પ્રકારનાં વાક્યો :

સંસ્કૃત ભાષામાં જેટલા પણ પ્રકારના વાક્યો લખાયાં છે/લખી શકાય એમ છે તે દરેકની સંકલ્પના કરીને, અમારા 'સંસ્કૃત વાક્ય-સંરચના' નામના વિસ્તૃત પુસ્તકમાં તેને પાંચ પ્રકારોમાં વહેંચી કાઢેલાં છે. જેમકે,

(૧) સાદું વાક્ય :
- (ક) કેવળ ક્રિયાપદથી બનેલું વાક્ય
- (ખ) કારક અને ક્રિયાપદવાળું વાક્ય
- (ગ) કારક, સ્થળ, કાળ અને ક્રિયાપદવાળું વાક્ય
- (ઘ) કારક અને તેના ભેદમૂલક વિશેષણવાળાં ષષ્ઠ્યન્ત પદો તથા ક્રિયાપદવાળું વાક્ય

(૨) વિશેષણ સહિતનું સાદું વાક્ય : કારક, તેનાં અભેદમૂલક-વિશેષણોવાળાં પદો અને ક્રિયાપદવાળું વાક્ય.

(૩) મિશ્રવાક્ય : મુખ્ય વાક્યની અંતર્ગત, —त्वा સંબંધક ભૂતકૃદન્ત અને —तुम् હેત્વર્થકૃદન્તવાળાં ઉપવાક્યોનો પ્રયોગ

(૪) સંયુક્તવાક્ય : વાક્ય-સંયોજક અવ્યયો, (જેવા કે, इति, च, यदा-तदा, यथा-तथा વગેરે)ના પ્રયોગવાળાં વાક્યો.

(૫) જટિલ વાક્યરચનાઓ :

इवादि યુક્ત/ગર્ભિત આલંકારિક વાક્યરચનાઓ; તથા 'મિશ્ર' અને 'સંયુક્ત' વાક્યોની સહોપસ્થિતિવાળાં વાક્યો.*

* * *

* સમગ્ર સંસ્કૃત ભાષાની તમામ સંભવિત આ પાંચેય પ્રકારની વાક્યરચનાઓ શીખવા—સમજવા માટે અમારા 'સંસ્કૃત વાક્ય સંરચના' પુસ્તકને જોવા અનુરોધ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



પરંતુ પ્રસ્તુત પુસ્તકમાં વિદ્યાર્થીઓને કેવળ कृ-भू-अस् એવા ત્રણ ધાતુઓના સથવારે જ, સંસ્કૃત ભાષાની કેવળ ત્રણ-ત્રણ પદોની બનેલી વાક્યરચના શીખવવાનો ઉદ્દેશ્ય નિર્ધારિત કર્યો છે. તેથી ઉપર્યુક્ત પ્રથમ પ્રકારના સાદા વાક્યની મર્યાદામાં રહીને જ, વૈવિધ્યસભર અને વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જગાડનારી વાક્યરચનાઓ કરતાં શીખવીશું.

**૪.૧** કર્તરિ-પ્રયોગમાં વિવિધ વાક્યરચનાઓ :

સામાન્ય રીતે, ક્રિયાવાચક ધાતુ (verb-root) 'સકર્મક' છે કે 'અકર્મક' ? તેનો વિચાર શરૂ કરીએ એટલે દ્વિવિધ વાક્યપ્રયોગો અમલમાં આવતા જોવા મળે છે. જેમકે,

**(क)** જો ધાતુ 'સકર્મક' હોય તો તેમાંથી –

(૧) કર્તરિ પ્રયોગ થાય,

અને

(૨) કર્મણિ પ્રયોગ પણ થાય. દા.ત.

| | |
|---|---|
| (૧) રામ વેદ વાંચે છે. | (૨) રામ વડે વેદ વંચાય છે. |
| (૨) रामः[1] वेदं[2] पठति | (૨) रामेण[3] वेदः[1] पठ्यते । |
| (કર્તા) (કર્મ) (કર્તરિ ક્રિયાપદો) | (કર્તા) (કર્મ) (કર્મણિ ક્રિયાપદ) |

**(ख)** જો ધાતુ 'અકર્મક' હોય તો તેમાંથી–

(૧) કર્તરિ પ્રયોગ થાય,

અને

(૨) ભાવે પ્રયોગ પણ થાય. દા.ત.

| | |
|---|---|
| (૧) રામ નદીમાં તરે છે. | (૨) રામ વડે નદીમાં તરાય છે. |
| (૨) रामः[1] नद्यां[7] तरति । | (૨) रामेण[3] नद्यां[7] तीर्यते । |
| (કર્તા) (અધિકરણ) (કર્તરિ ક્રિયાપદો) | (કર્તા) (અધિકરણ) (ભાવે ક્રિયાપદ) |

**૪.૨** પ્રસ્તુત પુસ્તકમાં, આપણે કેવળ कृ, भू અને अस् એવા ત્રણ ધાતુઓના જ, અને કેવળ 'કર્તરિ પ્રયોગ' વાળાં ત્રણ-ત્રણ પદનાં વાક્યોની રચના જ શીખવાની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



છે. (કર્મણિપ્રયોગ કે ભાવે પ્રયોગની રચનાઓ શીખવા માટે 'સંસ્કૃત વાક્ય સંરચના' પુસ્તક જોવા અનુરોધ છે.) ત્રણ ત્રણ પદવાળાં જ, અને કેવળ કર્તરિ પ્રયોગના જ, જો વાક્યો બનાવવા હોય તો તે ત્રણ પ્રકારનાં જ હોઈ શકે. જેમકે,

**કર્તરિ પ્રયોગવાળી વાક્ય રચના**

| ૧ | ૨ | ૩ |
|---|---|---|
| સકરાત્મક વાક્ય રચના | નકારાત્મક વાક્ય રચના | પ્રશ્નાર્થક વાક્યરચના |

**૪.૩** ત્રીજી એક સ્પષ્ટતા પણ સમજી લઈએ :-

√भू (થવું, જન્મવું), અને √अस् (હોવું)—એ બે ધાતુઓ કેવળ "અકર્મક" જ છે; અને તેને કેવળ પરસ્મૈપદી પ્રત્યયો જ લાગે છે.

પણ—

√कृ (કરવું) ધાતુ 'ઉભયપદી' છે, પણ અહીં કેવળ પરસ્મૈપદમાં જ ક્રિયાપદો વાપરીને, ત્રણ પદોવાળી વાક્યરચના કરતાં શીખવાનું લક્ષ્ય રાખેલું છે. વળી, આ ધાતુ 'સકર્મક' છે— તે પણ આપણે યાદ રાખીને આગળ વધવાનું છે.

□□□

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## પ્રકરણ—૫

# ધાતુત્રયીનું સ્વારસ્ય

**૫.૦** અનાદિ કાળથી આ જગત્‌માં અગણિત ક્રિયાઓ અવિરતપણે થઈ રહી છે. તે દરેક ક્રિયાઓને—ઘટનાઓની હારમાળાને—ભાષામાં વ્યક્ત કરવા માટે જુદી જુદી ભાષામાં જુદી જુદી સંખ્યામાં (ક્રિયાવાચક) ધાતુઓ આવેલા હોય છે. આપણી સંસ્કૃત ભાષામાં, જગત્‌માં થતી અસંખ્ય ક્રિયાઓને વ્યક્ત કરવા માટે ૧૯૭૦ જેટલા ધાતુઓ જ આપેલા છે. આટલા અલ્પસંખ્યક ધાતુઓથી પણ, સંસ્કૃત ભાષામાં અગણિત ક્રિયાઓ વિશે વાત કરવા માટે (૧) મૂળ (શુદ્ધ) ધાતુઓના પ્રયોગ ઉપરાંત, (૨) તે ધાતુઓની આગળ જુદા જુદા प्र, परा, अभि, सु, प्रति, अनु વગેરે ૨૨ ઉપસર્ગો જોડીને પણ નવી નવી અર્થચ્છટાઓ અભિવ્યક્ત કરી શકાતી હોય છે. (૩) વળી, 'નામ' પ્રકારના શબ્દોને પણ ક્રિયાવાચક ધાતુમાં ફેરવીને, 'નામધાતુ'ઓનાં પણ ક્રિયાપદો બનાવવાની વ્યવસ્થા સંસ્કૃતમાં છે. (૪) એવી જ રીતે, એક च्वि રૂપવાળાં શબ્દોની પાછળ कृ અને भू ધાતુના અનુપ્રયોગ કરીને પણ, નવીન પ્રકારની ક્રિયાઓ વિશે વાત કરી શકાતી હોય છે. વળી सन्, यङ् વગેરે પ્રત્યયોની મદદથી, દરેક ધાતુમાંથી ઇચ્છાદર્શક અને પૌનઃ પુન્યાર્થક વગેરે પ્રકારના બીજાં ક્રિયાપદો પણ બનાવી શકાય છે.

આ બધા જ પ્રકારનાં ક્રિયાપદોની રચના શીખવી, તે લગભગ અપાર અને અગાધ એવા સમુદ્રમાં તરવા પડવા બરોબર છે. પરંતુ અગણિત ક્રિયાપદોની આવી શ્રમસાધ્ય અને સમયસાધ્ય રચના શીખવા અને શીખવવાનો કોઈ લાઘવપૂર્ણ અને સરળતમ (અને છતાંય શાસ્ત્રસમ્મત) માર્ગ પણ હોવો જ જોઈએ. (આજના સંસ્કૃતજ્ઞોની એ ફરજ છે કે તેઓ નવા, અર્થાત્ અજ્ઞાત કે વિસ્મૃત કીમિયાઓની શોધ કરે.)

આ સંદર્ભમાં, સંસ્કૃત ભાષાના भू—अस्—कृ એવા ત્રણ ("—ક્રિયા-સામાન્યવાચી") ધાતુઓનો પ્રયોગ શીખવો અચૂક ફળદાયી બની રહેશે.

**૫.૧** અદિ શંકરાચાર્ય કહે છે કે कालः क्रीडति; गच्छति आयुः, तद् अपि न मुञ्चति आशावायुः ॥ "આ બ્રહ્માણ્ડમાં (કેવળ) કાળ ક્રીડા કરી રહ્યો છે — સમય સતત પસાર થઈ રહ્યો છે— બધાયનું આયુષ્ય ક્રમશઃ ખતમ થઈ રહ્યું છે; અને

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



છતાંય કોઈ માણસ આશાને છોડતો જ નથી. (અર્થાત્ સતત કંઈકને કંઈક ક્રિયા કર્યા જ કરે છે) !

અવિરતપણે ફરતાં રહેતા આ મહાકાલચક્રમાં જગત્‌ના તમામ-સજીવ અને નિર્જીવ—પદાર્થો જુદા જુદા છ ભાવ-વિકારોમાંથી પસાર થઈ રહ્યા છે. યાસ્કે 'નિરુક્ત' વેદાંગમાં આચાર્ય વાર્ષ્યાયણિનો એક મત ટાંક્યો છે કે —

**षड्भावविकाराः भवन्ति ।**

(१) जायते । (२) अस्ति । (३) विपरिणमते । (४) वर्द्धते । (५) अपक्षीयते । (६) विनश्यति ॥ (અધ્યાય-૧)

અર્થાત્ આ જગત્‌માં અનેક (સજીવ અને નિર્જીવ) પદાર્થ જન્મે છે, અસ્તિત્વમાં રહે છે, રૂપાંતરિત થાય છે, વધે છે, ઘટે છે, અને (છેવટે) વિનાશ પામે છે. બ્રહ્માણ્ડમાં રહેલા તમામે તમામ પદાર્થોની આ જ જીવનયાત્રા છે ! આ છ ભાવ- વિકારોમાંથી 'अस्ति' (છે, હોવું, અસ્તિત્વ ધરાવવું) એ એક ક્રિયાપાદ માત્ર સત્તાને, અસ્તિત્વને જ સૂચવે છે; આ अस्ति । એવા એક ક્રિયાપદને બાદ કરી દઈએ તો, બાકીના પાંચેય ક્રિયાપદો કોઈકને કોઈક પ્રકારની ''પ્રક્રિયા''ને સૂચવે છે. અર્થાત્ 'अस्ति' એ કેવળ સત્તાવાચી ક્રિયાપદ છે, જ્યારે બાકીના પ્રક્રિયાવાચી છે.

આપણને પરંપરાગત વારસામાં મળેલી ચર્ચા, જગત્-પ્રપંચને સમજવામાં બહુ ઉપયોગી થાય એવી છે; અને ભાષાપ્રયોગનું વિશ્લેષણ કરવામાં પણ ઉપયોગી થાય એવી છે ! જેમકે,

એક છેડે માણસ જન્મે છે; બીજે છેડે તે મરી જાય છે. આ બે છેડાની વચ્ચે તેનું 'અસ્તિત્વ' હોય છે; (એટલે કે વચગાળામાં તેનો આયુષ્યકાળ હોય છે). આ વચગાળાના અસ્તિત્વ દરમ્યાન કોઈકને કોઈક આશાથી દોરવાયેલો તે અનેક— અસંખ્ય— ક્રિયાઓ કરે છે. આથી ભાષામાં વાગ્વ્યવહારમાં ૧. भवति (जायते) (જન્મે છે) → ૨. अस्ति (હોય છે) → ૩. करोति । (તે કંઈક કરે છે.) —એ રીતે તે ત્રણ ક્રિયાપદોનું મહત્ત્વ સ્વતઃસિદ્ધ છે !

**૫.૨** આ જગતમાં થઈ રહેલી અવિરત અને અગણિત ક્રિયાઓને પણ તાત્ત્વિક રીતે તપાસીશું તો એને ત્રણ ભાગમાં વહેંચવાની જરૂર પડે છે. દા.ત. નીચેનાં ઉદાહરણો તપાસીએ તો—

૧. सूर्यः पूर्वस्यां दिशि उदेति । સૂર્ય પૂર્વદિશામાં ઉગે છે.

૨. उपवनात् शीतलः वायुः वहति । બગીચામાંથી ઠંડો વાયુ વહે છે.

* जायते બહુસીમિત અર્થ આપે છે, પણ भवति વ્યાપક અર્થ ધરાવે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



૩. वृक्षात् पर्णानि पतन्ति । વૃક્ષ ઉપરથી પાંદડાં પડે છે.

૪. रमेशः (क्रमशः) वर्धते । રમેશ (ક્રમશઃ) યુવાન થાય છે.

૫. दशरथः (शनैः शनैः) जीर्यते । દશરથ (ધીરે ધીરે) ઘરડો થાય છે.

આ બધી ઉગવાની, વહેવાની, પડવાની, મોટા થવાની કે ઘરડા થવાની કહેવાતી ક્રિયાઓ, તે સાચા (=તાર્કિક) અર્થમાં 'ક્રિયા'ઓ નથી. 'ક્રિયા' તો એને કહેવાય કે જેની ઉપર કોઈ કર્તાનું નિયંત્રણ હોય. ઉપરનાં ઉદાહરણોમાં વર્ણવેલી ઘટનાઓને તો "પ્રક્રિયા" કહેવી જોઈએ. ઝાડ ઉપરનું પાંદડું કાળક્રમે પીળું થઈને, ખરી પડે; કે કોઈ કિશોરને સમય જતાં મૂછનો દોરો ફુટે (=તે યુવાન થાય) તો એમાં કોઈનું સીધું સ્વૈચ્છિક કર્તૃત્વ હોતું નથી, તે એક અનિયન્ત્રિત સહજ બનતી 'પ્રક્રિયા' જ છે.

બીજાં કેટલાંક ઉદાહરણો જોઈશું :—

૬. पर्वताः तिष्ठन्ति ।
પર્વતો ઊભા છે.

૭. पर्वताः उत्तुङ्गा सन्ति ।
પર્વતો ઊંચા છે.

૭. महिषी कृष्णा अस्ति ।
ભેંસ કાળી છે.

૮. रामः गौरः अस्ति ।
રામ ગોરા છે.

૯. अम्बरं पीतम् अस्ति ।
કપડું પીળું છે.

૧૦. घटः नीलः अस्ति ।
ઘડો કાળો છે.

૧૧. उत्पलं रक्तम् अस्ति ।
કમળ લાલ છે.

આ બધાં વાક્યોમાં પણ अस्ति । કે सन्ति । જેવું ક્રિયાપદ હોવા છતાંય, તે શબ્દો કોઈ 'ક્રિયા' દર્શાવતા નથી, ભેંસ પોતે કાળા રંગની હોય, કે પર્વતો ઊંચા હોય—એ બાબતમાં એમનું કર્તૃત્વ કે નિયન્ત્રણ જ નથી. આથી अस्ति ક્રિયાપદને અમુક પ્રકારનું અસ્તિત્વ દર્શાવનાર ("સ્થિતિદર્શક") ક્રિયાપદ જ કહેવું જોઈએ; (તે કોઈ ક્રિયાવાચક ક્રિયાપદ નથી.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



એ જ રીતે, બીજાં કેટલાંક ઉદાહરણો જોઈશું :—

૧૨. रामः अत्र अस्ति ।
રામ અહીં છે.

૧૩. रामः अत्र न अस्ति ।
રામ અહીં નથી.

૧૪. भूतले घटः अस्ति ।
જમીન ઉપર ઘડો છે.

આ ઉદાહરણોમાં પણ 'अस्ति' ક્રિયાપદ એ કોઈ 'ક્રિયા'નું વાચક નથી. તે અહીં કોઈક વ્યક્તિ કે પદાર્થનું માત્ર "અસ્તિત્વ દર્શાવનાર" શબ્દ જ છે. આમ √अस् धातु अस्ति । એવું ક્રિયાપદ ૧. સ્થિતિદર્શક હોય છે; અથવા ૨. અસ્તિત્વવાચક હોય છે; [પણ તે કોઈ ક્રિયાવાચક ક્રિયાપદ તો નથી જ.]

હવે, એક ત્રીજા પ્રકારનાં ઉદાહરણો જોઈશું :—

૧૫. गोपी कृष्णस्य वेणुनादं शृणोति ।

૧૬. विश्वेशः पुस्तकं पठति ।

૧૭. विप्राः यज्ञकुण्डे यवान् जुह्वति ।

૧૮. रामः बाणेन रावणं हन्ति ।

આ બધાં ઉદાહરણોમાં સાંભળવાની, ભણવાની, હોમવાની કે વધ કરવાની 'ક્રિયા' થઈ રહી છે. કારણ કે તે તે ક્રિયા ઉપર એ ક્રિયાઓ કરનાર કર્તાકારકનું પૂરું નિયંત્રણ છે, અને એમની ઇચ્છાથી તે ક્રિયાઓ થઈ રહી છે; વળી તેમાં કોઈક વ્યાપાર=શારીરિક ચેષ્ટા પણ જોઈ શકાય છે.

આમ જગત્—પ્રપંચનું જો સમગ્રતયા વિશ્લેષણ કરવું હોય તો, ત્રણ ભાગમાં તે નીચે મુજબ દર્શાવી શકાય :—

જગત્—પ્રપંચનું વિશ્લેષણ




Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



આ જ મુદ્દાને, ષડ્ભાવવિકારની ચર્ચાના અનુસંધાને વિશ્લેષિત કરવો હોય તો નીચે મુજબ કરી શકાય :–

(સ્થાવર-જંગમ) જગત્‌ના પ્રપંચનું વિશ્લેષણ

| A. પ્રક્રિયા | B. સ્થિતિ | C. ક્રિયા |
|---|---|---|
| 1. जायते ( = भवति ।) | 2. अस्ति । | 7. करोति । |
| 3. विपरिणमते ।<br>4. वर्धते ।<br>5. अपक्षीयते ।<br>6. विनश्यति | વ્યક્તિનું<br>અસ્તિત્વ, અને<br>પદાર્થોની<br>સ્થિતિનો વાચકધાતુ | વ્યાપાર=શારીરિક ચેષ્ટાઓ<br>ક્રિયાસામાન્યવાચી ધાતુ |

भू 'ઉત્પિત્તમૂલક સત્તા' અને अस् કેવળ 'સત્તા' રૂપ અર્થ આપે છે. આ બે અર્થો પણ તમામ ક્રિયાઓમાં અન્તર્નિહિત છે. તેથી भू, અને अस् ધાતુઓને પણ 'ક્રિયાસામાન્યવાચી' ધાતુઓ કહ્યા છે.

આથી ભાષાશિક્ષણમાં પાયા તરીકે भू – अस् – कृ આ ત્રણ ધાતુનું સ્થાન પ્રથમ–પંક્તિમાં સુનિશ્ચિત છે.

**પ.૪** આ ત્રણ ધાતુઓના ઉપયોગ થકી વાગ્વ્યવહાર દરમ્યાન જે વિગતોની જાણકારી મેળવી શકાતી હોય છે, તેનો વિચાર કરીશું તો પણ આ ત્રણ ધાતુઓ જ ૧. પ્રક્રિયા, ૨. સ્થિતિ અને ૩. ક્રિયાવિષયક (અર્થાત્ સમગ્ર સ્થાવર-જંગમ પ્રપંચ વિષયક) માહિતી મેળવી આપનારા ધાતુઓ છે – એમ નક્કી થશે :–

भू (પ્રક્રિયા)

(૧) **किं भवति ?** (પ્રક્રિયા)

૧. बीजेभ्यः अङ्कुराः संभवन्ति ।
બીજોમાંથી અંકુરો ફૂટે છે.

૨. हिमालयात् गंगा प्रभवति ।
હિમાલયમાંથી ગંગા જન્મે છે.

૩. आम्रफलम् आतपे विपरिणमते ।
કેરી તડકામાં પાકી જાય છે.

૪. रामः युवा भवति ।
રામ યુવાન્ થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



अस् (અસ્તિત્વ અને સ્થિતિ)

(૨) **कुत्र, किं / कः अस्ति ?**
**सः कः अस्ति ।**
(અસ્તિત્વ અને સ્થિતિ)

१. कूपे जलम् अस्ति ।
કૂવામાં પાણી છે.
२. उद्याने पुष्पाणि सन्ति ।
બગીચામાં પુષ્પો છે.
3. रामः गौरः अस्ति ।
રામ ગોરા છે. (સ્થિતિ)

(૩) **कृ** (ક્રિયા)
**सः / सा किं करोति ।**
(ક્રિયા)

१. कुम्भकारः घटं करोति ।
કુંભાર ઘડો બનાવે છે.
२. रामः रावणं हन्ति ।
રામ રાવણનો વધ કરે છે.
3. सीता तण्डुलान् पचति ।
સીતા ચોખા રાંધે છે.
४. छात्रः पत्रं लिखति ।
વિદ્યાર્થી પત્ર લખે છે.

**૫.૪** અત્યાર સુધીના ચર્ચા દ્વારા ભૂ–અસ્–કૃ એ ત્રણ ધાતુઓ અનુક્રમે 'પ્રક્રિયા', 'સ્થિતિ' અને 'ક્રિયા'ને કહેનારા છે; અને એ રીતે, એ ત્રણ ધાતુઓ સમગ્ર જગત્-પ્રપંચને અભિવ્યક્ત કરનારા અત્યંત નોંધપાત્ર ધાતુઓ છે – એમ જોયું. પરંતુ અહીં એક બીજી વાત પણ જાણવા યોગ્ય છે :–

મહાભાષ્યકાર પતંજિલએ આ ત્રણેય ધાતુઓને 'ક્રિયાસામાન્યવાચી' ધાતુઓ કહ્યા છે; તથા पचति । पठति । વગેરેમાં રહેલા पच् पाके જેવા ધાતુઓને "ક્રિયાવિશેષવાચી" કહ્યા છે.[1] વળી, भूवादयो धातवः । 1-3-1 સૂત્ર ઉપર 'ધાતુ'ના લક્ષણની ચર્ચા કરતી વખતે પતંજલિએ क्रियावचनो धातुः । "ક્રિયાનો જે વાચક હોય, તેને 'ધાતુ' કહેવાય" એવું કહ્યું છે. તેમણે અહીં લખ્યું છે કે –

१. कृञ्चानुप्रयुज्यते लिटि ॥ पा. सू. 3-1-40 (इत्यत्र भाष्यम्–) ★ इष्टः सर्वानुप्रयोगः★ । सर्वेपामेव कृभ्वस्तीनाम् अनुप्रयोग इष्यते ।"..... कृभ्वस्तयः क्रियासामान्यवाचिनः, क्रियाविशेषवाचिनः पचादयो, न च सामान्यवाचिनोरेव विशेषवाचिनोरेव वा प्रयोगो भवति । तत्र विशेपवाचिनः उत्पत्ति, सामान्यवाचिनोऽनुप्रयोक्ष्यन्ते ॥ – व्याकरणमहाभाष्यम्, सं. एफ. किलहॉर्न, BORI, पूणे (Vol. 2, p. 47)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**(પ્રશ્ન) – कथं पुनर्ज्ञायते क्रियावचनाः पचादयः इति ?।**

**(ઉત્તર) – यदेषां करोतिना सामानाधिकरण्यम् । "किं करोति ?",–'पचति'। "किं करिष्यति ?" – 'पक्ष्यति' । "किम् अकार्षीद् ?" – 'अपाक्षीदिति"।**[२] **(व्याकरणमहाभाष्यम्,** BORI, Vol. I, p. 254)

આ ચર્ચાનો સાર એવો છે કે पचति । पठति । વગેરે ક્રિયાઓને એટલે **'ક્રિયા'** વાચક ગણવાની છે કે જે જે ક્રિયાઓ વિશે √(किं करोति ?) ધાતુથી પ્રશ્ન પૂછી શકાતો હોય (તપાસ કરી શકાતી); અને એના જવાબમાં 'सः पचति ।' કે 'सः पठति ।' એવા ઉત્તરો જો મળતા હોય તો –पचादि ધાતુઓને "ક્રિયાવાચક" ગણવાના. બીજા શબ્દોમાં કહીએ તો જે જે ધાતુઓનું करोति એવા ક્રિયાપદ જોડે સામાનાધિકરણ્ય હોય તેને (જ) (=તેવા पचादि ધાતુઓને જ) 'ક્રિયાવાચક' ધાતુઓ કહેવા જોઈએ.[૩] આમ कृ ધાતુના ઉપયોગ થકી, જો બધી જ (=મોટા ભાગની) **ક્રિયાઓ વિશે તપાસ થઈ શકતી હોય** (અને सः किं करोति ? એવા પ્રશ્નના ઉત્તરમાં જ सः पचति । કે मयूरः नृत्यति । बालः दूग्धं पिबति । रामः वनं गच्छति ।

---

૨. અર્થાત્ (પ્રશ્ન)એ કેવી રીતે ખબર પડે છે કે पच् વગેરે ધાતુઓ ક્રિયાવાચક છે ?
(ઉત્તર) કેમકે આ (पचादि) બધા ધાતુઓનું कृ > करोति ધાતુ જોડે સામાનાધિકરણ્ય જોવા મળે છે. જેમકે, 'किं करोति ?' એવા પ્રશ્નના ઉત્તર રૂપે જવાબ મળે છે કે–'તે રાંધે છે'. એ જ રીતે, 'किं करिष्यति ?' એવા પ્રશ્નના ઉત્તર રૂપે જવાબ મળે છે કે–'તે રાંધશે', તથા किम् अकार्षीद् ? (એણે શું કર્યું હતું ?) એ પ્રશ્નના ઉત્તર રૂપે, "તેણે રાંધ્યું હતું" –એવો જવાબ મળે છે. [આમ કોઈ પણ पचादि ક્રિયા વિશેની તપાસ कृ (करोति, करिष्यति, अकार्षीत्) જેવા ધાતુ વડે જ થતી જોવા મળે છે. તેથી સિદ્ધ થાય છે કે कृ ધાતુ "ક્રિયાસામાન્યવાચી" છે.]

૩. ઉપર્યુક્ત ચર્ચાનો આવો ફલિતાર્થ થતો હોઈને જ, વ્યાકરણ-મહાભાષ્યમાં એ જ જગ્યાએ એક નવા વાર્તિકથી એવો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે કે– अस्तिभवतिविद्यतीनां धातुत्वम (વા. ૫) अस्तिभवतिविद्यतीनां धातुसंज्ञा वक्तव्या ॥ यथा हि भवता करोतिना पचादीनां सामानाधिकरण्यं निदर्शितं, न तथाऽस्त्यादीनां निदर्श्यते । न हि भवति, किं करोति ?"– अस्तीति ॥ –(व्या॰महा॰ (Vol. I, p. 255). (=એવું થતું નથી કે "किं करोति ?" એવો પ્રશ્ન પૂછીએ, એના પ્રતિસાદમાં '(सः) अस्ति।' એવો જવાબ મળે.) –વ્યાકરણ મહાભાષ્ય, Vol. II, p. 255. આમ अस्ति । ને "स्थिति" તથા "अस्तित्व" વાચક, અને भवति । ને "પ્રક્રિયા" વાચક ગણવા એવી એક વિચારધારા મહાભાષ્યમાં પ્રતિબિંબિત થયેલી જોવા મળે છે ખરી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



જેવા ઉત્તરો મળતા હોય = જગત્‌ની કોઈપણ 'ક્રિયા' વ્યાપાર, ચેષ્ટા વિશે જાણકારી મેળવી શકાતી હોય તો), **આ કૃ ધાતુ ભાષાની બધી જ ( મોટા ભાગની) ક્રિયાઓમાં સામાન્યપણે અનુસ્યૂત છે એમ સાબિત થાય છે. આ દૃષ્ટિએ ભાષ્યકારે કૃ ધાતુને "ક્રિયાસામાન્યવાચી ધાતુ" કહ્યો છે.**

**૫.૫** અલબત્ત, અહીં એક વધારાની સ્પષ્ટતા એ ઉમેરવી જરૂરી છે કે ભાષ્યકાર પતંજલિએ "क्रियावचनो धातुः ।" જે શબ્દ ક્રિયા (=વ્યાપાર, ચેષ્ટા, કોઈક પ્રકારનું હલનચલન) વાચક હોય તેને 'ધાતુ' કહેવાય – એવા લક્ષણને આગળ ધરીને, कृ ધાતુને 'ક્રિયાસામાન્યવાચી' ધાતુ કહ્યો છે; તે જ તર્કને આધારે भू (भवति) અને अस् (अस्ति)ને "ક્રિયાસામાન્યવાચી" ધાતુ કહ્યા નથી. भू અને अस् ને ક્રિયાસામાન્યવાચી ધાતુ કહેવા માટેનો આધારે તેમણે ત્યારે જુદો આપ્યો છે ! જેમકે, भाववचनो धातुः । "જે કંઈ પણ ક્રિયા (ઉત્પન્ન) થાય છે, અથવા 'જે કોઈપણ ક્રિયાનું હોવાપણું હોય છે' તેને પણ "ધાતુ" કહેવાય. ધાતુપાઠમાં સંગૃહીત પાણિનીય (भू–वा વગેરે પ્રકૃતિઓને 'ધાતુ' સંજ્ઞા આપવા માટે, આ બીજા પ્રકારનું જે લક્ષણ આગળ ધરવામાં આવ્યું છે તેને આધારે भवति । अस्ति । विद्यते । વગેરે ક્રિયાપદોમાંની પ્રકૃતિને 'ધાતુ' સંજ્ઞા મળી રહે છે.) એટલે કે किं भवति । એવું પૂછવાથી "पचति भवति ।" 'રાંધવાની ક્રિયા (ઉત્પન્ન) થાય છે.' એવો ઉત્તર મળી શકે છે (=આપી શકાય છે !) અર્થાત્ 'રાંધવું' ક્રિયાની (પણ) ઉત્પત્તિ તો થઈ (જ) રહી છે; એમ કહી શકાતું હોય છે.

આમ √भू सत्तायाम् (भवति) ધાતુથી જગત્‌ની કોઈ પણ ક્રિયાની 'ઉત્પત્તિમૂલક સત્તા' તો કહી જ શકાતી હોય છે. આ તર્કને આધારે भू (भवति) એવો પ્રક્રિયાવાચી ધાતુ પણ "ક્રિયાસામાન્યવાચી" ધાતુ બને છે – એમ મહાભાષ્યમાં કહેવાયું છે.

એવી જ રીતે, किम् अस्ति । 'શું છે ?' એવા પ્રશ્નના ઉત્તરમાં, पचति अस्ति । 'રાંધવાની ક્રિયાનું હોવાપણું છે' એમ બોલી શકાય છે. આથી સત્તાર્થક (=અસ્તિત્વસૂચક) अस् ધાતુને પણ "ક્રિયાસામાન્યવાચી" ધાતુ ગણવામાં આવ્યો છે.

**૫.૬** સંસ્કૃતભાષા શીખવા માંગનાર કોઈપણ અભ્યાસીએ જો આ "ક્રિયાસામાન્યવાચી" ત્રણ ધાતુઓના પ્રયોગને (અને તે ધાતુઓના પ્રયોગની વેળાએ આખી વાક્યરચનાની ગોઠવણને) સમજી લીધી હશે તો, અસંખ્ય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



ક્રિયાપદોના જટિલ જંગલમાંથી છુટકારો મળી જશે. આમ ભણવા કે ભણાવવા માટે એકદમ 'અણુ' કે 'પરમાણુ' જેવડો નાનો લાગતો મુદ્દો પણ, કેટલો સક્ષમ અને વ્યાપક છે એનો હવે પછીનાં પૃષ્ઠોમાં પરિચય થશે.

**૫.૭** આ ત્રણ ધાતુઓ આધારિત વાક્યોની રચના જોતાં પહેલાં, ઉપરની ચર્ચાને આધારે ક્રિયાવાચક 'ધાતુ'ઓનું વર્ગીકરણ વિચારીએ તો —




આપણે નિર્ધારિત કરેલા લક્ષ્ય મુજબ, ક્રિયાવિશેષવાચી એક પણ ધાતુ વાપર્યા વિના, જો કેવળ कृ—भू—अस् એવા ત્રણ "ક્રિયાસામાન્યવાચી" ધાતુઓ જ વાપરીને સંસ્કૃત ભાષા શીખવી હોય, કે વાપરવી હોય તો તે કેવી રીતે શક્ય છે ? એનું હવે નિરૂપણ કરવામાં આવશે.

❑❑❑

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## પ્રકરણ—૬

# √कृ ધાતુનું પ્રયોગ-વૈવિધ્ય

### ૬.૧ कृ ધાતુનો પરિચય અને ક્રિયાપદનાં રૂપો :

પાણિનીય 'ધાતુપાઠ'માં આઠમા 'તનાદિ' ગણનો આ ધાતુ છે. √डुकृञ् करणे ।→ कृ 'કરવું' અર્થવાળો આ ઉભયપદી ધાતુ છે. પરંતુ સંકલ્પિત લક્ષ્ય અનુસાર આપણે, તેના કેવળ 'પરસ્મૈપદ'માં જ ચાલતાં રૂપો શીખવાનાં છે તથા પ્રથમ પગથિએ (૧) વર્તમાનકાળ અને (૨) ભવિષ્યત્કાળનાં જ ક્રિયાપદો તૈયાર કરીને, એ ક્રિયાપદની સાથે બીજાં બે નામપદ જોડીને, કુલ ત્રણ પદોવાળી વાક્યરચના શીખવાની છે.

વળી, આ कृ 'કરવું' ધાતુ 'સકર્મક' છે. તેથી તેના આધારે (ક) કર્તરિ પ્રયોગવાળી અને (ખ) કર્મણિ પ્રયોગવાળી રચના પણ થઈ શકે છે. પરંતુ આપણે મુખ્યત્વે કર્તરિ પ્રયોગવાળાં વર્તમાનકાળ અને ભવિષ્યત્કાળનાં વાક્યો શીખીશું :—

√कृ ( करणे ) 'કરવું', સકર્મક ધાતુ; પરસ્મૈપદ

**વર્તમાનકાળ** લટ્ લકાર

| (ઉદ્દેશ્ય)↓ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમ પુરુષ (જગત્) | करोति— | कुरुतः— | कुर्वन्ति |
| મધ્યમપુરુષ (શ્રોતા) | करोषि— | कुरुथः— | कुरुथ |
| ઉત્તમ પુરુષ (વક્તા) | करोमि— | कुर्वः— | कुर्मः |

**સાદો ભવિષ્યત્કાળ** લૃટ્ લકાર

| (ઉદ્દેશ્ય)↓ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમ પુરુષ (જગત્) | करिष्यति | करिष्यतः | करिष्यन्ति |
| મધ્યમ પુરુષ (શ્રોતા) | करिष्यसि | करिष्यथः | करिष्यथ |
| ઉત્તમ પુરુષ (વક્તા) | करिष्यामि | करिष्यावः | करिष्यामः |

### ૬.૨ कृ ( करोति ) ધાતુનું ચતુર્વિધિ પ્રયોગ-વૈવિધ્ય :

સામાન્ય રીતે कृ 'કરવું' (કશુંક નવું બનાવવું) અર્થમાં વપરાતો આ ધાતુ બીજા ઘણા અર્થોમાં પણ વપરાય છે. પરંતુ એની અહીં ચર્ચા કરીશું નહીં. અહીં તો એના પ્રયોગ-વૈવિધ્યને ચર્ચાનો વિષય બનાવીશું :—

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.






## ૬.૩ [A] कृ ધાતુનો પહેલા પ્રકારનો પ્રયોગ :

શુદ્ધ ધાતુ તરીકે 'कृ' નાં ક્રિયાપદનાં રૂપોનો ઉપયોગ કરીને અનેક પ્રકારની ત્રિપદાવલીવાળાં વાક્યો બની શકતાં હોય છે. જેમકે,

(૧) કર્તા + કર્મ + कृ ધાતુના ક્રિયાપદવાળું વાક્ય.

(૨) કર્તા + પ્રશ્નાર્થક અવ્યય + कृ ધાતુનું ક્રિયાપદ

(૩) કર્તા સિવાયના કારક + પ્રશ્નાર્થક किम् સર્વનામ + कृ ધાતુનું ક્રિયાપદ

* પરોક્ષ ભૂતકાળના ક્રિયાપદમાં થતા कृ ના અનુપ્રયોગની ચર્ચા આ પુસ્તકમાં જરૂરી નથી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૪) કર્તા + નિષેધાર્થક અવ્યય + કૃ ધાતુનું ક્રિયાપદ

(૫) કર્તા + ક્રિયાવિશેષણ રૂપ અવ્યય + કૃ ધાતુનું ક્રિયાપદ

(૬) વિશેષણ + કારક + કૃ ધાતુનું ક્રિયાપદ

(૭) ષષ્ઠ્યન્ત પદ + કારક + કૃ ધાતુનું ક્રિયાપદ

ઉદાહરણ તરીકે – (1) કર્તા + કર્મ + કૃ ધાતુના ક્રિયાપદવાળાં વાક્યો.

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. अहम् कार्यं करोमि ।<br>હું કાર્ય કરું છું. | ૧. अहम् पटं करिष्यामि ।<br>હું વસ્ત્ર બનાવીશ. |
| ૨. त्वं घटं करोषि ।<br>તું ઘડો બનાવે છે. | ૨. त्वं घटं करिष्यसि ।<br>તું ઘડો કરીશ. |
| ૩. गुरुः उपदेशं करोति ।<br>ગુરુ ઉપદેશ કરે છે. | ૩. गुरुः उपदेशं करिष्यति ।<br>ગુરુ ઉપદેશ કરશે. |
| ૪. सः नाट्यं करोति ।<br>તે નાટક કરે છે. | ૪. यूयं कार्याणि करिष्यथ ।<br>તમે બધા કાર્યો કરશો. |
| ૫. छात्राः व्यायामं कुर्वन्ति ।<br>છાત્રો વ્યાયામ કરે છે. | ૫. छात्राः व्यायामं करिष्यन्ति ।<br>છાત્રો વ્યાયામ કરશે. |
| ૬. दुर्योधनः अधर्मं करोति ।<br>દુર્યોધન અધર્મ કરે છે. | ૬. वयं काव्यानि करिष्यामः ।<br>અમે સૌ/આપણે કાવ્યો કરીશું. |
| ૭. ग्रामजनाः कृषिं कुर्वन्ति ।<br>ગ્રામજનો ખેતી કરે છે. | ૭. आवाम् वार्तां करिष्यावः ।<br>આપણે બે, વાર્તા કરીશું. |
| ૮. हिमः शैत्यं करोति ।<br>બરફ ઠંડક કરે છે. | ૮. (अहं) ध्यानेन मनःशान्तिं करिष्यामि ।<br>(હું) ધ્યાનથી મનની શાન્તિ કરીશ. |
| ૯. अग्निः उष्णं करोति ।<br>અગ્નિ ગરમ કરે છે. | ૯. (त्वं) जलेन स्वच्छं करिष्यसि ।<br>(તું) જળથી ચોખ્ખું કરીશ. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



૧ ૨ ૩

ઉદા. (2) કર્તા + પ્રશ્નાર્થક અવ્યય + કૃ ધાતુનું ક્રિયાપદ = (ત્રણ પદવાળું) વાક્ય

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. त्वं किम् करोषि । <br> તું શું કરે છે ? | ૧. अहं किम् करिष्यामि । <br> હું શું કરીશ ? |
| ૨. अहं कीदृशं करोमि । <br> હું કેવું કરું છું ? | ૨. वयं कदा करिष्यामः । <br> અમે સૌ ક્યારે કરીશું ? |
| ૩. वयं कदा कुर्मः । <br> આપણે ક્યારે કરીએ છીએ ? | ૩. कुतः वयं करिष्यामः । <br> ક્યાંથી અમે બધા કરીશું ? |
| ૪. यूयं कुत्र कुरुथ । <br> તમે બધા ક્યાં કરો છો ? | ૪. अज्ञः (त्वं) कथं करिष्यासि ? <br> અજ્ઞાની (એવો તું) કેવી રીતે કરીશ ? |
| ૫. आवाम् किमर्थं कुर्वः । <br> અમે બે શા માટે કરીએ છીએ? | ૫. त्वं किमर्थं करिष्यसि । <br> તું શા માટે કરીશ ? |
| ૬. वयं कथं कुर्मः । <br> અમે સૌ કેવી રીતે કરીએ છીએ? | ૬. अहं कथं करिष्यामि । <br> હું કેવી રીતે કરીશ ? |
| ૭. त्वं कुतः करोषि । <br> તું કેવી રીતે/શેમાંથી કરીશ ? | ૭. सः कुत्र करिष्यति । <br> તે ક્યાં કરશે? |

૧ ૨ ૩

ઉદા. (3) કર્તા સિવાયના અન્ય કારક + પ્રશ્નાર્થક किम् (સર્વનામ) શબ્દ + કૃ ધાતુ

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. केन पापं करोति । (सः)* <br> (તે) કોના વડે પાપ કરે છે ? | ૧. कस्मात् कारणात् करिष्यामः । (वयं) <br> (આપણે)કયા કારણે કરીશું ? |
| ૨. कस्य चर्चां करोषि । (त्वं) <br> (તું) કોની ચર્ચા કરે છે ? | ૨. कस्मै गुरवे करिष्यसि । (त्वं) <br> (તું) કયા ગુરુ માટે કરીશું ? |
| ૩. कस्मात् कारणात् कुर्मः । (वयं) <br> (આપણે) શા કારણે કરીએ છીએ ? | ૩. केन साधनेन करिष्यामि । (अहम्) <br> (હું) કયા સાધન વડે કરીશું ? |

* ( ) કૌંસમાં મૂકેલા પદો અધ્યાહૃત 'કર્તા' વાચક છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૪. कस्मै देवाय करोषि। (त्वं)<br>(તું) કયા દેવ માટે કરે છે ? | ૪. कं धर्मं करिष्यामि। (अहम्)<br>(હું) કયા ધર્મનું પાલન કરીશ? |
| ૫. कस्मिन् क्षेत्रे कुर्वन्ति। (ते)<br>(તેઓ) કયા ખેતરમાં કરે છે ? | ૫. कस्मिन् वने करिष्यन्ति। (ते)<br>(તેઓ) કયા વનમાં કરશે ? |
| | ૬. किम् ईदृशम् करिष्यसि। (त्वं)<br>(તું) શું આવું કરીશ ? |

૧ ૨ ૩

(4) કર્તા + નિષેધાર્થક અવ્યય + कृ ધાતુનું ક્રિયાપદ = ૩ પદવાળું વાક્ય

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. वयं न कुर्मः।<br>અમે કરતા નથી. | ૧. सः न करिष्यति।<br>તે કરશે જ નહીં. |
| ૨. त्वं न करोषि।<br>તું કરતો નથી. | ૨. ते न करिष्यन्ति।<br>તેઓ કરશે નહીં. |
| ૩. अहं न करोमि।<br>હું કરતો નથી. | ૩. सा न करिष्यति।<br>તેણી કરશે નહીં. |
| ૪. युवाम् न कुरुथः।<br>તમે બે કરતા નથી. | ૪. अहं न करिष्यामि।<br>હું કરીશ નહીં. |
| ૫. आवाम् न कुर्वः।<br>અમે બે કરતા નથી | ૫. वयं न करिष्यामः।<br>અમે કરીશું નહીં. |
| ૬. (अहं) कदापि न करोमि।<br>(હું) ક્યારેય કરતો નથી. | ૬. त्वं न करिष्यसि।<br>તું કરીશ નહીં. |
| ૭. (त्वं) सदैव न करोषि।<br>(તું) હંમેશા કરતો નથી. | |

૧ + ૨ + ૩ (=ત્રણ પદવાળું વાક્ય)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



### (5) કર્તા + ક્રિયાવિશેષણ રૂપ અવ્યય + कृ ધાતુનું ક્રિયાપદ

| (A) વર્તમાનકાળનું ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનું ક્રિયાપદ |
|---|---|
| ૧. सः शीघ्रं करोति ।<br>તે જલ્દીથી કરે છે. | ૧. सः शीघ्रं करिष्यति ।<br>તે જલ્દીથી કરશે. |
| ૨. त्वं शनैः शनैः करोषि ।<br>તું ધીમે ધીમે કરે છે. | ૨. त्वं शनैः शनैः करिष्यसि ।<br>તું ધીમે ધીમે કરીશ. |
| ૩. अहं पुनः पुनः करोमि ।<br>હું ફરી ફરીને કરું છું | ૩. अहं पुनः पुनः करिष्यामि ।<br>હું ફરી ફરીને કરીશ. |
| ૪. वयं नित्यं कुर्मः ।<br>અમે હંમેશા કરીએ છીએ. | ૪. वयं नित्यं करिष्यामः ।<br>અમે હંમેશા કરીશું. |
| ૫. सा तथैव करोति ।<br>તેણી તેવી રીતે જ કરે છે. | ૫. सा तथैव करिष्यति ।<br>તેણી તેવી રીતે જ કરશે. |
| ૬. सः क्रमशः करोति ।<br>તે ક્રમશઃ કરે છે. | ૬. सः क्रमशः करिष्यति ।<br>તે ક્રમશઃ કરશે. |
| ૭. यूयं वारंवारं कुरुथ ।<br>તમે બધા વારંવાર કરો છો. | ૭. यूयं वारंवारं करिष्यथ ।<br>તમે બધા વારંવાર કરશો. |
| ૮. कर्णः कदाचित् करोति ।<br>કર્ણ ક્યારેક જ કરે છે. | ૮. कर्णः कदाचित् करिष्यति ।<br>કર્ણ ક્યારેક જ કરશે. |
| ૯. अर्जुनः सदैव करोति ।<br>અર્જુન હંમેશાં જ કરે છે. | ૯. अहं भूयोभूयः करिष्यामि ।<br>હું બહુવાર કરીશ. |
| ૧૦. अहम् भूयोभूयः करोमि ।<br>હું બહુવાર કરું છું | ૧૦. आवाम् झटिति करिष्यावः ।<br>અમે બે એકદમ જ કરીશું. |
| ૧૧. आवाम् झटिति कुर्वः ।<br>અમે બે એકદમ જ કરીએ છીએ. | ૧૧. त्वं सकृद् करिष्यसि ।<br>તું એકવાર (જ) કરીશ. |
| ૧૨. त्वं सकृद् करोषि ।<br>તું એકવાર (જ) કરે છે. | ૧૨. के समीचीनं करिष्यन्ति ।<br>કોણ લોકો યોગ્ય કરશે ? |
| ૧૩. के पृथक् कुर्वन्ति ।<br>કોણ જુદું કરે છે ? | ૧૩. पाण्डवाः पृथक् करिष्यन्ति ।<br>પાંડવો જુદું જ કરશે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| १४. पाण्डवा: सर्वथा कुर्वन्ति ।<br>પાંડવો બધી રીતે કરે છે. | १४. क: सुष्ठु करिष्यति ।<br>કોણ સારી રીતે કરશે ? |
| १५. क: सुष्ठु करोति ।<br>કોણ સારી રીતે કરે છે ? | १५. वयम् अजस्रं करिष्याम: ।<br>અમે સતત કરીશું. |

० + १ + २ + ३

ઉદા. (6) (કર્તા) + વિશેષણ + કારક + કૃ ધાતુનું ક્રિયાપદ=(ત્રણ પદ)વાળું વાક્ય

| (A) વર્તમાનકાળનું ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનું ક્રિયાપદ |
|---|---|
| १. पुण्यशाली धर्मं करोति ।<br>પુણ્યશાળી ધર્મ કરે છે. | १. परोपकारी धर्मं करिष्यति ।<br>પરોપકારી (જ) ધર્મ કરશે. |
| २. पापी पापं करोति ।<br>પાપી પાપ કરે છે. | २. पापिन: पापानि करिष्यन्ति ।<br>પાપીઓ પાપોને (જ) કરશે. |
| ३. क्षत्रिया: क्षमां कुर्वन्ति ।<br>ક્ષત્રિયો ક્ષમા કરે છે. | ३. क्षत्रिया: क्षमां करिष्यन्ति ।<br>ક્ષત્રિયો ક્ષમા કરશે (જ). |
| ४. मन्दभाग्य: किं करोमि ।<br>મંદભાગ્ય (એવો હું) શું કરું ? | ४. मन्दभाग्य: किं करिष्यामि ।<br>મન્દભાગ્ય (એવો હું) શું કરીશ ? |
| ५. बलवन्त: दयां कुर्वन्ति ।<br>બળવાનો (જ) દયા કરે છે. | ५. बलवन्त: दयां करिष्यन्ति ।<br>બળવાનો (જ) દયા કરશે. |
| ६. राजा शासनं करोति ।<br>રાજા શાસન કરે છે. | ६. देव: (प्रदीप:) प्रकाशं करिष्यति ।<br>દેવ (પ્રદીપ) પ્રકાશ કરશે. |
| ७. प्रवासी यात्रां करोति ।<br>પ્રવાસી યાત્રા કરે છે. | ७. प्रवासिन: यात्रां करिष्यन्ति ।<br>પ્રવાસીઓ યાત્રા કરશે. |

ઉદા. (7) સંબંધ-વાચક ષષ્ઠ્યન્ત પદ + કારક + કૃધાતુનું ક્રિયાપદ

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| १. मृत्तिकाया: घटं करोति ।<br>માટીનો ઘડો બનાવે છે. | १. तन्तूनाम् पटं करिष्यति ।<br>તાણા-વાણાનું(માંથી) વસ્ત્ર કરશે. |
| २. पटस्य रागं करोति ।<br>વસ્ત્રને રંગ ચઢાવે છે. | २. कुम्भकारस्य समूह: (घटान्) करिष्यन्ति ।<br>કુંભારોનો સમૂહ (ઘટોને) બનાવશે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૩. नृपस्य सिंहासनं करोति । <br> રાજાનું સિંહાસન બનાવે છે. | ૩. यज्ञस्य यूपं करिष्यसि । (त्वं) <br> (તું) યજ્ઞના સ્તંભને બનાવીશ. |
| ૪. (अहं) तव कार्यं करोमि । <br> (હું) તારું કાર્ય કરું છું. | ૪. (हे राम !) तव अन्नं करिष्यामि । <br> (હે રામ !) હું તમારે માટે અન્ન બનાવીશ. |
| ૫. (त्वं) मम कार्यं करोषि । <br> (તું) મારું કાર્ય કરે છે. | ૫. (युवाम्) वस्त्रस्य चौर्यं करिष्यन्ति । <br> (તમે બે) વસ્ત્રની ચોરી કરશો. |
| ૬. (सः) अस्माकं न्यायं करोति । <br> (તે) અમારો ન્યાય કરે છે. | ૬. (नेतारः) व्याख्यानस्य विलंब करिष्यन्ति । <br> (નેતાઓ) વ્યાખ્યાનનું મોડું કરશે. |
| ૭. (सीता) रामस्य चित्रं करोति । <br> (સીતા) રામનું ચિત્ર બનાવે છે. | ૭. (पुरूरवा) उर्वश्याःपुष्पवलयं करिष्यन्ति <br> (પુરૂરવા) ઉર્વશીને માટે પુષ્પવલય બનાવશે. |
| ૮. काष्ठस्य आसनं करोमि । <br> (હું) લાકડાનું આસન બનાવું છું. | ૮. (औशीनरी) चन्द्रस्य व्रतं करिष्यति । <br> (ઔશીનરી) ચંદ્રનું વ્રત કરશે. |

**૬.૪ [B] कृ ધાતુનો બીજા પ્રકારનો પ્રયોગ :**

ઉપસર્ગ સહિતના कृ ધાતુના ક્રિયાપદોવાળાં વિવિધ પ્રકારનાં પદોવાળાં વાક્યોની રચના હવે જોઈશું :–

(8) કર્તા + કર્મ + સોપસર્ગ कृ ધાતુનું ક્રિયાપદ = ત્રણ પદવાળું વાક્ય

| (A) વર્તમાનકાળવાળું ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળવાળું ક્રિયાપદ |
|---|---|
| ૧. माता अन्नं संस्करोति । <br> માતા અન્નને વઘારે છે. | ૧. सूर्यः किरणान् आविष्करिष्यति । <br> સૂર્ય કિરણોને બહાર ફેંકશે. |
| ૨. दुर्योधनः कृष्णं तिरस्करोति । <br> દુર્યોધન કૃષ્ણને તિરસ્કારે છે. | ૨. काव्यदोषाः काव्यं विकरिष्यन्ति । <br> કાવ્યદોષો કાવ્યને વિકૃત કરશે. |
| ૩. राजा भूमिम् अधिकरोति । <br> રાજા ભૂમિને કબ્જે કરે છે. | ૩. न्यायाधीशः अन्यायं निराकरिष्यन्ति । <br> ન્યાયાધીશ અન્યાયને દૂર કરશે. |
| ૪. नायिका आभूषणैः(शरीरं)अलंकरोति। <br> નાયિકા અલંકારોથી (શરીરને) શણગારે છે. | ૪. वार्त्तिककाराः सूत्रं परिष्करिष्यन्ति । <br> વાર્તિકકારો સૂત્રને સુધારશે. |
| ૫. कृषिकारः सस्यं परिष्करोति । <br> ખેડૂત અનાજને સાફ કરે છે. | ૫. (हे नुधाकर !) त्वं गृहं परिकरिष्यसि । <br> (હે ધોળનારા,) તું ઘરને ધોળીશ. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૬. गुरुः ज्ञानम् आविष्करोति । <br> ગુરુ જ્ઞાનને જાહેર કરે છે. | ૬. भक्ताः देवं नमस्करिष्यन्ति । <br> ભક્તો દેવને નમસ્કાર કરશે. |
| ૭. जिज्ञासुः गुरुम् नमस्करोति । <br> જિજ્ઞાસુ વ્યક્તિ ગુરુને નમસ્કાર કરે છે. | ૭. भीमः कौरवान् प्रतिकरिष्यति । <br> ભીમ કૌરવોને મારી હટાવશે. |
| ૮. सैनिकाः शत्रून् प्रतिकुर्वन्ति । <br> સૈનિકો દુશ્મનોનો સામનો કરે છે. | ૮. शौनकः वैशंपायनम् अनुकरिष्यति । <br> શૌનક વૈશંપાયનનું અનુકરણ કરશે. |
| ૯. सूर्यः अन्धकारं प्रतिकरोति । <br> સૂર્ય અન્ધકારને હટાવે છે. | ૯. वैद्यः क्षतशरीराणि संस्करिष्यति । <br> વૈદ્ય ઘાયલ થયેલા શરીરોને રુઝવશે. |
| ૧૦. अम्लरसः दुग्धं विकरोति । <br> ખાટો રસ દૂધને ફાડી કાઢે છે. | ૧૦. नक्षत्राणि आकाशम् अलंकरिष्यन्ति । <br> નક્ષત્રો આકાશને શોભાવશે. |
| ૧૧. आचार्यः शिष्यं पुरस्करोति । <br> આચાર્ય શિષ્યને શાબાશી આપે છે. | ૧૧. मदिरा शरीरं विकरिष्यति । <br> મદિરા શરીરને નશો ચઢાવશે. |

**નોંધ :** कृ ધાતુ સામાન્ય રીતે તો अभूतप्रादुर्भावे दृष्टः । ='નવી જ વસ્તુ ઉત્પન્ન કરવી' – એ અર્થમાં વપરાતો જોવા મળે છે. દા.ત. कुम्भकारः घटं करोति । પરંતુ ધાતુની પૂર્વે જ્યારે કોઈ ઉપસર્ગ લાગે છે ત્યારે તે ધાતુમાં અન્તર્નિહિત નવા નવા અર્થો પણ પ્રકટે છે. જેમકે, ઉપરનાં ઉદાહરણોમાં – ૧. संस्करोति = સંસ્કારે છે, ૨. अधिकरोति = કબ્જે કરે છે, अलंकरोति – શણગારે છે, परिष्करोति – ચોખ્ખું કરે છે, आविष्करोति – બહાર કાઢે છે, नमस्करोति – નમન કરે છે, प्रतिकरोति – પ્રતિકાર કરે છે, પાછા ધકેલે છે, અને विकरोति – વિકાર પેદા કરે છે – એવા અર્થો વિકસે છે.

**૬.૫ અન્યાન્ય ધાતુના વિકલ્પે, તે ધાતુઓના ભાવવાચક કૃદન્તોની મદદમાં ક્રિયાસામાન્યવાચી ધાતુ તરીકે कृ ધાતુનો ઉપયોગ :–**

સંસ્કૃત ભાષામાં कृ (करोति) ધાતુનો એક વિશેષ પ્રકારે ઉપયોગ પણ થતો જોવા મળે છે. જેમકે, [C] વિવિધ પ્રકારના (સકર્મક, અકર્મક કે ગત્યર્થક) ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુઓના ભાવવાચક (=अन प्रत्ययान्त) કૃદન્ત શબ્દોની પાછળ, એક "ક્રિયાસામાન્યવાચી" ધાતુ તરીકે कृ નાં ક્રિયાપદો વપરાતાં જોવા મળે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



આ ઉપરાંત, (D) ઘણા ધાતુઓના પરોક્ષ ભૂતકાળમાં રૂપો ચાલે ત્યારે તથા (E) च्वि પ્રત્યયાન્ત શબ્દની પાછળ આ "ક્રિયાસામાન્યવાચી" कृ ધાતુનો અનુપ્રયોગ થતો જોવા મળે છે. (દા.ત. एधाञ्चकार । અને स्पष्टीकरोति ।) હવે આવી (C), (D) અને (E) પ્રકારની રચનાઓ સમજીશું :–

● ● ● ●

અગાઉ (૯.૨માં) બતાવ્યું છે તે મુજબ સંસ્કૃત ભાષામાં कृ (करोति) ધાતુનો મુખ્યત્વે બે રીતે પ્રયોગ થાય છે. (A) ક્રિયાવિશેષવાચી ધાતુ તરીકે, "કશુંક નવું ઉત્પન્ન કરવું." – એ અર્થમાં તે વપરાય છે. તથા (B) ક્રિયા-સામાન્યવાચી ધાતુ તરીકે તે દુનિયાભરની અગણિત ક્રિયાઓમાં અનુસ્યૂત પણ હોય છે, (= ગર્ભિત રીતે અંદર વણાયેલો હોય છે.) અને તેથી જ, ભાષ્યકાર પતંજલિ કહે છે તે મુજબ, દુનિયાની કોઈપણ ક્રિયા વિશે તપાસ કરવી હોય (પૃચ્છા કરવી હોય) તો આપણે सः किं करोति । કે सा किम् करोति । એવો એક સર્વસાધારણ પ્રશ્ન જ પૂછતા હોઈએ છીએ; અને પછી એના જવાબમાં सा पचति । કે सः पठति । જેવાં વાક્યો સાંભળવા મળે છે.

બધી જ ક્રિયાઓમાં જે 'ચેષ્ટા' કે '(શારીરિક) વ્યાપાર' રૂપ એક સામાન્ય વિભાવ પડેલો છે, તેને કહેવા માટે આ कृ (करोति) ધાતુ સક્ષમ છે. આથી ભાષ્યકારે તેને 'ક્રિયાસામાન્યવાચી ધાતુ' કહેલો છે.

હવે, कृ ધાતુનું આવું ક્રિયાસામાન્યવાચિત્વ હોવું – એ ક્ષમતાનો સદુપયોગ કરીને, સંસ્કૃત ભાષકોએ, એનો એક વિશેષ પ્રકારનો ઉપયોગ અનાદિકાળથી શરૂ કરેલો જ છે. જેમકે,

મુખ્ય ક્રિયાનો વાચક ધાતુ, દા.ત. માની લો કે, √नृत् (नृत्यति) છે, તો તે નૃત્યરૂપ વિશેષ ક્રિયામાં પણ એક સામાન્ય હલન-ચલન, અમુક ચેષ્ટા કે વ્યાપાર રૂપ 'કંઈક કરવાનો' જે એક સાધારણ વિચાર પડેલો છે, તેને ધ્યાનમાં લઈને, ભાષકોએ વાતચીત દરમ્યાન તે ક્રિયા-વિશેષની માહિતી મેળવવા मयूरः किं करोति। એવા ક્રિયાસામાન્યવાચી कृ ધાતુનો પ્રયોગ કરવાનું વિચાર્યું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



વળી, બીજી તરફથી, मयूरः किं करोति ?। નો જવાબ, સંસ્કૃત ભાષાની 'પ્રશ્લિષ્ટ' (Poly-synthetic) પ્રકારની તાસીર મુજબ मयूरः नृत्यति । [नृत ક્રિયાવિશેષ + य = કર્તરિ પ્રયોગ, ૪થો ગણ) + વર્તમાનકાળ, જગત્ રૂપ ઉદ્દેશ્ય અને એકવચનને કહેનાર ति પ્રત્યય] તો અપાય જ છે. પણ સાથે સાથે नृत्यति એવા ક્રિયાપદમાંથી (૧) ક્રિયાવિશેષવાચી અંશ, અને (૨) ક્રિયાસામાન્યવાચી અંશને છૂટા પાડીને मयूरः नर्तनं करोति । એવો, બીજા પ્રકારે પણ જવાબ આપી શકાય—એ વાત શોધી કાઢી છે ! આમાં नृत् ધાતુને ભાવવાચક –अन પ્રત્યય લગાડીને नर्तन શબ્દ બનાવવામાં આવે છે. અહીં ક્રિયાવિશેષરૂપ અર્થ नृत् ધાતુમાંથી પ્રગટે છે, તથા ક્રિયાસામાન્યરૂપ અર્થ વ્યક્ત કરવા માટે कृ (करोति) ધાતુને વાપરવામાં આવે છે. नृत् અને कृ એવા બે ધાતુઓમાંથી પહેલો ધાતુ મુખ્ય (नृत्य) ક્રિયાવિશેષને કહે છે; અને બીજો ક્રિયાસામાન્યને કહેવા कृ ધાતુ ઉપયોગમાં લેવાય છે. અહીં કાળ, પુરુષ અને સંખ્યા (= વચન) રૂપ અવશિષ્ટ અર્થોનો વાચક / –ति / પ્રત્યય कृ ધાતુને જોડીને પૂરું ક્રિયાપદ (करोति) બનાવવામાં આવે છે.

હવે ભાવવાચક કૃદન્ત नर्तनम् (નપુંસકલિંગ, એકવચન)ની પાછળ વપરાતા कृ 'करोति' ધાતુને ક્રિયાસામાન્યવાચી કહેવાય છે. मयूरः नर्तनं करोति । मयूरः नर्तनं करिष्यति । मयूरः नर्तनम् अकरोत् । એવી રીતે ક્રિયાવિશેષ રૂપ અર્થ नर्तन જેવો ભાવવાચક કૃદન્ત શબ્દ કહેશે; પણ ક્રિયાસામાન્યનો અર્થ કહેનાર कृ ધાતુને, તે સમગ્ર ક્રિયાના જુદા જુદા કાળ, ઉદ્દેશ્ય (=પુરુષ), અને તે ક્રિયા કરનાર કર્તાઓની સંખ્યા (= વચન) કહેનારા ति - तस् - अन्ति વગેરે જેવા પ્રત્યયો લગાડવામાં આવશે, તેથી करोति । करिष्यति । अकरोत् । વગેરેમાંથી અલગ અલગ 'કાળ'ની પ્રતીતિ મળી રહેશે.

## ૬.૬ ભાવવાચક કૃદન્તો બનાવનારાં પ્રચલિત્ત પ્રત્યયો :

સંસ્કૃત-ભાષામાં ક્રિયાવાચક ધાતુને ति - तस् - अन्ति વગેરે કાળવાચક પ્રત્યયો લગાડીને पचति - पचतः - पचन्ति । ઇત્યાદિ જેવાં તિઙન્ત = ક્રિયાપદો ન બનાવવા હોય તો, (તે તે ધાતુઓના તિઙન્ત રૂપોના વિકલ્પે) તે ધાતુઓને अ (घञ्), ति (क्तिन्) કે अन (ल्युट्) જેવા ભાવવાચક 'કૃત્' સંજ્ઞાવાળા પ્રત્યયો લગાડીને તે ધાતુઓના 'કૃદન્ત' શબ્દો પણ બનાવી શકાતાં હોય છે. નમૂના રૂપે જોઈએ તો –



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | ધાતુ | ક્રિયાપદ | अन (નપું.) | ति (સ્ત્રી) | अ (પું) |
|---|---|---|---|---|---|
| १. | भू | भवति | भवन | भूति | भाव |
| २. | कृ | करोति | करण | कृति | –कार |
| ३. | यज् | यजति | यजन | इष्टि | याग |
| ४. | पच् | पचति | पचन | पक्ति | पाक |
| ५. | पठ् | पठति | पठन | – | पाठ |
| ६. | वर्ष् | वर्षति | वर्षण | वृष्टि | वर्षा |
| ७. | भुज् | भुङ्क्ते | भोजन | भुक्ति | भोज |
| ८. | दह | दहति | दहन | – | दाह |
| ९. | ग्रह् | गृह्णाति | ग्रहण | – | ग्राह |
| १०. | स्मृ | स्मरति | स्मरण | स्मृति | – |
| ११. | गच्छ | गच्छति | गमन | गति | – |
| १२. | नम् | नमति | नमन | नति | – |
| १३. | कथ् | कथयति | कथन | – | कथा |
| १४. | नृत् | नृत्यति | नर्तन | नृति | – |
| १५. | नश् | नश्यति | नाशन | नष्टि | नाश |
| १६. | पा | पिबति | पान | पीति | – |
| १७. | शम् | शम्नाति | शमन | शान्ति | – |
| १८. | भाष् | भाषते | भाषण | – | भाषा |
| १९. | प्र+काश | प्रकाशते | प्रकाशन | – | प्रकाश |
| २०. | भूष् | भूषयति | भूषण | – | भूषा |
| २१. | वह् | वहति | वहन | – | वाह/–वह |
| २२. | सिंच् | सिञ्चति | सेचन | (सं)सिक्ति | सेक |
| २२. | रक्ष् | रक्षति | रक्षण | – | रक्षा |
| २२. | पुष् | पुष्णाति | पोषण | पुष्टि | पोष |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## ૬.૭ कृ ધાતુનો ત્રીજા પ્રકારનો પ્રયોગ :

ક્રિયાસામાન્યવાચી ક્રિયાપદ તરીકે कृનો ઉપયોગ કરવો હોય ત્યારે કયા કયા પ્રકારનાં ત્રણ-ત્રણ પદો થકી વાક્યો બની શકે ? —એ મુદ્દાનો આધાર ત્રણ પ્રકારના ધાતુઓની સંકલ્પના ઉપર આધારિત છે.

ક્રિયાસામાન્યવાચી ધાતુ તરીકે कृનો પ્રયોગ, કેવા કેવા પ્રકારના (મુખ્ય) ધાતુઓના વિકલ્પે કરવો છે ? એમ વિચારીએ તો —

| ૧<br>સકર્મક ધાતુના વિકલ્પે | ૨<br>'ક્રિયા'વાચી અકર્મક-ધાતુના વિકલ્પે | ૩<br>ગત્યર્થક ધાતુના વિકલ્પે |
|---|---|---|
| १. कृष्णः गोवर्धनम् उद्धरति<br>કૃષ્ણ ગોવર્ધનને ઊંચકે છે. | १. कुम्भकर्णः शेते<br>કુંભકર્ણ સૂતો છે. | १. रामः वनं गच्छति ।<br>રામ વનમાં જાય છે. |
| १. कृष्णः गोवर्धनस्य उद्धरणं करोति । | १. कुम्भकर्णः शयनं करोति। | १. रामः वनगमनं करोति। |
| २. गोपी वेणुनादं शृणोति । | २. मत्स्याः जले तरन्ति ।<br>માછલાં જળમાં તરે છે. | २. अश्वाः धावन्ति ।<br>ઘોડાઓ દોડે છે. |
| २. गोपी वेणुनादस्य श्रवणं करोति । | २. मत्स्याः तरणं कुर्वन्ति। | २. अश्वाः धावनं कुर्वन्ति । |
| ३. सीता रामं पश्यति । | ३. वानराः वृक्षे भ्रमन्ति ।<br>વાંદરા વૃક્ષ ઉપર ભટકે છે. | ३. साधुः ग्रामम् अटति ।<br>સાધુ ગામમાં ફરે છે. |
| ३. सीता रामस्य दर्शन करोति । | ३. वानराः भ्रमणं कुर्वन्ति | ३. साधुः ग्रामस्य अटनं करोति। |

**વિશેષ નોંધ :** મુખ્ય ક્રિયાના વિકલ્પે જ્યારે ક્રિયાસામાન્યવાચી ક્રિયાપદ તરીકે कृધાતુનો પ્રયોગ કરવામાં આવે ત્યારે નવી (= વૈકલ્પિક) વાક્યરચના કરતી વખતે જે નિયમો ધ્યાનમાં લેવાના છે, તે નીચે મુજબ છે :—

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૧) સકર્મક ધાતુના વિકલ્પે જ્યારે कृ નો ઉપયોગ થાય ત્યારે (પહેલાં એક-બે ઉદાહરણોનો અભ્યાસ કરીશું.)

| | | | |
|---|---|---|---|
| ૧. | रामः फलं भक्षयति । ↓ | ૧. | रामः वृक्षं सिञ्चति । ↓ |
| | (રામ ફળ ખાય છે.) | | (રામ વૃક્ષને સીંચે છે.) |
| ૨. | रामः फलस्य[6] भक्षणं करोति । | ૨. | रामः वृक्षस्य सिञ्चनं करोति । |
| | OR | | OR |
| ૩. | रामः फलभक्षणं करोति | ૩. | रामः वृक्षसिञ्चनं करोति । |

અહીં કુલ ત્રણ મુદ્દાઓ ધ્યાનાસ્પદ બને છે :–

(क) ક્રિયાવિશેષવાચી (भक्षयति) સકર્મક ધાતુના કર્મ તરીકે फलम् એવું જે દ્વિતીય – વિભક્તિમાં રહેલું પદ છે, તે ક્રિયાસામાન્યવાચી कृ ધાતુના ઉપયોગ પ્રસંગે ષષ્ઠી વિભક્તિમાં ફેરવાઈ જાય છે.

(ख) भक्षयति → भक्षणं करोति । એવું રૂપાંતર થાય છે ત્યારે મુખ્ય ક્રિયાવિશેષવાચી भक्ष् ધાતુને ભાવવાચક અન પ્રત્યય લાગીને भक्षण (કૃદન્ત) શબ્દ બને છે, તે નપુંસકલિંગમાં વપરાય છે, અને તેને करोति ક્રિયાનું 'કર્મ' ગણીને બીજી વિભક્તિમાં મૂકવામાં આવે છે.

(ग) ૧લું જે વાક્ય ત્રણ પદનું હતું; તે હવે બીજા વાક્યમાં ક્રિયાસામાન્યવાચી कृ ધાતુનો ઉપયોગ થતાં ચાર પદનું વાક્ય બની જાય છે. હવે તેને ફરીથી ત્રણ પદવાળું વાક્ય બનાવી દેવું હોય તો ષષ્ઠી તત્પુરુષ સમાસ કરી દેવો.

જેમકે, फलस्य भक्षणम् इति → फलभक्षणम् ।

તથા वृक्षस्य सिंचनम् इति → वृक्षसिञ्चनम् ॥

(घ) આવી જ સ્થિતિ, ગત્યર્થક ધાતુવાળા વાક્યમાં પણ જોઈ શકાશે. એટલે કે –

| | | | |
|---|---|---|---|
| ૧. | रामः वनं[2] गच्छति । | ૧. | साधुः ग्रामम्[2] अटति । |
| | (રામ વનમાં જાય છે.) | | (સાધુ ગામમાં ફરે છે.) |
| ૨. | रामः वनस्य[6] **गमनं करोति।** | ૨. | साधुः ग्रामस्य[6] **अटनं करोति ।** |
| | OR | | OR |
| ૧. | रामः वनगमनं करोति । (સમાસ) | ૩. | साधुः ग्रामाटनं करोति । (સમાસ) |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


**૬.૭** સકર્મક ક્રિયાવિશેષવાચી ધાતુઓના વિકલ્પે ભાવવાચક अन / अ / ति પ્રત્યયવાળાં કૃદન્તો વાપરીને, તેની સાથે ક્રિયાસામાન્યવાચી कृ ધાતુનાં ક્રિયાપદોનાં અન્ય ઉદાહરણો જોઈશું :—

| (A) વર્તમાનકાળવાળું ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળવાળું ક્રિયાપદ |
|---|---|
| ૧. पक्षिणः उड्डयनं कुर्वन्ति ।<br>પક્ષીઓ ઉડે છે. | ૧. नेतारः विमानोड्डयनं करिष्यन्ति ।<br>નેતાઓ વિમાનમાં ઉડ્ડયન કરશે. |
| ૨. नेता ध्वजारोपणं करोति ।<br>નેતા ધ્વજારોહણ કરે છે. | ૨. त्वम् इन्द्रयागं करिष्यसि ।<br>તું ઈન્દ્રયાગ કરીશ. |
| ૩. वयम् इन्द्रयागं कुर्मः ।<br>અમે ઈન્દ્રયાગ કરીએ છીએ. | ૩. वयं (देवीभक्ताः) चण्डीपाठं करिष्यामः ।<br>અમે (દેવીભક્તો) ચંડીપાઠ કરીશું. |
| ૪. त्वं दुग्धपाकं करोषि ।<br>તું દૂધપાક કરે છે. | ૪. ऋषयः वेदगानं करिष्यन्ति ।<br>ઋષિઓ વેદગાન કરશે. |
| ૫. ऋषयः वेदपाठं कुर्वन्ति ।<br>ઋષિઓ વેદપાઠ કરે છે. | ૫. विप्राः होमक्रियां करिष्यन्ति ।<br>વિપ્રો હોમક્રિયા કરશે. |
| ૬. विरक्तः प्रव्रज्यां करोति ।<br>વૈરાગી ઘરસંસાર છોડી જાય છે. | ૬. उर्वशी स्नेहसिंचनं करिष्यन्ति ।<br>ઉર્વશી સ્નેહસિંચન કરશે. |
| ૭. हे मन्त्रिणः ! यूयं मन्त्रणां कुरुथ ।<br>(હે મન્ત્રિઓ !) તમે મંત્રણા કરો છો. | ૭. देवस्य अनुकृतिं करिष्यामि ।<br>દેવનું અનુકરણ (હું) કરીશ. |
| ૮. राष्ट्रपतिः शिलान्यासं करोति ।<br>રાષ્ટ્રપતિ શિલાન્યાસ કરે છે. | ૮. पितृणां सद्गतिं करिष्यामि ।<br>પિતૃઓની સદ્ગતિ (હું) કરીશ. |
| ૯. अहं (तपस्वी) फलाहारं करोमि ।<br>હું (તપસ્વી) ફલાહાર કરું છું. | ૯. सैनिकाः युद्धं / आक्रमणं करिष्यन्ति ।<br>સૈનિકો યુદ્ધ/આક્રમણ કરશે. |
| ૧૦. भक्ताः स्तुतिं कुर्वन्ति ।<br>ભક્તો સ્તુતિ કરે છે. | ૧૦. यूयं काव्यरचनां करिष्यथ ।<br>તમે સૌ કાવ્યરચના કરશો. |
| ૧૧. शकुन्तला (दुष्यन्ते) प्रीतिं करोति ।<br>શકુન્તલા (દુષ્યન્તની ઉપર) પ્રેમ કરે છે. | ૧૧. मौनमेव शान्तिं करिष्यति ।<br>મૌન જ શાન્તિ કરશે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


## ૬.૮ કૃ ધાતુનો ચોથા પ્રકારનો પ્રયોગ :

### (D) च्वि રૂપ સાથે કૃ ધાતુનો અનુપ્રયોગ :

સંસ્કૃત ભાષાના અલ્પસંખ્યક (૧૯૭૦) ધાતુઓથી, જ્યારે દુનિયામાં થતી અસંખ્ય ક્રિયાઓ વિશે વાત કરવી હોય ત્યારે ભાષકો નવા નવા રસ્તાઓ પણ ઊભા કરતા હોય છે. દા.ત. વ્યવહાર જગત્માં કોઈ એક વસ્તુ / સ્થિતિ એની મૂળ પ્રકૃતિ છોડી દે, અને નવા વિકૃત સ્વરૂપને પામે – તો તે ઘટનાને દર્શાવવા માટે પણ કોઈક પ્રકારનું ક્રિયાપદ તો બનાવવું પડે. વાર્ત્તિકકાર કાત્યાયન **अभूत-तद्भावे च्विः ।** "પહેલાં એવું ન હતું, જે પછીથી એવું બની ગયું" – એવું દર્શાવવા માટે 'નામ'ની પાછળ च्वि પ્રત્યય (= ई પ્રત્યય) લાગે છે એમ કહે છે. દા.ત. बालकः अमलिनं (पुस्तकं) **मलिनं करोति ।** 'કોઈક બાળકે પહેલાં જે પુસ્તક ગંદું ન હતું, તેને ગંદું કરી દીધું'. – એમ કહેવા માટે "मलिन" એવા નામને દીર્ઘ ई લગાડીને, તેની પાછળ कृ (કે भू) ધાતુનો અનુપ્રયોગ કરવો – એમ આ વાર્તિક કહે છે. આથી बालकः पुस्तकं **मलिनीकरोति ।** એવો च्वि પ્રત્યયનો પ્રયોગ થશે; આ પ્રયોગમાં 'मलिनी' (એવા च्व्यन्त રૂપવાળા) શબ્દની પાછળ कृ ધાતુના યોગ્ય (= અપેક્ષિત, જરૂરી) ક્રિયાપદનો "અનુપ્રયોગ" થાય છે. (અહીં ચુસ્ત અર્થમાં कृ નો અનુ-પ્રયોગ = પશ્ચાત્ પ્રયોગ થતો જોવા મળે છે.) એટલે કે मलिनी શબ્દની બરાબર પાછળ करोति એવું ક્રિયાપદ લગાડવામાં આવે છે, ભાષામાં આવા બીજા અનેક च्वि રૂપવાળાં ક્રિયાપદો, કે જેમાં कृ કે भू ના 'અનુપ્રયોગ' થતા હોય છે, તે વારંવાર જોવા / સાંભળવા મળે છે. જેમકે,

૧. अस्पष्टं स्पष्टं करोति → स्पष्टीकरोति । (સ્પષ્ટીકરણ કરે છે.)
૨. अस्वं स्वं करोमि → स्वीकरोमि । (સ્વીકાર કરે છે.)
૩. अपुत्रं पुत्रं करोति → पुत्रीकरोति । (છોકરો દત્તક લે છે.)

## ૬.૯ કર્તા + કર્મ + च्वि રૂપ સાથે कृ ના અનુપ્રયોગવાળી ત્રણ પદોની વાક્ય રચના :

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. मल्लिनाथः शब्दार्थं स्पष्टीकरोति । મલ્લિનાથ શબ્દાર્થને સ્પષ્ટ કરે છે. (શબ્દાર્થનું સ્પષ્ટીકરણ કરે છે.) | ૧. भाष्यकारः सूत्रार्थं स्पष्टीकरिष्यति । ભાષ્યકાર સૂત્રાર્થનું સ્પષ્ટીકરણ કરશે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



૨. सूर्यः अन्धकारं दूरीकरोति ।
સૂર્ય અંધકારનું દૂરીકરણ કરે છે.

૩. गुरुः सूत्रार्थं विशदीकरोति ।
ગુરુ સૂત્રાર્થને ચોખ્ખો કરી આપે છે.

૪. अहम् अनाथबालाम् अङ्गीकरोमि ।
હું અનાથ બાલાને દત્તક લઉં છું
(ખોળે લઉં છું)

૫. त्वं (चक्षुषा) सुवर्णं प्रमाणीकरोषि ।
તું (આંખથી) સોનાની પરીક્ષા કરે છે.

૬. संगीतं श्रमार्तान् नवीकरोति ।
સંગીત થાકેલાને તાજા કરી દે છે.

૭. चारुदत्तः वसन्तसेनां स्वीकरोति ।
ચારુદત્ત વસંતસેનાને સ્વીકારે છે.

૮. अग्निः काष्ठानि भस्मीकरोति ।
અગ્નિ લાકડાંને ભસ્મ કરી દે છે.

૯. शंकरः देवदारुं पुत्रीकरोति ।
શંકર દેવદારુ વૃક્ષને પુત્ર માની લે છે.

૧૦. अन्धकारः नक्षत्राणि प्रकटीकरोति ।
અંધકાર નક્ષત્રોને પ્રકટ કરે છે.

૧૧. भोजः कालिदासम् उररीकरोति ।
ભોજ કાલિદાસને પોતાનો કરે છે.

૧૨. राजश्यालकः नायिकां दासीकरोति ।
રાજાનો સાળો નાયિકાને દાસી
બનાવે છે.

૧૩. गुरुवः शिष्यान् पटूकुर्वन्ति ।
ગુરુઓ શિષ્યોને હોંશિયાર બનાવે છે.

૧૪. गङ्गा सर्वान् शुचीकरोति ।
ગંગા બધાને પવિત્ર કરે છે.

૧૫. अशोकः बुद्धाय राज्यम् उपहारीकरोति ।
અશોક બુદ્ધને રાજ્ય ભેટ ધરી દે છે.

૨. दीपकः तमः दूरीकरिष्यति ।
દીવો અંધકારને દૂર કરશે.

૩. गुरुः कूटप्रश्नं विशदीकरिष्यति ।
ગુરુ કૂટપ્રશ્નને સમજાવશે.

૪. वयं भूकम्पग्रस्तान् अङ्गीकरिष्यामः ।
અમે ભૂકંપપીડિતોને ખોળે લઈશું.

૫. सुवर्णकाराः रत्नं प्रत्यक्षीकरिष्यन्ति ।
સોનીઓ રત્નને પરખશે.

૬. नाट्यं श्रमार्तान् नवीकरिष्यति ।
નાટ્ય થાકેલાઓને તાજા કરી દેશે.

7. भो राम ! त्वं सीतां स्वीकरिष्यसि ।
હે રામ ! તમે સીતાને સ્વીકારશો.

૮. ज्ञानाग्निः अज्ञानं भस्मीकरिष्यति ।
જ્ઞાનાગ્નિ અજ્ઞાનને ભસ્મ કરી દેશે.

9. जलं मालिन्यं दूरीकरिष्यति ।
જળ ગંદકીને દૂર કરી દેશે.

૧૦. वृष्टिः काष्ठानि आर्द्रीकरिष्यति ।
વૃષ્ટિ લાકડાંને ભીનાં કરશે.

૧૧. हर्षवर्धनः बाणभट्टम् ऊरीकरिष्यति ।
હર્ષવર્દ્ધન બાણભટ્ટને પોતાનો કરશે.

૧૨. सरस्वती लक्ष्मीं दासीकरिष्यति ।
સરસ્વતી લક્ષ્મીને દાસી બનાવશે.

૧૩. सज्जनः परगुणपरमाणून् पर्वतीकरिष्यति ।
સજ્જનો પારકાના પરમાણુ જેવા
ગુણને પર્વત જેવડાં મોટાં કરશે.

૧૪. शकुनिः सभां सनाथीकरिष्यति ।
શકુનિ સભાની માલિકી કરશે.

૧૫. कृष्ण-विरहः राधिकाम् आकुलीकरिष्यति ।
કૃષ્ણનો વિરહ રાધાને આકુળ કરશે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


* અભૂત-તદ્ભાવ અર્થમાં પ્રવૃત્ત થતા च्वि પ્રત્યયવાળા રૂપની પાછળ कृ (અને भू) નો જે અનુપ્રયોગ થાય છે; અને તેનાથી એક ચોક્કસ પ્રકારની અર્થચ્છટાવાળું જે ક્રિયાપદ રચાય છે—તેને ધ્યાનથી સમજ્યા વિના સંસ્કૃતના સાદા-સારા અભ્યાસી કહેવડાવાની યોગ્યતા પણ મળતી નથી.

## ૬.૧૦ ઉપસંહાર :

અગાઉ જણાવ્યું છે તેમ સંસ્કૃત ભાષાનું સ્વરૂપ પ્રશ્લિષ્ટ (Poly-Synthetic) છે. (અર્થાત્ સંસ્કૃત ભાષા પ્રત્યયપ્રધાન ભાષા છે, જેમાં પ્રકૃતિ + પ્રત્યય, + ઉપસર્ગ, + સમાસો, + સન્ધિ કાર્ય વગેરેને કારણે બધા વર્ણો અને પદો બધું એકબીજામાં ચોંટીને ભાષાનું ઘડતર થયેલું છે.) જ્યારે ગુજરાતી ભાષાનું સ્વરૂપ લગભગ અયોગાત્મક પ્રકારનું છે. તેથી મોરની નર્તન-ક્રિયા કહેવા માટે 'મોર નાચે છે', કે 'મોર નૃત્ય કરે છે' એવાં બે કે ત્રણ પદથી બનેલાં ક્રિયાપદોવાળી વાક્યરચના થાય છે. એટલે કે અહીં કોઈ એક ક્રિયાની રજૂઆત કરવા માટે વક્તાએ 'નાચે' અને 'છે'; અથવા તો 'નૃત્ય', 'કરે' અને 'છે' – એવા ત્રણ પદો વાપરવા પડે છે. અહીં, 'છે' અથવા "કરે છે" ને આધુનિક પરિભાષામાં ક્રિયાસહાયકારી ક્રિયાપદ કહેવામાં આવે છે. પરંતુ સંસ્કૃત ભાષાનું સ્વરૂપ તો પ્રશ્લિષ્ટ પ્રકારનું હોઈને, આ નર્તનક્રિયા કહેવા માટે સંસ્કૃત ભાષામાં તો ક્રિયાવાચક એક જ પદ—नृत्यति—વાપરવામાં આવે છે. આવી જ રીતે, शेते । ददाति । युध्यति । पठति । पश्यति । गृह्णाति । हन्ति । जुहोति । વગેરે અન્ય ઉદાહરણો પણ સમજવા.

પરંતુ સંસ્કૃત ભાષાના તમામ ક્રિયાવાચક ધાતુઓ હસ્તગત ન થાય ત્યાં સુધી, અથવા તો ક્યારેક અમુક વિશિષ્ટ ક્રિયાનો વાચક કયો ધાતુ હશે ? એ તત્કાળ સ્મૃતિપટમાં ઉપસ્થિત ન થાય ત્યારે, ઉપર જણાવ્યું છે તેમ ક્રિયામાત્રમાં 'કરે છે' (દા.ત. 'વાંચે છે' – માં "વાંચન કરે છે") એવો અંશ તો સામાન્યેન અનુસ્યૂત હોય છે જ. તેથી पठति । ને બદલે पठनं करोति । પણ બોલી શકાય છે ! બસ એવી જ રીતે, ૧. नृत्यति । ને બદલે नर्तन करोति ।, ૨. पश्यति । ને બદલે दर्शनं करोति । ૩. भाषते । ને બદલે भाषणं करोति ।, ૪. स्तौति । ને બદલે स्तवनं અથવા स्तुतिं करोति ।, ૫. प्रार्थयते । ને બદલે प्रार्थनां करोति ।, ૬. शृणोति । ને બદલે श्रवणं करोति ।, ૭. गायति । ને બદલે गानं करोति ।, ૮. वर्णयति । ને બદલે वर्णनं करोति ।, ૯. विज्ञापयति । ને બદલે विज्ञापनं करोति ।, ૧૦.. जुहोति । ને બદલે हवनं । होमं । हुतिं

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


करोति । ૧૧. हन्ति । ને બદલે हननं करोति ।, ૧૨.. गृह्णाति । ને બદલે ग्रहणं करोति ।, ૧૩. बिभेति । ને બદલે भयानुभवं करोति ।, ૧૪. परिव्रजति । ને બદલે प्रव्रज्यां करोति । ૧૫. पूजयति । ને બદલે पूजनं करोति । વગેરે વગેરે. આમ મુખ્ય ક્રિયાપદને બદલે તે તે ધાતુનાં જ ભાવવાચક કૃદન્ત શબ્દો બનાવીને, તેની મદદમાં ક્રિયાસામાન્યવાચી कृ ધાતુનાં રૂપો ("સહાયકારી-ક્રિયાપદ તરીકે") વાપરીને પણ સાચી, શાસ્ત્રસમ્મત વાક્યરચના કરી શકાય છે. સંસ્કૃતમાં ઇચ્છિત વાતચીત કરવા, કે નિબન્ધરચના માટે વિદ્યાર્થી-બંધુઓને આ कृ નો અનુપ્રયોગ ધ્યાનથી વાંચીને હસ્તગત કરવા અનુરોધ છે.

□□□

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


## પ્રકરણ—૭

# भू ધાતુનું પ્રયોગ - વૈવિધ્ય

### 7.1 ધાતુનો પરિચય અને ક્રિયાપદનાં રૂપો

भू सतायाम् ॥ પાણિનીય 'ધાતુપાઠ'માં પહેલા જ भ्वादि ગણમાં પહેલો જ આ ધાતુ છે. भू → भवति। (ઉત્પત્તિમૂલક સત્તા=)થવું, જન્મવું, બનવું - એવા આ ધાતુના અર્થો છે. રૂઢિથી આ ધાતુ કેવળ પરસ્મૈપદી છે, અને તે અકર્મક છે. આ ધાતુ 'અકર્મક' હોવાને કારણે, તેને આધારે (ક) કર્તરિપ્રયોગ (भवति) વાળી અને (ખ) ભાવે પ્રયોગ (भूयते) વાળી રચના જ થઈ શકે છે. પરંતુ આપણે કર્તરિ પ્રયોગવાળાં વર્તમાનકાળ અને ભવિષ્યત્કાળનાં ક્રિયાપદો દ્વારા થતી જુદા જુદા પ્રકારની, ત્રણ પદોના ઉપયોગવાળી, વાક્યરચના શીખીશું.

√भू सत्तायाम् (થવું, જન્મવું, ઉત્પન્ન થવું, બનવું) અકર્મક ધાતુ અને પરસ્મૈપદી.

| વર્તમાનકાળ લट् લકાર | | સાદો ભવિષ્યત્કાળ લृट् લકાર | |
|---|---|---|---|
| (ઉદ્દેશ્ય)↓ | એકવચન દ્વિવચન બહુવચન | (ઉદ્દેશ્ય)↓ | એકવચન દ્વિવચન બહુવચન |
| પ્રથમ પુરુષ (જગત્) | भवति-भवतः-भवन्ति | પ્રથમ પુરુષ (જગત્) | भविष्यति भविष्यतः भविष्यन्ति |
| મધ્યમપુરુષ (શ્રોતા) | भवसि-भवथः-भवथ | મધ્યમ પુરુષ (શ્રોતા) | भविष्यसि भविष्यथः भविष्यथ |
| ઉત્તમ પુરુષ (વક્તા) | भवामि-भवावः-भवामः | ઉત્તમ પુરુષ (વક્તા) | भविष्यामि भविष्यावः भविष्यामः |

**૭.૨** એ વાતનું સ્મરણ કરી લઈએ કે ભાષ્યકાર પતંજલિના મતે कृ - भू - अस આ ત્રણેય ધાતુઓ 'ક્રિયાસામાન્યવાચી' ધાતુઓ છે. મહાભાષ્યમાં પહેલે તબક્કે જે "ક્રિયાવાચક" હોય તેને "ધાતુ" કહ્યા છે; પણ બીજે તબક્કે જે "ભાવવચન" (=ભાવ-વાચક) હોય તે સૌને પણ "ધાતુ"ઓ કહ્યા છે.

આ બીજી દૃષ્ટિએ भवति इति भावः। એવી વ્યુત્પત્તિ મુજબ "જે કોઈ પણ ક્રિયા થાય (=ઉત્પન્ન થાય) છે;" અથવા—જે કોઈ પણ ક્રિયાનું "હોવાપણું" હોય

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


છે તેને પણ "ધાતુ" કહેવાય છે. આમ, भवति इति भाव: । એવી વ્યુત્પત્તિને અનુસરીને भू सत्तायाम् (= 'ઉત્પત્તિમૂલક સત્તા' રૂપી અર્થ કહેનાર); અને अस भुवि (હોવું, અસ્તિત્વ હોવું; =કેવળ સત્તા-દર્શક) ને પણ 'ધાતુ' કહેવાનું નક્કી કર્યું છે.

વળી, કોઈપણ ક્રિયાવિશેષમાં 'વ્યાપાર, ચેષ્ટા જેવા અર્થો હોવા ઉપરાંત, ક્યારેક' કશુંક "થવું/ઉત્પન્ન થવું" અથવા 'હોવું'—એટલા પૂરતો ય એક સર્વ-સામાન્ય અર્થ પણ પડેલા તો હોય છે. અને આથી જ, कृ (करोति)ની સાથોસાથ भू અને अस् ને પણ 'ક્રિયાસામાન્યવાચી ધાતુઓ' કહી શકાયા છે. અલબત્ત, ઉપર્યુક્ત ચર્ચાના અનુસન્ધાને ફરી એકવાર સંસ્કૃત-ભાષાના ધાતુઓનું આપણે વર્ગીકરણ સમજી લઈએ તો —




(ક) રૂપાંતરિત વાક્યના સ્તર ઉપર ભાવ-વાચક કૃદન્તની સાથે વપરાય ત્યારે, कृ "સહાયકારી ધાતુ" તરીકે વપરાય છે.

તેથી

(ખ) મૂળ વાક્યનો 'કર્તા-કારક' નવી 'ભાવ-વાચક કૃદન્ત + कृ' વાળી (રૂપાંતરિત નવી) વાક્ય-રચનામાં પણ કોઈ રીતે બદલાતો નથી.

(ક) આ બે ધાતુઓ ભાવ-વાચક કૃદન્તની સાથે વપરાય છે, ત્યારે તે 'સહાયકારી ધાતુ' તરીકે વપરાતા નથી.

(ખ) આ બે ધાતુઓ ત્યાં 'ક્રિયાસામાન્ય-વાચી ધાતુ' તરીકે જરૂર વપરાય છે; પણ પોત-પોતાના મૂળ અર્થો યથાવત્ સાચવી રાખે છે. તથા,

(ગ) ભાવવાચક કૃદન્ત શબ્દોથી વ્યક્ત થતો 'ભાવ' સ્વયં કર્તાકારકનું સ્વરૂપ ધારણ કરે છે. (અને મૂળવાક્યનો કર્તા-કારક ષષ્ઠી વિભક્તિમાં રજૂ થાય છે.)

દા.ત. कुम्भकर्ण: शेते।

कुम्भकर्णस्य शयनं भवति। OR

कुम्भकर्णस्य शयनम् अस्ति।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



ઉપર્યુક્ત મુદ્દાઓની વધુ સ્પષ્ટતા નીચે કરીશું. પરંતુ આ વર્ગીકરણ દર્શાવીને, અહીંથી જ અટકીને, ફરીથી એ વાત યાદ કરી લઈશું કે (૧) कृ (करोति) ધાતુ "ક્રિયા"વાચી છે; (૨) भू (भवति) એ "પ્રક્રિયા"વાચી છે અને (૩) अस (अस्ति) એ ધાતુ "સ્થિતિ" અને "અસ્તિત્વ"વાચક છે.

હવે, આ भू (भवति ધાતુના પણ અનેકવિધ (A,B,C,D,E) પ્રયોગ થઈ શકે છે; જેનો નીચેના ચાર્ટથી પહેલાં પરિચય કરી લઈએ :–

**भू ( भवति )**

- **[1] પ્રયોગ**
  - [A] શુદ્ધધાતુનો પ્રયોગ → भवति । (પ્રક્રિયાવાચી)
  - [B] ઉપસર્ગસહિતનો પ્રયોગ → –प्रभवति । –अभिभवति ।
- **[2] અન્યાન્ય ધાતુઓના વિકલ્પે**
  - [C] તે તે ધાતુઓના જ ભાવવાચક કૃદન્તોની મદદમાં, "ક્રિયા-સામાન્યવાચી" તરીકે भू ધાતુનાં ક્રિયાપદોનો ઉપયોગ
    - ક્રિયાવાચી સકર્મક ધાતુઓના વિકલ્પે, ક્રિયાસામાન્યવાચી તરીકે भू નો ઉપયોગ
      - ૧. ऋषिः[1] इन्द्रं[2] यजति । ऋषिणा[3] इन्द्रस्य[6] यजनं भवति।
      - ૨. कृष्णः मुखं चुम्बति । कृष्णेन मुखस्य चुम्बनं भवति।
      - કૃદન્ત શબ્દના યોગમાં કર્મ-કારકને ષષ્ઠી વિભક્તિ લાગી છે. [उभयप्राप्तौ कर्मणि । 2-3-66 સૂત્રથી કર્મને ષષ્ઠી થશે.]
    - અકર્મક ધાતુઓના વિકલ્પે
      - ક્રિયાવાચી અકર્મક ધાતુના વિકલ્પે, તેના ભાવવાચક કૃદન્તની પાછળ ક્રિયાસામાન્ય-વાચી भूનો ઉપયોગ
        - –मयूरः नृत्यति । –मयूरस्य नर्तनं भवति ।
        - –अश्वः शेते । –अश्वस्य शयनं भवति ।
      - પ્રક્રિયાવાચી અકર્મક ધાતુના વિકલ્પે, તે ધાતુના ભાવવાચક કૃદન્તની સાથે પ્રક્રિયા સામાન્ય-વાચી भूનો ઉપયોગ
        - –रामः वर्धते । –रामस्य वृद्धिः भवति ।
        - –जलं शुष्यति । –जलस्य शोषणं भवति । (પ્રક્રિયાવાચી)
    - ગત્યર્થક ધાતુના વિકલ્પે, તે ધાતુના ભાવવાચક કૃદન્તની સાથે ક્રિયા-સામાન્યવાચી भूનો ઉપયોગ
      - ૧. रामः याति । –रामस्य यात्रा भवति ।
      - ૨. रामः प्रविशति । –रामस्य प्रवेशः भवति ।
- **[3] અનુપ્રયોગ**
  - [D] लिट् લકાર (પરોક્ષ ભૂતકાળ) –एधांबभूव
  - [E] च्वि રૂપમાં भू નો અનુપ્રયોગ
    - ૧. व्यायामेन शरीरं दृढीभवति । (પ્રક્રિયાવાચી)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**૭.૩ (A) ભૂ ધાતુનો પહેલા પ્રકારનો પ્રયોગ :**

શુદ્ધ ધાતુ તરીકે ભૂ ધાતુના ક્રિયાપદનાં રૂપોનો ઉપયોગ કરીને, ત્રણ-ત્રણ પદોવાળાં મુખ્યત્વે સાતેક પ્રકારનાં વાક્યો બનાવી શકાતાં હોય છે :

જેમકે,

(૧) કર્તા + વિશેષણ + (અકર્મક) ભૂ ધાતુના ક્રિયાપદવાળું વાક્ય

(૨) જુદાં જુદાં કારકો + કર્તાકારક + ભૂ ધાતુના ક્રિયાપદવાળું વાક્ય

(૩) ષષ્ઠી વિભક્તિવાળું પદ + ભાવવાચક કૃદન્ત + ભૂ ક્રિયાપદવાળું વાક્ય

(૪) કારક + પ્રશ્નાર્થક અવ્યય + ભૂ ધાતુના ક્રિયાપદવાળું વાક્ય

(૫) કારક + પ્રશ્નાર્થક किम् સર્વનામ + ભૂ ધાતુના ક્રિયાપદવાળું વાક્ય

(૬) કર્તા + નિષેધાર્થક અવ્યય + ભૂ ક્રિયાપદવાળું વાક્ય

(૭) કર્તા + ક્રિયાવિશેષણ + ભૂ ધાતુના ક્રિયાપદવાળું વાક્ય

ઉદાહરણ તરીકે– (1) કર્તા + વિશેષણ + (અકર્મક) ભૂ ધાતુનાં ક્રિયાપદ-વાળાં વાક્યો :

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. विद्यार्थी जिज्ञासुः भवति ।<br>વિદ્યાર્થી જિજ્ઞાસુ બને છે. | ૧. अर्जुनः धनुर्धारी भविष्यति ।<br>અર્જુન ધનુર્ધારી બનશે. |
| ૨. राधा विरहिणी भवति ।<br>રાધા વિરહિણી થાય છે. | ૨. कौरवाः शत्रवः भविष्यन्ति ।<br>કૌરવો શત્રુઓ બનશે. |
| ૩. हनुमान् रामभक्तः भवति ।<br>હનુમાન રામભક્ત બને છે. | ૩. (हे जटायो !) त्वं स्वर्गगामी भविष्यसि ।<br>હે જટાયુ ! તું સ્વર્ગવાસી થઈશ. |
| ૪. रावणः अपहर्ता भवति ।<br>રાવણ ઉપાડી જનારો બને છે. | ૪. अहं मुमुक्षुः भविष्यामि ।<br>હું મુમુક્ષુ બનીશ. |
| ૫. अहम् आशावान् भवामि ।<br>હું આશાવાન્ બનું છું | ૫. छात्राः पिपठिषवः भविष्यन्ति ।<br>છાત્રો ભણવાની ઇચ્છાવાળા થશે. |
| ૬. त्वं धनवान् भवसि ।<br>તું ધનવાન થાય છે. | ૬. यूयं धनवन्तः भविष्यथ ।<br>તમે ધનવાળાઓ થશો. |
| ૭. कः बुद्धिमान् भवति ।<br>કોણ બુદ્ધિમાન બને છે ? | ૭. का बुद्धिमती भविष्यति ।<br>કોણ (સ્ત્રી) બુદ્ધિવાળી થશે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૮. यूयं धनवन्तः भवथ । | ૮. सः दयालुः भविष्यति । |
| તમે ધનવાળાઓ બનો છે. | તે દયાળુ બનશે. |
| ૯. वयं राष्ट्रभक्ताः भवामः । | ૯. वयं दयालवः भविष्यामः । |
| અમે રાષ્ટ્રભક્તો બનીએ છીએ. | અમે દયાળુઓ બનીશું. |
| ૧૦. रक्षकः भक्षकः भवति । | ૧૦. मृताः कैलासवासिनः भविष्यन्ति । |
| રક્ષક (જ) ભક્ષક બને છે. | મરેલા કૈલાસવાસીઓ બનશે. |
| ૧૧. रमेशः सैनिकः भवति । | ૧૧. युद्धवीराः क्षतविक्षताः भविष्यन्ति । |
| રમેશ સૈનિક થાય છે. | યુદ્ધવીરો ઘવાઈ જશે. |
| ૧૨. कन्या बुद्धिमती भवति । | ૧૨. आवाम् भ्रातरौ भविष्यावः । |
| કન્યા બુદ્ધિમતી થાય છે. | અમે બે ભાઈઓ બનીશું. |
| ૧૩. बौद्धाः करुणाकराः भवन्ति । | ૧૩. वयं संस्कृतज्ञाः भविष्यामः ॥ |
| બૌદ્ધો કરુણાકરો બને છે. | અમે સંસ્કૃતજ્ઞો બનીશું (જ). |

અહીં કેટલાક ધ્યાનાસ્પદ મુદ્દાઓ છે :–

(क) भू ધાતુ 'અકર્મક' હોવાને કારણે, भवति । કે भविष्यति । જેવાં भू ધાતુનાં કોઈપણ ક્રિયાપદવાળા વાક્યમાં દ્વિતીયા વિભક્તિવાળું પદ (= કર્મકારક) આવી શકવાનું જ નથી.

(ख) આથી કર્તાવાચક પ્રથમાન્ત પદ, પછી બીજું જો भू ધાતુનું ક્રિયાપદ વાપરવાનું હોય તો "ત્રણ પદવાળી" વાક્યરચના પૂરી કરવા માટે, તેવા વાક્યમાં ત્રીજા પદ તરીકે 'વિશેષણ-વાચક' શબ્દનો ઉમેરો કરવો સંભવિત છે. જેમકે, रामः..........भवति । → હવે रामः નું વિશેષણવાચક પદ ઉમેરીએ તો ત્રણ પદવાળી વાક્રચના પૂરી થાય. જેમકે, रामः **चतुरः** भवति । रामः **शिक्षकः** भवति । કે रामः **सैनिकः** भवति । જેવું એક ત્રીજું (વિશેષણવાચક) પદ વચ્ચે ઉમેરવાનું થાય.

(ग) વિશેષણવાચક શબ્દો "અનિયત-લિંગ" હોય છે. (એટલે કે તેમનું લિંગ પહેલેથી જ = રૂઢિથી નક્કી થયેલું હોતું નથી.) આથી પહેલું જે વિશેષ્ય વાક્ય પ્રથમાન્ત પદ (દા.ત. 'रामः') મૂક્યું હોય, તેનાં જેવાં જ લિંગ, વચન, વિભક્તિવાળા અન્ય ગુણવાચક શબ્દો વાપરવાના થાય. જેમકે, चतुरः । वीरः । धूर्तः । गौरः । शिक्षकः । सैनिकः । વગેરે. એવી જ રીતે, જો સ્ત્રીલિંગ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



પ્રથમાન્ત પદ હોય સીતા ........... भवति । તો તેના વિશેષણને પણ સ્ત્રીલિંગમાં ફેરવીને મૂકવું જોઈએ. દા.ત. સીતા **चतुरा** भवति । सीता **पत्नी** भवति । सीता **राज्ञी** भवति । વગેરે.

જો વિશેષ્ય વાચકશબ્દ નપુંસકલિંગમાં હોય, તો તેના વિશેષણને પણ નપુંસકલિંગમાં ફેરવીને, વાપરવું જોઈએ. દા.ત. (૧) कमलम् .......... भवति । → कमलम् **सुन्दरं** भवति । कमलम् **विकसितं** भवति । (૨) नयनं ........... भवति । → नयनं **रक्तम्** भवति । (આંખ લાલ બને છે.) जलं..... भवति । → जलं **शीतलं** भवति ।

(घ) ચોથી વાત, સામાન્ય રીતે તો, વાક્યરચનામાં પૂર્વસિદ્ધ ગુણ તરીકે વિશેષણવાચક શબ્દોનો વિશેષ્યવાચક શબ્દની **પૂર્વ**માં પ્રયોગ થતો જોવા મળે છે. દા.ત. **चतुरः** रामः कार्यं करोति ।; પરંતુ જ્યારે વાક્યમાં भू (भवति) ક્રિયાપદનો પ્રયોગ હોય ત્યારે ગુણવાચક વિશેષણનો, વાક્યમાં બીજા ક્રમે પ્રયોગ કરવાનો થાય છે. દા.ત. नयनं रक्तं भवति । આવું થવાનું કારણ એ છે કે, આંખ પહેલેથી લાલ ન હતી; તે પૂર્વસિદ્ધ ગુણ ન હતો, પણ **પાછળથી** આંખ લાલ થાય છે (= भवति) —એમ દર્શાવવા વિધેયકોટિમાં પ્રવેશતું વિશેષણ વાક્યમાં બીજા પદક્રમે વપરાય એ જ યોગ્ય છે (નહીં તો અંશતઃ અર્થભેદ થવાની પૂરી શક્યતા છે.)

## (2) અન્ય કારકો + કર્તાકારક + भू ધાતુ સાધિત ક્રિયાપદવાળું વાક્ય

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. परिश्रमेण अभ्युदयः भवति ।<br>પરિશ્રમથી અભ્યુદય થાય છે. | ૧. उद्योगेन लक्ष्मीः भविष्यति ।<br>ઉદ્યોગથી (જ) લક્ષ્મી (ભેગી) થશે. |
| ૨. आकाशात् वृष्टिः भवति ।<br>આકાશમાંથી વૃષ્ટિ થાય છે. | ૨. शापात् विस्मरणं भविष्यति ।<br>શાપને કારણે વિસ્મરણ થશે. |
| ૩. कुरुक्षेत्रे युद्धम् भवति ।<br>કુરુક્ષેત્રમાં યુદ્ધ થાય છે. | ૩. गुरुप्रसादात् (त्वं) ज्ञानी भविष्यसि ।<br>ગુરુકૃપા થકી (તું) જ્ઞાની થઈશ. |
| ૪. वाताय विद्युत् भवति ।<br>વંટોળ માટે વિજળી થઈ રહી છે. | ૪. विजेतृभ्यः विजयपद्मं भविष्यति ।<br>વિજેતાઓને માટે વિજયપદ્મ હશે. |
| ૫. सेतुना सागरतरणं भवति ।<br>સેતુ વડે સાગરતરણ થાય છે. | ૫. नौकया विदेशगमनं भविष्यति ।<br>નૌકાથી વિદેશગમન થશે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૬. प्रातःकाले सूर्योदयः भवति । <br> પ્રાતઃકાળે સૂર્યોદય થાય છે. | ૬. आभूषणैः अलंकरणं भविष्यति । <br> અલંકારોથી શોભા થશે. |
| ૭. अपराधात् कारागारे भवसि । <br> (તું) ગુન્હાને કારણે જેલમાં છું. | ૭. पञ्चभूतानां संघातो भविष्यति । <br> પાંચ ભૂતોનો સમૂહ (એકઠો) થશે. |
| ૮. पूर्णिमायां चन्द्रग्रहणं भवति । <br> પૂનમે ચંદ્રગ્રહણ થાય છે. | ૮. आमावास्यां सूर्यग्रहणं भविष्यति । <br> અમાસે સૂર્યગ્રહણ થશે. |
| ૯. निष्कामकर्मणा योगः भवति । <br> નિષ્કામ કર્મથી યોગ થાય છે. | ૯. अयि ! समुद्रे मकराः भविष्यन्ति । <br> અરે ! સમુદ્રમાં તો મગરો હશે. |
| ૧૦. भक्त्या हरिदर्शनं भवति । <br> ભક્તિથી હરિદર્શન મળે છે. | ૧૦. व्यायामेन (यूयं) दृढाः भविष्यथ । <br> વ્યાયામથી (તમે) દઢ થશો. |
| ૧૧. विदेशगमेन अनर्थः भवति । <br> વિદેશગમનથી અનર્થ થાય છે. | ૧૧. ध्यानेन एकाग्रता भविष्यति । <br> ધ્યાનથી એકાગ્રતા સધાશે. |

(3) ષષ્ઠી વિભક્તિવાળું પદ + ભાવવાચક કૃદન્ત (= કર્તાકારક) + ભૂ ધાતુનું ક્રિયાપદ

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. राष्ट्रगीतस्य गानं भवति । <br> રાષ્ટ્રગીતનું ગાન થાય છે. | ૧. दुष्यन्तस्य स्मरणं भविष्यति । <br> દુષ્યન્તને (દુષ્યન્તનું) સ્મરણ થશે. |
| ૨. जलस्य वृष्टिः भवति । <br> જળની વૃષ્ટિ થાય છે. | ૨. अपराधिनः ताडनं भविष्यति । <br> અપરાધીને માર પડશે. |
| ૩. संन्यासिनः व्याख्यानं भवति । <br> સંન્યાસીનું વ્યાખ્યાન થાય છે. | ૩. इन्द्रस्य यजनं भविष्यति । <br> ઇન્દ્રનું યજન થશે. |
| ૪. कस्य श्रवणं भवति । <br> કોનું શ્રવણ થાય છે ? | ૪. ग्रीष्मकालस्य फलानि भविष्यन्ति । <br> ઉનાળાનાં ફળો થશે. |
| ૫. वनस्य छेदनं/दहनं भवति । <br> વનનું છેદન/દહન થાય છે. | ૫. अधर्मस्य राज्यम् भविष्यति । <br> અધર્મનું રાજ્ય થશે. |
| ૬. गङ्गायाः शुद्धीकरणं भवति । <br> ગંગાનું શુદ્ધીકરણ થાય છે. | ૬. (त्वं) कस्य शिष्यः भविष्यसि । <br> (તું) કોનો શિષ્ય થઈશ ? |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૭. सज्जनानां उन्नतिः भवति ।<br>સજ્જનોની ઉન્નતિ થાય છે. | ૭. सत्यस्य (एव) जयः भविष्यति ।<br>સત્યનો (જ) જય થશે. |
| ૮. अधर्मस्य पराजयः भवति ।<br>અધર્મનો પરાજય થાય છે. | ૮. देवानाम् स्तवनं भविष्यति ।<br>દેવોનું સ્તવન થશે. |
| ૯. इन्द्रस्य यागः भवति ।<br>ઈન્દ્રનો યાગ થાય છે. | ૯. देशबान्धवानां कीर्तिः भविष्यति ।<br>દેશ બાન્ધવોની કીર્તિ થશે. |
| ૧૦. ओंकारस्य गुञ्जनं भवति ।<br>ઓમ્કારનું ગુંજન થાય છે. | ૧૦. गोब्राह्मणानां पालनं भविष्यन्ति ।<br>ગાયો અને બ્રાહ્મણોનું પાલન થશે. |
| ૧૧. नाटकस्य समाप्तिः भवति ।<br>નાટકની સમાપ્તિ થાય છે. | ૧૧. सरस्वत्याः अनुग्रहः भविष्यति ।<br>સરસ્વતીનો અનુગ્રહ થશે. |

(4) કારક + પ્રશ્નાર્થ અવ્યય + भू સાધિત ક્રિયાપદવાળા ત્રણ પદનાં વાક્યો

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. सैनिकाः किमर्थं भवन्ति ।<br>સૈનિકો શા માટે હોય છે ? | ૧. अभयं कुतः भविष्यति ।<br>અભય ક્યાંથી થશે. |
| ૨. स्वामिनः कदा भवामः ।<br>(અમે) ક્યારે માલિકો થઈએ છીએ? | ૨. न्यायः कथं भविष्यति ।<br>ન્યાય કેવી રીતે મળશે ? |
| ૩. अहं कीदृशः भवामि ।<br>હું કેવો થાઉં છું ? | ૩. त्वं कीदृशी भविष्यसि ।<br>તું કેવી બનીશ ? |
| ૪. सुखं कुतः भवति ।<br>સુખ ક્યાંથી થાય છે ? | ૪. ईश्वरावतारः कदा भविष्यति ।<br>ઈશ્વરનો અવતાર ક્યારે થશે ? |
| ૫. स्वर्गः कुत्र भवति ।<br>સ્વર્ગ ક્યાં છે ? | ૫ सौभाग्यं कुतः भविष्यति ।<br>સારું ભાગ્ય ક્યાંથી મળશે ? |

(5) કારક + પ્રશ્નાર્થક किम् સર્વનામનું રૂપ + भू નું ક્રિયાપદ

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. केन सुखं भवति ।<br>શેનાથી સુખ થાય છે ? | ૧. नैष्कर्म्यं केन भविष्यति ।<br>નૈષ્કર્મ્ય કોનાથી થશે ? |
| ૨. अधर्मः कस्मात् भवति ।<br>અધર્મ ક્યા કારણે થાય છે ? | ૨. ईश्वरावतारः कस्मै भविष्यति ।<br>ઈશ્વરાવતાર કોના માટે થશે ? |



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૩. जलेन किं भवति । पાણીથી શું થાય છે ? | ૩. स्वातन्त्र्यं कस्मात् भविष्यति । સ્વાતન્ત્ર્ય શેમાંથી મળશે ? |
| ૪. नावीन्यं केन भवति । નવીનતા શેનાથી થાય છે ? | ૪. राक्षसवधः कैः भविष्यति । રાક્ષસોનો વધ કોના વડે થશે ? |
| ૫. गदा कस्य भवति । ગદા કોની હોય છે ? | ૫. वयं के भविष्यामः । આપણે કોણ બનીશું ? |
| ૬. काव्यम् कस्माद् भवति । કાવ્ય શેમાંથી જન્મે છે ? | |

(6) કર્તા + નિષેધાર્થક અવ્યય + भू સાધિત ક્રિયાપદવાળું વાક્ય :

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. सः न भवति । તે નથી થતો. | ૧. सा (कन्या) न भविष्यति । તે (કન્યા) થશે નહીં. |
| ૨. तौ न भवतः । તેઓ બે નથી થતા. | ૨. ते (कन्ये) न भविष्यतः । તે બે (કન્યાઓ) થશે નહીં. |
| ૩. ते न भवन्ति । તેઓ નથી થતા. | ૩. ताः (कन्याः) न भविष्यन्ति । તે (કન્યાઓ) થશે નહીં. |
| ૪. आवां न भवावः । અમે બે થતા નથી. | ૪. वयं न भविष्यामः । અમે નહીં હોઈએ. |
| ૫. यूयम् न भवथ । તમે બધા(ય) નથી થતા. | ૫. युवाम् न भविष्यथ । તમે બે નહીં હો. |

(7) કર્તા + ક્રિયાવિશેષણ + भू સાધિત ક્રિયાપદવાળું વાક્ય :

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. एतत् पुनः भवति । આ (પુષ્પ) ફરીથી થાય છે. | ૧. एतत् शनैः शनैः भविष्यति । આ (વસ્તુ) ધીમે ધીમ થશે. |
| ૨. तत् नित्यं भवति । તે હંમેશા થાય છે. | ૨. वृष्टिः अतीव भविष्यति । વરસાદ ઘણો જ થશે. |
| ૩. यद् वारंवारं भवति । | ૩. पापानि पुनः पुनः भविष्यन्ति । |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| જે (વસ્તુ) વારંવાર થાય છે. | પાપો તો ફરી ફરીને થયા કરશે. |
| ૪. किम् झटिति भवति । <br> શું જલ્દીથી થાય છે ? | ૪. अवतारः भूयोभूयः भविष्यति । <br> અવતાર બહુવાર થશે (જ). |
| ૫. के पृथक् भवन्ति । <br> કોણ જુદા પડે છે ? | ૫. अनास्था/निराशा कदाचिद् भविष्यति । <br> અનાસ્થા/નિરાશા ક્યારેક થશે, થતી હોય છે. |

**૭.૪ (B) ભૂ ધાતુનો બીજા પ્રકારનો પ્રયોગ :**

હવે, ઉપસર્ગસહિતના ભૂ ધાતુનાં ક્રિયાપદોવાળાં (ત્રણ-ત્રણ પદનાં બનેલાં હોય તેવાં) વાક્યો જોઈશું. અહીં (૧) ભૂ ધાતુ એકલો વપરાયો હોય ત્યારે, તે અકર્મક હોય છે, પણ અમુક અમુક ઉપસર્ગ તેને લાગતાં, તે ધાતુ **સકર્મક** પણ બની જાય છે; આથી ત્યાં કર્મકારકવાળા = બીજી વિભક્તિવાળાં પદો પણ વપરાતાં જોવા મળે છે ! તથા (૨) ભૂ = થવું, જન્મવું – જેવા અર્થોને બદલે તદ્દન નવા જ અર્થો વ્યક્ત થતા જોવા મળે છે. –આ બે મુદ્દાનો પણ નીચેનાં ઉદાહરણોમાં અભ્યાસ કરવાનો છે :

(7) કર્તા + કર્મ/અન્ય કારક + ઉપસર્ગ + ભૂ ધાતુવાળું વાક્ય :

| **(A) વર્તમાનકાળનાં ક્રિયાપદ** | **(B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ** |
|---|---|
| **સકર્મક** | |
| ૧. रामः सुखम् अनुभवति । <br> રામ સુખને અનુભવે છે. | ૧. वासन्ती दुःखम् अनुभविष्यति । <br> વાસન્તી દુઃખ અનુભવશે. |
| ૨. रामः रावणं पराभवति । <br> રામ રાવણને હરાવે છે. | ૨. वानराः राक्षसान् पराभविष्यन्ति । <br> વાનરો રાક્ષસોનો પરાભવ કરશે. |
| ૩. पाण्डवाः, कौरवान् अभिभवन्ति । <br> પાંડવો કૌરવોનો અભિભવ કરે છે. | ૩. शशः सिंहम् अभिभविष्यति । <br> સસલું સિંહનો અભિભવ કરશે. |
| **અકર્મક** | |
| ૪. सूर्यः आकाशात् प्रादुर्भवति । <br> સૂર્ય આકાશમાંથી નીકળે છે. | ૪. प्रातःकाले सूर्यः प्रादुर्भविष्यति । <br> સવારે સૂર્ય ઉદય પામશે. |
| ૫. चन्द्रः रात्रौ आविर्भवति । <br> ચંદ્ર રાત્રે આવિર્ભાવ પામે છે. | ૫. रात्रौ चन्द्रः आविर्भविष्यति । <br> રાત્રિમાં ચન્દ્રમા નીકળશે |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૬. गङ्गा हिमालयात् प्रभवति ।<br>ગંગા હિમાલયમાંથી જન્મે છે. | ૬. ग्रीष्मे फलानि संभविष्यन्ति ।<br>ઉનાળામાં ફળો થશે. |
| ૭. अङ्कुराः बीजेभ्यः संभवन्ति ।<br>અંકુરો બીજોમાંથી સંભવે છે. | ૭. त्वं परीक्षायै प्रभविष्यसि ।<br>તું પરીક્ષા માટે તૈયાર થઈ જઈશ. |
| ૮. रामः रावणाय प्रभवति ।<br>રામ રાવણને માટે સમર્થ છે. | ૮. वर्षाकाले दर्दुराः प्रभविष्यन्ति ।<br>ચોમાસામાં દેડકાં જન્મશે. |

**૭.૫ (C) भू ધાતુનો ત્રીજા પ્રકારનો પ્રયોગ :**

અગાઉ જણાવ્યું છે તેમ, भू (भवति) – એ પણ "ક્રિયાસામાન્યવાચી" ધાતુ છે. આથી બીજા કોઈપણ ક્રિયાવિશેષવાચી (સકર્મક, અકર્મક કે ગત્યર્થક) ધાતુઓના વિકલ્પે પણ, તે તે ધાતુઓના ભાવવાચક કૃદન્તની સાથે આ "ક્રિયાસામાન્યવાચી" ગણાયેલો भू ધાતુ પણ વાપરી શકાય છે. અલબત્ત, આવી જગ્યાએ વપરાયેલો भू ધાતુ (કેવળ કાળ, પુરુષ અને વચન રૂપ અર્થ આપનાર) "સહાયકારી ધાતુ" તરીકે નથી વપરાતો; પરંતુ એ भू ધાતુ પોતાનો 'ઉત્પત્તિમૂલક સત્તા' રૂપી મૂળભૂત અર્થ જ/પણ વ્યક્ત કરે છે ! હવે 'भवति' થકી = તે ઉત્પન્ન થાય છે" એવું સમજાતાં, કોણ ઉત્પન્ન થાય છે ? (અર્થાત્ તે ઉત્પત્તિ-ક્રિયાનો 'કર્તા' કોણ છે ? એવો પ્રશ્ન થતાં, ભાવવાચક કૃદન્ત શબ્દથી વ્યક્ત થતો 'ભાવ' પોતે જ 'કર્તા-કારક' તરીકે (=ઉત્પન્ન થનાર પદાર્થ તરીકે) આપણી સામે આવે છે !

જેમકે, ૧. नृत्यति → नर्तनं भवति ।
૨. गच्छति → गमनं भवति ।
૩. पठति → पठनं भवति ।
(કર્તા) (જન્મવું, ઉત્પન્ન થવું રૂપી ક્રિયા)

બહારની દુનિયામાં મોરને, કે કોઈક નર્તકી/નટીને નાચતી જોઈને, કોઈ વ્યક્તિ પ્રશ્ન કરે કે– किं भवति । તો 'भू' ધાતુ 'ક્રિયાસામાન્યવાચી' ધાતુ હોઈને, नृत्यति । પણ બોલી શકાય; અથવા नर्तनं भवति । એવું પણ બોલી શકાય ! અહીં, કેવળ "કઈ ક્રિયા ઉત્પન્ન થઈ રહી છે ?" – એટલો જ જિજ્ઞાસાનો વિષય છે. તેથી 'નર્તન' રૂપી 'ભાવ' ઉત્પન્ન થઈ રહ્યો છે – એવો ઉત્તર પાઠવવા "नर्तनं भवति ।" એવું વાક્ય પર્યાપ્ત છે.

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**૭.૬** **વિશેષ વિમર્શ :** અહીં વાક્યરચના સંદર્ભે કેટલીક મહત્ત્વની અને રસપ્રદ ચર્ચા કરવી પણ આવશ્યક છે :—

(૧) 'नृत्यति' ના વિકલ્પે જ્યારે नर्तनं भवति । એમ બોલાશે ત્યારે, (ક) भू →भवति । ધાતુ પોતે તો "અકર્મક" છે, તેથી તે ક્રિયાપદની સાથે કેવળ કર્તાપદ જ આવી શકશે; (કર્મકારકવાચક બીજી વિભક્તિવાળું પદ તો આવવાનું જ નથી). તથા આ भवति ક્રિયાપદના 'કર્તા-કારક' તરીકે नर्तन, पठन ઇત્યાદિ જેવો (ભાવવાચક શબ્દો=) 'ભાવ' પોતે જ 'કર્તાકારક' બની જશે; તેને નપુંસકલિંગ ગણીને*, તેને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે :— नर्तनं भवति । पठनं भवति ।

(૨) જો કે 'भवति' એવું ક્રિયાપદ પોતે 'અકર્મક' હોવાથી, તેની સાથે કેવળ કર્તા-કારક પદ તરીકે એકલું પ્રથમાન્ત-પદ જ આવી શકે છે; પરંતુ વાક્યમાં 'કર્તાકારક' તરીકે જે 'ભાવવાચક કૃદન્ત' શબ્દ વપરાયો હોય છે, તે કૃદન્ત-શબ્દમાં ઊભેલો ધાતુ જો –

(ક) **સકર્મક હોય તો,** તે કૃદન્તશબ્દસ્થિત ધાતુવાચ્ય ક્રિયાના 'કર્તા' અને 'કર્મ' પણ હોવાના.

તથા

(ખ) **અકર્મક હોય તો,** તે કૃદન્તશબ્દસ્થિત ધાતુવાચ્ય ક્રિયાનો કેવળ 'કર્તા' જ હશે.

આથી પ્રશ્ન થશે કે તે ભાવવાચક કૃદન્તોના 'કર્મ' અને/અથવા 'કર્તા'ને કઈ વિભક્તિમાં મૂકવાના રહેશે ? પાણિનિએ આને માટે –

૧. कर्तृकर्मणोः कृति । 2-3-65

અને ૨. उभयप्राप्तौ कर्मणि । 2-3-66

એવાં બે સૂત્રોથી માર્ગદર્શન આપ્યું છે :

આ મુદ્દો ઉદાહરણથી સમજીશું :—

* [જો ૧. अन પ્રત્યયથી આવા ભાવવાચક શબ્દો બન્યા હોય તો તે 'નપુંસકલિંગ'માં વપરાય છે; ૨. घञ् =अ પ્રત્યયથી ભાવવાચક કૃદન્ત શબ્દ બન્યો હોય, દા.ત. याग, पाठ, राग વગેરે, તો તેવા શબ્દો 'પુંલિંગ'માં વપરાય છે. पाठः भवति ॥ ૩. જો 'ति' એવો ભાવવાચક કૃદન્ત શબ્દ વપરાય, તો તે 'સ્ત્રીલિંગ'માં વપરાય છે. દા.ત. कृतिः भवति । गतिः भवति । प्रीतिः भवति । नृतिः भवति । इष्टिः भवति । વગેરે.]

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૮) (ક) સકર્મક ધાતુ-ના વિકલ્પે ભાવવાચક કૃદન્ત+भू હોય ત્યારે–

| | | | |
|---|---|---|---|
| ૧. | (रामः वेदं)<br>કર્તા – કર્મ | पठति ।<br>ક્રિયાપદ↓ | નિયમ : 'પઠન' એવા કૃદન્ત શબ્દના યોગમાં જો 'કર્તા' અને 'કર્મ' બન્ને વપરાયા હોય તો 'કર્મકારક'ને જ ષષ્ઠી વિ. લાગે છે. (તથા કર્તાને તૃતીયા વિ. લાગે છે.) |
| ૨. | – – | पठनं भवति । (અકર્મક)<br>કર્તા – ક્રિયાપદ | |
| ૩. | કર્તા -? કર્મ-? | पठनं भवति ।<br>(पठ् + अन) | |
| ૪. | रामेण वेदस्य | पठनं भवति । | |

(उभयप्राप्तौ कर्मणि । 2-3-66 સૂત્રનો આ વિષય છે.)

(ખ) અકર્મક ધાતુના વિકલ્પે, ભાવવાચક કૃદન્ત + भू હોય ત્યારે –

| | | |
|---|---|---|
| ૧. | (मयूरः) नृत्यति । ↓(અકર્મક ક્રિયાપદ) | નિયમ : કૃદન્ત શબ્દના યોગમાં અકર્મક ધાતુના 'કર્તા'ને જ ષષ્ઠી વિભક્તિ લાગે છે. કર્તૃકર્મણોः કૃતિ । સૂત્રનો આ વિષય છે. |
| ૨. | – नर्तनं भवति । (અકર્મક) | |
| ૩. | કર્તા -? नर्तनं (नृत् + अन) भवति । | |
| ૪. | मयूरस्य नर्तनं भवति । | |

(ગ) ક્યારેક એવું બને કે, મૂળધાતુ સકર્મક જ હોય, પણ વક્તા એ સકર્મક ધાતુના કેવળ 'કર્તાકારક'ને જ બોલે; અથવા ક્યારેક 'કર્મકારક'ને જ બોલે તો ત્યાં તે એક જ કારક (પછી તે કર્તા હોય તો 'કર્તા'ને, અને 'કર્મ' હોય તો કર્મકારક)ને ષષ્ઠી વિભક્તિ લાગે છે. દા.ત.

| | |
|---|---|
| | (કર્તા) (કર્મ) (ક્રિયાપદ) |
| ૧. | आचार्यः शब्दान् अनुशास्ति ।<br>(આચાર્ય શબ્દોને શિસ્તમાં આણે છે.) |
| | (ક) आचार्यस्य – अनुशासनं भवति ।<br>(કર્તા→૬) (કર્મ→૦) – અથવા – |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| | (ખ) — शब्दानाम् अनुशासनं भवति ।<br>(કર્તા→૦) (કર્મ→૬) |
| | (ગ) आचार्येण शब्दानाम्, अनुशासनं भवति ।<br>(કર્તા→૩) (કર્મ→૬) કર્તા |
| (૨) | કર્તા કર્મ ક્રિયાપદ<br>अगोपालः गाः दोग्धि ।<br>જે ગોવાળ નથી તે ગાયોને દોહે છે. |
| | (ક) अगोपालस्य ——— दोहनं / दोहं भवति ।<br>(કર્તા→૬) (કર્મ→૦) |
| | (ખ) — गवाम् (= धेनूनाम्); दोहनं/ दोहः भवति ।<br>(કર્તા→૦) (કર્મ→૬) |
| | (ગ) अगोपालेन गवाम्; दोहनं/दोहः भवति ।<br>(કર્તા→૩) (કર્મ→૬) (उभयप्राप्तौ कर्मणि । થી ષષ્ઠી) |

ક્રિયાવિશેષવાચી સકર્મક ધાતુઓના બીજાં કેટલાંક ઉદાહરણો જોઈ લઈશું :

(૯) કર્તા + કર્મ + 'भू' ધાતુવાળું ક્રિયાપદ :

| (A)વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. ऋषिः वरुणं यजति ।<br>ઋષિ વરુણને યજે છે. | ૧. त्वं हिमालयं द्रक्ष्यसि ।<br>તું હિમાલયને જોઈશ. |
| ૨. ऋषिणा वरुणस्य यजनं भवति ।<br>ઋષિ વડે વરુણનું યજન થાય છે. | ૨. त्वया हिमालयस्य दर्शनं भविष्यति ।<br>તારા વડે હિમાલયનું દર્શનથશે. |
| ૩. कृष्णः मुखं चुम्बति ।<br>કૃષ્ણ મુખને ચૂમે છે. | ૩. अहं लेखनीं ग्रहीष्यामि ।<br>હું કલમને પકડીશ. |
| ૪. कृष्णेन मुखस्य चुम्बनं भवति ।<br>કૃષ્ણ વડે મુખનું ચુંબન થાય છે. | ૪. मया लेखन्याः ग्रहणं भविष्यति ।<br>મારા વડે કલમનું ગ્રહણ થશે. |
| ૫. भक्तः हरिं स्तौति ।<br>ભક્ત હરિને સ્તવે છે. | ૫. अर्जुनः कौरवान् हनिष्यति ।<br>અર્જુન કૌરવોને હણશે. |
| ૬. भक्तेन हरेः स्तवनं भवति ।<br>ભક્ત વડે હરિનું સ્તવન થાય છે. | ૬. अर्जुनेन कौरवाणां हननं भविष्यति ।<br>અર્જુન વડે કૌરવોનું હનન થશે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**૭.૭** 'ક્રિયા'વાચી અકર્મક ધાતુઓના વિકલ્પે ક્રિયાસામાન્યવાચી ધાતુ રૂપે भू સાધિત ક્રિયાપદોનો ઉપયોગ :

(૧૦) કર્તા + [ કર્મ સિવાયનું અન્ય કારક + भू ભાવવાચક કૃદન્ત સાધિત ક્રિયાપદ (=ત્રિપદી વાક્યરચના)

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. कुम्भकर्णः शेते । ↓ | ૧. कुम्भकर्णः शयिष्यते । |
| (१) कुम्भकर्णस्य शयनं भवति । | (१) कुम्भकर्णस्य शयनं भविष्यति । |
| કુંભકર્ણનું શયન થાય છે. | કુંભકર્ણનું શયન થશે. |
| ૨. नद्यां मकराः तरन्ति । ↓ | ૨. नद्यां मकराः तरिष्यन्ति । |
| (२) (नद्यां) मकराणां तरणं भवति। | (२) (नद्यां) मकराणां तरणं भविष्यन्ति |
| (નદીમાં) મગરોનું તરણ થઈ રહ્યું છે. | (નદીમાં) મગરોનું તરણ થશે. |
| ૩. क्रीडांगणे अश्वः धावति । ↓ | ૩. क्रीडांगणे अश्वः धाविष्यति । |
| (३) (क्रीडांगणे) अश्वस्य धावनं भवति । | (३) (क्रीडांगणे) अश्वस्य धावनं भविष्यति । |
| (ક્રીડાંગણમાં) અશ્વની દોડ થઈ રહી છે. | (ક્રીડાંગણે) અશ્વનું દોડવાનું થશે. |
| ૪. पक्षी उड्डयते । ↓ | ૪. पक्षी उड्डयिष्यते । |
| (४) पक्षिणः[6] उड्डयनं भवति । | (४) पक्षिणः[6] उड्डयनं भविष्यति । |
| પક્ષીનું ઉડ્ડયન ચાલી રહ્યું છે. | પક્ષીનું ઉડ્ડયન થશે. |
| ૫. सिंहः गर्जति । ↓ | ૫. सिंहः गर्जिष्यति । |
| (५) सिंहस्य – गर्जना/नं भवति । | (५) सिंहस्य गजनं/ना भविष्यति । |
| સિંહની ગર્જના થઈ રહી છે. | સિંહની ગર્જના થશે. |
| ૬. भ्रमरः भ्रमति । | ૬. भ्रमरः भ्रमिष्यति । |
| (६) भ्रमरस्य भ्रमणं भवति । | (६) भ्रमरस्य भ्रमणं भविष्यति । |
| ભમરાનું ભ્રમણ ચાલી રહ્યું છે.* | ભમરાનું ભ્રમણ થશે. |

* અહીં બધાં 'કર્તા'ઓ સજીવ છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**૭.૮** 'પ્રક્રિયા'વાચી અકર્મક ધાતુઓના વિકલ્પે ક્રિયાસામાન્યવાચી ધાતુ રૂપે ભૂ સાધિત ક્રિયાપદોનો ઉપયોગ :–

**(૧૧) (નિર્જીવ) કર્તા + ભાવવાચક કૃદન્ત + ભૂ સાધિત ક્રિયાપદ**

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
| --- | --- |
| १. शरीरं वर्धते । ↓<br>(१) शरीरस्य वृद्धिः भवति ।<br>શરીરની વૃદ્ધિ થાય છે. | १. पर्णं पतिष्यति ।<br>(१) पर्णस्य पतनं भविष्यति ।<br>પાંદડાનું પતન થશે. |
| २. (चक्षुषः) तेजः अपक्षीयते ।<br>(२) तेजसः अपक्षयो भवति ।<br>(તેજનો) અપક્ષય થાય છે. | २. मेघः नदिष्यति ।<br>(२) मेघस्य नादः भविष्यति ।<br>વાદળનો ગડગડાટ થશે. |
| ३. (नद्याः) प्रवाहः विनश्यति ।<br>(३) प्रवाहस्य विनाशः भवति ।<br>પ્રવાહનો વિનાશ થાય છે. | ३. (नभसि) विद्युत् विद्योतिष्यते ।<br>(३) विद्युतः विद्योतनं भविष्यति ।<br>વીજળીનો ચમકારો થશે. |
| ४. पर्णानि जीर्यन्ते ।<br>(४) पर्णानां जीर्णता/त्वं भवति ।<br>પાંદડામાં જીર્ણતા આવે છે. | ४. (हिमालयात्) हिमम् अपसरिष्यति ।<br>(४) हिमस्य अपसरणं भविष्यति ।<br>બરફ ઓગળી જશે. |
| ५. (सरसि) जलम् शुष्यति ।<br>(५) जलस्य शोषणं भवति ।<br>પાણીનું શોષણ થાય છે. | ५. (मध्याह्ने) सूर्यः तपिष्यति ।<br>(५) सूर्यस्य तापः भविष्यति ।<br>સૂર્યનો તાપ થશે. |
| ६. हस्तात् गाण्डीवं स्रंसते ।<br>(६) गाण्डीवस्य स्रवणं भवति ।<br>ગાંડીવ સરકી પડે છે. | ६. अग्निः ज्वलिष्यति ।<br>(६) अग्नेः ज्वलनं भविष्यति ।<br>અગ્નિનું પ્રજ્વલન થશે. |
| ७. मम गात्राणि हृष्यन्ति ।<br>(७) गात्राणां हर्षः भवति ।<br>અવયવોને હર્ષ થાય છે. | ७. (विरहेण) हृदयं ध्वंसिष्यते ।<br>(७) हृदयस्य ध्वंसनं भविष्यति ।<br>હૃદયનો ધ્વંસ થશે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૮. गात्राणि सीदन्ति ।<br>(૮) गात्राणां सेदनं भवति ।<br>અવયવો દુઃખી રહ્યાં છે. | ૮. कुलं न भास्यति ।<br>(૮) कुलस्य भासः न भविष्यति ।<br>કુલની ઉજ્જ્વળતા થશે નહીં. |
| ૯. नदी सरति ।<br>(૯) नद्याः सरणं भवति ।<br>નદીનું સરણ/ક્ષરણ થઈ રહ્યું છે. | ૯. विद्या एव भास्यति ।<br>(૯) विद्याया एव भासः भविष्यति ।<br>વિદ્યાની જ ઉજ્જ્વળતા થશે. |
| ૧૦. अम्लरसात् दुग्धं विपरिणमते ।<br>(૧૦) दुग्धस्य विपरिणामः भवति ।<br>દૂધનું પરિવર્તન થઈ રહ્યું છે.<br>(અહીં બધા નિર્જીવ 'કર્તા' છે.) | ૧૦. (वृक्षस्य) शाखा कम्पिष्यते ।<br>(૧૦) शाखायाः कम्पनं भविष्यति ।<br>ડાળીનું કંપન થશે. |

**૭.૯** **'ક્રિયા'વાચી ગત્યર્થક ધાતુઓના વિકલ્પે, ક્રિયાસામાન્યવાચી ધાતુ તરીકે 'भू' ધાતુ-સાધિત ક્રિયાપદોનો ઉપયોગ :**

(૧૨) કર્તા + 'કર્મકારક' તરીકે ભાવવાચક કૃદન્ત + भू સાધિત ક્રિયાપદનો-ઉપયોગ

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. प्रवासी (नित्यं) याति ।<br>(૧) प्रवासिनः यात्रा भवति ।<br>પ્રવાસીની યાત્રા થાય છે. | ૧. रामः वनं गमिष्यति ।<br>(૧) रामस्य (वन)गमनं भविष्यति ।<br>રામનું વનગમન થશે. |
| ૨. संन्यासी गृहात् परिव्रजति ।<br>(૨) संन्यासिनः[6] परिव्रज्या भवति ।<br>સંન્યાસીનો ગૃહત્યાગ થાય છે. | ૨. शत्रवः नगरं प्रवेक्ष्यन्ति ।<br>(૨) शत्रूणां नगरप्रवेशः भविष्यति ।<br>શત્રુઓનો નગરપ્રવેશ થશે. |
| ૩. रामः गृहं प्रविशति ।<br>(૩) रामस्य गृहप्रवेशः भवति ।<br>રામનો ગૃહપ્રવેશ થાય છે. | ૩. हनुमान्[1] संजीवनीम्[2] आनेष्यति ।<br>(૩) हनुमता[3] संजीवन्याः[6] आनयनं भविष्यति ।<br>હનુમાન વડે સંજીવનીનું આનયન થશે. |
| ૪. कपिः वृक्षम् आरोहति ।<br>(૪) कपेः वृक्षारोहणं भवति ।<br>વાંદરાનું વૃક્ષારોહણ થાય છે. | ૪. तानसिंहः हिमालयम् अधिरोहिष्यति ।<br>(૪) तानसिंहेन हिमालयस्य अधिरोहणं भविष्यति ।<br>તાનસિંહ વડે હિમાલયનું અધિ-રોહણ થશે |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૫. ईश्वरः भूमिम् अवतरति । | ૫. वायुः मेघान् नोत्स्यति । |
| (૫) ईश्वरेण भूमेः अवतरणं भवति । | (૫) वायुना मेघानाम् नोदनं भविष्यति । |
| ઈશ્વર વડે ભૂમિ ઉપર અવતરાય છે. | વાયુ વડે વાદળોનું ધકેલવાનું થશે. |
| અથવા | |
| ईश्ग्ग्य्य भूम्यवतरणं भवति । | |
| ઈશ્વરનુ ભૂમિ-અવતરણ થાય છે. | |

**૭.૧૦** **(D) 'भू' ધાતુનો ચોથા પ્રકારનો પ્રયોગ :**

હવે આપણે भू ધાતુનો च्वि રૂપવાળા શબ્દની પાછળ જ્યાં યથાર્થ રીતે અનુ-પ્રયોગ (= પશ્ચાત્ પ્રયોગ) થાય છે, તેનાં ઉદાહરણો જોઈશું :

(च्वि રૂપની રચનાની સમજૂતી ૬.૮માં આપેલી છે, તે ફરીથી જોઈ લેવા અનુરોધ છે.)

**(૧૩) અન્ય કારક + કર્તા + च्वि રૂપમાં भू ના અનુપ્રયોગવાળાં ત્રણ પદનાં વાક્યોની રચના :**

| (A) વર્તમાનકાળનાં ક્રિયાપદ | (B) ભવિષ્યત્કાળનાં ક્રિયાપદ |
|---|---|
| ૧. ध्यानेन मनः स्थिरीभवति । ધ્યાનથી મન સ્થિર થાય છે. | ૧. कलहेन मित्राणि दूरीभविष्यन्ति । કલહ વડે તો મિત્રો દૂર થઈ જશે. |
| ૨. यशसा मानवाः धवलीभवन्ति । યશથી માણસો ઉજળા થાય છે. | ૨. असत्यभाषणेन मुखं कृष्णीभविष्यति જૂઠું બોલવાથી મોં કાળુ પડી જશે. |
| ૩. कादम्बरीपानेन चित्तम् उन्मत्तीभवति દારૂ પીવાથી ચિત્ત ગાંડુતુર બને છે. | ૩. व्यायामेन शरीराणि दृढीभविष्यन्ति । વ્યાયામથી શરીરો મજબૂત થશે. |
| ૪. गंगाजलेन स्मशानमपि शुचीभवति । ગંગાજળથી સ્મશાન પણ પવિત્ર થાય છે. | ૪. द्यूतकरोऽपि जीर्णमन्दिरे देवीभविष्यामि । હું જુગારી પણ જૂના મંદિરમાં દેવ બનીશ. |
| ૫. स्वाध्यायेन चैत्रः पटूभवति । સ્વાધ્યાયથી ચૈત્ર હોંશિયાર થાય છે. | ૫. काशीगमनेन मूर्खः न पण्डिती-भविष्यति । કાશી જવાથી મૂર્ખો પંડિત થશે નહીં. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain. Digitized by eGangotri.



| | |
|---|---|
| ૬. यज्ञैः भूमिः न स्वर्गीभवति । <br> યજ્ઞો વડે ભૂમિ સ્વર્ગ બનતી નથી. | ૬. दयया, दानेन, अहिंसया च भूमिः स्वर्गीभविष्यति । <br> દયા, દાન અને અહિંસાથી ભૂમિ સ્વર્ગ બની જશે. |

**૭.૧૧** ઉપસંહાર : ભૂ ધાતુના બે 'પ્રયોગ' અને ત્રીજો "ક્રિયાસામાન્યવાચી તરીકે ભૂ ધાતુનો પ્રયોગ, તથા ચોથા પ્રયોગ તરીકે ચ્વિ રૂપની પાછળ ભૂ નો 'અનુપ્રયોગ' સમજવાથી, ભૂ ધાતુની જે અસાધારણ ક્ષમતા છે તે અભ્યાસીના ધ્યાન ઉપર આવી હશે. તથા અનેક જુદા જુદા ક્રિયાપદોની રૂપરચનામાંથી કેવો છુટકારો મળી શકે એમ છે તે પણ સમજાયું હશે.

❒❒❒

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## પ્રકરણ : ૮

# √अस् ધાતુનું પ્રયોગ–વૈવિધ્ય

**૮.૧** ભાષ્યકાર પતંજલિએ कृ - भू - अस् એ ત્રણ ધાતુઓને "ક્રિયાસામાન્ય-વાચી" ધાતુઓ કહ્યા છે. પણ એમાંથી कृ (કરવું, કશુંક નવું બનાવવું) અર્થમાં 'સકર્મક' ધાતુ છે. પણ કશું નવું બનાવવું એવા અર્થમાં વપરાતો આ ધાતુ છે—એમ કહીએ છીએ ત્યારે આ ધાત્વર્થમાં કોઈક 'ક્રિયા', કોઈક 'ચેષ્ટા' કે 'વ્યાપાર'ની અર્થચ્છટા પણ અન્તર્નિહિત રહેલી છે. જ્યારે भू અને अस्—એવા બે ધાતુઓમાંથી તો અનુક્રમે ૧. 'ઉત્પત્તિમૂલક સત્તા' અને ૨. 'અસ્તિત્વદર્શક સત્તા' એવા અર્થો જ પ્રકટે છે. માટે તે બંને ધાતુઓ 'અકર્મક' છે. વળી, भू (भवति) = જન્મવું, થવું —એ 'પ્રક્રિયાવાચી' ધાતુ છે, અને 'अस्' ધાતુનો અર્થ ધાતુપાઠમાં 'भुवि' હોવું, 'અસ્તિત્વમાં હોવું' એવી રીતે દર્શાવ્યો છે. તો આ બે ધાતુઓના ઉપર્યુક્ત અર્થો બીજી કોઈપણ ક્રિયામાં અન્તર્નિહિત હોય છે જ; તેથી, તે બે ધાતુઓને પણ 'ક્રિયાસામાન્યવાચી' કહ્યા છે.

પરંતુ આપણે अस् ધાતુનો ક્રિયાસામાન્યવાયી ધાતુ તરીકે પ્રયોગ જોતાં પહેલાં, તેનો શુદ્ધ ધાતુ તરીકેનો પ્રયોગ પણ જોઈશું; અને આ ધાતુનો च्वि રૂપમાં અનુપ્રયોગ થાય છે કે નહીં, તે પણ જોઈશું.

પરંતુ સૌથી પહેલાં આ ધાતુના વર્તમાનકાળ અને ભવિષ્યકાળનાં ક્રિયાપદના રૂપો જોઈશું :—

**૮.૨** **अस् ધાતુનાં ક્રિયાપદનાં રૂપો :**

√अस् - भुवि 'હોવું, અસ્તિત્વ હોવું' – કહેનારો આ ધાતુ બીજા ગણનો પરસ્મૈપદી ધાતુ છે. વર્તમાનકાળમાં તેનાં રૂપો નીચે મુજબ ચાલે છે :

**√अस् भुवि (વર્તમાનકાળ), પરસ્મૈપદ**

| ઉદ્દેશ્ય↓ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમ પુરુષ | अस्ति | स्तः | सन्ति |
| મધ્યમ પુરુષ | असि | स्थः | स्थ |
| ઉત્તમ પુરુષ | अस्मि | स्वः | स्मः ॥ |

**√अस् भुवि (ભવિષ્યત્કાળ)માં રૂપો**

अस्तेर्भूः । પાણિનીય સૂત્ર અનુસાર ભવિષ્યત્કાળના પ્રત્યયો લાગે ત્યારે અસ ધાતુના સ્થાનમાં ઘણાં ક્રિયાપદોમાં भू ધાતુ જ (આદેશ તરીકે) આવી જાય છે. તેથી—

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| ઉદ્દેશ્ય↓ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમ પુરુષ | भविष्यति | भविष्यतः | भविष्यन्ति । |
| મધ્યમ પુરુષ | भविष्यसि | भविष्यथः | भविष्यथ । |
| ઉત્તમ પુરુષ | भविष्यामि | भविष्यावः | भविष्यामः ॥ |

એવાં ભૂ ના ભવિષ્યત્કાળનાં જ રૂપો ઉપયોગમાં લેવાના થાય છે.

## ૮.૩ अस् ધાતુનું પ્રયોગવૈવિધ્ય દર્શાવતું ચિત્ર :

અગાઉ જણાવ્યું છે તેમ જે अस् (अस्ति) એવો ધાતુ જગત્-પ્રપંચમાં સજીવ-નિર્જીવ પદાર્થોની 'સ્થિતિ' કે અસ્તિત્વ દર્શાવનારો ધાતુ છે; તે ભાષામાં જુદી જુદી રીતે વપરાય છે. આને સમજવા નીચેનો ચાર્ટ જુઓ




Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## ૮.૪ (A) अस् ધાતુનો પહેલા પ્રકારનો પ્રયોગ :

अस् → अस्ति । એવા ક્રિયાપદોનો શુદ્ધ ધાત્વર્થમાં [भुवि, હોવું, છે–અર્થમાં] પ્રયોગ થાય છે. પણ આ ધાતુના પ્રયોગવાળા જુદાં જુદાં વાક્યોનું વિશ્લેષણ કરવાથી, તેમાંથી બે સંદર્ભો પ્રકટતા આંખ સામે આવે છે :–

| (अ) અસ્તિત્વ દર્શક अस् | (ब) સ્થિતિવાચક अस् |
|---|---|
| ૧. कृष्णः वृन्दावने अस्ति । | ૧. पर्वताः उत्तुङ्गाः सन्ति । |
| ૨. भूतले घटः अस्ति । | ૨. नदी प्रलम्बा अस्ति । |
| ૩. आकाशे सूर्यः अस्ति । | ૩. समुद्रः अपारः अस्ति । |
| ૪. नभसि नक्षत्राणि सन्ति । | ૪. त्वं गौरः असि । |
| ૫. अहम् गृहे अस्मि । | ૫. चैत्रः मूर्खः अस्ति । |
| ૬. यूयम् शालायां स्थ । | ૬. अहम् वामनः अस्मि । |

આવી દ્વિવિધ અર્થચ્છટાઓ પ્રકટાવતાં ત્રણ-ત્રણ પદોનાં વાક્યો બનાવવાની અનેક રીતો છે :–

### (૧) કર્તા + વિશેષણ + ક્રિયાપદવાળું વાક્ય

| | |
|---|---|
| ૧. रामः चतुरः अस्ति । | ૭. रावणः राक्षसः अस्ति । |
| ૨. अहम् ब्रह्म अस्मि । | ૮. फलम् पक्वम् अस्ति । |
| ૩. त्वं धीमान् अस्ति । | ૯. कमलम् विकसितम् असि |
| ૪. वयं छात्राः स्मः । | ૧૦. पर्णानि शुष्कानि सन्ति । |
| ૫. सीता रामपत्नी अस्ति । | ૧૧. घटः नीलः अस्ति । |
| ૬. हनुमान् रामभक्तः अस्ति । | ૧૨. जलम् शीतलम् अस्ति । |

### (૨) કારકભેદ + કર્તા + अस् ધાતુનું ક્રિયાપદ :

| | |
|---|---|
| ૧. शरीरे इन्द्रियाणि सन्ति । | ૬. दानाय धनम् अस्ति । |
| ૨. उद्याने पुष्पाणि सन्ति । | ૭. परोपकाराय शक्तिः अस्ति । |
| ૩. सभायां पण्डिताः सन्ति । | ૮. मनोरञ्जनाय नाटकम् अस्ति । |
| ૪. वर्षायै प्रवातः अस्ति । | ૯. देशरक्षायै प्रक्षेपास्त्राणि सन्ति । |
| ૫. बीजांकुराय सूर्यप्रकाशःअस्ति। | ૧૦.निर्वाचनाय अनध्यायः अस्ति । |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૩) કર્તા + નિષેધાર્થક અવ્યય + अस् ધાતુનું ક્રિયાપદ :

| | |
|---|---|
| ૧. अहम् न अस्मि । | ૬. कः न अस्ति । |
| ૨. त्वं न असि । | ૭. सा न अस्ति । |
| ૩. छात्राः न सन्ति । | ૮. ते न सन्ति । |
| ૪. आवाम् (बान्धवौ) न स्वः । | ૯. एषः न अस्मि । |
| ૫. वयं (शत्रवः) न स्मः । | ૧૦. तौ न स्तः । |

(૪) કર્તા + પ્રશ્નાર્થક સર્વનામ (અથવા, પ્રશ્નાર્થક અવ્યય) + अस् ધાતુનું ક્રિયાપદ :

| ( किम् સર્વનામ) | (પ્રશ્નાર્થ અવ્યય) |
|---|---|
| ૧. चैत्रः कः अस्ति । | ૬. त्वम् कुतः असि । |
| ૨. सीता का अस्ति । | ૭. वयं कुत्र स्मः । |
| ૩. त्वम् कस्य असि । | ૮. युवाम् क्व स्थः । |
| ૪. यूयम् कस्मिन् स्थ । | ૯. अहम् किमर्थं अस्मि । |
| ૫. कोऽहम् अस्मि । | ૧૦. वयं कदा स्मः । |

**૮.૫** (B) ઉપસર્ગ સહિતના अस् ધાતુનો બીજા પ્રકારનો પ્રયોગ :

प्र વગેરે ઉપસર્ગ + अस् ધાતુનું ક્રિયાપદ ક્યાંય વપરાયું હોય તેવું ધ્યાનમાં નથી. આવા પ્રયોગો ગવેષણીય છે.

**૮.૬** (C) अस् ધાતુનો ત્રીજા પ્રકારનો પ્રયોગ :

એક "ક્રિયાસામાન્યવાચી ધાતુ" તરીકે अस् ધાતુનો પ્રયોગ તપાસવાનો હોય ત્યારે ચારેક પ્રકારના અન્ય ધાતુઓની પૂર્વસંકલ્પના કરીને, એવા અન્યાન્ય ધાતુઓના વિકલ્પે अस् ધાતુનાં રૂપો કેવી રીતે વપરાય છે ? તે જોઈશું.

**C-1** (ક્રિયાવાચી) સકર્મક ધાતુઓના વિકલ્પે, તે ધાતુના ભાવવાચક કૃદન્તની પાછળ अस् ધાતુનાં રૂપો વપરાતાં હોય છે. જેમ કે,

(૧) यजति ને બદલે → यजनम् अस्ति ।

(૨) स्तौति ને બદલે → स्तवनम् अस्ति ।

(૩) रचयति ને બદલે → रचना अस्ति ।

(૪) लभते ને બદલે → लाभः अस्ति । વગેરે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


અહીં अस् ધાતુ 'અકર્મક' હોઈને, વાક્યમાં કોઈ કર્મકારકવાચક દ્વિતીયાન્ત પદ આવી શકવાનું નથી, પણ यज् + ભાવવાચક કૃદન્તનો अन પ્રત્યય લાગીને, જે यजन શબ્દ બન્યો છે, તે કર્તા-કારક પદ તરીકે વાક્યમાં પ્રવેશેલ છે. यजनम् अस्ति। આથી 'યજન' રૂપ ભાવની 'સત્તા' (= અસ્તિત્વ)ને કહેવાનું કામ अस्ति। ક્રિયાપદ કરે છે.

किम् अस्ति ? । એવો કોઈ પ્રશ્ન કરે તો, यजनम् अस्ति એવો જવાબ મળી શકે, એટલે કે 'યજન' રૂપ 'ભાવ'ના અસ્તિત્વનો બોધ કરાવી શકાય છે.

**વિશેષ વિમર્શ :** હવે વધારે જિજ્ઞાસા હોય તો, થોડુંક ચિંતન આગળ વધારીએ. (૧) यजनम् अस्ति । એ 'यजति' એવા વિશેષ ક્રિયાવાચચી ક્રિયાપદના વિકલ્પે એટલે વાપરી શકાયું છે કે (ક) ધાતુવાચ્ય કોઈપણ વિશેષ ક્રિયામાં કશુંક કરવું (વ્યાપાર), ઉત્પન્ન થવું, કે હોવા = સત્તા માત્રનો એક સામાન્ય અંશ તો અન્તર્નિહિત હોય છે જ, જે સત્તા (= 'હોવું') રૂપ અર્થ કહેનારો अस् भुवि ધાતુ છે; અને માટે આ अस् ધાતુને વ્યાકરણ મહાભાષ્યમાં "ક્રિયાસામાન્યવાચી" ધાતુ કહેલ છે. આથી યજન-ક્રિયામાં પણ કશું 'હોવા'રૂપ અર્થ તો પડેલો જ છે, તેથી "यजनम् अस्ति ।" એમ બોલી શકાય છે, (ખ) હવે, આ "यजनम् अस्ति ।" એવા વાક્યમાં 'યજન' શબ્દ તો ભાવવાચક કૃદન્ત શબ્દ છે; એટલે કે 'યજન' એ તો એક 'ભાવ' (સિદ્ધક્રિયા = પૂરી થયેલી ક્રિયા) છે; એની "સત્તા" મૂર્ત રૂપે કેવી રીતે અનુભવવી ?! એવો જો કોઈને પ્રશ્ન થાય તો, મહાભાષ્યકાર પતંજલિએ કહ્યું છે કે – कृदभिहितो भावः **द्रव्यवत्** प्रकाशते । (૨-૨-૧૯) "કૃદન્ત પ્રત્યયથી કહેવાતો 'ભાવ' દ્રવ્યપદાર્થની જેમ (જ) પ્રકાશે છે" (એમ માનવું). આથી 'યજન' રૂપ 'ભાવ'; કે જે એક દ્રવ્યની જેમ પ્રકાશે છે, તેનું અસ્તિત્વ કહેવા માટે, તેની પાછળ સત્તાર્થક √अस् ધાતુસાધિત "अस्ति" ક્રિયાપદ "ક્રિયાસામાન્યવાચી ક્રિયાપદ" તરીકે વાપરી શકાય છે.

(ગ) વધુ મહત્ત્વની એક ત્રીજી વાત પણ કરી લેવી જોઈએ : यजनम् अस्ति । એ વાક્યમાં 'अस्ति' ક્રિયાપદ તો 'યજન' રૂપ ભાવની વર્તમાનકાલિક સત્તામાત્રને કહેશે; પણ 'યજન' શબ્દમાં જે यज् ધાતુ પડ્યો છે તે યજન-ક્રિયાના અન્ય કારકોને પણ ગર્ભિત રીતે લઈને બેઠો હોય છે ! આથી તે તે કારકોને જો વ્યક્ત કરવાં હોય, જેમકે, ઘી વડે યજન થાય છે, તો 'ઘી'ને સંબંધ-અર્થે षष्ठी લાગીને घृतस्य यजनम् अस्ति । એમ (પણ) બોલી શકાશે. ૨. **મોક્ષ મેળવવાના ઉદ્દેશ્ય/પ્રયોજનથી આ**



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



યજન થઈ રહ્યું છે - એમ કહેવું હશે, તો 'મોક્ષ' રૂપ સમ્પ્રદાનકારકને પણ સંબંધ-અર્થે ષષ્ઠી લાગીને मोक्षस्य यजनम् अस्ति । એમ બોલાશે. ઉ. જો इन्द्रस्य यजनम् अस्ति । બોલીશું, તો તેનો અર્થ ઇન્દ્રકર્મક યજનની અત્યારે સત્તા છે. (=કર્મકારક રૂપે 'ઇન્દ્ર' જેમાં પૂજાઈ રહ્યો છે, તેવો 'યજન' રૂપ ભાવ અત્યારે ચાલે છે—એમ અર્થ નીકળશે) જો रामस्य यजनम् अस्ति । બોલાશે તો, રામકર્તૃક યજનની સત્તા કહેવાશે ('રામ' જેનો કર્તા છે એવું યજન થઈ રહ્યું છે—એમ અર્થ નીકળશે.) ]

**(C-2)** ગત્યર્થક ધાતુઓના વિકલ્પે પણ, તે ધાતુના ભાવવાચક કૃદન્તની પાછળ ક્રિયાસામાન્યવાચી अस् ધાતુનાં રૂપો વાપરી શકાય છે :—

(૧) रामः समुद्रम् अतिक्रामति ।
(રામ સમુદ્રને ઓળંગી જાય છે) ↓
(रामेण) समुद्रस्य अतिक्रमणम् अस्ति ।

(२) विदूषकः उद्याने ढौकते । (ढौकिष्यते ।)
(વિદૂષક બગીચામાં લટાર મારે છે) ↓
विदूषकस्य ढौकनम् अस्ति ।

(३) कृष्णः वृन्दावने अटति । (કૃષ્ણ વૃંદાવનમાં ફરે છે.)
कृष्णस्य वृन्दावने अटनम् अस्ति ।

**(C-3/$_1$)** (ક્રિયાવાચી) અકર્મક ધાતુઓના વિકલ્પે ભાવવાચક કૃદન્તની પાછળ √अस् ધાતુનાં રૂપો વપરાતાં હોય છે :—
જેમકે,

(१) शेते → शयनम् अस्ति ।
(२) रमते → रमणम् अस्ति ।
(३) हसति → हासः अस्ति । અથવા हसनम् अस्ति ।
(४) चलति → चलनम् अस्ति ।
(५) गर्जति → गर्जनम् अस्ति ।

અહીં शेते । વગેરે ક્રિયાવાચી અકર્મક ક્રિયાપદોના વિકલ્પે शयनम् अस्ति । જેવું વાક્ય વપરાયું છે. અહી √शीङ् शयने । ધાતુને ભાવવાચક अन પ્રત્યય લાગીને શયન શબ્દ બને છે; તેની પાછળ આવેલ अस्ति । ક્રિયાપદનું તે (शयनं)'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



કર્તાકારક પદ બને છે. એટલે કે– किम् अस्ति । એવા પ્રશ્નના ઉત્તર રૂપે शयनम् अस्ति । એવો જવાબ મળે છે. એવી જ રીતે, रमते । (રમે છે, આનંદ કરે છે) એવા ક્રિયાવાચી અકર્મક ક્રિયાપદના વિકલ્પે, रमणम् अस्ति । એવું વાક્ય બનાવાયું છે. અહીં પણ रमणम् જેવા ભાવવાચક કૃદન્તની પાછળ ક્રિયાસામાન્યવાચી अस् ધાતુનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

**[વિશેષવિમર્શ :** (૧) અહીં સીધા સાદા લાગતાં આ વાક્યો કાવ્યમાં વપરાય છે, ત્યારે शयनम् । रमणम् । જેવા ભાવવાચક કૃદન્ત શબ્દોમાં વપરાયેલા ण – न જેવા અનુનાસિક ધ્વનિઓથી સંસ્કૃતભાષાની સંગીતાત્મકતા ઊભી થતી હોય છે. દા.ત.

अधरं मधुरं, वदनं मधुरं
नयनं मधुरं, हसितं मधुरम् ।
हृदयं मधुरं गमनं मधुरम्
मधुराधिपतेरखिलं मधुरम् ॥१॥

**करणं मधुरम्, तरणं मधुरं**
**हरणं मधुरं, स्मरणं मधुरम् ।**
वमितं मधुरं, शमितं मधुरम्
मधुराधिपतेरखिलं मधुरम् ॥ (मधुराष्टकम् गीतम्)

અહીં "मधुराधिपतिः (कृष्णः) मधुरम् गच्छति ।" અથવા તો "मधुराधिपतिः (कृष्णः) यमुनायां मधुरं तरति ।" એવા गच्छति । કે तरति । એવા ક્રિયાવિશેષવાચી ક્રિયાપદના વિકલ્પે (कृष्णस्य) गमनम् मधुरम् [अस्ति] । તથા (कृष्णस्य) तरणं मधुरम् [अस्ति] । જેવાં વાક્યો બની શક્યાં છે, અહીં "કૃષ્ણકર્તૃક ગમન મધુર છે", કે 'કૃષ્ણકર્તૃક તરણ રૂપ ક્રિયા (= ભાવ) મધુર છે" –એવા અર્થનો બોધ થાય છે. (कृष्णस्य) हसनं मधुरम् अस्ति । એટલે "કૃષ્ણકર્તૃક = કૃષ્ણસંબંધી (= કૃષ્ણ દ્વારા કરવામાં આવતું) હાસ્ય મધુર છે." –એમ સમજાય છે.

(૨) ક્રિયાવિશેષવાચી ધાતુઓને લાગતો આ ભાવવાચક 'अन' એવો કૃદન્ત પ્રત્યય કેવળ 'ભાવ' (અમુક ક્રિયા)નો જ અર્થ આપે છે એવું નથી. (મૂળ શાસ્ત્રકાર પાણિનિએ તેનો 'બહુલમ્' તરીકે ઉલ્લેખ કર્યો છે.) એટલે કે આ अन પ્રત્યય 'ભાવ' ઉપરાંત અન્ય કારકાર્થોમાં પણ પ્રવૃત્ત થઈ શકે છે. એક-બે ઉદાહરણના માધ્યમથી આ વાત સ્પષ્ટ કરીશું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



शेते। ક્રિયાપદના વિકલ્પે शयनम् अस्ति। એવો જો પ્રયોગ કરવામાં આવે તો, સંભવ છે કે, કોઈક શ્રોતાના મનમાં શી ધાતુને લાગેલો આ અન પ્રત્યય "અધિકરણ-કારક" અર્થમાં લાગ્યો છે એમ જો સમજાય તો, તે शयनम् अस्ति। નો અર્થ "આ સુવાની પથારી છે"; આ શયન = શૈયા છે" —એમ પણ તે કરી શકે છે ! रामस्य शयनम् मधुरम् अस्ति। એટલે 'રામની સુવાની પથારી મધુર—સુંવાળી—છે' એમ પણ સમજી શકાય ! તથા 'बालकृष्णस्य शयनं मधुरम् अस्ति।નો અર્થ "બાળકૃષ્ણની સૂવાની ભંગિમા—રીત—બહુ મધુર છે !" એવો ભાવપરક પણ અર્થ થઈ શકે છે.

આવી જ રીતે, આ ભાવવાચક અન પ્રત્યય 'કર્તાકારક' અર્થમાં પણ પ્રયોજાતો દેખાય છે. દા.ત. ગીતગોવિન્દમાં જોઈએ તો —

मधु–मुर-नरक-विनाशन,
　　　　गरुडासन　　ए ।
सुरकुलकेलिनिदान,
　　　　जय जय देव हरे ॥ १.४ ॥

"હે દેવ ! હે હરિ ! તમે જય પામો. 'મધુ', 'મુર' અને 'નરક' નામના અસુરોનો વિનાશ કરનાર (વિનાશન = વિનાશક) અને ગરુડ ઉપર જે બેસી છે (गरुडे यः आस्ते सः गरुडासनः) એવા હે "ગરુડાસન" દેવ જગદીશ ! તમે જય પામો" વગેરે.

(ટૂંકમાં, ક્યારેક અન પ્રત્યય 'अक' અર્થમાં વપરાયો હોય છે.) અહીં विनाशयति। એવા ક્રિયાવિશેષવાચી (પ્રેરક) ક્રિયાપદના વિકલ્પે हे हरे! त्वं विनाशनः असि। એવું વાક્ય કવિ જયદેવે મનમાં વિચાર્યું છે (અને સામાસિક રચનામાં તેને સંબોધન પદ તરીકે ગોઠવ્યું છે.) આમ જુદા જુદા ક્રિયાવિશેષવાચી ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુઓના ભાવવાચક અન પ્રત્યયાન્ત કૃદન્ત શબ્દો બનાવીને તેની પાછળ "ક્રિયાસામાન્યવાચી ધાતુ તરીકે" अस् નાં ક્રિયાપદો પણ ભાષામાં વપરાતા હોય છે.

આવી જ રીતે यः मोचयति, स मोचनः। यः मोहयति, सः "मोहनः" कृष्ण। કે यः मदयति, स मदनः (कामदेवः)। એવા ભાવવાચક કૃદન્ત શબ્દો પણ બનાવી શકાય છે. પણ તેની પાછળ अस् ધાતુના રૂપો વાપરી શકાય. જેથી

(१) (हे कामदेव !) **त्वं मदनः** असि।

(२) अहम् (कृष्णः) **मोहनः** अस्मि।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


(૩) (हनुमान्) संकटमोचनः अस्ति । જેવાં પ્રચલિત વાક્યો પણ સિદ્ધ થાય છે !]

**(C-3/2)** (પ્રક્રિયાવાચી) અકર્મક ધાતુઓના વિકલ્પે, ભાવવાચક अन પ્રત્યયાન્ત કૃદન્તની પાછળ अस् ધાતુનાં ક્રિયાપદો પણ વાપરી શકાય છે.

જેમકે,

(૧) ग्रीष्मे जलम् शुष्यति । (ઉનાળામાં પાણી શોષાય છે.)
(ग्रीष्मे) जलस्य शोषणम् अस्ति ।

(૨) सायंकाले पुष्पाणि म्लायन्ति । / क्लाम्यन्ति ।
(सायंकाले) पुष्पाणां म्लानिः अस्ति । क्लान्तिः अस्ति ।

(૩) अयोगोलकः जले गाहते ।
(લોખંડનો ગોળો પાણીમાં ડૂબે છે)
अयोगोलकस्य (जले) गाहनम् अस्ति ।

(૪) निद्रालुः वारंवारं जृम्भते ।
(ઊંઘવાની ઇચ્છાવાળાને વારેવારે બગાસાં આવે છે.)
निद्रालोः वारंवारं जृम्भणम् अस्ति ।
(નિદ્રાલુને વારેવારે બગાસું હોય છે.

(૫) (प्रभाते क्रमशः) चन्द्रप्रकाशो विनश्यति ।
(સવારે ધીમે ધીમે) ચંદ્રપ્રકાશ વિનાશ પામે છે.
चन्द्रप्रकाशस्य विनाशः अस्ति । विनाशनम् अस्ति ।

અહીં, शुष्यति, क्लाम्यति, जृम्भते, विनश्यति । વગેરે પ્રક્રિયાવાચી ક્રિયાપદો વપરાયાં છે, તેમના વિકલ્પે પણ अन / अ / ति પ્રત્યયાન્ત ભાવવાચક કૃદન્તો (शोषण, विनाश, क्लान्ति) વપરાય છે; અને તેની પાછળ "ક્રિયાસામાન્યવાચી" ધાતુ તરીકે अस् ધાતુસાધિત ક્રિયાપદ વપરાય છે.

**(C-4)** अस् ધાતુના જ લગભગ પર્યાયવાચી હોય તેવા પણ કેટલાક ધાતુઓના વિકલ્પે પણ अस् એવા ક્રિયાસામાન્યવાચી ધાતુનો પ્રયોગ થઈ શકતો હોય છે.

ઉદાહરણ તરીકે :–

(૧) (उत्तराखण्डे हिमालयस्य) पर्वताः तिष्ठन्ति । (અકર્મક)
(ઉત્તરાખંડમાં હિમાલયના) પર્વતો ઊભા છે ↓
पर्वताः सन्ति ।

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૨) क्रीडाङ्गणे बालकाः वर्तन्ते ।

રમતના મેદાનમાં બાળકો છે. ↓

क्रीडाङ्गणे बालकाः सन्ति ।

(૩) वयं (पाण्डवाः) सत्ये वर्तामहे ।

અમો (પાંડવો) સત્યને વિશે પ્રવર્તીએ છીએ. ↓

वयं सत्ये स्मः ।

(૪) काश्याम् पण्डिताः विद्यन्ते ।

કાશીમાં પંડિતો હાજર છે ↓

काश्याम् पण्डिताः सन्ति ।

## ૮.૭ अस् ધાતુનો ચોથા પ્રકારનો પ્રયોગ

ભાષ્યકાંર પતંજલિના મતે अस् ધાતુ પણ "ક્રિયાસામાન્યવાચી" ધાતુ છે. આથી તેના બે પ્રકારના "અનુપ્રયોગ"ની પણ ચર્ચા કરવી જોઈએ.

(D) लिट् લકાર = પરોક્ષ ભૂતકાળનાં રૂપોમાં अस् નો અનુપ્રયોગ થાય છે; તથા

(E) च्वि રૂપવાળા શબ્દની પાછળ પણ अस् ધાતુનો અનુપ્રયોગ કરવાનું વિધાન છે. આથી આ બંને મુદ્દા વિશે, ટૂંકી, પણ આવશ્યક વાત કરી લઈશું.

(D) लिट् લકાર (= પરોક્ષ ભૂતકાળ)માં કેટલાંક ધાતુઓના ક્રિયાપદોમાં √अस ધાતુમાંથી બનેલા आस-आसतुः-आसुः જેવા ઘટકો ઉમેરાતાં હોય છે; જે મૂળ ધાતુના પાછળ જોડાય છે; આથી તેને 'અનુ-પ્રયોગ' કહેવાય છે. દા.ત. रचयामास - रचयामासतुः - रचयामासुः । વગેરે

(E) જેવી રીતે, स्थिरीभवति । पुत्रीकरोति । વગેરે च्वि પ્રત્યયાન્ત શબ્દોની પાછળ "ક્રિયાસામાન્યવાચી ધાતુ" તરીકે भू અને कृનો અનુપ્રયોગ થયો છે, તેવી જ રીતે अस्નો પણ અનુપ્રયોગ થાય છે જ; પણ શાસ્ત્રપ્રક્રિયા આવા સંજોગોમાં अस् ધાતુને પણ ('આદેશ' કરીને) भू ધાતુમાં ફેરવી દે છે; તેથી તે (अस् કોઈ પણ च्विપ્રત્યયાન્ત રૂપમાં સાંભળવા મળતો નથી. આથી च्वि માં 'અનુપ્રયોગ' તરીકે अस् સંભળાતો હોય તેવું ઉદાહરણ ભાષામાં વપરાયેલું મળતું નથી.

□□□

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## વિભાગ - ૨

### પ્રકરણ—૯

## कृ ધાતુનો હ્યસ્તન ભૂતકાળમાં વિનિયોગ

૯.૦ સંસ્કૃત ભાષાના ક્રિયાપદોમાં કુલ છ 'કાળ' (Tense) અને ચાર 'અર્થ' (Mood) વપરાય છે. (અંગ્રેજી ભાષામાં જોવા મળતી 'કાળ'ની વ્યવસ્થા કરતાં, સંસ્કૃત ભાષામાં કાળની વ્યવસ્થા સાવ જુદા પ્રકારની જ છે. જેમકે,

કાળ ↓

| (૧) ભૂતકાળ | (૨) વર્તમાનકાળ | (૩) ભવિષ્યત્કાળ |
|---|---|---|
| ↓ | ↓ | ↓ |
| ત્રણ પ્રકારો | એક જ પ્રકાર | બે પ્રકારો |
| (ક) પરોક્ષ ભૂતકાળ | (ક) વર્તમાનકાળ (લટ્ લકાર) | (ક) અનદ્યતન (= આવતીકાલ માટેનો) ભવિષ્યત્કાળ |
| (ખ) સાદો ભૂતકાળ (= અદ્યતન ભૂતકાળ) | | (ખ) સાદો ભવિષ્યત્કાળ (લૃટ્ લકાર) |
| (ગ) હ્યસ્તન ભૂતકાળ (લઙ્ લકાર) | | |

**નોંધ :** આપણે 'વિભાગ-૧'માં વાક્યરચના, ક્રિયાસામાન્યવાચી ત્રણ ધાતુઓનો પરિચય અને તે ત્રણેય ધાતુઓની વર્તમાનકાળ અને ભવિષ્યત્કાળમાં થનારી વિવિધ વાક્યરચનાઓ જોઈ લીધી છે.

હવે —

વિભાગ-૨માં આ જ ત્રણ ક્રિયાસામાન્યવાચી ધાતુઓનાં હ્યસ્તનભૂતકાળનાં ક્રિયાપદનાં રૂપો વાપરીને જુદી જુદી વાક્યરચનાઓ જોઈશું.

**૯.૧** આરંભે સંસ્કૃત ભાષાના ત્રણ ભૂતકાળોની સામાન્ય સમજ કેળવી લેવી જોઈએ.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**(ક) પરોક્ષ ભૂતકાળ :** જે તે વક્તાના જન્મ પૂર્વેનો કાળ, કે જે કાળમાં બનેલી ઘટનાઓ (= ક્રિયાઓ) વક્તાએ પોતે પ્રત્યક્ષ જોઈ હોતી નથી; અથવા કહો કે તે ક્રિયાઓ એ વક્તાની હયાતીમાં બની હોતી જ નથી. આથી વક્તાના જન્મ પૂર્વેની કોઈપણ ક્રિયા વિશે વાત કરવાની થાય, તો સંસ્કૃતમાં સામાન્ય રીતે "પરોક્ષ ભૂતકાળ" (लिट् લકાર) નાં રૂપો વપરાય છે.

(અને વળી, વક્તા જો સ્વપ્નાવસ્થા જોતો હોય, તેણે કોઈ નશો કર્યો હોય, કે તે ગાંડો થઈ ગયો હોય તો પણ તે વર્તમાનકાળની ક્રિયાઓ માટે ય પરોક્ષ ભૂતકાળનાં રૂપો વાપરતો જોવા મળે છે !, પણ આવા કોઈ વિશેષ સંજોગો ન હોય તો તો, પોતાના જન્મપૂર્વેની ઘટના માટે જ પરોક્ષ ભૂતકાળનાં રૂપો વપરાય છે.)

| | વર્તમાનકાળ | પરોક્ષ ભૂતકાળ |
|---|---|---|
| દા.ત. | भू - भवति | → बभूव - बभूवतुः - बभूवुः । |
| | कृ - करोति | → चकार - चक्रतुः - चक्रुः । |
| | अस् - अस्ति | → (જુદા રૂપો થતાં નથી) |

बभूव ઈત્યાદિ જે વપરાય અને, ક્યાંક કોઈ ધાતુના પરોક્ષ ભૂતકાળમાં, તે 'અનુપ્રયોગ' તરીકે સાંભળવા મળે. જેમકે,

रचयामास । दर्शयमास ।

(- + आस् । - + आसतुः - + आसुः )

**(ખ) સાદો ભૂતકાળ :** (लुङ् લકાર) આ પ્રકારનો ભૂતકાળ, સંસ્કૃત ભાષામાં કુલ બે સંદર્ભોમાં વાપરી શકાય છે. જેમકે –

(૧) આજે સવારથી શરૂ કરીને, વક્તા બોલતો હોય ત્યાં સુધીનો આજનો વીતેલો ભૂતકાળ.

અને

(૨) ગયા પરમ દિવસથી માંડીને, બોલનારની જન્મતારીખ સુધીનો ભૂતકાળ –

આ બન્ને માટે "સાદો ભૂતકાળ" એવો શબ્દ વાપરવો જોઈએ. (આચાર્ય હેમચન્દ્રે તથા પ્રોફે. આર. જી. ભાંડારકરે આ लुङ् લકાર માટે જે "અદ્યતન ભૂતકાળ" શબ્દ વાપર્યો છે, તે અવ્યાપ્તિ દોષગ્રસ્ત છે. માટે ત્યાજ્ય છે.) દા.ત.

| | ધાતુ | વર્તમાનકાળ | સાદો ભૂતકાળ |
|---|---|---|---|
| (૧) | भू → | भवति । | - अभूत् । |
| (૨) | कृ → | करोति । | - अकार्षीत् । |
| (૩) | अस् → | अस्ति । | अभूत् (જુદું રૂપ નથી થતું) |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(ગ) હ્યસ્તન ભૂતકાળ : (लङ् લકાર) આ પ્રકારનો ત્રીજો ભૂતકાળ "ગઈકાલે"* બનેલી ક્રિયાઓ માટે વપરાય છે. કેમકે આ ભૂતકાળનું નામ જ "હ્યસ્તન" (= ગઈકાલ છે) છે. પરંતુ સમગ્ર સંસ્કૃત ભાષાના સાહિત્યમાં તપાસ કરવાથી એવું જોવા મળે છે કે આપણા કવિઓએ અને શાસ્ત્રકારોએ ઉપર વર્ણવ્યા મુજબની અર્થચ્છાંયાવાળા ભૂતકાળનાં ક્રિયાપદો વાપર્યાં જ નથી ! એટલે કે પરોક્ષ ભૂતકાળની પરિસ્થિતિમાં પણ હ્યસ્તન ભૂતકાળનું જ ક્રિયાપદ ઘણે ભાગે વાપર્યું છે, તથા 'સાદા ભૂતકાળ'ના સંદર્ભમાં પણ હ્યસ્તન ભૂતકાળ' વાળું ક્રિયાપદ વાપર્યું છે ! આથી વધુ પ્રચારમાં આ હ્યસ્તન ભૂતકાળનાં જ રૂપો છે, એવું તારણ નીકળે છે.

**૯.૨** कृ - भू - अस् એ ત્રણેય ધાતુઓના પરસ્મૈપદ અને 'કર્તરિ પ્રયોગ'માં હ્યસ્તન ભૂતકાળના જે રૂપો થાય છે, તે નીચે મુજબ છે :—

**(ક) कृ (करोति) નાં હ્યસ્તન ભૂતકાળમાં રૂપો :**

| ઉદ્દેશ્ય↓ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| (૧) પ્રથમ પુરુષ (જગત્) | अकरोत् | अकुरुताम् | अकुर्वन् । |
| (૨) મધ્યમ પુરુષ (શ્રોતા) | अकरोः | अकुरुतम् | अकुरुत । |
| (૩) ઉત્તમ પુરુષ (વક્તા) | अकरवम् | अकुर्व | अकुर्म ॥ |

**(ખ) भू ( भवति ) નાં હ્યસ્તન ભૂતકાળમાં રૂપો :**

| ઉદ્દેશ્ય↓ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| (૧) પ્રથમ પુરુષ (જગત્) | अभवत् | अभवताम् | अभवन् । |
| (૨) મધ્યમ પુરુષ (શ્રોતા) | अभवः | अभवतम् | अभवत । |
| (૩) ઉત્તમ પુરુષ (વક્તા) | अभवम् | अभवाव | अभवाम ॥ |

* ह्यः (અવ્યય) = ગઈકાલ; અને श्वः (અવ્યય) = આવતીકાલ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(ગ) अस् ( अस्ति ) નાં હ્યસ્તન ભૂતકાળમાં રૂપો :

| ઉદ્દેશ્ય↓ | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| (૧) પ્રથમ પુરુષ (જગત્) | आसीत् | आस्ताम् | आसन् । |
| (૨) મધ્યમ પુરુષ (શ્રોતા) | आसीः | आस्तम् | आस्त । |
| (૩) ઉત્તમ પુરુષ (વક્તા) | आसम् | आस्व | आस्म ॥ |

**૯.૩** (A) 'કરવું, બનાવવું' એવા શુદ્ધ ધાત્વર્થમાં कृ ધાતુનો હ્યસ્તન ભૂતકાળમાં સાતેક રીતે ઉપયોગ થઈ શકતો હોય છે – (ત્રણ ત્રણ પદોવાળી વાક્યરચનાઓ)

(૧) કર્તા + કર્મ + कृ ધાતુનું હ્યસ્તન ભૂતકાળનું રૂપ = વાક્ય

(૨) કર્તા + પ્રશ્નાર્થક અવ્યય + कृ ધાતુનું હ્યસ્તન ભૂતકાળનું રૂપ

(૩) કર્તા સિવાયનાં કારકો + પ્રશ્નાર્થક किम् સર્વનામ + कृનું હ્ય. ભૂ.કા.

(૪) કર્તા + નિષેધાર્થક અવ્યય + कृ ધાતુનું હ્ય.ભૂ.કાળનું ક્રિયાપદ

(૫) કર્તા + ક્રિયાવિશેષણ રૂપ અવ્યય + कृ ધાતુનું હ્ય.ભૂ.કા.

(૬) વિશેષણ + કારક + कृ ધાતુનું હ્ય.ભૂ.કા.

(૭) ષષ્ઠ્યન્ત પદ + કારક + कृ ધાતુનું હ્ય.ભૂ.કા.નું રૂપ = વાક્ય

ઉદાહરણના માધ્યમથી આ સાતેય પ્રકારનાં વાક્યો બનાવીશું :

**(૧) કર્તા + કર્મ + कृ ધાતુનું હ્ય.ભૂ.કાળનું ક્રિયાપદ**

| વાક્ય | અનુવાદ |
|---|---|
| ૧. अहम् काव्यम् अकरवम् । | ૧. મેં કાવ્ય બનાવ્યું. |
| ૨. राजा राज्यम् अकरोत् । | ૨. રાજાએ રાજ્ય કર્યું. |
| ૩. त्वं घटम् अकरोः । | ૩. તેં ઘડો બનાવ્યો. |
| ૪. तक्षकः कपाटम् अकरोत् । | ૪. સુથારે કબાટ બનાવ્યું. |
| ૫. कृषिकाराः कृषिं अकुर्वन् । | ૫. ખેડૂતોએ ખેતી કરી હતી |
| ૬. (हे इन्द्र !) त्वं वृष्टिम् अकरोः। | ૬. (હે ઇન્દ્ર !) તમે વૃષ્ટિ કરી હતી. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૭. वयं स्वच्छताम् अकुर्म । | ૭. અમે સફાઈ કરી હતી. |
| ૮. यूयम् व्यायामम् अकुरुत । | ૮. તમે સૌએ કસરત કરી હતી. |
| ૯. आवाम् पूजाम् अकुर्व । | ૯. અમે બે જણે પૂજા કરી હતી. |
| ૧૦. सः (तन्तुवायः) पटम् अकरोत् । | ૧૦. તે (વણકરે) વસ્ત્ર કર્યું હતું. |

**(૨) કર્તા + પ્રશ્નાર્થ અવ્યય + कृ ધાતુનું હ્ય.ભૂ.કાળનું ક્રિયાપદ**

| | |
|---|---|
| ૧. अहं कदा अकरवम् । | ૧. મેં ક્યારે કર્યું હતું ? |
| ૨. यूयं कुत्र अकुरुत । | ૨. તમે સૌએ ક્યાં કર્યું હતું ? |
| ૩. वयम् किम् अकुर्म । | ૩. અમે સૌએ/આપણે શું કર્યું હતું ? |
| ૪. आवाम् किमर्थं अकुर्व । | ૪. અમે બે એ શા માટે કર્યું હતું ? |
| ૫. त्वं कुतः अकरोः । | ૫. તેં કેવી રીતે કર્યું ? |

**(૩) કર્તા સિવાયના કારક + પ્રશ્નાર્થ किम् સર્વનામ + कृનું હ્ય.ભૂ.કા.**

| | |
|---|---|
| ૧. कस्य वार्ताम् अकरोः । | ૧. (તું) કોની વાત કરતો હતો ? |
| ૨. कस्मात् कारणात् अकुर्म । | ૨. (અમે) કયા કારણે કર્યું હતું ? |
| ૩. कस्मिन् क्षेत्रे अकुर्वन् । | ૩. (તેમણે સૌએ) કઈ જગ્યાએ કર્યું હતું ? |
| ૪. केन पापम् अकरोत् । | ૪. (તેણે) શેના વડે પાપ કર્યું હતું ? |
| ૫. कैः साधनैः अकुरुताम् । | ૫. કયા સાધનોથી (તમે બે એ) કર્યું હતું ? |

**૪. કર્તા + નિષેધાર્થક અવ્યય + कृ ધાતુનું હ્ય.ભૂ. કાળનું ક્રિયાપદ**

| | |
|---|---|
| ૧. युवाम् न अकुरुताम् । | ૧. તમે બે જણે નહોતું કર્યું. |
| ૨. वयम् न अकुर्म । | ૨. અમે/આપણે નહોતું કર્યું. |
| ૩. सा नैव अकरोत् । | ૩. તેણીએ નહોતું જ કર્યું. |
| ૪. एषः न अकरोत् । | ૪. આણે નહોતું કર્યું. |
| ૫. ईयम् न अकरोत् । | ૫. આ સ્ત્રીએ નહોતું કર્યું. |

**૫. કર્તા + ક્રિયાવિશેષણ રૂપ અવ્યય + कृ ધાતુનું હ્ય - ભૂ.કા.નું રૂપ**

| | |
|---|---|
| ૧. नाः शीघ्रम् अकुर्वन् । | ૧. તેણીઓએ ઉતાવળે કર્યું હતું. |
| ૨. अहं पुनः पुनः अकरवम् । | ૨. મેં ફરી ફરીને કર્યું હતું. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ३. एषा क्रमशः अकरोत्। | ૩. તેણીએ ક્રમશઃ કર્યું હતું. |
| ४. वयं कथम् अकुर्म। | ૪. અમે/આપણે કેવી રીતે કર્યું ? |
| ५. आवाम् झटिति अकुर्व। | ૫. અમે બે જણે જલ્દીથી કર્યું હતું. |

**૬. વિશેષણ + કારક + कृ ધાતુનું હ્ય. ભૂ. કા.નું ક્રિયાપદ**

| | |
|---|---|
| १. बुद्धिमान् अपूर्वम् अकरोत्। | ૧. તે બુદ્ધિમાને અપૂર્વ (કાંઈક) કર્યું. |
| २. भगवान् अनुग्रहम् अकरोत्। | ૨. ભગવાને અનુગ્રહ કર્યો. |
| ३. वीराः क्षमाम् अकुर्वन्। | ૩. વીરોએ ક્ષમા કરી હતી. |
| ४. कृपणाः चौर्यम् अकुर्वन्। | ૪. કંજુસોએ ચોરી કરી હતી. |
| ५. निर्भयाः युद्धम् अकुर्वन्। | ૫. નિર્ભયોએ યુદ્ધ કર્યું હતું. |

**૭. ષષ્ઠયન્ત પદ + કારક + कृ ધાતુનું હ્ય. ભૂ.કા.નું રૂપ**

| | |
|---|---|
| १. (सः) तन्तूनाम् पटम् अकरोत्। | ૧. (તેણે) તાણાવાણાનું વસ્ત્ર કર્યું. |
| २. (वयं) धनस्य व्ययम् अकुर्म। | ૨. (અમે) ધનનો ખર્ચ કર્યો. |
| ३. (त्वं) कालस्य अपव्ययम् अकरोः। | ૩. (તેં) સમયનો બગાડ કર્યો હતો. |
| ४. नेतारः वंचनाम् अकुर्वन्। | ૪. નેતાઓએ વંચના કરી હતી. |
| ५. गुरवः ग्रन्थान् अकुरुत। | ૫. ગુરુઓએ ગ્રંથો રચ્યા હતા. |

**૯.૪ (B) (ઉપસર્ગ સહિતનો) कृ ધાતુનો બીજા પ્રકારનો પ્રયોગ :**

સંસ્કૃત ભાષામાં ક્રિયાવાચક ધાતુઓની પૂર્વે प्र, परा, अभि, सु વગેરે ઉપસંર્ગો લગાડીને નવી નવી અર્થચ્છટાઓ વિકસાવવામાં આવે છે. પરંતુ ભૂતકાળનાં ક્રિયાપદો બનાવીએ ત્યારે ઉપસર્ગ + अ + ધાતુ + વિકરણ પ્રત્યય + કાળવાચક त्-ताम्-अन् વગેરે હ્યસ્તન ભૂતકાળના પ્રત્યયો લાગીને રૂપરચના થાય છે તેનું ધ્યાન રાખવું. જેમકે – अकरोत् → प्र + अकरोत् = प्राकरोत्॥

**૮. કર્તા + કર્મ + સોપસર્ગ कृ ધાતુનું હ્યસ્તન ભૂતકાળનું ક્રિયાપદ**

| | |
|---|---|
| १. सैनिकाः शत्रून् प्रत्यकुर्वन्। | ૧. સૈનિકોએ શત્રુઓનો પ્રતિકાર કર્યો. |
| २. शिष्यः गुरुम् अन्वकरोत्। | ૨. શિષ્યે ગુરુનું અનુકરણ કર્યું હતું. |
| ३. नृपः राज्यम् अध्यकरोत्। | ૩. રાજાએ રાજ્ય ઉપર અધિકાર જમાવ્યો. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ४. न्यायाधीशः अन्यायं निरकरोत्। | ૪. ન્યાયાધીશે અન્યાયને દૂર કર્યો. |
| ५. (त्वम्) अज्ञानी काव्यं व्यकरोः। | ૫. (તેં) અજ્ઞાનીએ કાવ્યને વિકૃત કરી નાખ્યું. |

**૯.૫ (C) कृ ધાતુનો ત્રીજા પ્રકારનો પ્રયોગ :**

અન્યાન્ય ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુઓના ભાવવાચક કૃદન્તોની સાથે (–ની મદદમાં) कृ ધાતુનો "સહાયકારી ધાતુ" તરીકે પણ પ્રયોગ થાય છે એમ અગાઉ કહ્યું છે. કારણ કે, ભાષ્યકાર પતંજલિએ कृ - भू - अस्‌ને "ક્રિયા-સામાન્યવાચી ધાતુ" પણ કહ્યાં છે. આવી વૈકલ્પિક વાક્યરચના કરતી વખતે પણ વર્તમાનકાળ જેવી જ વાક્યરચનાની વ્યવસ્થા જળવાઈ રહે છે. कृ ધાતુના રૂપોનું કેવળ હ્યસ્તન ભૂતકાળમાં પરિવર્તન થશે. (બીજો કોઈ ફેરફાર થવાનો નથી.) જેમકે,




વાક્ય-૧ इन्द्रः[1] सोमरसम्[2] अपिबत्।
(ઇન્દ્રે સોમરસ પીધો) ↓ તેના વિકલ્પે

વાક્ય-૨ इन्द्रः[1] सोमरसस्य[6] [पानम् अकरोत्।
(ઇન્દ્રે સોમરસનું પાન કર્યું.)

> **(૯) કર્તા + કર્મ + ક્રિયાવિશેષવાચી સકર્મક ક્રિયાપદ – તેના વિકલ્પે –**
> **કર્તા+કર્મ→ષષ્ઠ્યન્ત પદ + ભાવવાચક કૃદન્ત રૂપ કર્મ + कृ નું હ્યસ્તન ભૂતકાળ**

| | |
|---|---|
| १. पुत्रः मातरम् अनमत्। | ૧. પુત્ર માતાને નમ્યો. |
| पुत्रः मातुः नमनम् अकरोत्। | પુત્રે માતાને નમન કર્યું. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| २. अहम् वेदमन्त्रान् अपठम् । | ૨. હું વેદમંત્રોને ભણતો હતો. |
| अहम् वेदमन्त्राणां पठनम् अकरवम् । | હું વેદમંત્રોનું પઠન કરતો હતો. |
| ३. त्वं मोदकान् अभक्षयः । | ૩. તેં લાડવાઓ ખાધા. |
| त्वं मोदकानां भक्षणम् अकरोः। | તેં લાડવાઓનું ભક્ષણ કર્યું. |
| ४. कन्याः ओदनम् अपचन् । | ૪. કન્યાઓએ ભાત રાંધ્યા. |
| कन्याः ओदनस्य पचनम् अकुर्वन् । | કન્યાઓએ ભાતનું પચન કર્યું. |
| ५. नारदः विष्णुम् अपश्यत् । | ૫. નારદે વિષ્ણુને જોયા. |
| नारदः विष्णोः दर्शनम् अकरोत् । | નારદે વિષ્ણુનું દર્શન કર્યું. |

**(૧૦) કર્તા + ક્રિયાવિશેષવાચી અકર્મક ક્રિયાપદ* = વાક્ય – તેના વિકલ્પે – કર્તા + ભાવવાચક કૃદન્ત રૂપ કર્મ + कृ નું હ્ય.ભૂ.કા.**

| | |
|---|---|
| १. कालनेमिः गुहायाम् अशेत । | ૧. કાલનેમિ (ગુફામાં) સૂતો હતો. |
| १. कालनेमिः शयनम् अकरोत् । | ૧. કાલનેમિએ શયન કર્યું હતું. |
| २. सीता लंकायाम् अवेपत । | ૨. સીતા (લંકામાં) કંપતી હતી. |
| २. सीता वेपनम् अकरोत् । | ૨. સીતા કંપન કરતી હતી. |
| ३. मधुकराः उद्याने अभ्रमन् । | ૩. મધુકરો (બગીચામાં) ભમતા હતા. |
| ३. मधुकराः भ्रमणम् अकुर्वन् । | ૩. મધુકરો ભ્રમણ કરતા હતા. |
| ४. त्वं सत्ये अतिष्ठः । | ૪. તું સત્યને વિશે ઊભો હતો. |
| ४. त्वं (सत्ये) स्थितिम् अकरोः । | ૪. તું સત્યને વિશે સ્થિતિ કરતો હતો. |
| ५. यूयं प्रातःकाले अचलत । | ૫. તમો સૌ સવારે ચાલતા હતા. |
| ५. यूयं (प्रातःकाले) चलनम् अकुरुत । | ૫. તમો સૌ ચાલવાનું કરતાં હતા. |

**નોંધ :** *અહી ક્રિયાવિશેષવાચી ધાતુઓ – अशेत, अवेपत (બંને આત્મનેપદી) अभ्रमन्, अतिष्ठः, अचलत (ત્રણે પરસ્મૈપદી) – **અકર્મક** હતા, તેથી તેના વિકલ્પે ભાવવાચક કૃદન્તની મદદમાં જ્યારે, (હ્યસ્તન ભૂતકાળમાં) સહાયકારી कृ ધાતુનો પ્રયોગ થયો છે. ત્યારે તે પોતે **સકર્મક હોવાથી,** ભાવવાચક કૃદન્ત શબ્દ કર્મકારક તરીકે દ્વિતીયા વિભક્તિને લે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## ૯.૬ (D) कृ ધાતુનો ચોથા પ્રકારનો પ્રયોગ :

**च्वि રૂપની પાછળ, कृ નો હ્યસ્તન ભૂતકાળમાં અનુપ્રયોગ**

આપણે પ્રકરણ-૬ (૬.૯)માં च्वि પ્રત્યયાન્ત શબ્દોની પાછળ कृ નો અનુપ્રયોગ થતો જોયો છે. દા.ત. मल्लिनाथः शब्दार्थं स्पष्टीकरोति । કે अन्धकारः नक्षत्राणि प्रकटीकरोति ।, અથવા તો गुरवः शिष्यान् पटूकुर्वन्ति । પરંતુ આવા વર્તમાનકાળવાળા પ્રયોગોને જ્યારે હ્યસ્તન ભૂતકાળમાં વાપરવાના થાય ત્યારે બે પ્રકારની વ્યવસ્થા ઉપયોગમાં લઈ શકાશે. જેમકે,

(ક) ૧. अन्धकारः नक्षत्राणि प्रकटीकरोति । (વર્તમાન)

૨. अन्धकारः नक्षत्राणि प्रकट्यकरोत् । (હ્યસ્તન)

અહીં 'प्रकटी' એવા च्व्यन्त શબ્દને ઉપસર્ગ = 'ગતિ'સંજ્ઞક ગણવામાં આવે છે, અને તેની પાછળ कृ નું अकरोत् । રૂપ જોડતાં, પ્રાપ્ત થતું સન્ધિકાર્ય પણ કરવું પડે છે. દા.ત. प्रकटी + अकरोत् → प्रकट्यकरोत् ॥ पटू + अकुर्वन् → पट्वकुर्वन् ॥

(ખ) અથવા, એક સરળ ઉપાય પણ હાથવગો છે, જેમકે, વર્તમાનકાળનાં રૂપોની પાછળ, કેવળ स्म અવ્યય જોડવાથી પણ હ્યસ્તન ભૂતકાળમાં તે ક્રિયાપદ ફેરવાઈ જાય છે. દા.ત.

स्पष्टीकरोति → स्पष्टीकरोति स्म ॥ વગેરે.

□□□

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## પ્રકરણ—૧૦

## भू ધાતુનો હ્યસ્તન ભૂતકાળમાં વિનિયોગ

**૧૦.૧** √भू सत्तायाम् (થવું, જન્મવું) એવા અર્થમાં વપરાતો આ ધાતુ પણ "ક્રિયાસામાન્યવાચી" ધાતુ ગણાયો છે. પરંતુ આ ધાતુ "વ્યાપાર, ચેષ્ટા, કોઈ હલન-ચલન" એવો અર્થ નથી આપતો; પણ આ બ્રહ્માંડમાં જે જન્મવું, વધવું, બદલાવું, ક્ષય પામવું અને વિનાશ પામવું આદિ "પ્રક્રિયા"ઓ ચાલે છે તેને સૂચવતો આ ધાતુ છે. આ ધાતુના પણ મુખ્યત્વે ચારેક પ્રકારના પ્રયોગ થતા જોવા મળે છે, (એમ ૭.૨માં આપણે દર્શાવ્યું છે.) જેમકે,

A. શુદ્ધ ધાત્વર્થ (= 'ઉત્પત્તિમૂલક સત્તા' અર્થ)માં પ્રયોગ,
B. ઉપસર્ગ સહિતના भू ધાતુનો પ્રયોગ,
C. અન્યાન્ય ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુના ભાવવાચક કૃદન્તની મદદમાં,
D. च्वि રૂપની પાછળ भू નો અનુપ્રયોગ.

આપણે ક્રમશઃ આ ચારેય પ્રકારના પ્રયોગોને ઉદાહરણોના માધ્યમથી સમજીશું.

**૧૦.૨** [A] શુદ્ધ ધાત્વર્થમાં भू ધાતુનાં હ્યસ્તન ભૂતકાળનાં રૂપોનો ઉપયોગ કરીને થનારી વાક્યરચનાઓ સપ્તવિધ છે.

**૧. કર્તા + વિશેષણ + भू ધાતુનું હ્યસ્તન ભૂતકાળનું ક્રિયાપદ :—**

| | |
|---|---|
| ૧. देवदत्तः पण्डितः अभवत् । | ૧. દેવદત્ત પંડિત થયો હતો. |
| ૨. वयं जिज्ञासवः अभवाम । | ૨. અમે જિજ્ઞાસુઓ બન્યા હતા. |
| ૩. त्वं विदूषकः अभवः । | ૩. તું (નાટકમાં) વિદૂષક બન્યો હતો. |
| ૪. आवाम् सैनिकौ अभवाव । | ૪. અમે બે સૈનિકો બન્યા હતા. |
| ૫. सर्वे प्रेक्षकाः अभवन् । | ૫. બધા પ્રેક્ષકો બન્યા હતા. |

**૨. જુદાં જુદાં કારકો + કર્તાકારક + भू ધાતુનું હ્યસ્તન ભૂતકાળ :—**

| | |
|---|---|
| ૧. जलेन कृषिः अभवत् । | ૧. પાણીથી ખેતી થઈ હતી. |
| ૨. पठनेन ज्ञानोदयः अभवत् । | ૨. વાંચવાથી જ્ઞાનોદય થયો હતો. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


| | |
|---|---|
| ३. त्वं परिश्रमी अभवः । | ૩. તું પરિશ્રમી થયો હતો. |
| ४. अहम् संस्कृतज्ञ अभवम् । | ૪. હું સંસ્કૃતજ્ઞ બન્યો હતો. |
| ५. युवाम् तरणशीलौ अभवतम् । | ૫. તમે બે તરવૈયા બન્યા હતા. |

**૩. ષષ્ઠી વિભક્તિવાળું પદ + ભાવવાચક કૃદન્ત (= કર્તાકારક) + भू નું હ્ય.ભૂ.કા.**

| | |
|---|---|
| १. मम सम्मानम् अभवत् । | ૧. મારું સમ્માન થયું હતું. |
| २. राष्ट्रद्रोहिणः ग्रहणम् अभवत् । | ૨. રાષ્ટ્રદ્રોહીને પકડવામાં આવ્યો હતો. |
| ३. प्रतिपक्षिणां विनाशः अभवत् । | ૩. પ્રતિપક્ષીઓનો વિનાશ થયો હતો. |
| ४. स्वपक्षिणाम् विजयः अभवत् । | ૪. આપણા પક્ષવાળાઓનો વિજય થયો હતો. |
| ५. अग्नेः शमनम् अभवत् । | ૫. અગ્નિનું શમન થયું હતું. |
| ६. मरणस्य विस्मरणम् अभवन् । | ૬. મરણનું તો વિસ્મરણ થઈ ગયું હતું. |
| ७. धनस्य अपहरणम् अभवत् । | ૭. ધનનું અપહરણ થયું. |

**૪. કારક + પ્રશ્નાર્થક અવ્યય + भू ધાતુનું હ્ય.ભૂ.કાળનું રૂપ**

| | |
|---|---|
| १. सेवकः कुत्र अभवत् । | ૧. નોકરિયાત ક્યાં હતો / થયો હતો ? |
| २. ज्ञानम् कदा अभवत् । | ૨. જ્ઞાન ક્યારે થયું ? |
| ३. रक्षकाः किमर्थम् अभवन् । | ૩. પોલીસો શા માટે હતા ? |
| ४. गुहायां किम् अभवत् । | ૪. ગુફામાં શું હતું ? |
| ५. नदी कुतः अभवत् । | ૫. નદી ક્યાંથી બની ? |

**૫. પ્રશ્નાર્થ किम् સર્વનામ+કારક + भू ધાતુનું હ્ય.ભૂ.કા.**

| | |
|---|---|
| १. केन मोक्षः अभवत् । | ૧. શેના વડે મોક્ષ (છુટકારો) થયો ? |
| २. कस्मै गृहम् (इदम्) अभवत् । | ૨. કોને માટે (આ) ઘર બન્યું હતું ? |
| ३. कस्मात् बन्धनम् अभवत् । | ૩. કોને/કયા કારણે બંધન થયું ? |
| ४. कस्मिन (पक्षे) त्वम् अभवः । | ૪. તું કોના (પક્ષ)માં હતો ? |
| ५. वयं कस्य अभवाम । | ૫. આપણે કોના થયા હતા ? |

**૬. કર્તા + નિષેધાર્થક અવ્યય + भू ધાતુનું હ્ય.ભૂ. કાળનું રૂપ**

| | |
|---|---|
| १. वयं न अभवाम । | ૧. આપણે નહોતા થયા. |
| २. त्वं (तदा) न अभवः । | ૨. તું (ત્યારે) જન્મ્યો ન હતો. |
| ३. अहम् न अभवम् । | ૩. હું (તે) નહોતો થયો. |


Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ४. यूयम् (सैनिकाः) न अभवत। | ૪. તમે બધા (સૈનિકો) નહોતા થયા. |
| ५. सर्वे (साधवः) न अभवन्। | ૫. બધા (સજ્જનો) નહોતા બન્યા. |

**૭. કર્તા + ક્રિયાવિશેષણ + भू ધાતુનું હ્યસ્તન ભૂતકાળનું રૂપ**

| | |
|---|---|
| १. ईश्वरावतारः पुनः अभवत्। | ૧. ઈશ્વરાવતાર ફરીથી થયો હતો. |
| २. पापानि झटिति अभवन्। | ૨. પાપો એકદમ પેદા થયાં. |
| ३. त्वं (ज्ञानी) शनैः शनैः अभवः। | ૩. તું (જ્ઞાની) ધીમે ધીમે થયો હતો. |
| ४. अहं (जिज्ञासुः) वारंवारम् अभवम्। | ૪. હું (જિજ્ઞાસુ) તો વારેવારે થયો હતો. |
| ५. वयं (विवक्षवः) नैकवारम् अभवाम। | ૫. અમે તો (બોલવાની ઈચ્છાવાળા) અનેકવાર થયા હતા. |

**૧૦.૩ (B) भू ધાતુનો બીજા પ્રકારનો પ્રયોગ :**

સોપસર્ગ भू ધાતુનાં હ્યસ્તન ભૂતકાળનાં ક્રિયાપદો વાપરીને પણ વાક્યરચના કરી શકાય છે. અલબત્ત, અહીં બે વાત સ્મરણીય છે : (ક) भू ધાતુના હ્યસ્તન ભૂતકાળનાં તૈયાર રૂપો (अभवत्)ની પૂર્વે ઉપસર્ગ જોડવામાં આવે છે; તથા ત્યાં જરૂરી સન્ધિકાર્ય કરવાં પડે છે. (ખ) ઉપસર્ગના યોગથી ક્યાંક-ક્યારેક અકર્મક એવો આ भू ધાતુ 'સકર્મક' પણ બની જાય છે.

**૮. કર્તા + કર્મ (અથવા અન્યકારક) + ઉપસર્ગસહિતનાં भू ધાતુના હ્યસ્તન ભૂતકાળનાં રૂપો**

| | |
|---|---|
| **સકર્મક** | |
| १. सीता सुखम् अन्वभवत्। | ૧. સીતાએ સુખ અનુભવ્યું. |
| २. नेतारः प्रजाः अभ्यभवन्। | ૨. નેતાઓએ પ્રજાજનોને અભિભૂત કરી દીધાં. |
| ३. (भो राम !) त्वं रावणं पराऽभवः। | ૩. (હે રામ,) તમે રાવણનો પરાભવ કરી નાખ્યો. |
| ४. अहं यन्त्रसुखम् अन्वभवम्। | ૪. મેં યન્ત્રસુખનો અનુભવ કર્યો. |
| **અકર્મક** | |
| ५. गङ्गा शंकरजटातः प्राभवत्। | ૫. ગંગા શંકરની જટામાંથી જન્મી હતી. |
| ६. बीजेभ्यः अंकुराः समभवन्। | ૬. બીજોમાંથી અંકુરો થયા હતા. |
| ७. (हे कृष्ण !) त्वं युगे युगे समभवः। | ૭. (હે કૃષ્ણ) તમે યુગે યુગે જન્મ્યા હતા. |
| ८. चन्द्रः सायंकाले आविरभवत्। | ૮. ચંદ્રમા સાંજે આવિર્ભાવ પામ્યા. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## ૧૦.૪ (C) ધાતુનો ત્રીજા પ્રકારનો પ્રયોગ :

ભાષામાં જુદી જુદી અનેક ક્રિયાઓ વ્યક્ત કરવા અનેક સકર્મક, અકર્મક, ગત્યર્થક એવા અન્યાન્ય ધાતુઓ વપરાતા હોય છે. આવા વિભિન્ન ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુઓના अन - अ - ति જેવા ભાવવાચક કૃદન્ત પ્રત્યયો લાગીને બનેલા શબ્દો વાપરી શકાય છે; અને તેવા ભાવવાચક કૃદન્ત શબ્દોની મદદમાં भू (કે अस्) જેવા ક્રિયાસામાન્યવાચી ધાતુઓ વાપરવામાં આવે છે. આથી વાક્યરચનાનું સ્વરૂપ નીચે મુજબનું જોવા મળે છે.




(૧) ઉદાહરણ તરીકે - (સકર્મક ધાતુ)

| | | | | |
|---|---|---|---|---|
| **વાક્ય – ૧ :** | भीष्मः[1] | अर्घ्येण[3] | कृष्णम्[2] । | अपूजयत् । |
| | (ભીષ્મે | અર્ધ્યથી | કૃષ્ણને | પૂજ્યા હતા) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| **વાક્ય – ૨ :** | भीष्मेण | अर्घ्येण | कृष्णस्य[6]; | पूजनम् ↓ | अभवत् । |
| | (કર્તા-૩) | (કરણ-૩) | (કર્મ-૬) | (કર્તા-૧) | |

**નોંધ :** અહીં किम् अभवत् । એવા પ્રશ્નના જવાબ રૂપે पूजनम् अभवत् । એમ કહેવાય છે. અહીં अभवत् ક્રિયાપદનું 'કર્તા'પદ पूजन છે, તેને નપુંસકલિંગ પ્રથમા વિભક્તિ, એકવચનનો પ્રત્યય લાગીને, पूजनम् अभवत् એવું વાક્ય બને છે.

હવે બીજે તબક્કે વિચારીએ કે, 'पूजनम्' એવા ભાવવાચક કૃદન્તમાં જે पूज (પૂજા કરવી) એવો "સકર્મક" ધાતુ બેઠેલો છે, તેનું 'કર્મ' કોણ ? – એટલે કે કોની

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



પૂજા થઈ હતી ? = પૂજન ક્રિયાનું 'કર્મકારક' કોણ હતું ? એવો પ્રશ્ન પૂછતાં જવાબ મળે છે કે "कृष्णम्" (पूजयति)। તો હવે ક્રિયાસામાન્યવાચી ભૂ ધાતુના યોગમાં તે पूजयति એવા મૂળ ક્રિયાપદના કર્મકારક = कृष्णम् ને ષષ્ઠી વિભક્તિમાં ફેરવવામાં આવે છે. [અહીં उभयप्राप्तौ कर्मणि। ૨-૩-૬૬ સૂત્રથી "કૃદન્ત શબ્દના યોગે કર્તા અને કર્મકારકને – એમ બંનેને જો ષષ્ઠી વિભક્તિ પ્રાપ્ત થાય તો, ત્યાં કેવળ કર્મકારક વાચક શબ્દને જ ષષ્ઠી વિભક્તિ લાગે છે અને બાકી રહેલા કર્તાકારકને ત્રીજી વિભક્તિમાં મૂકવામાં આવે છે.] તેથી –

| | | | | |
|---|---|---|---|---|
| भीष्मेण | अर्घ्येण | कृष्णस्य; | **पूजनम्** | **अभवत्** ॥ |
| (કર્તા-૩) | (કરણ-૩) | કર્મ- ૬ | કર્તા-૧ | (ક્રિયાપદ) |

બીજું એક ઉદાહરણ **અકર્મક** ધાતુનું લઈએ -

**વાક્ય-૧** सिंहः अगर्जत्। (સિંહ ગર્જ્યો હતો.)

**વાક્ય-૨** सिंहस्य [ गर्जनम् अभवत् ॥

(કર્તા-૬) કર્તા-૧ ક્રિયાપદ

**નોંધ :** અહીં મૂળ (ક્રિયાવિશેષવાચી) ક્રિયાંપદ अगर्जत् નો કર્તાકારક 'सिंहः' છે. હવે આ अगर्जत्। ના વિકલ્પે જ્યારે अन પ્રત્યયાન્ત ભાવવાચક. गर्जन શબ્દ, વાપરવો હોય ત્યારે, તે 'अभवत्' ક્રિયાનું 'કર્તાકારક' બને છે. શું થઈ રહ્યું છે ? किम् अभवत् ? તો, એના જવાબ રૂપે गर्जनम् अभवत्। એમ કહેવાય છે. હવે બીજે તબક્કે તે गर्जनम् એવા કૃદન્તમાં જે गर्ज् ધાતુ છે, તે ક્રિયાનો પણ કર્તા-કારક તો હોવાનો જ; જે અહીં 'सिंह' છે, તેને कर्तृकर्मणोः कृति। ૨-૩-૬૫ સૂત્રથી ષષ્ઠી વિભક્તિ લાગે છે. આમ सिंहस्य, गर्जनम् भवति। એવું રૂપાંતરિત વાક્ય બનાવી શકાય છે.

सिंहः अगर्जत्। 'સિંહ ગર્જ્યો હતો'; એવા વાક્યનું લગભગ સમાનાર્થી सिंहस्य गर्जनम् अभवत्। (સિંહનું ગર્જન થયું હતું.) એવું નવું વાક્ય બનાવી શકાય છે.

## ૧૦.૫ (C-1) સકર્મક ધાતુઓના વિકલ્પે......

**૯ કર્તા + કર્મ + ભૂ ધાતુનું હ્યસ્તન ભૂતકાળનું ક્રિયાપદ**

| | |
|---|---|
| ૧. गुरुः मन्त्रान् अशृणोत्। | ૧. ગુરુએ મંત્રો સાંભળ્યા. |
| ૧. गुरुणा मन्त्राणां श्रवणम् अभवत्। | ૧. ગુરુ વડે મંત્રોનું શ્રવણ થયું. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૨. शिष्यः वेदम् अपठत् । | ૨. શિષ્યે વેદ વાંચ્યો. |
| ૨. शिष्येण वेदस्य पठनम् अभवत् । | ૨. શિષ્ય વડે વેદનું પઠન થયું. |
| ૩. त्वं पुष्पाणि अचिनोः । | ૩. તેં પુષ્પો ચૂંટ્યા. |
| ૩. त्वया पुष्पाणां चयनम् अभवत् । | ૩. તારા વડે પુષ્પો ચૂંટાયા. |

**નોંધ :** અહીં મૂળ કર્તાને તૃતીયા વિ. લાગે છે અને કર્મને ષષ્ઠી લાગે છે.

**(C-2) અકર્મક ધાતુઓના વિકલ્પે.....**

**૧૦. કર્તા + કર્મભિન્ન કારક + ૩. भू ધાતુનું હ્ય. ભૂતકાળનું રૂપ**

| | |
|---|---|
| ૧. मन्दोदरी लंकायाम् अरोदीत् । | ૧. મંદોદરી (લંકામાં) રડી હતી. |
| ૧. मन्दोदर्याः रोदनम् अभवत् । | ૧. મંદોદરીનું રુદન થયું. |
| ૨. भ्रमराः उद्याने अभ्रमन् । | ૨. ભમરાઓ બગીચામાં ભમ્યા. |
| ૨. भ्रमराणाम् उद्याने भ्रमणम् अभवत् । | ૨. ભમરાઓનું બગીચામાં ભ્રમણ થયું. |
| ૩. कौरवाः पापैः अनश्यन् । | ૩. કૌરવો પાપો વડે નાશ પામ્યા. |
| ૩. कौरवाणां पापैः नाशनम् अभवत् । | ૩. કૌરવોનો પાપો વડે નાશ થયો. |

**નોંધ :** અકર્મક ધાતુ હોઈને, અહીં મૂળ વાક્યમાં કર્મ તો હોતું નથી, પણ રૂપાંતરિત–વાક્યમાં મૂળ વાક્યના કર્તાને ષષ્ઠી લાગે છે - તે નોંધવું.

**૧૦.૬ (D) भू ધાતુનો ચોથા પ્રકારનો પ્રયોગ :**

ક્રિયાસામાન્યવાચી ધાતુ તરીકે कृ ધાતુની જેમ, भू ધાતુનો પણ, च्वि રૂપની પાછળ 'અનુપ્રયોગ' થાય છે.

**૧૧. કરણ + કર્તા + च्वि રૂપવાળો શબ્દ + भू ના હ્ય.ભૂ. કાળનો અનુપ્રયોગ**

| | |
|---|---|
| ૧. ध्यानेन काव्यं कण्ठीभवति । | ૧. ધ્યાન ધરવાથી કાવ્ય મોંઢે થાય છે. |

હવે વર્તમાનકાળમાંથી **ભૂતકાળ** બનાવીએ તો –

૧. ध्यानेन काव्यम् कण्ठ्यभवत् ॥ (कण्ठी + अभवत्)

૨. विश्वेशः स्वाध्यायेन पटूभवति । (વર્તમાનકાળ)
(વિશ્વેશ સ્વાધ્યાયથી હોંશિયાર થાય છે.)

૩. विश्वेशः स्वाध्यायेन पट्वभवत् । (पटू + अभवत्)
(વિશ્વેશ સ્વાધ્યાયથી હોંશિયાર થયો.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## પ્રકરણ—૧૧

## अस् ધાતુનો હ્યસ્તન ભૂતકાળમાં વિનિયોગ

**૧૧.૦** √अस् भुवि । (છે, હોવું) આ બીજા ગણનો (અકર્મક) ધાતુ પણ ક્રિયાસામાન્યવાચી ધાતુ ગણાય છે; તથા અગાઉ જણાવ્યું છે તેમ अस्—अस्ति (વર્તમાનકાળ), आसीत् (હ્યસ્તન ભૂતકાળ) એ ધાતુથી જે જગત્ પ્રપંચ અનાદિકાળથી પ્રવર્તી રહ્યો છે, તેમાં સજીવ-નિર્જીવ વ્યક્તિઓ અને પદાર્થોનું 'અસ્તિત્વ' કે 'સ્થિતિ' દર્શાવવામાં આવે છે.

અભ્યાસી વ્યક્તિએ अस् ધાતુનાં હ્યસ્તન ભૂતકાળનાં નીચે દર્શાવેલાં રૂપોને તો સતત નજર સામે જ રાખવાનાં છે —

ત્રિવિધ

| ઉદ્દેશ્ય | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| પ્રથમ પુરુષ (જગત્) | आसीत् | आस्ताम् | आसन् । |
| મધ્યમ પુરુષ (શ્રોતા) | आसीः | आस्तम् | आस्त । |
| ઉત્તમ પુરુષ (વક્તા) | आसम् | आस्व | आस्म ॥ |

√अस् ધાતુનું પ્રયોગ-વૈવિધ્ય દર્શાવતું ચિત્ર (૮.૩)માં જોઈ લેવા અનુરોધ છે. હવે આ રૂપોને આધારે જે વિવિધ વાક્યો બની શકે છે, તેનો સોદાહરણ પરિચય કેળવીશું :—

**૧૧.૧ (A) ક્રિયાસામાન્યવાચી अस् ધાતુનો પહેલા પ્રકારનો પ્રયોગ :**

(૧) કર્તા + વિશેષણ + अस् ના હ્યસ્તન ભૂતકાળનાં રૂપો

| | |
|---|---|
| ૧. गार्गी जिज्ञासुः आसीत् । | ૧. ગાર્ગી જિજ્ઞાસુ હતી. |
| ૨. अहं धीरः आसम् । | ૨. હું ધૈર્યવાળો હતો. |
| ૩. त्वं धीरा आसीः । | ૩. તું ધૈર્યવાળી (સ્ત્રી) હતી. |
| ૪. मनः अधीरम् आसीत् । | ૪. મન અધીરતાવાળું (નપું) હતું. |
| ૫. वयं युवत्यः आस्म । | ૫. અમે યુવતીઓ હતી. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**૨. કારકભેદ + કર્તા + अस् નાં હ્યસ્તન ભૂતકાળનાં રૂપોનું વાક્ય**

| | |
|---|---|
| ૧. जीह्वाग्रे ज्ञानम् आसीत् । | ૧. જીભ ઉપર (જ) જ્ઞાન હતું. |
| ૨. त्वयि प्रीतिः आसीत् । | ૨. તારા ઉપર પ્રેમ હતો. |
| ૩. शरीरे रोगाः आसन् । | ૩. શરીરમાં (અનેક) રોગો હતા. |
| ૪. मोक्षे इच्छा आसीत् । | ૪. મોક્ષને વિશે ઇચ્છા હતી. |
| ૫. गृहे त्वम् आसीः । | ૫. ઘરમાં/અંદર તું હતો. |

**નોંધ :** ૨. જેના ઉપર પ્રેમ કરવાનો હોય તેને સપ્તમી વિ. લાગે; ૪. 'ને વિશે' અર્થમાં પણ સપ્તમી વિ. વપરાય. ૧.૩.૫માં, અંદર, ઉપર – અર્થમાં પણ સપ્તમી વિ. લાગે – તે વાત સમજવા કોશિશ કરવી.

**૩. કર્તા + નિષેધાર્થક અવ્યય + अस् ધાતુનું હ્યસ્તન ભૂતકાળનું રૂપ**

| | |
|---|---|
| ૧. (अहम्) कृतघ्नः न आसम् । | ૧. હું કૃતઘ્ની ન હતો. |
| ૨. (वयं) कृतपूर्वाः न आस्म । | ૨. (અમે) અગાઉ કરેલું ન હતું. |
| ૩. (वाक्ये) लक्ष्यार्थः न आसीत् । | ૩. (વાક્યમાં) લક્ષ્યાર્થ ન હતો. |
| ૪. यूयम् (बान्धवाः) न आस्त । | ૪. તમે (ભાઈઓ) ન હતા. |
| ૫. (आवाम्) शत्रू न आस्व । | ૫. (અમે બે) દુશ્મનો ન હતા. |

**૪. કર્તા + પ્રશ્નાર્થક સર્વનામ + अस् ધાતુનું હ્યસ્તન ભૂતકાળનું રૂપ**

| | |
|---|---|
| ૧. (आश्रमे) लक्ष्मणः न आसीत् । | ૧. (આશ્રમમાં) લક્ષ્મણ ન હતો. |
| ૨. (शरीरे) प्राणाः न आसन् । | ૨. (શરીરમાં) પ્રાણો ન હતા. |
| ૩. (शालायां) त्वं न आसीः । | ૩. (શાળામાં) તું (તો) ન હતો. |
| ૪. वयं (क्रीडांगणे) न आस्म । | ૪. અમે (ક્રીડાંગણમાં) ન હતા. |

**૫. કર્તા + પ્રશ્નાર્થક સર્વનામ + अस् ધાતુનું હ્યસ્તન ભૂતકાળ**

| | |
|---|---|
| ૧. वयं के आस्म । | ૧. આપણે કોણ હતા ? |
| ૨. यूयम् कस्य आस्त । | ૨. તમે સૌ કોના (માણસો) હતા ? |
| ૩. अहम् कस्मिन् (वने) आसम् । | ૩. હું ક્યા (વનમાં) હતો ? |
| ૪. त्वं कस्मिन् (आश्रमे) आसीः । | ૪. તું ક્યા (આશ્રમમાં) હતો ? |
| ૫. आकाशे किम् आसीत् । | ૫. આકાશમાં શું (નપું.) હતું ? |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**૧૧.૨ (B) ક્રિયાસામાન્યવાચી अस् નો બીજા પ્રકારનો પ્રયોગ :**

प्र, परा, अधि, सु, अप વગેરે ઉપસર્ગો + अस् ધાતુનાં आसीत् – आस्ताम् – आसन् । વગેરે હ્યસ્તન ભૂતકાળનાં રૂપો ક્યાંય વપરાયાં હોય તો તે ધ્યાનમાં નથી. સાહિત્યમાંથી આવા પ્રયોગો ગવેષણીય છે.

**૧૧.૩ (C) ક્રિયાસામાન્યવાચી अस् ધાતુનો ત્રીજા પ્રકારનો પ્રયોગ :**

અન્યાન્ય (સકર્મક કે અકર્મક) ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુઓના ભાવવાચક કૃદન્તની સાથે – ની મદદમાં – આ ક્રિયાસામાન્યવાચી अस् ધાતુનો પણ પ્રયોગ થઈ શકતો હોય છે. અલબત્ત, આ अस् ધાતુ પોતે અકર્મક હોઈને, તેના પ્રયોગ વખતે કોઈ કર્મવાચક દ્વિતીયાન્ત પદ આવી શકવાનું નથી, તથા મૂળ ક્રિયાવિશેષવાચી ધાતુનું ભાવવાચક કૃદન્ત પોતે 'કર્તાકારક' તરીકે અમલમાં આવશે. [અને બીજે તબક્કે, જો એ ભાવવાચક કૃદન્ત પોતે સકર્મક હશે તો તેના કર્મને ષષ્ઠી વિભક્તિ લાગશે; અને કર્તાને તૃતીયા વિભક્તિ લાગશે. અથવા જો એ ભાવવાચક કૃદન્તમાં રહેલો ધાતુ અકર્મક હશે, તો તેના કર્તાને ષષ્ઠી વિભક્તિ લાગશે.] ઉદાહરણો જોવાથી આ મુદ્દો સ્પષ્ટ થઈ જશે.

**૧૧.૪ (C-1) સકર્મક ધાતુના વિકલ્પે, તે ધાતુના ભાવવાચક કૃદન્તની સાથે अस् ધાતુનાં હ્યસ્તન ભૂતકાળનાં ક્રિયાપદોનો ઉપયોગ :**

> ૬. કર્તા (→ ૩ અથવા ૬માં) + કર્મ (→ ૬માં) + ભાવવાચક કૃદન્ત (= કર્તા) + अस् ધાતુના હ્યસ્તન ભૂતકાળનું રૂપ

| | |
|---|---|
| १. कविः काव्यम् अरचयत् । | ૧. કવિએ કાવ્ય રચ્યું હતું. |
| (१) कविना काव्यस्य रचना आसीत् । | (૧) કવિ વડે કાવ્યની રચના હતી. |
| (२) कवेः काव्यस्य रचना आसीत् । | (૨) કવિના કાવ્યની રચના હતી. |
| २. गुरुः धर्मम् अकथयत् । | ૨. ગુરુએ ધર્મ કહ્યો. |
| (१) गुरुणा धर्मस्य कथनम् आसीत् । | (૧) ગુરુ વડે ધર્મનું કથન (થયું) હતું. |
| (२) गुरोः धर्मस्य कथनम् आसीत् । | (૨) ગુરુનું ધર્મનું કથન હતું. |
| ३. त्वं धनम् अयच्छत् | ૩. તે ધન આપ્યું હતું. |
| (१) त्वया धनस्य दानम् आसीत् । | (૧) તારા વડે ધનનું દાન થયું. |
| (२) तव धनस्य दानम् आसीत् । | (૨) તારું ધનનું દાન હતું. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**૧૧.૫** (C-2) અકર્મક ધાતુના વિકલ્પે, તે ધાતુના ભાવવાચક કૃદન્તની સાથે अस् ધાતુનાં હ્યસ્તન ભૂતકાળનાં ક્રિયાપદોનો ઉપયોગ :–

| ૭. કર્તા (→ ६માં) + ભાવવાચક કૃદન્ત, (જે પ્રથમામાં વપરાશે) + अस् ધાતુનું હ્યસ્તન ભૂતકાળનું રૂપ |
|---|

| | |
|---|---|
| ૧. पर्णम् अपतम् । | ૧. પાંદડું પડ્યું. |
| (૧) पर्णस्य पतनम् आसीत् । | (૧) પાંદડાનું પતન થયું/હતું. |
| ૨. भ्रमरः अभ्रमत् । | ૨. ભમરો ભમ્યો. |
| (૨) भ्रमरस्य भ्रमणम् आसीत् । | (૨) भ्रमरस्य भ्रमणम् आसीत् । |

**૧૧.૬** **(D) अस् ધાતુનો ચોથા પ્રકારનો પ્રયોગ :**

अस् ધાતુનો च्वि રૂપની સાથે, ક્રિયાસામાન્યવાચી હોવાથી अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે, પરંતુ વાસ્તવમાં તો તેવે સ્થળે અસ ધાતુના સ્થાનમાં भू નો આદેશ થઈ જાય છે, તેથી अस् ના અનુપ્રયોગનું ઉદાહરણ મળતું નથી.

□□□

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



# વિભાગ - 3

## પ્રકરણ—૧૨

## कृ, भू, अस् નો "આજ્ઞાર્થ"માં વિનિયોગ

**૧૨.૦** જગત્ - વ્યવહારમાં થતી અગણિત ક્રિયાઓને ભાષામાં વ્યક્ત કરતી વખતે, જે ક્રિયાપદો વપરાય છે તેમાં મુખ્યત્વે બે પ્રકારની અર્થચ્છાયાઓ જોવા મળે છે. જેમકે,

(૧) કાળ (Tenses) : દા.ત.; ભૂત, ભવિષ્યત્ અને વર્તમાન

(૨) 'અર્થ' (Moods) દા.ત.; આજ્ઞાર્થ અને વિધ્યર્થ.

સંસ્કૃત ક્રિયાપદોમાં ति – तस् – अन्ति વગેરે પરસ્મૈપદના કે ते – इते – अन्ते વગેરે આત્મનેપદના નવ - નવ પ્રત્યયો જોડવામાં આવે છે. આવા પ્રત્યયોમાંથી જ કાળ, પુરુષ અને વચન (=સંખ્યા) રૂપી અર્થો નીકળે છે. દા.ત. गच्छति। ક્રિયાપદના '—ति' પ્રત્યયમાંથી વર્તમાનકાળનો અર્થ પ્રકટે છે. અથવા તો, अगच्छत्। (**अ** + गच्छ् + अ + **अत्**) એવા ક્રિયાપદમાંથી જે, અંતે अत् એવો પ્રત્યય લાગ્યો છે, તે હ્યસ્તન ભૂતકાળનો અર્થ વ્યક્ત કરે છે.

પરંતુ ઘણીવાર વક્તાઓ શ્રોતાઓની સાથે વાતચીત દરમિયાન ક્રિયાવિધાન કરે છે, તેની પાછળ **વક્તાના મનમાં, શ્રોતાને કોઈક ક્રિયામાં પ્રવર્તાવવા રૂપી પ્રયોજન રહેલું હોય છે. આ 'પ્રયોજન'ને વ્યાકરણની પરિભાષામાં "અર્થ" (Mood) કહેવામાં આવે છે.** સંસ્કૃત ભાષાનાં ક્રિયાપદોમાં આવા કુલ પાંચ 'અર્થો' જોવા મળે છે :

૧. આજ્ઞાર્થ (लोट् લકાર)

૨. વિધ્યર્થ (विधिलिङ् લકાર)

૩. આશીર્વાદાર્થ (आशीर्लिङ् લકાર)

૪. ક્રિયાતિપત્ત્યર્થ (लृङ् લકાર) = હેતુહેતુમદ્ભાવ

૫. સંકેતાર્થ (लेट् લકાર)

(આમાંથી જે પાંચમો लेट् લકાર, "સંકેતાર્થ"—Subjunctive Mood છે. કેવળ વેદની ભાષાનાં ક્રિયાપદોમાં જ વપરાયો છે. તે લોકની પ્રશિષ્ટ સંસ્કૃત ભાષામાં વપરાતો નથી.)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



આ પુસ્તકના સંકલ્પિત લક્ષ્ય મુજબ, જે ત્રણ "ક્રિયાસામાન્યવાચી" कृ – भू – अस् એવા ધાતુઓ છે, તેનાં (૧) આજ્ઞાર્થક અને (૨) વિધ્યર્થક ક્રિયાપદોનો ઉપયોગ કરીને ત્રણ-ત્રણ પદોવાળી વાક્યરચના કરતાં શીખવાનું છે. આથી, હવે પછી તેની ચર્ચા શરૂ કરીશું.

### ૧૨.૧ આજ્ઞાર્થક ક્રિયાપદની વિભાવના અને રૂપાખ્યાન :

વક્તા જ્યારે શ્રોતાને કોઈક ક્રિયામાં પ્રવર્તાવવા (= પ્રેરણા આપવા) માંગતો હોય છે ત્યારે તે આદેશાત્મક (અથવા ઉપદેશાત્મક) ક્રિયાપદોવાળી વાક્યરચના કરે છે. આવાં આદેશાત્મક ક્રિયાપદોવાળી ઉક્તિઓ વાપરીને, તે સાંભળનાર વ્યક્તિને જે ક્રિયા કરવા માટે આજ્ઞા, સલાહ, વિનંતી વગેરે રૂપ પ્રેરણા આપવામાં આવે છે = "પ્રવર્તના" કરવામાં આવે છે, તે ક્રિયા પોતે તો **કાળનિરપેક્ષ** હોય છે.

એટલે કે આજ્ઞા આપીને, ઉપદેશ આપીને, સલાહ કે વિનંતી વડે જે ક્રિયા કરવાની કહેવામાં આવે છે, તે ક્રિયા કયા કાળમાં કરવાની છે, તે સ્પષ્ટ હોતું જ નથી. આવાં ક્રિયાપદોમાંથી કેવળ "પ્રવર્તના" રૂપ અર્થ જ મુખ્યત્વે બોધિત થતો હોય છે.

બીજા શબ્દોમાં કહીએ તો આદેશાત્મક ક્રિયાપદો, કે જેને વ્યાકરણકારોએ "આજ્ઞાર્થનાં ક્રિયાપદો" કહ્યાં છે, તેમાંથી 'આજ્ઞા'નો ભાવ સમજાય છે; (તેમાંથી કોઈ 'કાળ'નો બોધ થતો નથી.)

**कृ 'કરવું' આજ્ઞાર્થનાં (પરસ્મૈપદમાં) રૂપો**

| ઉદ્દેશ્ય | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|
| ૧. પ્રથમ પુરુષ (જગત્) | करोतु | कुरुताम् | कुर्वन्तु । |
| ૨. મધ્યમ પુરુષ (શ્રોતા) | कुरु | कुरुतम् | कुरुत । |
| ૩. ઉત્તમ પુરુષ (વક્તા) | करवाणि | करवाव | करवाम ॥ |

**વિશેષ નોંધ :** વ્યાકરણશાસ્ત્રીઓએ ક્રિયાપદનાં આ રૂપોને "સામાન્યપણે" તો "આજ્ઞાર્થ"નાં જ ક્રિયાપદ કહ્યાં છે. પણ સાહિત્યમાં આના જે પ્રયોગો થયા છે, તે જોતાં દરેક પુરુષનાં આ રૂપો 'આજ્ઞા' રૂપી મૂળભૂત અર્થથી જુદાં પડીને થોડાક જ જુદા જુદા અર્થો પણ વ્યક્ત કરે છે. દા.ત.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૧) 'પ્રથમ પુરુષ'ના આજ્ઞાર્થનાં ક્રિયાપદોમાંથી 'સ્તુતિ' 'વિનંતી', 'વરદાન', 'આશીર્વાદ' એવા અર્થો પણ નીકળે છે.

(૨) 'મધ્યમ પુરુષ'ના આજ્ઞાર્થક ક્રિયાપદોમાંથી મુખ્યત્વે આજ્ઞા, આદેશ રૂપ અર્થો જ સ્પષ્ટપણે પ્રકટે છે.

(૩) 'ઉત્તમ પુરુષ'ના આજ્ઞાર્થક ક્રિયાપદોમાંથી આત્મપ્રસંશા (બડાઈ હાંકવી), સામર્થ્ય જાહેર કરવું જેવા અર્થો પણ નીકળે છે.

**૧૨.૨ કૃ ધાતુના આજ્ઞાર્થક ક્રિયાપદોનો ચતુર્વિધ પ્રયોગ :**

(A) શુદ્ધ ધાતુ તરીકે પ્રથમ પ્રકારનો પ્રયોગ,

(B) સોપસર્ગ કૃ ધાતુનો બીજા પ્રકારનો પ્રયોગ

(C) અન્યાન્ય ધાતુના વિકલ્પે, ભાવવાચક કૃદન્તની મદદમાં સહાયકારી ક્રિયાપદ તરીકે કૃનો ત્રીજા પ્રકારનો પ્રયોગ અને

(D) ચ્વિ રૂપવાળા શબ્દોની પાછળ કૃ નો અનુપ્રયોગ – ચોથા પ્રકારનો પ્રયોગ

**૧૨.૩ (A) કૃ ધાતુનો (આજ્ઞાર્થમાં) પહેલા પ્રકારનો પ્રયોગ :**

**A (૧) કર્તા + કર્મ + કૃ ધાતુનું આજ્ઞાર્થનું રૂપ :**

| | |
|---|---|
| ૧. अहम् अपूर्वसृष्टिं करवाणि । | ૧. હું નવી જ સૃષ્ટિને બનાવીશ. |
| ૨. सूर्यः नवधान्यं करोतु । | ૨. સૂર્ય નવું અનાજ ઉગાડે. |
| ૩. यूयं परिश्रमं कुरुत । | ૩. તમે સૌ પરિશ્રમ કરો. |
| ૪. त्वं गृहकार्यं कुरु । | ૪. તું ઘરકામ કર. |
| ૫. वयं राष्ट्रोन्नतिं करवाम । | ૫. આપણે સૌ રાષ્ટ્રોન્નતિ કરીએ. |

**A. (૨) કર્તા + પ્રશ્નાર્થક અવ્યય + કૃ ધાતુનું આજ્ઞાર્થનું રૂપ**

| | |
|---|---|
| ૧. अहं किम् करवाणि | ૧. હું શું કરી બતાવું ? |
| ૨. आवाम् कथं करवाव । | ૨. અમે બે કેવી રીતે કરીએ ? |
| ૩. त्वं कुत्र कुरु । | ૩. તું કયા કરીશ ? |
| ૪. देवः किमर्थं न करोतु । | ૪. દેવ શા માટે નહીં કરે ? |

**A (૩) કર્તા + નિષેધાર્થક અવ્યય + કૃ ધાતુના આજ્ઞાર્થક ક્રિયાપદનાં રૂપો**

| | |
|---|---|
| ૧. त्वं (पापं) न कुरु । १. | ૧. તું (પાપ) ન કર. |
| ૨. सा च त्वं च, न कुरुतम् । | ૨. તે અને તું ન કરશો. |
| ૩. एषः (अपराधं) न करोतु । | ૩. આ (અપરાધને) ન કરે. |
| ૪. देवाः (अकालं) न कुर्वन्तु । | ૪. દેવો (દુકાળ) ન કરે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**A (૪) કર્તા + ક્રિયાવિશેષણ + कृ ધાતુનાં આજ્ઞાર્થનાં રૂપો**

| | |
|---|---|
| ૧. यूयं वारंवार कुरुत । | ૧. તમે સૌ વારેવારે (આ કાર્ય) કરો. |
| ૨. अहम् अचिरेणैव करवाणि । | ૨. હું ઘડીકમાં જ કરી નાંખીશ. |
| ૩. सर्वे (पुण्यं) भूयोभूयः कुर्वन्तु । | ૩. સૌ લોકો (પુણ્ય) ફરી ફરીને કરો. |
| ૪. त्वं झटिति कुरु । | ૪. તું જલ્દીથી કર. |
| ૫. वयं सर्वथा / सर्वदा करवाम । | ૫. અમે બધી રીતે / હંમેશા કરીએ જ. |

**A (૫) (કર્તા રૂપ) વિશેષણ + અન્ય કારક + कृ ધાતુનાં આજ્ઞાર્થક રૂપોનું વાક્ય.**

| | |
|---|---|
| ૧. धार्मिकः पुण्यं करोतु । | ૧. ધાર્મિક વ્યક્તિ પુણ્ય કરે. |
| ૨. शूरवीरः दयां करोतु । | ૨. શૂરવીરે દયા કરવી. |
| ૩. (भो शिष्यः !) त्वं पाठं कुरु । | ૩. (હે શિષ્ય,) તું પાઠ કર. |
| ૪. यूयं निष्कामकर्म कुरुत । | ૪. તમે સૌ નિષ્કામકર્મ કરો. |
| ૫. भगवान् रक्षां करोतु । | ૫. ભગવાન્ રક્ષા કરે. |

**A (૬) (અધ્યાહૃત કર્તા +) સંબંધવાચક ષષ્ઠી + કર્મકારક + कृ ધાતુનું આજ્ઞાર્થક ક્રિયાપદ**

| | |
|---|---|
| ૧. (हे तक्षक !) काष्ठस्य आसनं कुरु । | ૧. (હે સુથાર !) તું લાકડાનું આસન બનાવ. |
| ૨. (कुम्भकाराः) नगरजनानाम् घटान् कुर्वन्तु । | ૨. (કુંભારો) નગરજનોના ઘડાઓને બનાવે. |
| ૩. (अग्निः) सीतायाः परीक्षां करोतु । | ૩. (અગ્નિ) સીતાની પરીક્ષા કરે. |
| ૪. (त्वं) अपराधस्य दण्डं कुरु । | ૪. (તું) અપરાધની શિક્ષા કર. |
| ૫. (यूयं) धनस्य दानं कुरुत । | ૫. (તમે સૌ) ધનનું દાન કરો. |

નોંધ : અહીં ક્રિયાપદના પ્રત્યયથી કર્તાકારક ગમ્યમાન રહેશે (=સમજાઈ જશે.)

**૧૨.૪ (B) कृ ધાતુનો (આજ્ઞાર્થમાં) બીજા પ્રકારનો પ્રયોગ**

| | |
|---|---|
| ૧. माता अन्नं संस्कारोतु । | ૧. માતા અન્નનો સંસ્કાર કરે. |
| ૨. त्वं (भूषणैः) शरीरम् अलंकुरु । | ૨. તું (ઘરેણાંથી) શરીરને શણગાર. |
| ૩. सैनिकाः शत्रून् प्रतिकुर्वन्तु । | ૩. સૈનિકો શત્રુઓનો પ્રતિકાર કરે. |
| ૪. पूयं मातापितरौ नमस्कुरुत । | ૪. તમે સૌ માતપિતાને નમસ્કાર કરો. |
| ૫. वयं राष्ट्रद्रोहिणं त्रिरस्करवाम । | ૫. આપણે રાષ્ટ્રદ્રોહીનો તિરસ્કાર કરીએ. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**૧૨.૫** कृ ધાતુનો (આજ્ઞાર્થમાં) ત્રીજા પ્રકારનો પ્રયોગ :

(C) (૮) કર્તા + કર્મ તરીકે ભાવવાચક કૃદન્ત વાચક શબ્દ + સહાયકારી कृ ધાતુનાં આજ્ઞાર્થક ક્રિયાપદો :

| | |
|---|---|
| ૧. राजा प्रजापालनं करोतु । | ૧. રાજા પ્રજાપાલન કરે. |
| ૨. त्वं स्वाध्यायं कुरु । | ૨. તું સ્વાધ્યાય કરવા બેસ. |
| ૩. युवाम् गृहशोभनं कुरुतम् । | ૩. તમે બે ગૃહસુશોભન કરો. |
| ૪. वयं ज्ञानाराधनं करवाम । | ૪. અમે સૌ જ્ઞાનારાધન (જ) કરીએ. |
| ૫. अहं (विद्या)दानं करवाणि । | ૫. હું (વિદ્યા)દાન કરીશ જ. |

**૧૨.૬** कृ ધાતુનો (આજ્ઞાર્થમાં) ચોથા પ્રકારનો પ્રયોગ :

(D) (૯) કર્તા + કર્મ + च्वि રૂપ સાથે कृ નો આજ્ઞાર્થમાં અનુપ્રયોગ

| | |
|---|---|
| ૧. भगवान् भक्तम् अङ्गीकरोतु । | ૧. ભગવાન ભક્તને પોતાનો કરે. |
| ૨. (भो शिष्य!) त्वं श्लोकं कण्ठीकुरु । | ૨. (હે શિષ્ય), તું શ્લોકને કંઠસ્થ કરી દે. |
| ૩. अहं राष्ट्रगानं नवीनीकरवाणि । | ૩. હું રાષ્ટ્રગાનને નવું જ બનાવીશ. |
| ૪. गङ्गाजलं सर्वान् शुचीकुर्वन्तु । | ૪. ગંગાજળ બધાને પવિત્ર કરી દે. |
| ૫. यूयं स्वदोषान् प्रकटीकुरुत । | ૫. તમે સૌ તમારી ભૂલોને ઉઘાડી પાડો. |
| ૬. वयं प्राङ्गणं स्वच्छीकरवाम । | ૬. આપણે સૌ આંગણું સ્વચ્છ કરીએ. |
| ૭. गुरुः अज्ञानं भस्मीकरोतु । | ૭. ગુરુ અજ્ઞાનને ભસ્મીભૂત કરી દે. |

**૧૨.૭** भू (થવું, જન્મવું) ધાતુનાં આજ્ઞાર્થમાં રૂપો અને તેનો ચતુર્વિધ ઉપયોગ :

| ઉદ્દેશ્ય | એકવચન | | દ્વિવચન | | બહુવચન |
|---|---|---|---|---|---|
| ૧. પ્રથમ પુરુષ (જગત્) | भवतु | — | भवताम् | — | भवन्तु । |
| ૨. મધ્યમ પુરુષ (શ્રોતા) | भव | — | भवतम् | — | भवत । |
| ૩. ઉત્તમ પુરુષ (વક્તા) | भवानि | — | भवाव | — | भवाम ॥ |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



भू (भवति = થાય છે, જન્મે છે) ધાતુના આજ્ઞાર્થમાં જ્યારે ક્રિયાપદો બને છે, ત્યારે પણ તેનો (कृ ની જેમ જ) ચતુર્વિધ પ્રયોગ થતો જોવા મળે છે.

(A) શુદ્ધ ધાતુ તરીકેનો પ્રથમ પ્રકારનો પ્રયોગ

(B) સોપસર્ગ भू ધાતુનો દ્વિતીય પ્રકારનો પ્રયોગ

(C) અન્યાન્ય ધાતુના વિકલ્પે, તે તે ધાતુઓના ભાવવાચક કૃદન્તોની સાથે भू નો ત્રીજા પ્રકારનો પ્રયોગ, અને

(D) च्वि રૂપની સાથે भू નો અનુપ્રયોગ.

**(A) (૧) કર્તા + વિશેષણ + (અકર્મક) भू ધાતુનું આજ્ઞાર્થક ક્રિયાપદ = વાક્ય.**

| | |
|---|---|
| ૧. पुत्रः आज्ञापालकः भवतु । | ૧. (તે) પુત્ર આજ્ઞાપાલક બને. |
| ૨. यूयं आशावन्तः भवत । | ૨. તમે સૌ આશાવાન બનો. |
| ૩. वयं ज्ञानवन्तः भवाव । | ૩. અમે સૌ જ્ઞાનવાળા બનીએ. |
| ૪. अहं निर्भयः भवानि । | ૪. હું નિર્ભય થાઉં. |
| ૫. (हे पुत्रि !) त्वं यशस्विनी भव । | ૫. (હે દીકરી !) તું યશવાળી થા. |
| ૬. (हे पुत्र !) त्वं विजयी भव । | ૬. (હે દીકરા !) તું વિજયી થા. |

**(A) (૨) અન્યકારક + કર્તા + भू ધાતુનું આજ્ઞાર્થક ક્રિયાપદ**

| | |
|---|---|
| ૧. पापात् धननाशः भवतु । | ૧. પાપને કારણે ધનનાશ થાય. |
| ૨. उत्साहेन कार्यसिद्धिः भवतु । | ૨. ઉત્સાહથી કાર્યસિદ્ધિ થાય. |
| ૩. (आशिषा) त्वं विजयी भव । | ૩. (આશીર્વાદથી) તું વિજયી બન. |
| ૪. निसर्गोपचारेण (सर्वे) निरामयाः भवन्तु । | ૪. નિસર્ગોપચાર વડે (સૌ) સ્વસ્થ થાય. |

**(A) (૩) ષષ્ઠ્યન્ત પદ + ભાવવાચક કૃદન્ત + भू નું આજ્ઞાર્થક રૂપ**

| | |
|---|---|
| ૧. अस्माकं साधनानि भवन्तु । | ૧. અમને સાધનો મળે. |
| ૨. राष्ट्रध्वजस्य सम्मानं भवतु । | ૨. રાષ્ટ્રધ્વજનું સમ્માન થાય. |
| ૩. घृतस्य यजनं भवतु । | ૩. ઘીનું યજન થાય. |
| ૪. (त्वं) राष्ट्रस्य बलिदानं भव । | ૪. (તું) રાષ્ટ્રનું બલિદાન બની જા. |
| ૫. (अहं) तव ग्रहणं भवानि । | ૫. (હું) તારે માટે ગ્રહણ (રૂપ) બનીશ. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



### (A) (૪) કારક + પ્રશ્નાર્થક અવ્યય + ભૂ ધાતુનું આજ્ઞાર્થક ક્રિયાપદ

| | |
|---|---|
| १. काव्येन किम् भवतु । | ૧. કાવ્ય વડે શું થાય ? |
| २. (भो अधर्म ! त्वं) कथं विजयी भव । | ૨. (હે અધર્મ, તું) કેવી રીતે વિજયી બને ? |
| ३. (अहं) राजा कदा भवानि । | ૩. (હું) ક્યારે રાજા થઈશ ? |
| ४. युद्धं किमर्थं भवतु । | ૪. યુદ્ધ શા માટે થાય ? |
| ५. (हे पापानि ! यूयं) कुतः प्रादूर्भूताः भवत । | ૫. (હે પાપો ! તમે) કેવી રીતે ફરીથી જન્મ્યા ? |

### (A) (૫) કારક + પ્રશ્નાર્થક किम् સર્વનામ + ભૂ ધાતુનું આજ્ઞાર્થક રૂપ

| | |
|---|---|
| १. धर्मेण किम् भवतु । | ૧.ધર્મ વડે શું થાય / જન્મે ? |
| २. (त्वं मम) मित्रं केन भव । | ૨.(તું મારો) મિત્ર કેવી રીતે બને ? |
| ३. दानिनः कस्मात् भवाम । | ૩.(અમે) દાનીઓ કેવી રીતે થઈશું ? |
| ४. (ते) केन धन्याः भवन्तु । | ૪.(તેઓ) શેના વડે ધન્ય થશે ? |
| ५. सुवर्णं कस्मिन् (प्रदेशे) भवतु । | ૫.સોનુ ક્યાં હશે ? |
| ६. सज्जनाः कस्मिन् (देशे) भवन्तु । | ૬.સજ્જનો ક્યાં (ક્યાં દેશમાં) હશે ? |

### (A) (૬) કર્તા + નિષેધાર્થક અવ્યય + ભૂ નું આજ્ઞાર્થક રૂપ

| | |
|---|---|
| १. प्रलयः न भवतु । | ૧. પ્રલય ન થશો. |
| २. भूकम्पाः न भवन्तु । | ૨. ભૂકંપો (ક્યાંય) ન થશો. |
| ३. (भो युद्ध !) त्वं न भव । | ૩. (હે યુદ્ધ !) તું ન જન્મીશ. |
| ४. रागद्वेषौ (युवाम्) न भवतम् । | ૪. રાગ અને દ્વેષ (તમે બે પણ) ન હશો. |
| ५. कापुरुषाः न भवन्तु । | ૫. બીકણ પુરુષો ન હશો. |

### (A) (૭) કર્તા + ક્રિયાવિશેષણ + ભૂ ધાતુનું આજ્ઞાર્થક રૂપ

| | |
|---|---|
| १. सुकृतानि नित्यं भवन्तु । | ૧. સત્કૃત્યો હંમેશા થયા કરજો. |
| २. बोधिसत्त्वाः भूयोभूयः भवन्तु । | ૨. બોધિસત્ત્વો ફરી ફરીને જન્મજો. |
| ३. (हे धीमन् ! त्वं) विरक्तः झटिति भव । | ૩. (હે બુદ્ધિશાળી તું) વીતરાગી જલ્દી બન. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૪. (यूयं) दानवीराः पुनः पुनः भवत । | ૪. (તમો) દાનવીરો ફરી ફરીને બનો. |
| ૫. संकीर्तनं सततं भवतु । | ૫. (પ્રભુ) સંકીર્તન સતત થજો. |

**૧૨.૮** સોપસર્ગ ભૂ ધાતુનો (આજ્ઞાર્થમાં) બીજા પ્રકારનો પ્રયોગ :

(B) (૮) કર્તા + કર્મ; અથવા અન્યકારક + સોપસર્ગ ભૂ નું આજ્ઞાર્થક રૂપ

| સકર્મક | |
|---|---|
| ૧. उदयनः प्रेमाणम् अनुभवतु । | ૧. ઉદયન પ્રેમને અનુભવે. |
| ૨. देवाः दानवान् पराभवन्तु । | ૨. દેવો દાનવોનો પરાભવ કરે. |
| ૩. ओषधयः रोगान् अभिभवन्तु । | ૩. ઔષધિઓ રોગોને દબાવે. |
| **અકર્મક** | |
| ૪. (हे कामदेव !) त्वं न संभव । | ૪. (હે કામદેવ !) તમે ન જન્મશો. |
| ૫. अहं परीक्षायै प्रभवाणि । | ૫. હું પરીક્ષાને માટે તૈયાર થઈશ જ. |
| ૬. रामः रावणाय प्रभवतु । | ૬. રામ રાવણને માટે સમર્થ પુરવાર થાય. |

**૧૨.૯** ભૂ ધાતુનો ત્રીજા પ્રકારનો પ્રયોગ :

અન્યાન્ય ધાતુઓના વિકલ્પે, ક્રિયાસામાન્યવાચી તરીકે ભૂ ધાતુના આજ્ઞાર્થનાં ક્રિયાપદો પણ વપરાતાં જોવા મળે છે. અલબત્ત (૧) સકર્મક ધાતુના કર્મકારકને ષષ્ઠી વિભક્તિમાં મૂકવામાં આવે છે, તથા મૂળ કર્તાને તૃતીયા - વિભક્તિમાં મૂકવામાં આવે છે. (૨) જો અકર્મક ધાતુ હોય તો, તેમાં કર્મકારકની ની પહેલેથી જ ગેરહાજરી હશે; કેવળ તેના કર્તાકારકને ષષ્ઠી વિભક્તિમાં ફેરવવામાં આવશે. ઉદાહરણો જોવાથી આ બે મુદ્દાઓ વધુ સ્પષ્ટ થશે :

(C) (૯) કર્તા + કર્મ + **સકર્મક** ધાતુનું આજ્ઞાર્થનું રૂપ; **તેના વિકલ્પે** ભાવવાચક કૃદન્ત અને ક્રિયાસામાન્યવાચી ભૂ ધાતુના આજ્ઞાર્થનાં રૂપો

| | |
|---|---|
| ૧. सैनिकः अश्वान्[2] बध्नातु । | ૧. સૈનિક ઘોડાઓને બાંધે. |
| (૧) सैनिकेन अश्वानां[6] बन्धनं भवतु । | (૧) સૈનિક વડે અશ્વોનું બંધન થાય. |
| ૨. सेवकः स्वामिनं भजतु । | ૨. સેવક સ્વામીને સેવે. |
| (૨) सेवकेन स्वामिनः भजनं भवतु । | (૨) સેવક વડે સ્વામીનું સેવન થાય. |



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



३. यूयं मोदकान् भक्षयत ।
(३) युष्माभिः मोदकानां भक्षणं भवतु ।

३. તમે સૌ લાડવાઓ ખાવ.
(૩) તમારા સૌ વડે લાડુઓનું ભક્ષણ થાય.

४. (हे कर्ण !) त्वं विप्राय धनं देहि ।
(४) त्वया विप्राय धनस्य दानं भवतु ।

૪. (હે કર્ણ !) તું બ્રાહ્મણોને ધન આપ.
(૪) તારા વડે બ્રાહ્મણોને ધનનું દાન થાય.

५. सः स्वदोषं जहातु । (त्यजतु)
(५) तेन स्वदोषस्य त्यागः भवतु ॥

૫. તે પોતાના દોષને છોડી દે.
(૫) તેના વડે પોતાના દોષનો ત્યાગ થાય.

## અકર્મક ધાતુના વિકલ્પે

१. चौराः[1] रुदन्तु ।
(१) चौराणाम्[6] रोदनं भवतु ।

૧. ચોરો[1] (ભલે) રડે.
(૧) ચોરોનું[6] (ભલે) રુદન થાય.

२. वयं शत्रुभ्यः[4] कुप्याम ।
(२) अस्माकं शत्रुभ्यः कोपनं भवतु ।

૨. અમે શત્રુઓ ઉપર કોપીએ.
(૨) અમારો શત્રુઓ ઉપર કોપ થાય.

३: हे नर्तकि ! त्वं नृत्य ।
(३) (हे नर्तकि) तव नर्तनं भवतु ।

૩. (હે નર્તકી !) તું નૃત્ય કર.
(૩)(હે નર્તકી !) તારું નર્તન થાય.

४. (सर्वे) अपराधिनः नश्यन्तु ।
(४) (सर्वेषाम्) अपराधिनाम् विनाशः भवतु ।

૪. (બધા) અપરાધીઓ નાશ પામે.
(૪) (બધા) અપરાધીઓનો વિનાશ થાય.

५. वृक्षात् फलानि पतन्तु ।
(५) वृक्षात् फलानां पतनं भवतु ।

૫. વૃક્ષ ઉપરથી ફળો પડે.
(૫) વૃક્ષ ઉપરથી ફળોનું પતન થાય.

६. जलम् शुष्यतु ।
(६) जलस्य शोषणम् भवतु ।

૬. પાણી સૂકાઈ જાય.
(૬) પાણીનું શોષણ થાય.

**નોંધ :** અહીં रुदन्तु । એવા ક્રિયાવિશેષવાચી આજ્ઞાર્થક ક્રિયાપદનું વિકલ્પે, ભાવવાચક (रोदन) કૃદન્તથી પરિવર્તન કરવામાં આવે છે ત્યારે रोदन રૂપી 'ભાવ'

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



પોતે કર્તાકારક બને છે; (અને તેને પ્રથમા વિભક્તિમાં મૂકવામાં આવે છે) તથા મૂળ रुदन्तु ક્રિયાપદના કર્તાકારક = चौराः ને, પરિવર્તિત વાક્યમાં ષષ્ઠી વિભક્તિમાં લઈ જવામાં આવે છે. જેમકે, चौराणाम् ।

**૧૨.૧૦ भू ધાતુનો ચોથા પ્રકારનો પ્રયોગ :**

(D) 'ક્રિયાસામાન્યવાચી ધાતુ' તરીકે भू નાં આજ્ઞાર્થક રૂપોનો પણ च्वि પ્રત્યયાન્ત શબ્દની પાછળ અનુપ્રયોગ થઈ શકે છે. હવે તેનાં ઉદાહરણો જોઈશું :

**(D) (૧૦) અન્ય કારક + કર્તા + च्वि પ્રત્યયાન્તની પાછળ भू ધાતુનાં આજ્ઞાર્થક રૂપો.**

| | |
|---|---|
| ૧. यज्ञैः गृहम् आश्रमीभवतु । | ૧. યજ્ઞો વડે ઘર આશ્રમ બને. |
| ૨. (हे छात्र !) त्वं गुरोः पुत्रीभव । | ૨. (હે છાત્ર), તું ગુરુનો પુત્ર જ બન. |
| ૩. स्वशक्त्या सैनिकाः दुर्गीभवन्तु । | ૩. પોતાની શક્તિ વડે સૈનિકો કિલ્લાઓ બની જાય. |
| ૪. (हे छात्राः !) यूयं न भ्रमरीभवत । | ૪. (હે છાત્રો !) તમે ભ્રમરો ન બની જશો. |
| ૫. स्वशाखाभिः वटवृक्षः जटिलीभवतु । | ૫. વડવાઈઓથી વડ જટાધારી બને. |
| ૬. ब्रह्मज्ञानेन जनको(ऽहं) विदेहीभवानि । | ૬. બ્રહ્મજ્ઞાનથી (હું) જનક 'વિદેહ' બનીશ. |

**૧૨.૧૧ अस् ધાતુનો આજ્ઞાર્થમાં દ્વિવિધ પ્રયોગ :**

√अस् भुवि (બીજા ગણનો, પરસ્મૈપદી) ધાતુ વ્યક્તિ કે પદાર્થનું "અસ્તિત્વ" દર્શાવનારો ધાતુ છે. પણ ભાષામાં 'તું થા' કે "તારી સ્થિતિ આમ બની રહે" - એવી આજ્ઞા આપવાની પણ જરૂર પડે છે. તેથી अस्‌ધાતુના આજ્ઞાર્થમાં કેવા કેવા પ્રયોગો થાય છે ? તેનાં ઉદાહરણો પણ જોવા જોઈએ. અલબત્ત, પહેલાં આ ધાતુના આજ્ઞાર્થક રૂપો જોઈ લઈશું.

| | ઉદ્દેશ્ય | એકવચન | | દ્વિવચન | | બહુવચન |
|---|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ પુરુષ (જગત્) | अस्तु | – | स्ताम् | – | सन्तु ॥ |
| ૨. | મધ્યમ પુરુષ (શ્રોતા) | एधि | – | स्तम् | – | स्त । |
| ૩. | ઉત્તમ પુરુષ (વક્તા) | असानि | – | असाव | – | असाम ॥ |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



આ ધાતુનાં આજ્ઞાર્થક રૂપો મુખ્યત્વે બે રીતે જ વપરાતાં જોવા મળે છે. જેમકે,

(A) શુદ્ધ ધાતુનાં રૂપોનો પ્રયોગ

(B) સોપસર્ગ अस् ધાતુનાં રૂપો ગવેષણીય છે.

(C) અન્યાન્ય ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુના ભાવવાચક કૃદન્તોની સાથે, ક્રિયાસામાન્યવાચી તરીકે अस् નાં રૂપોનો ઉપયોગ.

(D) ચ્વિ પ્રત્યયાન્ત શબ્દની પાછળ अस् નો અનુપ્રયોગ પણ મળતો નથી.

આમ કુલ બે રીતે જ अस् ધાતુ વપરાતો જોવા મળે છે.

## ૧૨.૧૨ अस् નો આજ્ઞાર્થમાં પહેલા પ્રકારનો પ્રયોગ :

### (A) (૧) કર્તા + વિશેષણ + अस् ધાતુનું આજ્ઞાર્થક રૂપ

| | |
|---|---|
| ૧. भारतदेशः यशस्वी अस्तु । | ૧. ભારતદેશ યશસ્વી થાય. |
| ૨. त्वम् आयुष्मान् एधि । | ૨. તું આયુષ્યમાન્ (હજી) વધતો જા. |
| ૩. वयं विद्यावन्तः सन्तु । | ૩. અમે વિદ્યાવાનો બનીએ. |
| ૪. अहम् जिज्ञासुः असानि । | ૪. હું જિજ્ઞાસુ થઈશ. |
| ૫. (हे नदि !) त्वं जलपूर्णा एधि । | ૫. (હે નદી !) જલપૂર્ણા તું (હજી) વધ. |

### (A) (૨) કારકભેદ + કર્તા + अस् ધાતુનું આજ્ઞાર્થક રૂપ

| | |
|---|---|
| ૧. श्रेयसा त्वम् एधि । | ૧. શ્રેયથી તું વધે. |
| ૨. वर्षायै ऋतुः अस्तु । | ૨. (સારા) વરસાદને માટે (આ) ઋતુ હજો. |
| ૩. ओषधिभिः (सर्वे) स्वस्थाः सन्तु । | ૩. દવાઓ વડે (સૌ) સ્વસ્થ થાવ. |
| ૪. प्रेयसि वयम् असाम । | ૪. સમૃદ્ધિમાં અમે હોઈએ. |
| ૫. निवासाय पृथिवी अस्तु । | ૫. નિવાસને માટે (આ) પૃથિવી હજો. |

### (A) (૩) કર્તા + નિષેધાર્થક અવ્યય + अस् નું આજ્ઞાર્થક રૂપ

| | |
|---|---|
| ૧. कृतघ्नी न असानि । | ૧. (હું) કૃતઘ્ની ન બનું. |
| ૨. पापी (त्वं) न एधि । | ૨. (તું) પાપી વધે નહીં. |
| ૩. प्रतिवादिनः (यूयं) न स्त । | ૩. (તમે) પ્રતિવાદીઓ ન બનો. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ૪. द्वेषपूर्णौ न असाव । | ૪. (અમે બે) (પરસ્પર) દ્વેષપૂર્ણ ન બનીએ. |
| ૫. दुष्कृतानि न सन्तु । | ૫. (જગત્‌માં) દુષ્કૃત્યો ન હજો. |

**(A) (૪) કર્તા + પ્રશ્નાર્થ અવ્યય, અથવા किम् સર્વનામ + अस् નું આજ્ઞાર્થક રૂપ**

| | |
|---|---|
| ૧. वर्षा कथम् अस्तु । | ૧. વરસાદ કેવી રીતે થાય ? |
| ૨. पापी कदा एधि । | ૨. (તું) પાપી ક્યારે સુખી થવાનો ? |
| ૩. के कस्य सन्तु । | ૩. કોણ કોનું થશે ? |
| ૪. वनानि क्व सन्तु । | ૪. જંગલો (જ) ક્યાં (અત્યારે) હશે ? |
| ૫. निर्दयः किमर्थम् असानि । | ૫. (હું) નિર્દય શા માટે થાઉં ? |

નોંધ : (B) સોપસર્ગ अस्‌નો આજ્ઞાર્થમાં (બીજા પ્રકારનો) પ્રયોગ ગવેષણીય છે.

### ૧૨.૧૩ अस् નો આજ્ઞાર્થમાં ત્રીજા પ્રકારનો પ્રયોગ :

અન્યાન્ય ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુના ભાવવાચક કૃદન્તોની સાથે, ક્રિયાસામાન્યવાચી ધાતુ તરીકે अस् ના આજ્ઞાર્થનાં રૂપો હવે જોઈશું.

**(C) (૫) કર્તા/અન્ય કારક + ભાવવાચક કૃદન્ત + अस् નું આજ્ઞાર્થક રૂપ**

| | |
|---|---|
| ૧. (हे विनायक !) त्वं विघ्नहरणः एधि । | ૧. (હે વિનાયક !) તું વિઘ્નને હરનાર બની રહે. |
| ૨. कृष्णः मदनमोहनः अस्तु । | ૨. કૃષ્ણ મદન (કામદેવ)નો પણ મોહક બને ! |
| ૩. सृष्ट्यै मदनः अस्तु । | ૩. સૃષ્ટિ આગળ ચલાવવા માટે કામદેવ હજો. |
| ૪. रामस्य कष्टभञ्जनः असानि । | ૪. (હનુમાનઃ) રામનો (હું) કષ્ટ ભાંગનાર બનીશ. |
| ૫. देवाः भवभयविदारणाः सन्तु । | ૫. દેવો ભવના ભયનું વિદારણ કરનાર બને. |

નોંધ : (D) च्वि રૂપમાં अस् નો અનુપ્રયોગ મળતો નથી.

□□□

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## પ્રકરણ —૧૩

# कृ - भू - अस् નો 'વિધ્યર્થ'માં વિનિયોગ

**૧૩.૦** વાતચીત દરમિયાન આપણે જે જે ઘટનાઓ કે ક્રિયાઓ વિશે બોલીએ છીએ ત્યારે તે ક્રિયાઓ ક્યા 'કાળ'માં થઈ રહી છે, થઈ હતી, કે થશે ? એ મુદ્દો પણ ક્રિયાપદમાં પ્રતિબિંબિત કરીએ છીએ. એવી જ રીતે, આપણે કોઈ વ્યક્તિ પાસે કોઈક ક્રિયા કરાવવા માટે, તેને આદેશાત્મક ન લાગે એવી રીતે, ક્યારેક નમ્રતાપૂર્વક, વિનંતી કે પ્રાર્થનાપૂર્વક પણ રજૂઆત કરતા હોઈએ છીએ. આવી રીતની, એટલે કે "આજ્ઞા" સ્વરૂપની ન લાગે એવી રજૂઆત કરવા માટે "વિધ્યર્થ" (विधिलिङ्) નાં ક્રિયાપદો વપરાય છે. સંસ્કૃત ભાષામાં જ્યાં જ્યાં "વિધ્યર્થનાં ક્રિયાપદો" વપરાયાં છે, તેનો અભ્યાસ કરવાથી જણાય છે કે આવાં ક્રિયાપદોમાંથી મુખ્યત્વે ૧. વિધિ, ૨. આમંત્રણ કે નિમંત્રણ, ૩. સત્કાર / આદરપૂર્વકનો પ્રશ્ન, ૪. શક્યતા કે સંભાવના દર્શાવવી, ૫. શપથ (= પ્રતિજ્ઞા) અને શાપ, ૬. શુભેચ્છા દર્શાવવા, ૭. આશા વ્યક્ત કરવા, ૮. સામર્થ્ય વ્યક્ત કરવા, ૯. શરતી વાક્યરચના કરવા કે ૧૦. માર્ગદર્શક સિદ્ધાન્ત કહેવાનો, કે ૧૧. નીતિવાક્ય કહેવાનો ભાવ પ્રકટે છે. આમ સીધી "આજ્ઞા" ફરમાવ્યા વિના પણ, એટલે કે વિનંતી, પ્રાર્થના કે નીતિ દર્શાવવાથી પણ સામી વ્યક્તિને આપણે ઈચ્છિત ક્રિયા વિશે પ્રવર્તાવી શકાય છે. ટૂંકમાં, "વિધિ" (= આમ કરવું જોઈએ) રૂપી અર્થ (= પ્રયોજન)ને દર્શાવનારા ક્રિયાપદને 'વિધ્યર્થ' કહે છે.

**૧૩.૧ વિધ્યર્થના પ્રત્યયો અને कृ ધાતુનાં રૂપો :**

| | ૧લા ગણના ધાતુ માટે પ્રત્યયો | | | ૨ અને ૮માં ગણના ધાતુ માટે | | |
|---|---|---|---|---|---|---|
| ઉદ્દેશ્ય | એકવચન | દ્વિવચન | બહુવચન | એકવચન | દ્વિવચન | બહુવચન |
| ૧. પ્રથમ પુરુષ (જગત્) | ईत् | ईताम् | ईयुः | यात् | याताम् | युः |
| ૨. મધ્યમ પુરુષ (શ્રોતા) | ईः, | ईतम् | ईत | याः | यातम् | यात |
| ૩. ઉત્તમ પુરુષ (વક્તા) | ईयम् | ईव | ईम | याम् | याव | याम |
| | (भू ધાતુ માટે) | | | (अस् અને कृ ધાતુ માટે) | | |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| ઉદ્દેશ્ય | એકવચન | દ્વિવચન | બહુવચન | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|---|---|
| ૧. પ્રથમ પુરુષ (જગત્) | भवेत् | भवेताम् | भवेयुः | स्यात् | स्याताम् | स्युः |
| ૨. મધ્યમ પુરુષ (શ્રોતા) | भवेः | भवेतम् | भवेत | स्याः | स्याम् | स्यात |
| ૩. ઉત્તમ પુરુષ (વક્તા) | भवेयम् | भवेव | भवेम | स्याम् | स्याव | स्याम |

નોંધ : ૧લા ગણના ધાતુમાં દા.ત. भू માં सत्तायाम માં 'ईत्' વગેરે પ્રત્યયો લાગે છે તથા – ૨જા અને ૮મા ગણના ધાતુમાં, દા.ત. अस् (भुवि) અને कृ (करणे)માં यात् વગેરે બીજા પ્રકારના પ્રત્યયો લાગે છે.

कृ (करणे) આઠમો ગણ
कुर्यात् - कुर्याताम् - कुर्युः
कुर्याः - कुर्यातम् - कुर्यात
कुर्याम् - कुर्याव - कुर्याम

**૧૩.૨** कृ ધાતુના વિધ્યર્થક ક્રિયાપદોનો ચતુર્વિધ પ્રયોગ થઈ શકે છે :–

(A) શુદ્ધ ધાતુ તરીકે પ્રથમ પ્રકારનો પ્રયોગ,

(B) સોપવર્ગ कृ ધાતુનો બીજા પ્રકારનો પ્રયોગ,

(C) અન્યાન્ય ધાતુના વિકલ્પે, ભાવવાચક કૃદન્તની મદદમાં 'સહાયકારી' ક્રિયાપદ તરીકે कृ નાં રૂપોનો ત્રીજા પ્રકારનો પ્રયોગ

(D) च्वि પ્રત્યયાન્ત શબ્દોની પાછળ कृ નો અનુપ્રયોગ – ચોથા પ્રકારનો પ્રયોગ.

**૧૩.૩** कृ ધાતુનો 'વિધ્યર્થ'માં પહેલા પ્રકારનો પ્રયોગ :

**(A) (૧) કર્તા + કર્મ + कृ ધાતુનું વિધ્યર્થનું રૂપ**

| | |
|---|---|
| ૧. छात्रः वेदपाठं कुर्यात् । | ૧. વિદ્યાર્થીએ વેદપાઠ કરવો જોઈએ. |
| ૨. त्वं गृहकार्यं कुर्याः । | ૨. તું ગૃહકાર્ય કરે એવી વિનંતી છે. |
| ૩. तक्षकाः आसनानि कुर्युः । | ૩. સુથારોએ (જ) આસનો બનાવવાનાં હોય. |
| ૪. गणेशः मंगलं कुर्यात् । | ૪. ગણેશજી (સૌનું) મંગલ કરે એવી પ્રાર્થના. |
| ૫. सर्वे मातृसेवां कुर्युः । | ૫. સૌએ માતાની સેવા કરવાની હોય. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



### (A) (૨) કર્તા + પ્રશ્નાર્થક અવ્યય + कृ ધાતુનું વિધ્યર્થક ક્રિયાપદ

| | |
|---|---|
| ૧. यूयं कथं कुर्यात । | ૧. તમે (આવું) કેવી રીતે કર્યું ? (તે કહેશો.) |
| ૨. अहं किम् कुर्याम् । | ૨. (કહો, આપને માટે) હું શું કરી શકું ? |
| ૩. वयं (चौर्यं) किमर्थं कुर्याम । | ૩. આપણે (ચોરી) શા માટે કરીએ ? |
| ૪. सा कथं कुर्यात् । | ૪. તેણી (તો નાની છે.) તે કેવી રીતે કરી શકશે ? |
| ૫. त्वं कदा कुर्याः । | ૫. તું (વળી) ક્યારે કરવાનો હતો ?! |

### (A) (૩) કર્તા + નિષેધાર્થક અવ્યય + કૃનું વિધ્યર્થક રૂપ

| | |
|---|---|
| ૧. बालकाः (चापलं) न कुर्युः । | ૧. બાળકો (તોફાન) ન કરે. |
| ૨. त्वं (कार्पण्यं) न कुर्याः । | ૨. તું (કંજુસાઈ) ન કરીશ. |
| ૩. छात्रः (कालक्षतिं) न कुर्यात् । | ૩. વિદ્યાર્થીએ (સમયહાનિ) ન કરવી જોઈએ. |
| ૪. वयं (साहसं) न कुर्याम । | ૪. આપણે (વગર વિચારે મૂર્ખામી) ન કરીએ. |
| ૫. यूयं (परिग्रहं) न कुर्यात । | ૫. તમારે (સંગ્રહખોરી) ન કરવી જોઈએ. |

### (A) (૪) કર્તા + ક્રિયાવિશેષણ + કૃધાતુના વિધ્યર્થનાં રૂપો

| | |
|---|---|
| ૧. गणेशः शुभं कुर्यात् । | ૧. ગણેશ શુભ કરે (એવા આશિષ) |
| ૨. दम्पती मंगलं कुर्याताम् । | ૨. પતિ અને પત્ની મંગલ કરે (એવી આશા) |
| ૩. यूयं झटिति कुर्यात । | ૩. તમારે જલ્દીથી કરવું જોઈએ. |
| ૪. वयं वारंवारं कुर्याम । | ૪. અમે વારે વારે કરીએ. |
| ૫. अहम् सदैव कुर्याम् । | ૫. હું તો હંમેશા કરીશ.. (પ્રતિજ્ઞા) |

### (A) (૫) વિશેષણ રૂપ કર્તા + અન્ય કારક + કૃનું વિધ્યર્થક રૂપ

| | |
|---|---|
| ૧. उपदेशकः व्याख्यानं कुर्यात् । | ૧. ઉપદેશકે વ્યાખ્યાન કરવું જોઈએ. |
| ૨. (हे याज्ञिक !) त्वं होमं कुर्याः । | ૨. (હે યાજ્ઞિક) તમે હોમ કરો. |
| ૩. न्यायाधीशाः न्यायं कुर्युः । | ૩. ન્યાયાધીશોએ ન્યાય (જ) કરવો જોઈએ. |
| ૪. सविता (नित्यं) अङ्कुरान् कुर्यात् । | ૪. જન્મદાતા = સૂર્ય (હંમેશા) (બીજાને) અંકુરિત કરે (તેવી પ્રાર્થના). |
| ૫. वयं दयां कुर्याम । | ૫. અમે દયા કરીએ. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**(A) (૬) (અધ્યાહૃતકર્તા) + સંબંધવાચક ષષ્ઠી + કર્મકારક + कृ નું વિધ્યર્થનું રૂપ**

| | |
|---|---|
| ૧. (हनुमान्)रामस्य भक्तिं कुर्यात्। | ૧. (હનુમાન્) રામની ભક્તિ કરે. |
| २ (सेवकाः) नगरस्य स्वच्छतां कुर्युः । | ૨. (સેવકોએ) નગરની સફાઈ કરવી જોઈએ. |
| ३. (गृहपतिः) भोजनशालायाः व्यवस्थां कुर्यात् । | ૩. (ગૃહપતિએ) ભોજનશાળાની વ્યવસ્થા કરવી જોઈએ. |
| ४. (हे छात्राः)अन्नस्य भोगं कुर्यात । | ૪. (હે છાત્રો, તમારે) અન્નને (પૂરું) વાપરી કાઢવું જોઈએ. |
| ५. (अहं) व्यसनस्य त्यागं कुर्याम् । | ૫. (હું) વ્યસનનો ત્યાગ કરું. (સંકલ્પ) |

## ૧૩.૪ વિધ્યર્થમાં कृ ધાતુનો બીજા પ્રકારનો પ્રયોગ

**(B) (૭) કર્તા + કર્મ + સોપસર્ગ कृ ધાતુનું વિધ્યર્થક રૂપ.**

| | |
|---|---|
| ૧. नटः नाविन्यम् आविष्कुर्यात् । | ૧. નટ કોઈક નવીનતા જ કરી બતાવે. |
| २. त्वं आभूषणानि परिष्कुर्याः | ૨. તમે ઘરેણાંને ચોખ્ખાં કરી આપશો ? |
| ३. भिषक् रोगान् प्रतिकुर्यात् । | ૩. વૈદ્ય રોગોનો પ્રતિકાર કરે. |
| ४. त्वं बुभूक्षां तिरस्कुर्याः । | ૪. (હે તપસ્વી) તું ભૂખનો તિરસ્કાર કર. |
| ५. सेवकाः वर्गखण्डं संस्कुर्युः । | ૫. પટાવાળાએ વર્ગખંડોને સાફ કરવા જોઈએ. |

## ૧૩.૫ વિધ્યર્થમાં कृ ધાતુનો ત્રીજા પ્રકારનો પ્રયોગ :

**(C) (૮) કર્તા + કર્મ તરીકે ભાવવાચક કૃદન્ત + સહાયકારી તરીકે कृ ધાતુનાં વિધ્યર્થનાં રૂપો.**

| | |
|---|---|
| ૧. माली पुष्पग्रथनं कुर्यात् । | ૧. માળીએ પુષ્પગૂંથણી કરવી જોઈએ. |
| २. (गायक !) त्वं गानं कुर्याः । | ૨. (હે ગાયક) તારે ગાન કરવું જોઈએ. |
| ३. कर्मकराः गृहनिर्माण कुर्युः । | ૩. કડિયાઓએ ગૃહનિર્માણ કરવું જોઈએ. |
| ४. अहं वंशीवादनं कुर्याम् । | ૪. હું (હવે) વંશી-વાદન કરીશ. |
| ५. प्रवासी परिभ्रमणं कुर्यात् । | ૫. પ્રવાસીએ પરિભ્રમણ કરવું જોઈએ. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



## ૧૩.૬ कृ ધાતુનો 'વિધ્યર્થ'માં ચોથા પ્રકારનો પ્રયોગ

**(D) (૯) કર્તા + કર્મ + च्वि પ્રત્યયાન્ત શબ્દની પાછળ कृ નાં વિધ્યર્થનાં રૂપો**

| | |
|---|---|
| १. भो देवेश ! त्वं स्वरूपं प्रकटीकुर्याः । | ૧. (હે દેવેશ !) તમે (તમારા) સ્વરૂપને પ્રકટાવો. (એવી પ્રાર્થના) |
| २. गङ्गादेवी सगरपुत्रान् शुचीकुर्यात् । | ૨. ગંગાદેવી સગરપુત્રોને પવિત્ર કરે. |
| ३. वेदमन्त्राः घटजलं गङ्गीकुर्युः । | ૩. વેદમંત્રો માટલીના જળને ગંગા બનાવે. |
| ४. (हे पावकाः)यूयं सर्वान्पवित्रीकुर्यात। | ૪. (હે પાવક અગ્નિઓ) તમે બધાને પવિત્ર કરો. |
| ५. अहम् वेदमन्त्रान् कण्ठीकुर्याम् । | ૫. હું વેદમંત્રોને કંઠે કરું (એવા આશીર્વાદ આપો.) |

## ૧૩.૭ भू (થવું, જન્મવું) ધાતુના વિધ્યર્થનાં રૂપોનો ચતુર્વિધ ઉપયોગ :

भू (भवति = થાય છે, જન્મે છે) ધાતુના વિધ્યર્થમાં જ્યારે ક્રિયાપદો બને છે ત્યારે તેનો પણ (कृ ની જેમ જ) ચતુર્વિધ ઉપયોગ થતો જોવા મળે છે.

(A) શુદ્ધ ધાતુ તરીકે भू નો પ્રથમ પ્રકારનો પ્રયોગ,

(B) સોપસર્ગ भू ધાતુનો દ્વિતીય પ્રકારનો પ્રયોગ

(C) અન્યાન્ય ધાતુના વિકલ્પે, તે તે ધાતુઓના ભાવવાચક કૃદન્તોની સાથે भू ધાતુનો ત્રીજા પ્રકારનો પ્રયોગ, અને

(D) च्वि પ્રત્યયાન્ત શબ્દની પાછળ भू ના વિધ્યર્થનાં રૂપોનો અનુપ્રયોગ.

**(A) (૧) કર્તા + વિશેષણ + (અકર્મક) भू ધાતુનું વિધ્યર્થમાં રૂપ**

| | |
|---|---|
| १. राजा प्रजापालकः भवेत् । | ૧. રાજા પ્રજાપાલક બની રહે. |
| २. त्वम् आशावान् भवेः । | ૨. તું આશાવાળો (પુલિંગ) બનજે. |
| ३. त्वम् आशावती भवेः । | ૩. તું આશાવાળી (સ્ત્રીલિંગ) બનજે. |
| ४.अहम् वैयाकरणः भवेयम् । | ૪. હું વૈયાકરણ થાઉં (એવી આશા) |
| ५. वयं संस्कृतज्ञाः भवेम । | ૫. આપણે સૌ સંસ્કૃતને જાણનારા બનીએ. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



### (A) (૨) અન્ય કારક + કર્તા + भू ધાતુનું વિધ્યર્થનું રૂપ

| | |
|---|---|
| ૧. जलेन सिञ्चनं भवेत्। | ૧. જળથી સિંચાઈ થવી જોઈએ. |
| ૨. आलस्येन कालक्षयः भवेत्। | ૨. આળસથી કાલક્ષય થવાનો (જ). |
| ૩. क्रोधात् संमोहनं भवेत्। | ૩. ક્રોધને કારણે સંમોહન થઈ શકે છે. |
| ૪. असत्येन पापानि भवेयुः। | ૪. (એક) અસત્યથી તો (ઘણાં) પાપો થવાના. |
| ૫. (प्रतिभया कल्पनया च)प्रतिभा-कल्पनाभ्यां काव्यानि भवेयुः। | ૫. પ્રતિભા અને કલ્પનાથી કાવ્યો થઈ શકે છે. |

### (A) (૩) ષષ્ઠ્યન્તપદ + ભાવવાચક કૃદન્ત + भू નું વિધ્યર્થનું રૂપ

| | |
|---|---|
| ૧. वृक्षाणां संवर्द्धनं भवेत्। | ૧. વૃક્ષોનું સંવર્ધન થવું જોઈએ. |
| ૨. पक्षिणां कूजनानि भवेयुः। | ૨. પક્ષીઓનાં કૂંજનો થાય. |
| ૩. वैरस्य अभावः भवेत्। | ૩. વૈરનો અભાવ થાય. |
| ૪. लङ्कायाः दहनं भवेत्। | ૪. લંકાનું (તો) દહન (જ) થાય. |
| ૫. अस्माकं राष्ट्रोन्नतिः भवेत्। | ૫. આપણી રાષ્ટ્રોન્નતિ થાય. |

### (A) (૪) કારક + પ્રશ્નાર્થક અવ્યય + भू ધાતુનું વિધ્યર્થક રૂપ

| | |
|---|---|
| ૧. नाविन्यं कथं भवेत्। | ૧. નવીનતા કેવી રીતે સર્જાય ? |
| ૨. भीरुता कुतः भवेत्। | ૨. ભીરુતા ક્યાંથી જન્મી ? |
| ૩. वयं कथं (विजयिनः) भवेम। | ૩. આપણે કેવી રીતે (વિજયી) થઈશું ? |
| ૪. समुद्रमंथनेन किम् भवेत्। | ૪. સમુદ્રમંથનથી શું (પ્રયોજન સિદ્ધ) થશે ? |
| ૫. (त्वं) जिज्ञासुः कथं भूयाः। | ૫. (તું) જિજ્ઞાસુ કેવી રીતે બનીશ ? |

### (A) (૫) કારક + પ્રશ્નાર્થક किम् સર્વનામ + भू ધાતુનું આજ્ઞાર્થક રૂપ

| | |
|---|---|
| ૧. अभिज्ञानं केन भवेत्। | ૧. ઓળખાણ કોનાથી થશે ? |
| ૨. सुखिनः कस्मात् भवेम। | ૨. (આપણે) સુખી કેવી રીતે થઈશું ? |
| ૩. देशे कस्मिन् भूयाः (त्वम्)। | ૩. (તું) કયા દેશમાં જન્મીશ ? |
| ૪. यूयं के भवेत। | ૪. તમે સૌ કોણ બનશો ? |
| ૫. शैत्यं कस्मात् भवेत। | ૫. ઠંડક શેમાંથી જન્મશે ? |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**(A) (૬) કર્તા + નિષેધાર્થક અવ્યય + भू ધાતુનું વિધ્યર્થક રૂપ**

| | |
|---|---|
| ૧. रुग्णाः न भवेम। | ૧. (અમે) રોગીઓ ન થઈએ. |
| ૨. उद्वेगः न भवेत्। | ૨. ઉદ્‌વેગ ન થાય. |
| ૩. (जनाः) आसक्ताः न भवेयुः। | ૩. (માણસો) આસક્તો ન બને. |
| ૪. (यूयं) द्यूतकराः न भवेत। | ૪. (તમારે) જુગારીઓ ન થવું જોઈએ. |
| ૫. (अहं) अपकारी न भवेयम्। | ૫. (હું) અપકારી નહીં બનું. |

**(A) (૭) કર્તા + ક્રિયાવિશેષણ + भू ધાતુનું વિધ્યર્થનું રૂપ**

| | |
|---|---|
| ૧. शान्तिः अचिरेणैव भवेत्। | ૧. શાન્તિ જલ્દીથી જ થજો. |
| ૨. स्वाध्यायः नित्यं भवेत्। | ૨. સ્વાધ્યાય હંમેશા થવો જોઈએ. |
| ૩. चिन्तनमनने संततं भवेतम्। | ૩. ચિંતન અને મનન સતત થવા જોઈએ. |
| ૪. परीक्षाः प्रतिक्षणं भवेयुः। | ૪. પરીક્ષાઓ પ્રતિક્ષણ થવી જોઈએ. |
| ૫. वर्षा अजस्रं भवेत्। | ૫. વરસાદ સતત પડ્યા કરે. |

**૧૩.૮ સોપસર્ગ भू ધાતુનો બીજા પ્રકારનો પ્રયોગ :**

**(B) (૮) કર્તા + કર્મ; અથવા અન્ય કારક + સોપસર્ગ भू નું વિધ્યર્થક રૂપ**

| | |
|---|---|
| (સકર્મક) | |
| ૧. दुष्यन्तः पुत्रसुखम् अनुभवेत्। | ૧. દુષ્યન્ત પુત્રસુખને (જરૂર) અનુભવે. |
| ૨. जनाः दारिद्र्यं पराभवेयुः। | ૨. માણસો ગરીબાઈને પીછેહટ કરાવે. |
| ૩. (हे दारिद्र्य !) त्वं मदीय् शत्रून् अभिभूयाः। | ૩. (હે દારિદ્ર્ય !) તું મારા શત્રુઓને હતપ્રભ કરી દેજે. |
| (અકર્મક) | |
| ૪. कृष्णः पुनरपि संभवेत्। | ૪. કૃષ્ણ ફરીથી પણ સંભવે. |
| ૫. (अहं) वज्राङ्गः लंकायै प्रभवेयम्। | ૫. (હું) બજરંગ લંકાને માટે પૂરતો થાઉં. |

**૧૩.૯ भू ધાતુનો ત્રીજા પ્રકારનો પ્રયોગ :**

અન્યાન્ય ક્રિયાવિશેષવાચી ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુઓના ભાવવાચક કૃદન્તોની સાથે, भू ધાતુનો પણ એક ક્રિયાસામાન્યવાચી ધાતુ તરીકે ઉપયોગ થાય છે—એમ અગાઉ કહ્યું છે. અલબત્ત, આ સંદર્ભમાં વાક્યરચના સાથે સંકળાયેલા બે મુદ્દાઓનું પુનઃસ્મરણ કરી લઈએ તો—

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૧) ક્રિયાવિશેષવાચી સકર્મક ધાતુના કર્મકારકને, ષષ્ઠી વિભક્તિમાં મૂકવામાં આવે છે, તથા મૂળ કર્તાને તૃતીયા વિભક્તિમાં ફેરવવામાં આવે છે. (૨) જો તે ધાતુ અકર્મક હોય તો, તેમાં તો કર્મકારકની શક્યતા જ હશે નહીં, પણ તેના કર્તાકારકને ષષ્ઠી વિભક્તિમાં ફેરવવામાં આવશે. દા.ત.

**(C) (૯) કર્તા + કર્મ + સકર્મક ધાતુનું વિધ્યર્થનું ક્રિયાપદનું રૂપ, તેના વિકલ્પે ભાવવાચક કૃદન્ત અને ક્રિયાસામાન્યવાચી भू ધાતુનાં વિધ્યર્થનાં ક્રિયાપદો.**

## સકર્મક ધાતુ

| | |
|---|---|
| १. गोपी रत्नमालां गुम्फेत् । | ૧. ગોપીએ રત્નમાળાને બાંધવી જોઈએ. |
| (१) गोप्या रत्नमालायाः गुम्फनं भवेत् । | (૧) ગોપી વડે રત્નમાળાનું બંધન થવું જોઈએ. |
| २. रक्षकः घातकं गृह्णीयात् । | ૨. પોલીસે ખૂનીને પકડવો જોઈએ. |
| (२) रक्षकेन घातकस्य ग्रहणं भवेत् । | (૨) પોલીસ વડે ખૂનીનું ગ્રહણ થવું જોઈએ. |
| ३. सर्वकारः भूभागान् खनेत् । | ૩. સરકારે જમીનના જુદા જુદા ભાગોને ખોદાવવા જોઈએ. |
| (३) सर्वकारेण भूभागानां खननं भवेत् । | (૩) સરકાર વડે જમીનોનું ખોદકામ થાય. |
| ४. (हे दिलीप !) त्वं नन्दिनीं गोपायेः । | ૪. (હે દિલીપ) તારે નંદિનીને રક્ષવી જોઈએ. |
| (४) (हे दिलीप !) त्वया नन्दिन्याः गोपायनं भवेत् । | (૪) (હે દિલીપ) તારા વડે નંદિનીનું રક્ષણ થવું જોઈએ. |
| ५. बालाः पुष्पाणि चिनुयुः । | ૫. બાળાઓ પુષ્પોને ચૂંટે (એવી વિનંતી). |
| (५) बालाभिः पुष्पाणां चयनं भवेत् । | (૫) બાળાઓ વડે પુષ્પોનું ચયન થવું જોઈએ. |

## અકર્મક ધાતુ

| | |
|---|---|
| १. दुर्योधनः सरसि निमज्जेत् । | ૧. દુર્યોધન સરોવરમાં ડૂબી મરે. |
| (१) दुर्योधनस्य (सरसि) निमज्जनं भवेत् । | (૧) દુર્યોધનનું ડૂબવાનું થાય. |
| २. अमृतम् (आकाशात्) क्षरेत् । | ૨. (આકાશમાંથી) અમૃત ઝરે (એવી આકાંક્ષા) – |
| (२) अमृतस्य क्षरणं भवेत् । | (૨) અમૃતનું ક્ષરણ થાય. |
| ३. वर्षाकाले मेघाः गर्जेयुः । | ૩. ચોમાસામાં વાદળો ગર્જે (એવી આશા). |
| (३) (वर्षाकाले) मेघानां गर्जनानि भवेयुः । | (૩) (ચોમાસામાં) વાદળોની ગર્જનાઓ થાય. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | |
|---|---|
| ४. धेनवः व्रजे चरेयुः । | ૪. ધેનુઓ વ્રજમાં ચરે. |
| (४) धेनूनाम् (व्रजे) चरणं भवेत् । | (૪) ધેનુઓનું (વ્રજમાં) વિચરણ થાય. |
| ५. जीर्णपर्णानि न प्रज्वलेयुः । | ૫. સૂકાં પાંદડા ન સળગી જવાં જોઈએ. |
| (५) जीर्णपर्णानां प्रज्वलनं न भवेत् । | (૫) સૂકાં પાંદડાનું પ્રજ્વલન ન થવું જોઈએ. |

**૧૩.૧૦** भू ધાતુનો ચોથા પ્રકારનો પ્રયોગ :

(D) 'ક્રિયાસામાન્યવાચી ધાતુ' તરીકે भू ના વિધ્યર્થનાં રૂપોનો પણ, च्वि પ્રત્યયાન્ત શબ્દની પાછળ અનુપ્રયોગ થાય છે. હવે તેનાં ઉદાહરણો જોઈશું :

(D) (૧૦) અન્ય કારક + કર્તા + च्वि પ્રત્યયાન્તની
પાછળ भू ના વિધ્યર્થનાં રૂપો

| | |
|---|---|
| १. (हे छात्राः !) यूयं विद्यायै एकलव्यीभवेत । | ૧. (હે છાત્રો) તમે વિદ્યાને માટે એકલવ્ય બનો. |
| २. सेनापतिः (अहम्) प्रतापेन सूर्यीभवेयम् । | ૨. સેનાપતિ (એવો હું) પ્રતાપથી સૂર્ય સમો બનું. |
| ३. शिक्षको(ऽहं) तर्केण चाणक्यी-भवेयम् । | ૩. શિક્ષક એવો હું તર્કથી ચાણક્ય બનીશ. |
| ४. संजीविन्या कचः देवगुरूभवेत् । | ૪. સંજીવિની વિદ્યાથી કચ દેવગુરુ (= બૃહસ્પતિ) બને. |
| ५. राक्षसकुलाय रामः धूमकेतूभवेत् । | ૫. રાક્ષસકુલને માટે રામ ધૂમકેતુ (સમા વિનાશક) બને. |

**૧૩.૧૧** अस् ધાતુનો વિધ્યર્થ ક્રિયાપદમાં દ્વિવિધ પ્રયોગ :

अस् भुवि (બીજા ગણનો પરસ્મૈપદી) ધાતુ છે, જે પદાર્થોની 'સ્થિતિ' કે 'અસ્તિત્વ' બતાવનારો ધાતુ છે. હવે 'વિધ્યર્થ'માં જ્યારે આ ધાતુનાં રૂપો વપરાય છે ત્યારે વસ્તુ કે વ્યક્તિના હોવાની ઇચ્છા સેવવામાં આવે છે, આશંસા વ્યક્ત કરવામાં આવે છે. अस् નાં વિધ્યર્થમાં રૂપો આ પ્રમાણે છે :

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| ઉદ્દેશ્ય | એકવચન | | દ્વિવચન | | બહુવચન |
|---|---|---|---|---|---|
| ૧. પ્રથમ પુરુષ / જગત | स्यात् | – | स्याताम् | – | स्युः । |
| ૨. મધ્યમ પુરુષ / શ્રોતા | स्याः | – | स्यातम् | – | स्यात । |
| ૩. ઉત્તમ પુરુષ / વક્તા | स्याम् | – | स्याव | – | स्याम ॥ |

ભાષામાં આ રૂપો બે સંદર્ભમાં જ વપરાય છે :–

(A) શુદ્ધ ધાત્વર્થમાં પહેલા પ્રકારનો પ્રયોગ

(C) અન્યાન્ય ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુના ભાવવાચક કૃદન્તોની સાથે, 'ક્રિયાસામાન્યવાચી' ધાતુ તરીકે अस् ધાતુના વિધ્યર્થમાં રૂપોનો બીજા પ્રકારનો પ્રયોગ :–

**૧૩.૧૨ अस् નો વિધ્યર્થમાં પહેલા પ્રકારનો પ્રયોગ :**

**(A) (૧) કર્તા + વિશેષણ + अस् ધાતુના વિધ્યર્થમાં રૂપો**

| | |
|---|---|
| ૧. परधर्मः भयावहः स्यात् । | ૧. પારકો ધર્મ ભયપ્રદ બની રહે. |
| ૨. अहम् अन्तरिक्षयात्री स्याम् । | ૨. હું અન્તરિક્ષયાત્રી બનું. |
| ૩. त्वं वैज्ञानिकः स्याः । | ૩. તું વૈજ્ઞાનિક બને / થાય. |
| ૪. यूयं वेदज्ञाः स्यात । | ૪. તમે સૌ વેદને જાણનારા હો. |
| ૫. सर्वे देशभक्ताः स्युः । | ૫. સૌ દેશભક્તો બની રહો. |
| ૬. जगन्नाथः नयनगामी स्यात् । | ૬. જગન્નાથ આંખે ચઢે. |

**(A) (૨) કારકંભેદ + કર્તા + अस् ધાતુના વિધ્યર્થનાં રૂપો**

| | |
|---|---|
| ૧. घटे जलम् स्यात् । | ૧. ઘડામાં પાણી હોય તો સારું. |
| ૨. यज्ञेन (त्वं) पुण्यशाली स्याः । | ૨. યજ્ઞથી (તું) પુણ્યશાળી બની રહે. |
| ૩. रक्तदानेन (वयं) कृतकृत्याः स्याम । | ૩. રક્તદાનથી (આપણે) કૃતકૃત્ય થઈએ છીએ. |
| ૪. मङ्गलग्रहे जीवनं स्यात् । | ૪. મંગળ-ગ્રહ ઉપર જીવન હોય (તો કેવું સારું ?) |
| ૫. मरणात् मुक्तिः स्यात् । | ૫. મરણમાંથી મુક્તિ મળે. |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**(A) (૩) કર્તા + નિષેધાર્થક અવ્યય + अस् નું વિધ્યર્થક રૂપ**

| | |
|---|---|
| ૧. पराधीनौ न स्यातम् । | ૧. (તમે બે) પરાધીન ન હો. |
| ૨. (वयं) नास्तिकाः न स्याम । | ૨. અમે (કદાપિ) નાસ્તિકો ન થઈએ. |
| ૩. विषभक्षणं न स्यात् । | ૩. ક્યાંક ઝેર ન ખવાઈ જાય. |
| ૪. विघ्नानि न स्युः । | ૪. વિઘ્નો ન હજો. |
| ૫. अज्ञाः न स्याम । | ૫. આપણે અણજાણ ન રહીએ. |

**(A) (૪) કર્તા + પ્રશ્નાર્થક અવ્યય, અથવા किम् સર્વનામ + अस् નું વિધ્યર્થનું રૂપ**

| | |
|---|---|
| ૧. ब्राह्मणत्वं कथं स्यात् । | ૧. બ્રાહ્મણત્વ કેવી રીતે ટકે? |
| ૨. वैराणि कुतः स्युः । | ૨. વૈરભાવો ક્યાંથી જન્મ્યા ? |
| ૩. शास्त्राणि किमर्थं स्युः । | ૩. શાસ્ત્રો શા માટે હોય છે? |
| ૪. संयमः कस्मात् स्यात् । | ૪. સંયમ શેમાંથી જન્મે ? |
| ૫. (हे प्रभो) त्वं कदा स्याः । | ૫. (હે પ્રભુ !) તું ક્યારે થઈશ ? |

**૧૩.૧૩ अस् નો વિધ્યર્થમાં ત્રીજા પ્રકારનો પ્રયોગ :**

હવે, અન્યાન્ય ધાતુઓના વિકલ્પે, તે તે ધાતુઓના ભાવવાચક કૃદન્તોની સાથે, ક્રિયાસામાન્યવાચી ધાતુ તરીકે अस् ધાતુના વિધ્યર્થનાં રૂપોનો ઉપયોગ જોઈશું.

**(C) (૫) કર્તા, અથવા અન્ય કારક + ભાવવાચક કૃદન્ત + अस् નું વિધ્યર્થનું રૂપ**

| | |
|---|---|
| ૧. जलस्य शोषणं स्यात् । | ૧. જળનું તો શોષણ થઈ જશે. |
| ૨. नाट्येन रसनिष्पादनं स्यात् । | ૨. નાટ્યથી રસનિષ્પાદન થઈ શકે. |
| ૩. प्रवचनेन चित्तपरिवर्तनं स्यात् । | ૩. પ્રવચનથી ચિત્તપરિવર્તન થશે. |
| ૪. मन्त्रेण विमोहनः स्याः । | ૪. મંત્ર વડે (તું) વિમોહન બની શકીશ. |
| ૫. शक्तिपातेन ज्ञानानि स्युः । | ૫. શક્તિપાત વડે (અનેક) જ્ઞાનો જન્મી શકે. |

નોંધ : अस् ધાતુનો च्वि પ્રત્યયાન્ત શબ્દની પાછળ પ્રયોગ મળતો નથી.

□□□

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


## પ્રકરણ–૧૪

# સંબંધક ભૂતકૃદન્ત (त्वा)ની સાથે कृ - भू - अस् ધાતુઓ દ્વારા પંચપદી વાક્યરચનાઓ

### ૧૪.૦ મિશ્ર-વાક્યનું સ્વરૂપ – (૧ અને ૨) :

ભાષકો વાતચીત દરમિયાન કોઈ એક પ્રધાન ક્રિયા વિશે જ વાત કરતા હોય છે. દા.ત. रामः वनम् गच्छति । 'રામ વનમાં જાય છે.' कृष्ण मथुरां गच्छति । 'કૃષ્ણ મથુરામાં જાય છે. પણ ક્યારેક –

(૧) તેઓ (= ભાષકો) આ મુખ્ય ક્રિયાની પૂર્વે, એ ક્રિયાના કર્તાએ બીજી પણ કોઈક ક્રિયા કરી હોય તો તેનો પણ ઉલ્લેખ કરે છે. જેમકે, "રામ (માતાને વંદન કરીને) વનમાં જાય છે." रामः [मातरं नत्वा] वनं गच्छति । એ જ પ્રમાણે, ક્યારેક –

(૨) ભાષકો મુખ્ય ક્રિયા કર્યા પછી, ભવિષ્યમાં બીજી કઈ ક્રિયા કરશે તે પણ કહેતા હોય છે; અથવા તો (બીજા શબ્દોમાં કહીએ તો–) ભાષકો તે વ્યક્તિ ભવિષ્યમાં બીજી કઈ ક્રિયા કરવાના 'હેતુ' (= પ્રયોજન)થી મુખ્ય ક્રિયા કરે છે ? તે પણ પોતાના વાક્યમાં ગૂંથી લેતા હોય છે. દા.ત. કૃષ્ણ (કંસને હણવા માટે) મથુરામાં જાય છે. "कृष्णः [कंसम् हन्तुम्] मथुरां गच्छति ।" (અહીં કૃષ્ણની મથુરામાં 'જવાની' મુખ્ય ક્રિયાનો 'હેતુ' કંસનું હનન છે, તેઓ આ હનનક્રિયા ભવિષ્યમાં કરવાના છે. = મથુરામાં ગયા પછી કરવાના છે.)

અહીં, એક મુખ્ય સાદા વાક્યની અંદર (૧) બીજી એક પૂર્વકાલિક ક્રિયાનો અંશ ઉમેરવામાં આવે છે; અથવા તો, (૨) બીજી એક ભવિષ્યત્કાલિક ક્રિયા ઉમેરવામાં આવે છે. આથી આવાં વાક્યોનો પ્રકાર "મિશ્રવાક્ય"નો ગણાશે. ઉપર મૂકેલાં બે ઉદાહરણોમાં (૧) રામ વનમાં જાય છે. (– સાદું વાક્ય)

↓

રામ (માતાને, વંદન કરીને) વનમાં જાય છે.
(પૂર્વકાલિક ક્રિયા)

અહીં રામ વનમાં "જવાની" ક્રિયા કરે છે, એમ જે પહેલાં (સાદા) વાક્યમાં કહેવાયું છે, તે જવાની (गच्छति) ક્રિયા એ મુખ્ય ક્રિયા છે. પણ વક્તા એમ પણ ઉમેરવા ઇચ્છે છે કે આ (વનમાં) 'જવાની ક્રિયા' કરતાં પહેલાં, એ જ રામે



Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(= કર્તાએ) બીજી કઈ ક્રિયા કરી છે ? તો "માતાને વંદન કરીને"—એવો એક પૂર્વકાલિક ક્રિયાનો નિર્દેશ પણ ઉમેરવામાં આવ્યો છે— "રામ (માતાને વંદન કરીને) વનમાં જાય છે." અહીં વ્યાકરણની પરિભાષામાં, આવી પૂર્વકાલિક ક્રિયા દર્શાવતા શબ્દને **"સંબંધક ભૂતકૃદન્ત"** કહેવામાં આવે છે.

આવા 'સંબંધક ભૂતકૃદન્ત'ની રૂપરચના કરવા માટે, તે પૂર્વકાલિક ક્રિયાવાચક ધાતુને/—त्वा/પ્રત્યય લગાડવામાં આવે છે. नम् + त्वा, (म् નો લોપ) →नत्वा ॥ આથી रामः (मातरं नत्वा) वनं गच्छति । એવું વાક્ય બનશે. રામ પહેલાં માતાને પગે લાગે છે, અને તે પછી તેઓ વનમાં જવાની મુખ્ય ક્રિયા કરે છે —એવો બોધ થાય છે.

અહીં સાંદા વાક્યના પેટમાં, એક 'પૂર્વકાલિક ક્રિયા'નો નિર્દેશ ઉમેરીને જે વાક્ય બનાવાયું છે, તેને "મિશ્ર વાક્ય" કહે છે.

(૨) કૃષ્ણ ↓ મથુરામાં જાય છે.—(સાદું વાક્ય)

કૃષ્ણ (કંસને, હણવા માટે) મથુરામાં જાય છે.
(ભવિષ્યત્કાલિક ક્રિયા)

અહીં કૃષ્ણ મથુરામાં "જાય છે" — એ મુખ્ય ક્રિયા છે; પણ એ મથુરામાં પહોંચ્યા પછી ભવિષ્યમાં બીજી પણ એક ક્રિયા કરવાના છે. જેમકે, કંસનું **'હનન'** કરવાના છે. બલ્કે, એમ કહેવું જોઈએ કે, કૃષ્ણનો મથુરામાં જવાનો 'હેતુ' (= પ્રયોજન) જ 'હનન-ક્રિયા' કરવાનો છે. વક્તા એક જ કર્તાની આ બંને ક્રિયાઓ વિષે એક જ વાક્યમાં રજૂઆત કરવા માંગે છે, અને 'મિશ્રવાક્ય'ની રચના કરે છે, એટલે કે સાદા વાક્યના પેટમાં (= વચ્ચે) મુખ્યક્રિયા પછી થનારી 'ભવિષ્યત્કાલિક ક્રિયા' પણ દર્શાવી દે છે. —આવી હેતુભૂત ભવિષ્યત્કાલિક ક્રિયા દર્શાવતા શબ્દને (= "હણવા માટે") ને વ્યાકરણની પરિભાષામાં **"હેત્વર્થકૃદન્ત"** કહેવામાં આવે છે.

આવા હેત્વર્થ કૃદન્તની રૂપરચના કરવા માટે, તે ભવિષ્યત્કાલિક ક્રિયાવાચક ધાતુને / - तुम् / પ્રત્યય લગાડવામાં આવે છે. દા.ત. हन् + तुम् = हन्तुम् । આથી कृष्णः [कंसं हन्तुम्] मथुरां गच्छति । એવું વાક્ય બનશે.

**૧૪.૧** આપણે કુલ પાંચ ધાતુઓના 'સંબંધક ભૂતકૃદન્તો' અને 'હેત્વર્થ કૃદન્તો'ને વાક્યમાં વાપરતાં શીખવાનાં છે. પરંતુ સૌથી પહેલાં કેવળ **"સંબંધક ભૂતકૃદન્તો"**નાં રૂપોનો પરિચય કરીશું.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | સંબંધક ભૂતકૃદન્ત (ધાતુ + त्वा) | = અમુક ક્રિયા કરીને |
|---|---|---|
| ૧. | गम् (જવું) + त्वा → गत्वा | = જઈને |
| ૨. | हन् (હણવું) + त्वा → हत्वा | = હણીને |
| ૩. | दृश् (જોવું) + त्वा → दृष्ट्वा | = જોઈને |
| ૪. | कृ (કરવું) + त्वा → कृत्वा | = કરીને |
| ૫. | भक्ष् (ખાવું)+त्वा → भक्षयित्वा | = ખાઈને. |

**વિશેષ નોંધ :** સંબંધક ભૂતકૃદન્તની ઉપર્યુક્ત રૂપરચનામાં એક વિશેષ વાત એ નોંધનીય છે કે 'ધાતુ'ની પૂર્વે જો કોઈ ઉપસર્ગ લગાડવામાં આવે છે તો ત્યાં /—त्वा/ પ્રત્યયને બદલે, /—य/ પ્રત્યય લાગે છે. દા.ત. ઉપરના જ પાંચ ધાતુઓનાં રૂપો કેટલાક ઉપસર્ગો સાથે જોઈએ તો –

| | |
|---|---|
| ૧. | आ + गम् + य → (૧) आगम्य અથવા आगत्य। |
| ૨. | आ + हन् + य → (૨) आहत्य, (निहत्य) |
| ૩. | सम् + दृश् + य → (૩) संदृश्य, (परिदृश्य) |
| ૪. | सम् + कृ + य → (૪) संस्कृत्य, (परिष्कृत्य) |
| ૫. | सम् + भक्ष् + य → (૫) संभक्ष्य (परिभक्ष्य) ઇત્યાદિ. |

**૧૪.૨** સંબંધક ભૂતકૃદન્તો સાથે कृ નાં મુખ્ય ક્રિયાપદોવાળી, પાંચ પદોની વાક્યરચના :

(ક) √कृ (करोति) ધાતુ 'સકર્મક' છે, તેથી તેની સાદી વાક્યરચનામાં **કર્તા + કર્મ + कृ ધાતુસાધિત ક્રિયાપદ** - એમ કુલ ત્રણ પદોવાળું 'વાક્ય' તો બની જશે. ત્યાર પછી તેના પેટમાં એક 'ઉપવાક્ય' તરીકે સંબંધક ભૂતકૃદન્તને ઉમેરવાનું છે; જે 'ચોથું પદ' બની જશે. તથા આપણે લીધેલાં પાંચેય ધાતુઓ (गम्, हन्, दृश्, कृ અને भक्ष्) પણ 'સકર્મક' છે, તેથી તે તે ધાતુઓનાં એક એક કર્મને બતાવીશું / ઉમેરીશું તો 'પાંચમા પદ' તરીકે એની ગણતરી થઈ જશે ! દા.ત.–

| | <u>૧</u> | <u>૨</u> | <u>૩</u> | |
|---|---|---|---|---|
| ૧. | कुम्भकारः | घटं | करोति। | (સાદું વાક્ય) |
| | (કર્તા) + | (કર્મ) + | (ક્રિયાપદમાં कृ) | |

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



હવે આ સાદા વાક્યમાં, પૂર્વોક્ત ધાતુઓના 'સંબંધક ભૂતકૃદન્તો' અને તેમનાં 'કર્મ'ને ઉમેરીશું, તો તે પાંચ પદવાળી વાક્યરચના થઈ જશે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | १ | ५ ४ | २ | ३ | |
| (१) | कुम्भकारः | [मन्दिरं गत्वा] | घटं | करोति । | |
| | | (કર્મ) (સં.ભૂ.કૃ.) | | | |
| ૨. | तन्तुवायः | | पटं | करोति । | (સાદું વાક્ય) |
| | १ | ५ ४ | २ | ३ | |
| (२) | तन्तुवायः | [पूजनं कृत्वा] | पटं | करोति । | |
| ૩. | भीष्मः | ↓ | युद्धं | करोति । | (સાદું વાક્ય) |
| (३) | भीष्मः | [कृष्णं दृष्ट्वा] | युद्धं | करोति । | |
| ૪. | भीमः | ↓ | अट्टहास्यं | करोति । | (સાદું વાક્ય) |
| (४) | भीमः | [दुर्योधनं हत्वा] | अट्टहास्यं | करोति । | |
| ૫. | प्रवासी | ↓ | गमनं | करोति । | (સાદું વાક્ય) |
| (५) | प्रवासी | [ओदनं भक्षयित्वा] | गमनं | करोति । | (મિશ્ર વાક્ય) |
| | | (કર્મ)+(સં.ભૂ.કૃદન્ત) | | | |
| | | — ઉપવાક્ય — | | | |

**સમીક્ષા :**

(૧) ઉપરનાં પાંચેય ઉદાહરણોમાં ત્રિપદી સાદા વાક્યની અંદર જે મુખ્ય ક્રિયા દર્શાવી છે; તે મુખ્ય ક્રિયાની પહેલાં એ જ 'કર્તા'એ બીજી પણ એક ક્રિયા કરી લીધી છે એમ દર્શાવ્યું છે. દા.ત. ૨. કુંભારે ઘડો બનાવતાં પહેલાં गत्वा 'જવાનું' કાર્ય કરી લીધું છે. ૩. રમેશે ગૃહકાર્ય કરતાં પહેલાં, कृत्वा 'કરવાનું' કાર્ય કરી લીધું છે.

(૨) આવી 'પૂર્વકાલિક' (અર્થાત્ ભૂતકાલિક) ક્રિયામાં રહેલો ધાતુ 'સકર્મક' હોવાથી, તે તે ક્રિયાના કર્મકારક રૂપે બીજા એક પદને પણ દર્શાવવું જરૂરી બને છે. જેમકે, मन्दिरम् ← (गत्वा); पूजनम् ← (कृत्वा) । વગેરે.

(૩) આવી, મુખ્યક્રિયાની પહેલાં થઈ ગયેલી = પૂર્વકાલિક ક્રિયાને વ્યક્ત કરનારા त्वा પ્રત્યયાન્ત શબ્દને "સંબંધક ભૂતકૃદન્ત" કહેવાય છે. તથા તે गत्वा,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



कृत्वा, भक्षयित्वा વગેરે સંબંધક ભૂતકૃદન્તોમાં ક્રિયાવાચક સકર્મક 'ધાતુ' રહેલો છે, તેથી તેના કર્મકારકને પણ જાણવાની ઇચ્છા થાય છે. જેમકે, ૧. कुत्र गत्वा ? → मन्दिरं गत्वा । ૨. किं कृत्वा ? पूजनं कृत्वा । ૩. कं दृष्ट्वा ? → कृष्णं दृष्ट्वा । ૪. कं हत्वा ? → दुर्योधनं हत्वा । ૫. कं भक्षयित्वा ? → तो ओदनं भक्षयित्वा । –આમ (કર્મ)કારક સહિતના તે સંબંધક ભૂતકૃદન્તો ભેગાં મળીને રચાતો પદસમૂહ તે 'ઉપવાક્ય' ગણાશે.

(૪) આમ ત્રિપદી સાદું વાક્ય + દ્વિપદી ઉપવાક્ય, એ બે ભેગાં મળીને પંચપદી, 'મિશ્રવાક્ય' બની જાય છે

(૧) कुम्भकारः ↓ घटं करोति । (ત્રિપદી સાદું વાક્ય)

(૨) कुम्भकारः [मन्दिरं गत्वा] घटं करोति । (પંચપદી મિશ્રવાક્ય)

આમ, સાદું વાક્ય + 'त्वा પ્રત્યયાન્ત ઉપવાક્ય'ના સંયોજનથી "પંચપદી મિશ્રવાક્ય" બની રહે છે.

**૧૪.૩** સંબંધક ભૂતકૃદન્તો સાથે, भू ધાતુનાં ક્રિયાપદોવાળી, પાંચ પદોની વાક્યરચના :–

(ખ) √भू सत्तायाम् (થવું, જન્મવું) આ ધાતુ અકર્મક છે. આથી, આની સાદી વાક્યરચનામાં કર્તા + તેનું વિશેષણ + भू ધાતુનું ક્રિયાપદ – એમ ત્રણ પદો જોવા મળશે. ત્યાર પછી, તેના પેટમાં એક 'ઉપવાક્ય' રૂપે 'સંબંધક ભૂતકૃદન્ત'ને ઉમેરવાનું રહેશે, જે 'ચોથું પદ' બની જશે. તથા આપણે લીધેલાં બીજા પાંચેય ધાતુઓ (गम्, हन्, दृश् कृ અને भक्ष) 'સકર્મક' છે; તેથી તે તે ધાતુઓનાં એક કર્મકારકને દર્શાવીશું તો, એની 'પાંચમા પદ' તરીકે ગણતરી થશે. દા.ત.

૧. रामः राजा भवति । (ત્રિપદી સાદું વાક્ય)

(કર્તા) + (વિશેષણ) + भू ધાતુનું ક્રિયાપદ

(૧) रामः [रावणं हत्वा] राजा भवति । (પંચપદી મિશ્રવાક્ય)

(કર્મ + સં.ભૂ.કૃ.)

— ઉપવાક્ય —

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



२. शङ्करः ↓ संन्यासी भवति । (ત્રિપદી સાદું વાક્ય)
(२) शङ्करः [काशीं गत्वा] संन्यासी भवति ।
३. पुण्डरिकः ↓ उन्मत्तः भवति ।
(३) पुण्डरिकः [महाश्वेतां दृष्ट्वा] उन्मत्तः भवति ।
४. रावणः ↓ राक्षसः भवति ।
(४) रावणः [सीतापहरणं कृत्वा] राक्षसः भवति ।
५. भीमः ↓ वृकोदरः भवति ।
(५) भीमः [मोदकान् भक्षयित्वा] वृकोदरः भवति ।

**સમીક્ષા :**

(૧) ઉપરનાં પાંચેય ઉદાહરણોમાં ત્રિપદી સાદી વાક્યની અંદર જે મુખ્ય ક્રિયા દર્શાવી છે, તે भू (भवति) અકર્મક ક્રિયા છે. તેથી તેમાં પહેલાં પદ તરીકે કર્તા-કારક મૂક્યા પછી, તેની પાછળ તે કર્તાનું વિશેષણવાચક પદ મૂક્યું છે. रामः राजा भवति । પણ રામે 'રાજા' બનતાં પહેલાં, શું કર્યું ? એવો પ્રશ્ન પૂછો તો પૂર્વકાલિક ક્રિયા રૂપે 'રાવણને હણવાનું' કાર્ય કર્યું છે. આમ રાવણને હણ્યા પછી તેઓ 'રાજા' બન્યા છે.

(૨) આથી સાદા (ત્રિપદી) વાક્યના 'વિશેષણ'ની પૂર્વે गम्, हन्, दृश् વગેરે ધાતુઓના 'સંબંધક ભૂતકૃદન્તો'વાળાં ઉપવાક્યો મૂક્યાં છે. જેમકે, रामः [रावणं हत्वा] राजा भवति ।

(૩) અહીં જે પાંચ સંબંધક ભૂતકૃદન્તોનો આપણે ઉપયોગ કરવાનો છે, તે બધા गम्, हन्, दृश्, कृ भक्ष् પાંચેય ધાતુઓ 'સકર્મક' છે. આથી તેમનાં गत्वा, हत्वा, दृष्ट्वा, कृत्वा, भक्षयित्वा એવા રૂપોનાં પોતપોતાના કોઈક 'કર્મકારક' હોવાના જ. આથી પાંચ પદવાળી રચના બની જશે !

જેમકે,

शङ्करः संन्यासी भवति ।
(વિશેષ્ય) + (વિશેષણ) + ક્રિયાપદ = ત્રિપદી સાદું વાક્ય
(સંબંધક ભૂતકૃદન્તનો ઉમેરો)

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



शङ्करः [ काशीं गत्वा ] संन्यासी भवति ।

શંકર (કાશી જઈને) સંન્યાસી થાય છે.

**૧૪.૪** સંબંધક ભૂતકૃદન્તો સાથે, अस् ધાતુનાં ક્રિયાપદોવાળી, પાંચ પદોની વાક્યરચના :–

(ગ) √अस् भुवि (છે, હોવું) અસ્તિત્વદર્શક આ ધાતુ પણ અકર્મક છે. આથી આની સાદી વાક્યરચનામાં પણ કર્તા + તેનું વિશેષણ + अस् ધાતુનાં (વિવિધ 'કાળ' અને 'અર્થ'વાળાં) ક્રિયાપદ – એમ કુલ મળીને ત્રણ પદો થશે.

ત્યાર પછી, તેના પેટમાં એક 'ઉપવાક્ય' રૂપે 'સંબંધક' ભૂતકૃદન્ત'ને ઉમેરવાનું રહેશે; જે 'ચોથું પદ' બની જશે. વળી, આપણે લીધેલાં બીજા પાંચેય ધાતુઓ (गम्, हन्, दृश्, कृ અને भक्ष् ) 'સકર્મક' છે, તેથી તે તે ધાતુઓનાં એક કર્મકારકને દર્શાવીશું તો એની મદદથી પાંચ પદવાળી 'મિશ્રવાક્ય'ની રચના પૂરી થશે. દા.ત.

૧. सीता भीता आसीत् । (ત્રિપદી વાક્યરચના)
કર્તા (વિશેષ્ય)↓ + (વિશેષણ) + अस् નું હ્યસ્તન ભૂતકાળનું ક્રિયાપદ

(૧) सीता [लङ्काम् गत्वा] भीता आसीत् ।
સીતા (લંકામાં જઈને) ડરી ગઈ હતી.
(કર્મ + સં.ભૂ.કૃ.)
– ઉપવાક્ય –

૨. अहम् वीरः स्याम् । (ત્રિપદી વાક્ય)
કર્તા ↓ (વિશેષણ) (अस् નું વિધ્યર્થ ક્રિયાપદ)

(૨) अहम् [ शत्रून् हत्वा ] वीरः स्याम् ।
હું (શત્રુઓને હણીને) વીર થાઉં.

૩. यूयम् ↓ श्रोत्रियाः आस्त । (ત્રિપદી વાક્ય)
કર્તા (વિશેષણ) (अस् નું હ્યસ્તન ભૂતકાળ)

(૩) यूयम् [वेदपाठं कृत्वा] श्रोत्रियाः आस्त ।
તમે સૌ (વેદપાઠ કરીને) શ્રોત્રિય બન્યા હતા.

૪. वयं चञ्चलाः स्याम् । (ત્રિપદી વાક્ય)
કર્તા ↓ +(વિશેષણ) + अस् નું વિધ્યર્થનું ક્રિયાપદ

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



(૪) वयं [चलचित्रं दृष्ट्वा] चञ्चलाः स्याम ।

આપણે (ચલચિત્ર જોઈને) ચંચળ બની જઈએ.

૫. त्वं रुग्णः आसीः । (ત્રિપદી વાક્ય)

કર્તા ↓+ વિશેષણ + अस् હ્યસ્તન ભૂતકાળ બી.પુ.એ.વ.

(૫) त्वं [मोदकान् भक्षयित्वा] रुग्णः आसीः ।

તું (બહુ લાડવા ખાધા પછી) રોગી થયો હતો.

**સમીક્ષા :**

(૧) અહીં अस् ધાતુનાં જુદા જુદા 'કાળ' કે 'અર્થ'વાળાં ક્રિયાપદો વાપરીને પહેલાં ત્રિપદી સાદી વાક્યરચના કરી છે અને આ अस् ધાતુ પણ ભૂ ની જેમ 'અકર્મક' જ હોવાથી, સાદી વાક્યરચનામાં આપણે પહેલાં કર્તા + વિશેષણ + अस् નું ક્રિયાપદ લીધેલ છે.

(૨) અને ત્યાર પછી गम्, हन्, दृश् , कृ અને भक्ष् જેવા સકર્મક પાંચ ધાતુઓના સંબંધક ભૂતકૃદન્તોનો ઉપયોગ કરીને બે-બે પદનાં "ઉપવાક્યો" બનાવ્યાં છે. દા.ત. लंकां गत्वा, शत्रून् हत्वा, वेदपाठं कृत्वा, चलचित्रं दृष्ट्वा વગેરે । આમ, પાંચ પદવાળી 'મિશ્રવાક્ય'ની રચના પૂરી થાય છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



# પ્રકરણ –૧૫

## હેત્વર્થ કૃદન્ત (तुम्)ની સાથે कृ-भू-अस् ધાતુઓ દ્વારા પંચપદી વાક્યરચનાઓ

**૧૫.૦** 'હેત્વર્થ કૃદન્ત'ની સમજૂતી પ્રકરણ-૧૪ના આરંભે જ આપી છે. ત્યાં જણાવ્યું છે તેમ ભાષકો વાતચીત દરમિયાન, જે કોઈ વ્યક્તિની ક્રિયા વિશે વાત કરતા હોય છે ત્યારે મુખ્ય ક્રિયા કર્યા પછી, તે વ્યક્તિ ભવિષ્યમાં બીજી કઈ ક્રિયા કરવાની છે ? તે પણ દર્શાવવામાં માંગે છે. અથવા કહો કે, મુખ્ય ક્રિયા કરવાનો 'હેતુ' (=પ્રયોજન) જે હોય તે પણ કહેવાની ઈચ્છા રાખે છે. દા.ત. 'કૃષ્ણ મથુરામાં જાય છે.' – એ સાદું વાક્ય છે. હવે બોલનાર વ્યક્તિને એમ પણ સૂચવવું હોય કે કૃષ્ણ મથુરામાં શા માટે જાય છે ? [અર્થાત્ મથુરામાં ગયા પછી, તે ત્યાં બીજું શું કરવાના છે ?] તો તે એમ બોલશે કે – 'કૃષ્ણ (કંસને હણવા માટે) મથુરામાં જાય છે.' આમ ગમન-ક્રિયાનો 'હેતુ' દર્શાવવા જે "હણવા માટે" એવો (हन्तुम्) એવો શબ્દ વપરાયો છે, તેને "હેત્વર્થ કૃદન્ત" કહેવાય છે.

સંસ્કૃત ભાષામાં હેત્વર્થ કૃદન્તની રચના કરવા માટે "ધાતુ + तुम्"નું સંયોજન કરવામાં આવે છે. આપણે જે પાંચ ધાતુઓના 'હેત્વર્થ કૃદન્તો'નો ઉપયોગ કરવાનો છે, તેનાં રૂપો નીચે મુજબ થાય છે –

| | હેત્વર્થ કૃદન્ત (ધાતુ + तुम्) | = અમુક ક્રિયા કરવા માટે |
|---|---|---|
| ૧. | गम् (જવું) तुम् → गन्तुम् | = જવા માટે |
| ૨. | हन् (હણવું) तुम् → हन्तुम् | = હણવા માટે |
| ૩. | दृश् (જોવું) तुम् → द्रष्टुम् | = જોવાને માટે |
| ૪. | कृ (કરવું) तुम् → कर्तुम् | = કરવા માટે |
| ૫. | भक्ष् (ખાવું) तुम् → भक्षयितुम् | = ખાવા માટે |

હવે આપણે ત્રિપદી સાદી વાક્યરચનામાં આ પાંચ (જ) હેત્વર્થ કૃદન્તોવાળાં 'ઉપવાક્યો' ઉમેરીને કુલ પાંચ પદોવાળા વાક્યો બનાવતાં શીખવાનું છે. અલબત્ત, પહેલું ત્રિપદી સાદું વાક્ય તો कृ- भू - अस् એ ત્રણ ક્રિયાસામાન્યવાચી ધાતુઓનાં

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



ક્રિયાપદો (=જુદા જુદા 'કાળ' અને 'અર્થ'વાળાં ક્રિયાપદો) વાપરીને જ બનાવીશું. આમ ત્રિપદી સાદું વાક્ય + દ્વિપદી ઉપવાક્ય–એ બે ભેગા મળીને 'મિશ્રવાક્ય'ની રચના પાંચ પદોવાળી બની જશે.

**૧૫.૧ હેત્વર્થ કૃદન્તોની સાથે કૃનાં ક્રિયાપદોવાળી પાંચ પદોની વાક્યરચના :**

(ક) √कृ(करोति) ધાતુ 'સકર્મક' છે. તેથી તેની સાદી વાક્યરચનામાં કર્તા + કર્મ + कृ ધાતુસાધિત ક્રિયાપદ – એમ કુલ ત્રણ પદોવાળું 'વાક્ય' તો પહેલાં બનાવી લઈશું. ત્યાર પછી, તેના પેટમાં એક 'ઉપવાક્ય' રૂપે હેત્વર્થ કૃદન્તને ઉમેરવાનું રહેશે; જે 'ચોથું પદ' બની જશે. તથા આપણે લીધેલા ધાતુઓ (गम्, हन्, दृश्, कृ અને भक्ष्) પણ "સકર્મક" છે. તેથી તે તે ધાતુઓનાં એક એક કર્મકારકને (=દ્વિતીયાન્ત પદને) ઉમેરીશું તો 'પાંચમા પદ' તરીકે એની ગણતરી થઈ જશે. દા.ત. –

૧. गोप्यः ↓ दुराग्रहं करिष्यन्ति ।
(કર્તા) (કર્મ) (ક્રિયાપદ)

(૧) गोप्यः [गोकुलं गन्तुम्] दुराग्रहं करिष्यन्ति ।
(ગોપીઓ (ગોકુળ જવા માટે) દુરાગ્રહ કરશે.

૨. कौटिल्यः ↓ प्रतिज्ञां करोति ।
(કર્તા) (કર્મ) (ક્રિયાપદ)

(૨) कौटिल्यः [नन्दवंशं हन्तुम्] प्रतिज्ञां करोति ।
(કર્મ) - (હેત્વર્થ કૃદન્ત)
કૌટિલ્ય (નંદવંશને હણવા માટે) પ્રતિજ્ઞા કરે છે.

૩. मानवाः ↓ शिवसंकल्पं कुर्वन्तु ।
(કર્તા) (કર્મ) (ક્રિયાપદ)

(૩) मानवाः [मङ्गलकार्याणि कर्तुम्] शिवसंकल्पं कुर्वन्तु ।
(કર્મ) (હેત્વર્થ કૃદન્ત)
માણસો (મંગલ કાર્યો કરવા માટે) શુભ સંકલ્પ કરે.

૪. सिंहः ↓ वनभ्रमणं करोति ।
(કર્તા) (કર્મ) (ક્રિયાપદ)

(૪) सिंहः [मृगान् भक्षयितुम्] वनभ्रमणं करोति ।
(કર્મ) (હેત્વર્થ કૃદન્ત)
સિંહ (હરણોને ખાવા માટે) વનભ્રમણ કરે છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.


| | | | | |
|---|---|---|---|---|
| ૫. | उद्धवः | ↓ | यात्राम् | अकरोत्। |
| | (કર્તા) | | (કર્મ) | (ક્રિયાપદ) |
| (૫) | उद्धवः [ कृष्णं द्रष्टुम् ] | | यात्राम् | अकरोत्। |
| | (કર્મ) (હેત્વર્થ કૃદન્ત) | | | |
| | ઉદ્ધવે (કૃષ્ણને જોવાને માટે) | | યાત્રા | કરીહતી. |

**સમીક્ષા :**

(૧) ઉપર આપેલાં પાંચ ઉદાહરણોમાં, પહેલાં ત્રિપદી સાદા વાક્યની રચના મૂકી છે. આ સાદા વાક્યમાં करोति। करिष्यन्ति। જેવા જે कृ ધાતુનાં ક્રિયાપદો વાપર્યાં છે, તે બધા 'સકર્મક' છે. તેથી સાદા વાક્યની અંદર "કર્તા + કર્મ + ક્રિયાપદ" — એવાં ત્રણ પદો આવેલાં છે.

(૨) ત્યાર પછી, બીજા તબક્કે જે –तुम् પ્રત્યયાન્ત હેત્વર્થ કૃદન્તનાં રૂપો (જેવાં કે, गन्तुम्, हन्तुम्, कर्तुम्, द्रष्टुम् અને भक्षयितुम्) વપર્યાં છે તે બધાંય 'સકર્મક' ધાતુઓમાંથી જ બનેલાં કૃદન્તો છે. આથી તે હેત્વર્થ કૃદન્તોનાં પોતાનાં એક-એક કર્મકારક પણ દર્શાવ્યા છે.

(૩) આમ કરવાથી જે गोकुलं गन्तुम्, नन्दवंशं हन्तुम्, मंगलकार्याणि कर्तुम्, मृगान् भक्षयितुम् અને कृष्णं द्रष्टुम् જેવા જે'પદસમૂહો' બન્યા છે, તેને 'ઉપવાક્ય' કહેવાશે.

(૪) હવે ત્રિપદી સાદા વાક્યની વચ્ચે, જ્યારે આ હેત્વર્થ કૃદન્તવાળાં 'ઉપવાક્યો' ઉમેરાશે ત્યારે પંચપદી વાક્યરચના સંપન્ન થશે—એ જોઈ શક્યા હશો !

## ૧૫.૨ હેત્વર્થ કૃદન્તોની સાથે, भू ધાતુના ક્રિયાપદવાળી પાંચ પદોની વાક્ય-રચના :

(ખ) √भू सत्तायाम् (થવું, જન્મવું, બનવું) આ ધાતુ અકર્મક છે. આથી, આની સાદી વાક્યરચનામાં કર્મકારકવાળું = બીજી વિભક્તિવાળું પદ આવી શકશે નહીં. તેથી પહેલાં તો ત્રિપદી સાદી વાક્યરચના બનાવવા માટે આપણે, "કર્તા + તેનું વિશેષણ + भू ધાતુનું ક્રિયાપદ" એવી ગોઠવણ કરીશું. ત્યાર પછી તેના પેટમાં એક 'ઉપવાક્ય' રૂપે "હેત્વર્થ કૃદન્ત"ને ઉમેરીશું; જે 'ચોથું પદ' બની જશે. તથા આપણે જે પાંચ ધાતુઓનાં હેત્વર્થ કૃદન્તો (गम्, हन्,

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



દૃષ્, કૃ અને भक्ष्) વાપરવાનાં છે, તે ધાતુઓ 'સકર્મક' હોવાને કારણે, તે હેત્વર્થ કૃદન્તની પૂર્વે તેમનાં એક-એક કર્મકારકવાચક પદ ઉમેરીશું તો પાંચ પદવાળી વાક્યરચના પૂરી થઈ જશે. દા.ત. –

૧. कामदेवः ↓ कुसुमायुधः भवति। (ત્રિપદી વાક્યરચના)
(કર્તા) + (વિશેષણ)+(ક્રિયાપદ)

(૧) कामदेवः [कैलासं गन्तुं] कुसुमायुधः भवति।
(કર્મ+હેત્વર્થ કૃદન્ત)
– ઉપવાક્ય –
કામદેવ કૈલાસ ઉપર 'જવા માટે' કુસુમાયુધ બને છે.

૨. विष्णुः ↓ नृसिंहः अभवत्।
(કર્તા) (વિશેષણ) (ક્રિયાપદ)

(૨) विष्णुः [हिरण्यकशिपुं हन्तुम्] नृसिंहः अभवत्।
(કર્મ+ હેત્વર્થ કૃદન્ત)
- ઉપવાક્ય –
વિષ્ણુ (હિરણ્યકશિપુને હણવા માટે) નૃસિંહ બન્યા હતા.

૩. अहम् ↓ प्रेक्षकः भवामि।
(કર્તા) (વિશેષણ) (ક્રિયાપદ)

(૩) अहम् [नाटकं द्रष्टुं] प्रेक्षकः भवामि।
હું (નાટક જોવા માટે) પ્રેક્ષક બન્યો છું.

૪. हनुमान् ↓ समर्थः भविष्यति।
(કર્તા) (વિશેષણ) (ક્રિયાપદ)

(૪) हनुमान् [लंकादहनं कर्तुम्] समर्थः भविष्यति।
હનુમાન (લંકાદહન કરવા માટે) સમર્થ થશે.

૫. मकराः ↓ संनिहिताः भवन्ति।
(કર્તા) (વિશેષણ) (ક્રિયાપદ)

(૫) मकराः [शम्बूकान् भक्षयितुम्] संनिहिताः भवन्ति।
(કર્મ+'હેત્વર્થ' કૃદન્ત)
– ઉપવાક્ય –
મગરો (શબોરડી ખાવા માટે) ભેગા મળ્યા છે.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**સમીક્ષા :**

(૧) અહીં આપેલાં પાંચેય ઉદાહરણોમાં પહેલા ત્રિપદી વાક્યરચના કરી છે, જેમાં भू ધાતુ અકર્મક હોવાથી, કર્મકારકવાળું દ્વિતીયા વિભક્તિવાળું પદ તો મૂકી શકાશે નહીં. આથી "કર્તા + તેનું વિશ્લેષણ + ક્રિયાપદ" —એવાં ત્રણ પદોથી સાદું વાક્ય પહેલાં બનાવવામાં આવ્યું છે.

(૨) ત્યાર પછી 'ઉપવાક્ય' રૂપે જે પાંચ (સકર્મક) ધાતુઓના હેત્વર્થ કૃદન્ત વાપરવાનાં છે, તેમનો વિનિયોગ કરીને, ૧. कैलासं गन्तुम् ૨. हिरण्य-कशिपुं हन्तुम्, ૩. नाटकं द्रष्टुम् , ૪. लंकादहनं कर्तुम् અને ૫. शवान् भक्षयितुम् । —જેવાં પદસમૂહોનો ઉપયોગ કર્યો છે. આથી પંચપદી વાક્યરચના પૂરી થાય છે.

**૧૫.૩ હેત્વર્થ કૃદન્તોની સાથે, अस् ધાતુના ક્રિયાપદોવાળી, પાંચ પદોની વાક્યરચનાઓ :**

(ગ) √अस् भुवि (છે, હોવું) અસ્તિત્વ-દર્શક આ ધાતુ પણ અકર્મક છે. આથી આની સાદી વાક્યરચનામાં પણ કર્મકારકવાળું, બીજી વિભક્તિનું એક પણ પદ આવી શકશે નહીં. પણ भू ધાતુની જેમ, અહીં अस् ધાતુના ક્રિયાપદની સાથે, આપણે કર્તા + તેનાં જ વિશેષણને વાપરીને, પહેલાં ત્રિપદી સાદી વાક્યરચના કરી લઈશું.

ત્યાર પછી, गम्, हन्, दृश्, कृ અને भक्ष् જેવા સકર્મક ધાતુઓનાં હેત્વર્થ કૃદન્તો વાપરીને, એક 'ઉપવાક્ય'ને ત્રિપદી સાદા વાક્યની વચ્ચે ઉમેરી દઈશું; જેથી પાંચ પદવાળી વાક્યરચના બની જશે.

૧. सीता ↓ अध्वगवेषा आसीत् । (ત્રિપદી વાક્ય)

(કર્તા) (વિશેષણ) (ક્રિયાપદ)

(૧) सीता [ वनं गन्तुम् ] अध्वगवेषा आसीत् ।

(કર્મ+હેત્વર્થ કૃદન્ત)

— ઉપવાક્ય —

સીતા (વનમાં જવા માટે) વટેમાર્ગુના વેષવાળી હતી.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



| | | | |
|---|---|---|---|
| २. | अहम् ↓ | वज्रहस्तः | अस्मि । |
| | (કર્તા) | (વિશેષણ) | (ક્રિયાપદ) |
| (२) | अहम् [ वृत्रासुरं हन्तुम् ] (કર્મ)+હેત્વર્થ કૃદન્ત – ઉપવાક્ય – | वज्रहस्तः | अस्मि । |
| | હું (ઇન્દ્ર) (વૃત્રાસુરને હણવા માટે) | વજ્રહસ્ત | છું. |
| ૩. | उदयनः ↓ | उत्सुकः | आसीत् । |
| | (કર્તા) | (વિશેષણ) | (ક્રિયાપદ) |
| (૩) | उदयनः [ वासवदत्तां द्रष्टुम् ] | उत्सुकः | आसीत् । |
| | ઉદયન (વાસવદત્તાને જોવા માટે) | ઉત્સુક | હતો. |
| ४. | वयम् ↓ | तत्पराः | स्मः । |
| | (કર્તા) | (વિશેષણ) | (ક્રિયાપદ) |
| (४) | वयम् [देशसेवां कर्तुम् ] | तत्पराः | स्मः । |
| | અમે (દેશસેવા કરવા માટે) | તૈયાર | છીએ. |
| ५. | विदूषकः ↓ | बुभुक्षितः | अस्ति । |
| | (કર્તા) | (વિશેષણ) | (ક્રિયાપદ) |
| (५) | विदूषकः [मोदकान् भक्षयितुम्] | बुभुक्षितः | अस्ति । |
| | વિદૂષક (લાડવા ખાવા માટે) | ભૂખ્યો | છે. |

**સમીક્ષા :**

(૧) આ પાંચેય ઉદાહરણોમાં શરૂઆતમાં જે ત્રિપદી સાદી વાક્યરચના કરી છે, તેમાં "કર્તા + તેનું વિશેષણ + अस् ધાતુનું ક્રિયાપદ" વાપર્યું છે. (વળી, अस् ધાતુ અકર્મક હોવાથી કર્મવાચક કોઈ દ્વિતીયાન્ત પદ તો અહીં આવી શકવાનું નથી.) તેથી બીજા પદ તરીકે તે કર્તાનું જ વિશેષણ વાપર્યું છે.

(૨) બીજે તબક્કે, હેત્વર્થ કૃદન્તવાળાં પાંચ 'ઉપવાક્યો' ઉમેરીને, તેમાંથી પંચપદી વાક્યરચના આપણે સંપન્ન કરી છે. આ દરેક હેત્વર્થ કૃદન્તમાં જે ધાતુ બેઠેલો છે, તે 'સકર્મક' છે. તેથી તે દરેકનું એક-એક કર્મકારક પદ (દા.ત. वनम्, वृत्रासुरम्, वासवदत्ताम्, देशसेवाम् અને मोदकान् ) ને પણ ઉમેરી શકાયું છે.

* * *

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.



**વિશેષ નોંધ :**

અહીં પ્રકરણ-૧૪ અને ૧૫માં અનુક્રમે 'સંબંધક ભૂતકૃદન્ત' અને 'હેત્વર્થ કૃદન્ત'વાળાં ઉપવાક્યો ઉમેરીને આપણે 'મિશ્રવાક્ય'ની રચના શીખ્યા છીએ. સંસ્કૃત સાહિત્યમાં વપરાયેલાં) ઘણા બધાં વાક્યોની જો આંતરિક ગૂંથણી તપાસીશું તો તે પણ આવા (પ્રકરણ : ૧૪ અને ૧૫માં બતાવી છે, તેવા) પ્રકારની જ છે.

અહીં, મુખ્ય (= સાદા વાક્યનું) ક્રિયાપદ કોઈપણ 'કાળ'માં કે 'અર્થ'માં વપરાયું હોય પણ તેથી કરીને કાંઈ આખી વાક્યરચના બદલાતી નથી. એટલે કે करोति । ને બદલે હ્યસ્તન ભૂતકાળનું अकरोत् । કે करिष्यति । જેવું ભવિષ્યત્કાળનું રૂપ ફેરવી કાઢીએ, તો આખા વાક્ય ઉપર તેની કોઈ વિપરીત અસર થતી નથી.

(૧) विश्लेशः + वरप्रदानं + { ૧. अकरोत् । ૨. करोति । ૩. करिष्यति । ૪. करोतु । ૫. कुर्यात् ॥ } કોઈ પણ ક્રિયાપદ સુસંગત ગણાશે.

કર્તા + કર્મ

[હાં, જો करोति માં વપરાયેલા પ્રથમ પુરુષના દા.ત. (–ति ) પ્રત્યયને બદલે, 'મધ્યમ પુરુષ' કે 'ઉત્તમ પુરુષ'નો પ્રત્યય વપરાય, તો તરત જ વાક્યના આરંભે ઊભેલા ઉદ્દેશ્યભૂત વ્યક્તિ (= પ્રથમાન્ત પદ)ને પણ તદનુસાર બદલવાની જરૂર પડે છે.]

છેલ્લે ત્રીજી એક વાત પણ કહેવાની કે વિધ્યર્થ અને આજ્ઞાર્થવાળી વાક્ય-રચનામાં પણ (= પંચપદી વાક્યરચનામાં પણ) च्वि રૂપવાળાં ક્રિયાપદો કે 'સંબંધકભૂત કૃદન્તો' અને 'હેત્વર્થ કૃદન્ત'નાં રૂપો પણ વાપરી શકાય. દા.ત.

૧. धीरः [ इन्द्रियाणि वशीकर्तुम् ] योगयुक्तः भवति ।
કર્તા + [કર્મ ( च्वि + હેત્વર્થ કૃ.)] – વિશેષણ–ક્રિયાપદ

૨. शङ्करः [ मनः स्थिरीकृत्य ] समाधिमग्नः आसीत् ।
કર્તા + (કર્મ (च्वि+સં.ભૂ.કૃ.) + વિશેષણ + ક્રિયાપદ

૩. संस्कृतज्ञाः [ संशोधनं कृत्वा ] अपूर्वज्ञानं प्रकटीकुर्युः ॥

॥ इति शुभम् भवत् ॥

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain.Digitized by eGangotri.

Vasant Bhatt Collection, Gujarat

CC-0. In Public Domain Digitized by eGangotri.

# जगत्-प्रपञ्च का विश्लेषण

- स्थिति-
- पर्वता उत्तुङ्गाः सन्ति ।
- प्रक्रिया-
- रामो वर्धते । जलं शुष्यति ।
- क्रिया-
- गोपी वेणुनादं शृणोति ।

# उच्चरित वाक्य में 'संगति' की अनिवार्यता

( Agreement between subject & predicate )

- त्रिविध उद्देश्य के साथ त्रिविध क्रियापदों की संगति

साधु वाक्यका स्वरूप भी यही है कि उसमें उद्देश्य-क्रियापदकी संगति हो




Vasant Bhatt Collection, Gujarat